

"सम्यक्त्वरत्नान्नपरं हि रत्नं, सम्यक्त्वमित्रान्नपरं हि मित्रम् ।
सम्यक्त्वबंधोर्न परो हि बंधुः सम्यक्त्वलाभान्न परो हि लाभः॥"

श्रीमज्जिनहर्षगणि.

સમ્યક્ત્વરત્ન કરતાં બીજું કોઇ શ્રેષ્ઠ રત્ન નથી, સમ્યક્ત્વ મિત્ર કરતાં બીજો કોઇ પરમ મિત્ર નથી, સમ્યક્ત્વરૂપ બંધુ કરતાં અન્ય કોઇ ખરેખર બંધુ નથી અને સમ્યક્ત્વનો જે અપૂર્વ લાભ છે તે કરતાં બીજો કોઇ અધિક લાભ નથી

પ્રસ્તાવના.

દિવ્ય અને પ્રભાવિક અતિશયોના ચમત્કારી મહિમાથી આ ભા-
રતવર્ષની ભવ્યપ્રજાને ચકિત કરનાર અને આધિ, વ્યાધિ અને
ઉપાધિને પ્રકટ કરનારા કર્મજાળમાંથી અનેક જીવોનો ઉદ્ધાર
કરનાર, સુરેન્દ્રવંદિત ભગવાનશ્રી વીરપ્રભુના ઉંચા શાસનને આજે
ઘણો લાંબો વખત થયો છે. કાળની અનંત શક્તિના પ્રભાવથી આ-
ર્ય—વિચારમાં અનેક પરિવર્તનો થયા છે અને થાય છે. તથાપિ જગતના તમામ
ધર્મોના શિખર ઉપર સનાતન જૈન ધર્મ પોતાનું સ્થાન રાખી રહ્યો છે—પોતા-
ની [illegible] સારી રીતે [illegible] કે જે [illegible] નિયમોની સુધારણા [illegible]

[illegible]

ત્રિગુણ વાડો કરી તેના બાહ્ય અને આભ્યંતર રક્ષણની યોજના કરેલી છે, જે ધર્મે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર સ્તંભો માંડી તેની આસપાસ શીતળ દયાનો છાયા મંડપ રોપેલો છે અને જે ધર્મે ગુરૂવર્ગદ્વારા તેને સિંચન કરવા માટે શ્રુતજ્ઞાનના મધુર જળની દેશનારૂપી નીક ચાલતી રાખી છે, તે જૈન ધર્મની સતત દિવ્યલાભ આપનારી સેવા કરવાનું કર્ત્તવ્ય શિથિલ કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો પછી સમાજવૃક્ષની અધોગતિ થાય તેમાં શું આશ્ચર્ય!

હવે જૈન પ્રજાએ સમજવું જોઇએ કે, આપણા ધર્મની ભાવનામાંથી સર્વ પ્રકારનું શ્રેય સંપાદન કરવાના સાધનો મળી શકે તેમ છે. આપણા ધર્મના આચાર-વિચાર અને અધ્યાત્મિક ભાવનાએ વિદેશી અને સ્વદેશી જનસમાજને પણ હમણાં મહાન્ મોહ ઉત્પન્ન કર્યો છે. કેટલાએક નિષ્પક્ષપાતી પંડિતો તો ઉચ્ચસ્વરે જણાવવા લાગ્યા છે કે ભારતવર્ષના અર્વાચીન ઇતિહાસમાં જૈનધર્મના મહાન્ સંસ્થાપક મહાવીરે પોતાના વિશાળ જ્ઞાનનો દુંદુભિ વગાડી ભારતવર્ષની પ્રજામાં ધર્મ જાગૃતિનો સમય સૂચવ્યો છે. અને દયામય ધાર્મિક જીવનનો પ્રકાશ પૂર્ણ રીતે પાડ્યો છે."

આવા એક મહાન્ ધર્મની વિજય પતાકા કોના બળથી ફરકી છે! જેનો પ્રભાવ અત્યારે ચારે તરફ પ્રસરેલો છે, એવા જૈન પ્રજાના વૈભવ વૃક્ષને જોરદાર અંકુરો શાથી ફુટ્યા છે? અને ભવિષ્યમાં ફુટવાના છે? આ વિષે દીર્ઘ વિચાર કરવાથી હૃદયમાં ખાત્રી થશે કે, એ બધો પ્રભાવ જૈનધર્મના એક મહાન્ તત્ત્વનો છે. એ તત્ત્વનું નામ સમ્યકત્વ છે. વિવિધ દેશનાઓ અને ભાવનાઓમાં ઓતપ્રોત થઇ રહેલું એ સમ્યક્ત્વ તત્વ આર્હત ધર્મના મહાન્ પ્રાસાદનો સ્તંભ છે. મનુષ્ય શરીરમાં રહી રહેલા ધાર્મિક જીવનો ઉલ્લાસ એ તત્ત્વના સત્ત્વથી પ્રકટે છે. જૈનધર્મના ઉત્તમ આરાધકોએ આજપર્યંત યત્ન કરી હૃદયમાં ધર્યું, પૂજ્યું, પ્રાણના કરતા પણ પ્રિય માન્યું અને ઉત્કંઠાપૂર્વક અનુભવ કર્યું એ સમ્યક્ત્વરત્ન ભારતવર્ષની સર્વ ધર્મ ભાવનાઓમાં વિજય મેળવી શક્યું છે એ રત્નના પ્રભાવથી ભારતમાં નિરવધિ દાનના પ્રવાહો વહ્યા છે. અને વહે છે, શીલરૂપ ચિંતામણિના ચમત્કારો બન્યા છે અને બને છે, પવિત્ર તપ શક્તિના ભાવને મહત્ત્વ કરનારી તપસ્યાઓના અદ્ભુત પ્રભાવ પ્રગટ્યા છે અને પ્રગટે છે અને અધ્યાત્મના અનુપમ આનંદને આપનારા અને દિવ્ય જીવનને ઝળકાવનારા ભાવ ઉદ્ભવ્યા છે અને ઉદ્ભવે છે.

એવા સમ્યક્ત્વરત્નના પ્રભાવિક કિરણોને પ્રગટ કરનારી અને અનુપમ

આત્મીય આહ્‌લાદને અર્પનારી આ સમ્યક્ત્વ કૌમુદી (ગ્રંથ) ખ[illegible] કૌમુદી–ચંદ્રિકારૂપ છે. જેને માટે પ્રતિષ્ઠાશાળી જૈન કવિઓ નીચેનું [illegible] ઉચ્ચારે છે.

" सम्यक्त्वचन्द्रबिंबस्य कौमुदी कौमुदीव या
आह्लादपुण्डरीकोल्लासदायिनी सर्वदास्तु सा " ॥ १ ॥

"જે સમ્યક્ત્વકૌમુદી સમ્યક્ત્વરૂપી ચંદ્ર બિંબની ચંદ્રિકારૂપ તે સદા ચ[illegible] [illegible]ની જેમ આનંદના હૃદયરૂપી કુમુદ (પોયણા) ને ઉલ્લાસ આપનારી [illegible]ઓ." ૧

આવા આ ઉત્તમ ગ્રંથની ઉપયોગિતાને માટે જેટલું લખીએ તેટલું [illegible]ી હાલ તેમ છે, તેથી સંક્ષેપમાં એટલુંજ કહેવાનું કે, પૂર્વના આધાર [illegible]થી પ્રાપ્ત થયેલા આવા ઉત્તમને ગ્રંથો સર્વે અતિ ઉચ્ચતર બનાવવાને અને આચારધર્મના પ્રેમીઓને માટે આવા ગ્રંથો પઠન–પાઠન તથા શ્રવણ [illegible]ણમાં અતિ ઉપયોગી છે.

આ ગ્રંથને [illegible] ઉપયોગી પ્રસંગોએ સ્થાન આપવામાં આવેલ [illegible] પ્રસ્તાવ [illegible] [illegible]

[illegible]

વું પ્રત્યક્ષ ફળ આપે છે ? તે વિષે આચાર્યશ્રીએ અહિં આપેલું અર્હદ્દાસ
કેનું દૃષ્ટાંત સમ્યક્ત્વના પ્રેમી વાચકોને મનન કરવા જેવું છે. આ દૃષ્ટાંતને
ગે ભગવાન્ વીરપ્રભુના મુખથી સમ્યક્ત્વના ભેદોની સાથે મિથ્યાત્વનું સ્વરૂપ
ર્શાવી તેનું ઉત્તમ ધ્યાન આપેલું છે. તે શિવાય દાન, શીલ, તપ, તીર્થયાત્રા
ટ દયા, સુશ્રાવકત્વ અને વ્રતધારણ, એ આઠ આચારનું પાલન સમ્યક્ત્વ
ી હોય તો કેવું મહત્ ફળ આપે છે, એ વાત સ્પષ્ટ કરી બતાવી છે. તે પછી
ા ગ્રંથના પ્રથમ પ્રસ્તાવની સમાપ્તિ કરી છે.

બીજા પ્રસ્તાવમાં મગધદેશના મહારાજા શ્રેણિકનો પૂર્વ પ્રસંગ ચલાવી
ર્હદ્દાસ શેઠની ભાવનાને ઊશ્કેરે તેવા કૌમુદી મહોત્સવનું વર્ણન કરવામાં
ાવ્યું છે. તે મહોત્સવને અંગે સાંસારિક મોહનું સ્વરૂપ પ્રગટાવી રાજા શ્રેણિકે
ાપેલા ધન્યવાદથી અર્હદ્દાસ શેઠ પોતાની આઠ સ્ત્રીઓ સાથે કરેલા જિને-
રના સ્નાત્ર મહોત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે. પછી શ્રેણિકરાજા અને
ના મંત્રી અભયકુમારનો પ્રસંગ લઇ, જનસમુદાયની સાથે વિરોધ ન કરવા
ષે સુયોધન રાજાની કથાનો રસિક પ્રસંગ આપવામાં આવ્યો છે, તે પ્રસં-
ને સુબોધક, અને નીતિદર્શક બનાવવા માટે રાજહંસ, કુંભકાર, સુધર્મરાજા,
રિણી, ભારતીભૂષણ મંત્રી, વાનર અને ધનશ્રીની અવાંતર કથાઓ આપી અ-
યકુમાર મંત્રીની પ્રતિભાનો ઉત્તમ પ્રભાવ બતાવી આપ્યો છે. છેવટે સુયોધન
ાજાને ધર્મઘોષસૂરિના સમાગમથી પ્રગટેલો સંવેગ રંગ સૂચવી આ બીજો પ્ર-
તાવ સમાપ્ત કરવામાં આવ્યો છે.

ત્રીજા પ્રસ્તાવમાં શ્રેણિક અને અભયકુમારનો ચાલુ પ્રસંગ લઇ અર્હ-
ાસ શેઠનો પુનઃ પ્રસંગ આવે છે. કૌમુદી મહોત્સવ જોવાને ઉત્સુક થયેલી
ોતાની આઠ પ્રિયાઓને સમ્યક્ત્વના શુદ્ધ માર્ગમાં લાવવાને તે શેઠ ગૃહ ચૈ-
યમાં પ્રવેશ કરે છે, જે પ્રસંગે ભક્તિભાવને ઉલ્લાસ કરનારી પ્રભુની સ્તુતિ
ર્શાવી છે. અર્હદ્દાસ શેઠના ઘરમાં અભયકુમાર સાથે છુપી રીતે આવેલા શ્રેણિક
ાજાનો પ્રસંગ આપવામાં આવ્યો છે. આ સાથે લોહખુર નામના એક ચોરનો
ૃષ્ટાંત પેટામાં આપી અર્હદ્દાસ શેઠે પોતાની પ્રિયાઓ પ્રત્યે કહેલ સમ્યક્ત્વ-
ા મહાન્ લાભનો પ્રસંગ આપ્યો છે. જેમાં જિનદત્ત શેઠની અવાંતર કથા
ાપી પ્રસેનજિત્ રાજાનો પ્રસંગ લઇ તે રાજા પ્રત્યે કેશિદેવ નામના એક
િદ્વાન્ આચાર્યની ધર્મોદ્યોતકારિણી દેશના આપવામાં આવી છે.

રૂદ્રદત્ત નામના એક બ્રાહ્મણને જિનચંદ્ર નામના ગુરૂએ આપેલી દેશના મનન કરવા જેવી છે, જે દેશનામાં ખરા સંયમીનું સ્વરૂપ બતાવવામાં આવ્યુ છે. અને તે વાર્તાના પ્રસંગમાં જ સુધર્મ મુનીશ્વરના મુખથી વીશ સ્થાનક તપનું વિવેચન કરવામાં આવ્યું છે. અને અર્હંત્ પ્રતિમાની પ્રતિષ્ઠા તથા પૂજાભક્તિ અને તીર્થ સંઘની ભક્તિનું અનુપમ માહાત્મ્ય દર્શાવેલું છે. તે પછી તે પ્રસંગેજ ગુરૂતત્વનું સ્વરૂપ બતાવી એ મહાન્ દેશનાની સમાપ્તિ કરી એ ચંદનશ્રીને સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનો વૃત્તાંત પણ પૂર્ણ કરવામાં આવ્યો છે તે પછી શેઠના પ્રશ્ન ઉપરથી તેની પ્રિયા વિષ્ણુશ્રી પોતાને પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વની કથાનો આરંભ કરે છે. તે વૃત્તાંતની અંદર કેશિદેવ નામના મુનીશ્વરના શિષ્ય સમાધિગુપ્ત નામના રાજર્ષિનો પ્રસંગ આપેલો છે. તે પ્રસંગે દાન ધર્મના સ્વરૂપ અને પાત્ર સુપાત્ર વિષે અચ્છી રીતે વર્ણન કરવામાં આવ્યું છે, અને તે ઉપર સુપાત્ર દાનનું માહાત્મ્ય દર્શાવવા એક સુબોધક વૃત્તાંત આપેલો છે, તે વૃત્તાંતને અંતે વિષ્ણુશ્રીને થએલ સમ્યક્ત્વની પ્રાપ્તિના પ્રસંગનો પણ અંત આવે છે.

તે પછી અર્હદ્દાસ શેઠના પુછવા ઉપરથી નાગશ્રી નામની પ્રિયા પોતાને પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વના હેતુનો વૃત્તાંત આરંભે છે. જે વૃત્તાંતમાં વૃષભશ્રી નામના સાધ્વીએ સિદ્ધચક્રની આરાધનાનો પ્રકાર અને તેના ફળ વિષે કહેલો ઉપદેશ સવિસ્તર આપવામાં આવ્યો છે તે પછી સાગર નામના સદ્ગુરૂના ધાર્મિક ઉપદેશનો પ્રસંગ દર્શાવી આ ગ્રંથના ચોથા પ્રસ્તાવને સમાપ્ત કરવામાં આવ્યોછે.

પાંચમા પ્રસ્તાવમાં અર્હદ્દાસ શેઠની સ્ત્રી પદ્મલતા પોતાને પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વનો વૃત્તાંત જણાવે છે. તે વૃત્તાંતના પ્રસંગે એક વિદ્વાન્ સાધુના મુખથી સમ્યક્ત્વનું સ્વરૂપ દર્શાવી મિથ્યાત્વ વિષે કેટલુંએક વિવેચન કરેલું છે. જેની અંદર આગમાનુસારી મિથ્યાત્વના ભેદો ઉત્તમ પ્રકારે વર્ણવેલા છે તેમાં બુદ્ધદાસ અને પદ્મશ્રીનો પ્રસંગ ધર્મ અને વ્યવહારના અનેક બોધથી ભરપૂર વર્ણવવામાં આવ્યો છે. તે પ્રસંગે મહામુનિ યશોધરની દેશના વાણીનો ઉલ્લાસ કરી તેમાં પ્રાણીઓને દેવ, મનુષ્ય, અને તિર્યંચની ગતિ કેવા આચરણથી પ્રાપ્ત થાય છે, તે વિષે સારૂં નિરૂપણ કરવામાં આવ્યું છે.

અને અહિં અર્હદ્દાસની પ્રિયા પદ્મલતાના વૃત્તાંતની સમાપ્તિ થાય છે.

પછી અર્હદ્દાસ શેઠના પ્રશ્ન ઉપરથી સ્વર્ણલતા નામની પ્રિયાએ કહેલું

સમ્યક્ત્વ પ્રાપ્તિનું દૃષ્ટાંત વિવિધ યુક્તિપ્રયુક્તિથી અલંકૃત કરી સવિસ્તર આપવામાં આવેલું છે. તેમાં શ્રુતસાગરનામના મુનીશ્વરે ઉપદેશેલો ગૃહસ્થ શ્રાવકનો ધર્મ ઉત્તમ પ્રકારે નિરૂપણ કરવામાં આવ્યો છે, જેની અંદર સિદ્ધિરૂપી મહેલ ઉપર ચડવાના પગથીઆરૂપે મનુષ્યજન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ, શ્રદ્ધાળુતા, ગુરુવચન શ્રવણ અને વિવેકાદિ ગુણો સમ્યક્ પ્રકારે વર્ણવેલા છે. તે દૃષ્ટાંત પૂર્ણરીતે સ્વર્ણલતા પ્રિયાના મુખથી સાંભળી અર્હદ્દાસ શેઠ અને બીજો પરિવાર આનંદમગ્ન બની જાય છે. અને ત્યાં પાંચમો પ્રસ્તાવ સંપૂર્ણ થાય છે.

છઠ્ઠા પ્રસ્તાવમાં અર્હદ્દાસ શેઠના પ્રશ્ન ઉપરથી તેની વિદ્યુલ્લતા નામની પ્રિયા પોતાના દૃષ્ટાંતનો આરંભ કરે છે, તે દૃષ્ટાંતમાં જિનદત્ત ગુરુના મુખથી ધર્મરૂપી કલ્પવૃક્ષ અને મહિમાના પ્રભાવનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે. તે પછી સમ્યક્ત્વની સ્થિરતા શી રીતે રહી શકે ? તે માટે પણ તે મહાત્માએ કહેલા ઉપદેશ વચનો ગ્રંથકારે અલંકારકરીને દર્શાવ્યા છે. અહિં અર્હદ્દાસ શેઠની પ્રિયા વિદ્યુલ્લતાનું દૃષ્ટાંત પૂર્ણ થાય છે.

સાતમા પ્રસ્તાવમાં રચેલું આ સર્વ દૃષ્ટાંત સાંભળી મહારાજા શ્રેણિકના મનોમંદિરમાં સમ્યક્ત્વ દીપકનો પ્રકાશ થઇ આવવાનું અને તે અર્હદ્દાસની કુંદલતા નામની નાસ્તિક સ્ત્રીનો નિગ્રહ કરવાની પ્રવૃત્તિનો પ્રસંગ દર્શાવી પ્રભુના પંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીના આગમનનો પ્રસંગ આપ્યો છે. તે મહાત્માના મુખની દેશનાના શ્રવણથી કુંદલતાને થયેલો પ્રતિબોધ અને દીક્ષાગ્રહણનો પ્રસંગ આપ્યા પછી અર્હદ્દાસ શેઠના કથન ઉપરથી શ્રાવકના અગીઆર પ્રતિમા વિષે ગુરુમુખે વિવેચન કરવામાં આવ્યું છે, જે ઉપરથી અર્હદ્દાસ શેઠને પ્રાપ્ત થયેલા સંવેગરંગનું ધ્યાન આપી પરંપરાએ તેણે પ્રાપ્ત કરેલી મોક્ષલક્ષ્મીનો પ્રસંગ દર્શાવ્યો અને આ ગ્રંથની ઉપયોગિતા વિષે વિવેચન કરી ગ્રંથકર્તાની પ્રશસ્તિ સાથે આ સુબોધક ગ્રંથને સમાપ્ત કરવામાં આવ્યો છે. આ ગ્રંથના કર્તા શ્રી જિનહર્ષગણી વિક્રમ સંવત્ ૧૪૮૭ ના વર્ષમાં આ ભારતવર્ષને અલંકૃત કરતા હતા, તે તેમની ગુરુપરંપરા આ ગ્રંથની પ્રશસ્તિમાં અનુક્રમે આપેલી છે.

આ પ્રમાણે આત્મિક આલોકપ્રકાશથી શુદ્ધિની સન્મુખતા દર્શાવનારો આ ગ્રંથ આત્મોદ્ધારક પ્રત્યેક જૈન વ્યક્તિને મનન પૂર્વક વાંચવા યોગ્ય છે. આ ગ્રંથમાં વિશેષ ખુબી એ છે કે, તેમાં આવતી કથાપ્રસંગો-

ની અંદર સુબોધક અને મનોરંજક એવા વર્ણનો તથા સુભાષતો પેલા છે કે, જે મનન પૂર્વક વાંચવાથી ધર્મ આચાર અને વ્યવહારના ર્ત્તનો ઉપર સારી છાપ પડી શકે છે અને આસ્તિક હૃદયવાળા અધિકારં પોતાના હૃદય પટ ઉપર સદ્દર્શન અને સદાચારના સારા ચિત્રો પાડી શકે

અમે આશા રાખીએ છીએ કે, જૈન સમાજમાં વાંચનરૂપે અ શ્રવણ રૂપે આ ઉપયોગી લેખની વિશેષ પ્રવૃત્તિ થશે તો અમારી સંસ્થા ધર્મી બંધુઓની આવી આવી સેવા કરવાને વિશેષ ઉત્સાહી થયા વગર ર નહીં. છેવટે અમે પરમાત્મા પાસે એટલું જ માગીએ છીએ કે, તન, મન ધનથી યથાશક્તિ સાધર્મિ સમાજની સદા સેવા થાય અને અમારો પરમ વર્ગ અને વિદ્દ્વર્ગ અમારા તે ઉત્સાહને સદા જાગ્રતિ આપે.

સદરહુ મૂળ ગ્રંથ અમારા તરફથી પ્રસિદ્ધ થયેલો હતો, જે ખરેખર રસીક ઉપયોગી હોવાથી, તેમજ તેનો સર્વ લાભ લે તેવા હેતુથી તેનું ર રાતી ભાષાંતર સરલ અને શુદ્ધ કરાવી સાદ્યંત વાંચી જવા ન્યાયાંભોનિધિ શ્રં વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) ના શિષ્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ વિજયજી મહારાજના પ્રશિષ્ય મુનિરાજ **શ્રીપ્રેમવિજયજી મહારાજને** આર તરફથી વિનંતિ કરવામાં આવતાં ઘણીજ તસ્દી લઇ પરિપૂર્ણ તપાસી આપે જે માટે આ સ્થળે તે મહાત્માનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે

આ શ્રાવકોપયોગી ગ્રંથ પ્રસિદ્ધ કરવા માટે મીયાગામ નિવાસી શ્રાવક શેઠ **નેમચંદભાઇ પીતાંબરદાસ** કે જેઓ એક ધર્મચુસ્ત નરરત્ન છે અને ગુરૂ અને ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાન્ હોવાસાથે જ્ઞાનનો બહોળો ફેલાવો ક માટે ખાસ ખંતીલા, પ્રયત્નશીલ અને પ્રેમી છે; તેઓ મારફત પાછીયાપુરવ સ્વર્ગવાસી શેઠ રણછોડદાસ ભાઇચંદના સ્મરણાર્થે આર્થિક સહાય મળેલ ઉક્ત શેઠ રણછોડદાસ ભાઇ ત્યાંના આગેવાન ગૃહસ્થ હોવા સાથે ધર્મરૂ હતા તે સ્વર્ગવાસી બંધુ પાસે માત્ર પંદર હજાર રૂપૈયાની આશરે મીલ્કત હ તેઓશ્રીને પોતાની સાઠ વર્ષની ઉમરે જણાયું કે કાળનો ભરૂસો નથી મારે મારી પોતાની મીલ્કતની વ્યવસ્થા કરવી ! દરમ્યાન તેઓશ્રીને મંદવાડ વાથી તેઓના ભત્રીજા મનસુખલાલ મગનલાલ તથા ઉક્ત ધર્મરત્ન શેઠ ને ચંદભાઇ પીતાંબરદાસને ટ્રસ્ટી નીમી તમામ મીલ્કતની શુભ માર્ગે વ્યવ કરી આવતા ભવ માટે (શુભ ગતિ માટે) ભાતું બાંધી, ઉક્ત રણછોડ ભાઇએ પરલોકગમન કર્યું. ત્યારબાદ વડોદરાવાળા તેના ભાણેજ ખુમચંદ

(એ ઉક્ત સ્વર્ગવાસી રણછોડભાઇ કે જે પોતાની પાછળ એક પુત્રી બેન રૂક્ષ્મણીને મૂકી ગયા છે, તેમની સંભાળ રાખવા સાથે

તથા શાહ મંગળદાસ દલસુખ વિગેરે ચાર ગૃહસ્થોએ મળી તે રકમ વાપરી આત્મા-નો તમામ જીવનની શુભ માર્ગે વ્યવસ્થા કરી. આ ઉપરથી મરહુમે પોતાની આખી ન્તિમાં રૂ. ૧ લાખ ઉપરાંત ખરચ્યો છે, એટલુંજ નહી પણ "હાથે તે સાથે" એ કહેવત મુજબ કરી બતાવ્યું છે જે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. ઉક્ત મરહુમના સ્મ-રણાર્થે આ જ્ઞાનોદ્ધારના (જ્ઞાન ખાતાને) આ ગ્રંથ છપાવવા માટે આપેલી દ્રવ્ય સહાય માટે શેઠ નેમચંદભાઇ પીતાંબરદાસનો તથા મરહુમના ભત્રીજા મનસુખ-ભાઇનો અમો આભાર માનીયે છીયે.

કેટલુંક ગ્રંથની શુદ્ધિ માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં દૃષ્ટિદોષથી કે પ્રેસ દોષથી રહી ગયેલ સ્ખલનાઓ જણાય તો તે માટે મિથ્યા દુષ્કૃત પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

આત્માનંદ ભવન
વીરસંવત ૨૪૪૩ આત્મ-
સંવત ૨૧. વિ.સં ગુજરાતી
સં. ૧૯૭૩ તા. ૧-૧-૧૯૧૭

પ્રસિદ્ધકર્તા.

શ્રી શ્રાદ્ધગુણ વિવરણ (ભાષાંતર.)

શ્રાવકના વિશેષ ધર્મના કારણરૂપ અને ઉચ્ચ ગૃહસ્થ ધ
(શ્રાવકના સામાન્ય ધર્મ)નું શુદ્ધ સ્વરૂપ બતાવનાર, મોક્ષ
હેલના પ્રથમ સોપાનરૂપ, જયશ્રીની સિદ્ધિને આપનાર આ અપૂ
ગ્રંથ છે. જેથી આવો શ્રાવકોપયોગી કોઇપણ ગ્રંથ અત્યારસુધી
પ્રગટ થયો નથી. સરલ, સુબોધક વીવેચનસાથે અનેક કથાઓ સહિ
શ્રીમદ્ જિનમંડનગણી મહારાજની કૃતિની આ એક સુ
અને અત્યુત્તમ રચના છે; જેનું સરલ અને શુદ્ધ ભાષાંતર પ્ર
ર્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્ર
ચતુરવિજયજી મહારાજે કરેલ છે. જૈન તરીકે દાવો ધરાવનાર
શ્રાવકધર્મના ઇચ્છક કોઇપણ વ્યક્તિના ઘરમાં આ ગ્રંથ જે કે શ્રા
ધર્મની ઉચ્ચ શૈલીને જણાવનારો છે તે અવશ્ય હોવોજ જોઇએ.
ખરેખર ઊપયોગી જોઇ ગ્રંથ છપાતાના દરમ્યાન ઊપાધ્યાય શ્રીમ
વીરવિજયજી મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી પ્રેમવિજય
મહારાજના નેક અભિપ્રાયથી અત્રેની જૈન બોર્ડીંગ, તે
જ જૈન નાઇટ ક્લાસના વિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ
શરૂઆત તરીકે આ ગ્રંથ ચલાવવાની ખાસ યોજના થયેલી છે, તે
તેની ઊપયોગીતાના પૂરતા પુરાવો છે. તે બાબતમાં વધારે કાંઈપ
ન લખતાં તે સાદ્યંત ખાસ વાંચી જવાની ભલામણ કરીએ છીએ

ગ્રંથ ગ્લેજ કાગળો ઉપર, ચાર જુદી જુદી જાતના સુ
ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી તેને અલંકૃત કરવામાં આવે
છે. રોયલ આઠપેજી પાંત્રીશ ફારમનો સુમારે ૬૦૦ પાનાનો દલદ
ગ્રંથ. (કાગળોની તેમજ તેને લગતા સાધનોની ડાઇને લઇ
ઘણી મોંઘવારી છતાં તેની) કિંમત માત્ર રૂા. ૧-૮-૦ રાખી
પોસ્ટેજ જુદું. ઘણીજ થોડી નકલો શીલીકમાં છે.



॥ श्री शांतिनाथाय नमः ॥

॥ न्यायांभोनिधिश्रीमद्विजयानंदसूरिपादपद्मेभ्यो नमः ॥

॥ श्रीमज्जिनहर्षगणिविरचिता

सम्यक्त्वकौमुदी ॥

(भाषांतर.)



મત આનંદ અને વિજ્ઞાનના ઉદયથી શોભાયમાન શ્રીયુગાદીશ પરમાત્માને નમસ્કાર થાઓ.

સર્વજ્ઞ એવા શ્રીવીરપરમાત્મા ભવ્ય જીવોને આંતરિક અને બાહ્ય–એવા બન્ને પ્રકારના શત્રુઓની જયલક્ષ્મી આપો, જે વીર પોતે એકાકી છતાં ત્રિજગજ્જનનું રક્ષણ કરવામાં અદ્ભુત રીતે સદાય પ્રગટ પ્રભાવી થઇ વર્ત્તે છે.

સામાન્ય કેવલીઓમાં વૃષભ (ધુરંધર) સમાન એવા શ્રીપદ્માદિક તીર્થંકરો ભવ્યોને કલ્યાણ પ્રાપ્તિ અર્થે થાઓ, જેમના ચરણકમળમાં શિવશ્રી (મોક્ષલક્ષ્મી) સદાય રાજહંસીની જેમ ક્રીડા કરી રહી છે.

સર્વ પ્રાણીઓ માટે કરૂણાના સાગર સમાન શ્રીગુરૂમહારાજ જયવંતા વર્તો, જેમની ભક્તિ કલ્પવૃક્ષની જેમ સર્વ સંપત્તિને પ્રગટ કરે છે.

જિનેશ્વર દેવ, સુસાધુ ગુરૂ અને તેમનો દર્શાવેલ ધર્મ—આ રત્નત્રયી સર્વ પ્રાણીઓને કલ્યાણકારી હોવાથી જયવંત વર્તો.

સંસારસમુદ્રમાં ભ્રમણ કરતાં રત્નદ્વીપ સમાન આ મનુષ્ય જન્મ પામીને ઇષ્ટસિદ્ધિને માટે ડાહ્યા માણસે ધર્મરૂપ ચિંતામણિ રત્નનો સંગ્રહ કરી લેવો ઉચિત છે. કહ્યું છે કે:—

"भवकोटीदुष्प्रापामवाप्य नृभवादिसकलसामग्रीम् ।
भवजलनिधियानपात्रे, धर्मे यत्नः सदा कार्यः" ॥ १ ॥

"કરોડો ભવ ભમતાં પણ દુર્લભ એવો મનુષ્યભવ વિગેરે સર્વ સામગ્રી મેળવીને સંસારસાગરમાં નાવસમાન એવા ધર્મ માટે સદાય પ્રયત્ન કરવો."

સર્વ આપદાઓ આવતાં પણ નિર્ભય રાખનાર એવો ધર્મ તે ખરેખર સૂર્ય સમાન છે, તેમજ જગજ્જીવોને અભીષ્ટ સિદ્ધિ આપવામાં તે કલ્પવૃક્ષ સમાન છે. જેણે સમુદ્રનું પણ શોષણ કરી નાખ્યું-પાન કરી ગયા એવા અગસ્ત્યઋષિ જેવા મહર્ષિઓ પણ પાપરૂપ સમુદ્રનું શોષણ કરવાને ધર્મનીજ ચાહના કરે છે. જેઓ આખી વસુધાને ઋણમુક્ત કરવા સમર્થ છે એવા રાજાઓ પણ ધર્મરૂપ સ્વામીનો આશ્રય કરવાથીજ કર્મરૂપ ઋણથી મુક્ત થાય છે. 'સર્વધર્મ અને દેશધર્મ' એમ બે પ્રકારે જિનેશ્વરોએ તે ધર્મનું સ્વરૂપ કહેલ છે. સર્વધર્મ સાધુઓને માટે અને દેશધર્મ ગૃહસ્થોને માટે ઉચિત છે. જેમ વૃક્ષોનું મૂળ કંદ (આ… રત્નોનું ઉત્પત્તિસ્થાન જેમ રોહણાચલ છે, તેમ ધર્મનું મૂળ સમ્યક્ત્વ કહેલ છે. અનંત … સંસારસમુદ્રમાં ભમી ભમીને કોટાનુકોટી કર્મોની શેષ (એક કોટાનુકોટી) સ્થિતિ



સર્વ પ્રાણીઓ માટે કરૂણાના સાગર સમાન શ્રીગુરૂમહારાજાઓ જયવંતા વર્તો, જેમની ભક્તિ કલ્પલતાની જેમ સર્વ સંપત્તિને પ્રગટ કરે છે.

જિનેશ્વર દેવ, સુસાધુ ગુરૂ અને તેમનો દર્શાવેલ ધર્મ—આ રત્નત્રયી સર્વ પ્રાણીઓને કલ્યાણકારી હોવાથી જયવંત વર્તો.

સંસારસમુદ્રમાં ભ્રમણ કરતાં રત્નદ્વીપ સમાન આ મનુષ્ય જન્મ પામીને ઇષ્ટસિદ્ધિને માટે ડાહ્યા માણસે ધર્મરૂપ ચિંતામણિ રત્નનો સંગ્રહ કરી લેવો ઉચિત છે. કહ્યું છે કેઃ—

"भवकोटीदुष्प्रापामवाप्य नृभवादिसकलसामग्रीम् ।
भवजलनिधिपोतपात्रे, धर्मे यत्नः सदा कार्यः" ॥ १ ॥

"કરોડો ભવ ભમતાં પણ દુર્લભ એવો મનુષ્યભવ વિગેરે સર્વ સામગ્રી મેળવીને સંસારસાગરમાં નાવસમાન એવા ધર્મ માટે સદાય પ્રયત્ન કરવો."

સર્વ આપદાઓ આવતાં પણ નિર્ભય રાખનાર એવો ધર્મ તે ખરેખર સૂર્ય સમાન છે, તેમજ જગજ્જીવોને અભીષ્ટ સિદ્ધિ આપવામાં તે કલ્પવૃક્ષ સમાન છે. જેણે સમુદ્રનું પણ શોષણ કરી નાખ્યું-પાન કરી ગયા એવા અગસ્ત્યઋષિ જેવા મહર્ષિઓ પણ પાપરૂપ સમુદ્રનું શોષણ કરવાને ધર્મનીજ ચાહના કરે છે. જેઓ આખી વસુધાને ઋણમુક્ત કરવા સમર્થ છે એવા રાજાઓ પણ ધર્મરૂપ સ્વામીનો આશ્રય કરવાથીજ કર્મરૂપ ઋણથી મુક્ત થાય છે. 'સર્વધર્મ અને દેશધર્મ' એમ બે પ્રકારે જિનેશ્વરોએ તે ધર્મનું સ્વરૂપ કહેલ છે. સર્વધર્મ સાધુઓને માટે અને દેશધર્મ ગૃહસ્થોને માટે ઉચિત છે. જેમ વૃક્ષોનું મૂળ કંદ (આલાંકુર) અને રત્નોનું ઉત્પત્તિસ્થાન જેમ રોહણાચલ છે, તેમ એ બંને પ્રકારના ધર્મનું મૂળ સમ્યક્ત્વ કહેલ છે. અનંત પુદ્ગલ પરાવર્તનસુધી સંસારસમુદ્રમાં ભમી ભમીને કોટાનુકોટી સાગરોપમથી આઠ કર્મોની શેષ (એક કોટાનુકોટી) સ્થિતિ કરીને અર્ધ પુદ્ગલ પરા-


વર્ત્તન કરતાં કાંઇક ન્યૂન જ્યારે ભવસ્થિતિ બાકી રહે, ત્યારે જીવ ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વ પામે છે. આ સંબંધમાં કહ્યું છે કે:—

" સાત કર્મોની ઉત્કૃષ્ટ ૬૯ આદિ કોટાનુકોટી સાગરોપમની સર્વ સ્થિતિનો નાશ કરીને જ્યારે એક કોટાનુકોટી સાગરોપમથી કાંઇક ન્યૂન રહે, ત્યારે અપૂર્વકરણ યોગે જીવ સત્વર ગ્રંથિભેદ કરે છે. સહજ કઠિન એવી ગ્રંથિનો ભેદ થતાં એક પ્રકારના વિશેષ આત્મિક ભાવોલ્લાસથી મુક્તિની સન્મુખના સૂચવનાર એવો સમ્યક્ત્વનો અવશ્ય લાભ થાય છે. નિશ્ચલ એવા તે સમ્યક્ત્વ યોગે જીવ મોક્ષની પ્રાપ્તિસુધી બાકી રહેલ ક્લિષ્ટ કર્મસ્થિતિનો પણ અગ્નિ જેમ ઇંધનને બાળે, તેમ તેનો ક્ષય કરે છે."

નિધાનની જેમ જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી પલ્યોપમ પૃથક્ત્વ અર્થાત્ કિંચિન્ન્યૂન અન્તઃ કોટાકોટી સાગરોપમમાંથી બેથી યાવત્ નવ પલ્યોપમ કર્મસ્થિતિ ક્ષય થાય, ત્યારે પ્રાણી સર્વ સુખકારી દેશવિરતિને પામે છે. મોક્ષસંપત્તિ માટે એક કોલકરાર જેવું અને અનેક ગુણોથી વિભૂષિત એવું તે સમ્યક્ત્વ ક્ષાયિકાદિ ભેદથી અનેક પ્રકારનું શાસ્ત્રમાં કહેલ છે. માટે ભવ્યજીવોના ઉપકારાર્થે અને સમ્યક્ત્વની સ્પષ્ટતા માટે પૂર્વાચાર્યકૃત ગ્રંથાનુસારે આ સમ્યક્ત્વ કૌમુદી (પ્રકાશિકા) ની હું (જિનહર્ષગણી) રચના કરું છું.

ગ્રંથ પ્રારંભ.

સમ્મતિ રાજાની કથા.



પદાર્થોનુ એક અપ્રતિમ સ્થાન એવા જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, જેને પ્રકાશિત કરવા માટે બે ચંદ્ર અને બે સૂર્ય તેની આસપાસ સદા ફર્યા કરે છે. ત્યાં તીર્થંકરોની જન્મભૂમિ હોવાથી સજ્જનોને તીર્થરૂપે માન્ય અને ધર્મપુરીની શોભાનુ એક નિવાસ સ્થાન એવુ ભરત નામનુ

ક્ષેત્ર છે. તે ભરતક્ષેત્રમાં સ્વર્ગસમાન જેમાં પ્રદેશો આવેલા છે
અનેક પ્રકારની વિદ્યાકળાથી અદ્ભુત અને વસુધાનું એક શિરે
ભૂષણરૂપ એવો ગૌડ નામનો પ્રખ્યાત દેશ છે. ત્યાં પર્વતોને
પણ હીન બનાવી દે એવા મોટા મંદિરોથી વિભૂષિત અ
વસુંધરાનું એક સ્વસ્તિકરૂપ એવું પાટલીપુર નામે નગ
હતું. જેની અંદર અને બહાર ગંગાના તરંગો જેવી ઉજ્વલ, ગગ
સ્પર્શી અને દૃષ્ટાની દૃષ્ટિને આનંદ આપનાર રમણીયતાવાળી એવ
જિનમંદિરોની શ્રેણીઓ (શ્રેણીબંધ જિનચૈત્યો) બિરાજમાન છે
જે પાડલવૃક્ષને સ્થાને આ પવિત્ર નગર વસેલું છે અને જ્યાં ધર્મ
સાધન અવિચ્છિન્ન થયા કરે છે, તે પાડલવૃક્ષના પ્રાણીઓ એકાવ
તારી કેમ ન થાય? તે નગરમાં શત્રુઓને પરાજિત કરનાર, ભરત
ક્ષેત્રના ત્રણ ખંડમાં પોતાની અખંડ આજ્ઞાને પ્રવર્ત્તાવનાર કૃત
પુરૂષોમાં શિરોમણિ, જૈનધર્મરૂપ સમુદ્રને ઉલ્લસિત કરવાને
ચંદ્રમા સમાન અને પોતાની સમૃદ્ધિથી સ્વર્ગપતિને પણ હા
તુલ્ય કરનાર એવો સંપ્રતિ નામે રાજા હતો. જે રાજાએ આભિો
પયોગ વિના કરેલ સામાયિકથી અહો! જગતને વિસ્મય પમાડન
એવું ભરતના ત્રણ ખંડનું ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હતું. કહ્યું છે કે:—

" किं भणिमो महिमाए, जिणिंदधम्मे अवत्त सामइए ।
भरहद्धवईदुमओ, जाओ संपइनरिंदुत्ति " ॥१॥

" અહો! જિનેંદ્ર પ્રભુના ધર્મના મહિમાની અમે કેટલી સ્તુ
કરીએ! જે ધર્મના પ્રભાવે દ્રુમક અવ્યક્ત સામાયિક કરીને પ
ભરતાર્ધનો સ્વામી સંપ્રતિ નામે નરેંદ્ર થયો. "

તે રાજા રાજ્ય કરતાં એક દિવસે ઉજ્જયિની નગરીએ ગયે
કારણ કે રાજાઓ પોતાના રાજ્યમાં કોઇ વખત સ્વેચ્છાથી ગમે ત
સ્થિતિ કરે છે. તે અવસરે ત્યાં નિર્મલ ભક્તિધારક શ્રી સંઘમાં જીવ
સ્વામીની પ્રતિમાના રથયાત્રાનો મહોત્સવ વર્ત્તી રહ્યો હતો. ત્યાં ભ
પીઠિકા પર વિરાજિત, સર્વ પ્રકારના અલંકારોથી શોભાયમાન, વિવિ

રીતે થયેલ પૂજાથી સુશોભિત, ઉપર ધારણ કરાતા ઉંચા પ્રકારના છત્રત્રયથી અધિક દેદીપ્યમાન રાજપુત્રના હાથમાં રહેલ બે ચામરથી અલંકૃત, દિવ્ય વાજીંત્રોનો નાદ કરનારા એવા નગરવાસીઓ(થી) પોતાના કલ્યાણની અભિવૃદ્ધિને માટે પગલે પગલે પૂજ્યમાન, કીર્ત્તિ ગાનારાઓને અને વિશેષતાથી દીનજનોને હર્ષપૂર્વક દાન દેતા એવા અગ્રગામી પુરૂષોથી અદ્ભુત, સર્વજ્ઞના શાસનનો ઉદ્યોત કરવાવાળા એવા રાજા, મંત્રી અને આચાર્ય પ્રમુખ મુખ્ય પુરૂષોએ જેનો મહોત્સવ કરેલ છે એવી, જગજ્જીવોના મનોરથ પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન અને અગરૂ, કર્પૂર અને ધૂપથી જેણે ચારે બાજુના પ્રદેશોને સુગંધમય કરી દીધા છે એવા મહારથપર બિરાજમાન કરીને સંખ્યાબંધ સુંદરીઓ જેના ગુણ ગાઇ રહી છે, એવી જિનેંદ્રપ્રભુની મૂર્ત્તિ સર્વ પ્રાણીઓની શાંતિને અર્થે રાજા અને પ્રધાન વિગેરેના ઘરમાં ફેરવે છે. માર્ગમાં બે વૃષભથી પ્રેરિત એવો આ રથ રસ્તે ચાલતાં પૂર્વ પુણ્યના પ્રભાવથી જેને ઘેર જાય, તે દિવસે તે ભવ્ય જીવે પોતાને ધન્ય માનીને ત્યાંજ તેની સ્થાપના કરવી અને સર્વ પ્રકારની પૂજાની સામગ્રી લઇ ભક્તિપૂર્વક તેની પૂજા કરવી તથા ફલ, તાંબૂલ, વસ્ત્ર, ચંદન અને ભોજન વિગેરેથી તે મહાનુભાવે શ્રી શ્રમણસંઘની અધિક અધિક ભક્તિ કરવી અને તેમાં પણ શુદ્ધ વસ્ત્ર તથા અશન પાન વિગેરેથી ગુરૂમહારાજાઓની વિશેષ પ્રકારે ભક્તિ કરવી. કારણ કે ગુરૂમહારાજનો યોગ તો માનવજન્મમાંજ થાય છે. તેમજ આસ્તિક જનોનું મુક્તિદાયક વાત્સલ્ય કરવું, તથા પોતાના ઘરની સ્થિતિ પ્રમાણે દીનજનોને ધન વિગેરેનું પણ દાન આપવું, આવા પ્રકારનો મહોત્સવ ચાલે છે, તેવામાં દશપૂર્વધર અને યુગપ્રધાન એવા શ્રી આર્યસુહસ્તિ આચાર્ય પણ ત્યાં પધાર્યા. તેજ વખતે શ્રી સંઘે તેમને માનપૂર્વક બોલાવ્યા. એટલે તેઓ રથયાત્રા—મહોત્સવમાં આગળ આગળ ચાલતા હતા. કારણ કે ગુરૂ એ સન્માર્ગને બતાવનારા હોય છે. હવે રથ જ્યારે રાજમંદિરના આંગણા આગળ આવ્યો, ત્યારે ગવાક્ષમાં બેઠેલ રાજા દૂરથી ગુરૂમહારાજને જોઇને વિચાર કરવા લાગ્યો—"મારા મનઃસા-

ગરને ઉલ્લસિત કરવામાં ચંદ્રમા સમાન એવા આ વાચંયમ સ્વામી (આચાર્ય) ક્યાંય પણ મારા જોવામાં આવ્યા લાગે છે, પણ તે ક્યાં જોવામાં આવ્યા, તેનું બરાબર સ્મરણ થતું નથી. ”

આ પ્રમાણે વિચાર કરતો રાજા મૂર્છા ખાઇ તરત પૃથ્વીપર પડ્યો. એવામાં ‘ અહા ! આ શું થયું ?’ એ પ્રમાણે બોલતો પરિજનવર્ગ ત્યાં એકઠો થઇ ગયો. તરત પંખાથી પવન નાખતાં અને ચંદનદ્રવનું સિંચન કરતાં રાજા સાવધાન થયો અને જાતિસ્મરણ પામી એકદમ ઉભો થયો. આચાર્ય મહારાજને જાતિસ્મરણથી પોતાના પૂર્વભવના ધર્મગુરૂ જાણીને આનંદ પામતો મહીપતિ વેગથી તેમને વંદન કરવાને આવ્યો. રથપર બિરાજેલી પ્રભુની પ્રતિમાને પ્રથમ હર્ષપૂર્વક નમસ્કાર કરીને પછી ગુરૂ મહારાજાને પંચાંગે નમસ્કાર કર્યો. પછી પોતાના બંને હાથ જોડીને રાજા કહેવા લાગ્યો:—“ હે પ્રભો ! હું અત્યારે કોણ છું, તે તમે જાણો છો કે નહિ ?” આ સાંભળીને આચાર્ય મહારાજ પણ કહેવા લાગ્યા:—“ હે રાજન્! ત્રણ ખંડના સ્વામી એવા તને ઉદય પામેલા સૂર્યની જેમ અત્યારે કોણ નથી જાણતુ ? ગુરૂના માહાત્મ્યથી જેમ ગુણોન્નતિ, તેમ તમારા માહાત્મ્યથી અત્યારે આ વસુધાપર ઉંચા પ્રકારના ન્યાયધર્મની વ્યવસ્થા પ્રવર્ત્તી રહી છે. ” આ પ્રમાણે આચાર્ય મહારાજનુ વચન શ્રવણ કરી ભૂપતિ પુનઃ કહેવા લાગ્યો:—“ હે પ્રભો! આ ભવ સંબંધીની ઓળખાણ હું આપશ્રીને પૂછતો નથી, પરંતુ હુ આપની પાસે પૂર્વભવનું સ્વરૂપ જાણવાને ઈચ્છું છું. ” આ રીતે રાજાના કહેવાથી ગુરૂ મહારાજ શ્રુતજ્ઞાનનો ઉપયોગ દઈ કહેવા લાગ્યા:—“ હે રાજન્! પૂર્વભવમાં તું મોટો દરિદ્ર હતો. એક વખતે અમારી પાસે તેં અવ્યક્ત સામાયિકવ્રત લીધું, તે પુણ્યના પ્રભાવથી અત્યારે તું સંપ્રતિરાજા થયો છે. ” તે પછી ગુરૂમહારાજે સમ્યક્ત્વના લાભનું કારણ જાણી ત્યાં સર્વ લોકની સમક્ષ રાજાનું પૂર્વભવનું સમગ્ર ચરિત્ર કહી બતાવ્યું. તે વખતે પૂર્વભવનું સ્વરૂપ સાંભળીને જેને [illegible] ઉત્પન્ન થયો છે એવો વિચક્ષણ રાજા ગુરૂને વિજ્ઞપ્તિ કરવા [illegible]:—“ હે પ્રભો ! મારા ઉપર આપ પ્રસન્ન થાઓ અને અત્યારે

આ રાજ્યને આપ સ્વીકાર કરો, કે જેથી હે સ્વામિન્! આપના ઉપકારરૂપ ઋણથી હું પણ કાંઈક મુક્ત થઉં. પ્રાણીપર પ્રથમ નિર્હેતુક ઉપકાર કરનારના બદલામાં જો સામો માણસ પ્રત્યુપકાર કરવા જાય, તો પણ પૂર્વોપકારનો કોટીભાગ જેટલો પણ બદલો વળી શકતો નથી. જે પૂર્વે ઉપકાર કરે છે તે ધન્ય છે, કરેલ ઉપકારને જે જાણે તે પણ ધન્ય છે અને જે પ્રત્યુપકાર કરે છે તે પણ ધન્ય છે-આ ત્રણે પ્રકારના પુરૂષો ઉત્તમ સમજવા. " આ પ્રમાણે રાજાનું કથન સાંભળીને ગુરૂમહારાજ કહેવા લાગ્યા:—" કૃતજ્ઞ પુરૂષોમાં મુગટ સમાન એવા હે રાજન્! અમે સાવદ્ય વ્યાપારનો સર્વથા ત્યાગ કરેલો છે, તો રાજ્યસંપદાથી અમારે શું પ્રયોજન છે? " રાજાનું અસાધારણ ઔદાર્ય અને ગુરૂમહારાજની ઉત્કૃષ્ટ નિઃસંગતા—એ બંને તે વખતે પરમ સીમાને પામ્યા. " મારે રાજ્યનું તો પ્રયોજન નથીજ પરંતુ હે રાજન્! તું સમ્યગ્ધર્મનો આશ્રય કરીને ભરતેશની જેમ જિનેંદ્રશાસનનો પ્રભાવક થા. " ત્યારપછી રાજાની ધર્મજિજ્ઞાસા જાણીને ગુરૂમહારાજ તેની આગળ મોહનો નાશ કરવાવાળી સ્યાં આ પ્રમાણે ધર્મદેશના દેવા લાગ્યા:—

" આ સંસારમાં ભમતા ભવ્ય પ્રાણીઓ અકામ નિર્જરાના યોગે સાત કર્મોની કોટાનુકોટી સાગરોપમ જેટલી સ્થિતિને વારંવાર ખપાવીને સમસ્ત સુખનો ભંડાર એવો જિનેંદ્રોક્ત ધર્મ, ચિંતામણિ રત્નની જેમ પ્રાયઃ કર્મલાઘવથીજ પ્રાપ્ત કરી શકે છે. કલ્પવૃક્ષ સમાન ધર્મનું સમ્યગરીતે ભાવથી જો આરાધન કર્યું હોય, તો તે ભવ્ય જીવોને આ લોકસબંધી અને પરલોકસબંધી સંપત્તિ મેળવી આપવામાં એક સાક્ષીતુલ્ય છે. તે શ્રી ધર્મરત્નના મહિમાનું યથાર્થ વર્ણનજ કેમ થઇ શકે? કારણ કે જે એક લીલામાત્રમાં પ્રાણીઓને ભુક્તિ (સાંસારિક સુખ) અને મુક્તિ બંને આપે છે, તે ધર્મરૂપ વૃક્ષનું, સંસારસમુદ્રના કિનારા સમાન એવું તત્ત્વશ્રદ્ધાન લક્ષણવાળું જે સમ્યક્ત્વ, તેને તીર્થંકરોએ મૂળતુલ્ય કહેલ છે. કહ્યું છે કે:—

" धम्मस्स होइ मूलं, सम्मत्तं सव्वदोस परिमुक्कं ।
तं पुण विसुद्धदेवाइ–सद्दहणपरिणामो ॥१॥

"સર્વ દોષરહિત એવું સમ્યકત્વ, તે ધર્મનું મૂલ ગણાય છે અને તે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મ—એ ત્રણું તત્ત્વની સમ્યક્પ્રકારે સદ્દહણા રૂપ છે. એ સમ્યક્ત્વ–રત્ન વિના બીજા બધા વ્રતો સેનાપતિ વિનાની સેનાની જેમ તરતજ નાશ પામે છે. અનુકૂલ પવન વિના જેમ ખેતી ફલદાયક થતી નથી, તેમ એ સમ્યકત્વ વિના બધી ક્રિયાઓ પ્રાયઃ અલ્પ ફળ આપનારી થાય છે. એ સમ્યકત્વ વિના ધ્યાન એ માત્ર દુઃખનિધાનજ થાય છે, તપનું સંતાપ માત્રજ ફળ મળે છે, સ્વાધ્યાય પણ વંધ્યજ થાય છે, અભિગ્રહો ધારણ કરવા તે માત્ર એક કદાગ્રહરૂપે ગણાય છે, દાન શીલાદિની તુલના પણ પ્રશસ્ત થતી નથી અને તીર્થયાત્રા પણ વૃથાજ થાય છે. આ શિવાય બીજી પણ બધી પુણ્યક્રિયાઓ નિષ્ફલ થાય છે. જો ત્રણે જગત્માં કોઈ શ્રેષ્ઠ વસ્તુ હોય, તો તે એક સમ્યકત્વજ છે. રત્નાદિકના લાભ કરતાં પણ એ સમ્યકત્વનો લાભ અધિક કહેલ છે. કહ્યું છે કેઃ—

"सम्यक्त्वरत्नान्न परं हि रत्नं, सम्यक्त्वमित्रान्न परं हि मित्रम्।
सम्यक्त्वबंधोर्न परो हि बंधुः, सम्यक्त्वलाभान्न परो हि लाभः"॥१॥

"સમ્યકત્વરત્ન કરતાં બીજું કોઈ શ્રેષ્ઠ રત્ન નથી, સમ્યકત્વ મિત્ર કરતાં બીજો કોઇ પરમ મિત્ર નથી, સમ્યકત્વરૂપ બંધુ કરતાં અન્ય કોઈ પરમ બંધુ નથી અને સમ્યકત્વના લાભ કરતાં બીજો કોઈ અધિક લાભ નથી."

જ્યાંસુધી એ સમ્યકત્વની પ્રાપ્તિ થઇ નથી, ત્યાંસુધીજ પ્રાણીઓને સંસારસાગર દુસ્તર છે અને ત્યાંસુધીજ તીવ્ર દુઃખોનો ઉદય છે. તિર્યંચ અને નરકગતિના દ્વારની એક અર્ગલા તે સમ્યકત્વજ છે અને મોક્ષસુખ તથા મનુષ્ય અને દેવતાના સુખરૂપ દ્વારની તો તે એક કુંચી છે. સર્વ દોષરહિત એવા સર્વજ્ઞ તે મારા દેવ, જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અલંકૃત તે મારા ગુરૂ અને ક્ષમાદિ દશ પ્રકારનો જિનેશ્વરપ્રણીત તે ધર્મ—આવા પ્રકારના જે પરિણામ, તે સમ્યક્ત્વ કહેવાય છે. તે મિથ્યાત્વ મોહનીયનો ક્ષયાદિ થવાથી અનેક

પ્રકારે હોય છે અને આવા પ્રકારના પરિણામ તે જીવને પુણ્યોદયથીજ થાય છે. કહ્યું છે કે:—

" क्षायिकौपशमिकं प्रथमं तदाहुरौपशमिकं च तथाऽन्यत् ।
क्षायिकं च निगदंति जिनेंद्राः, कर्मणः क्षयशमादिविभेदात्" ॥१॥

" ક્ષાયોપશમિક, ઔપશમિકને ક્ષાયિક વિગેરે, કર્મના ક્ષય ઉપશમાદિ વિભેદથી જિનવરોએ અનેક પ્રકારે તે કહેલ છે." જેઓએ પોતાની ઇંદ્રિયો વશ કરી છે, જેઓ બધા જીવોપર દયાળુ છે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિગેરેમાં અથવા ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણવામાં જેઓ નિપુણ હોય છે, સદ્ગુણોપર જેઓ અનુરાગ કરે છે, સમુચિત કાર્યમાં જેઓ પ્રેમ ધરાવે છે, દેવ ગુરૂપર જેઓ ભક્તિ રાખે છે, શંકાદિ દોષથી જેઓ રહિત છે. નિરંતર જેઓ શાંતવૃત્તિથી વર્ત્તે છે, સર્વજ્ઞ પ્રભુના શાસનની ઉન્નતિ કરવામાં જેઓ સાવધાન રહે છે, સંવેગના રંગથી જેઓ સુશોભિત છે અને જેઓ ચતુર આશયવાળા હોય છે, તેવા ભાગ્યવંત ભવ્ય જીવો પુણ્યયોગે મોક્ષસુખના બીજરૂપ આ સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને બહુ સંભાળપૂર્વક પાળે છે. અત્યંત શુદ્ધ પરિણામથી જેનું ચિત્ત સ્વચ્છ થઈ ગયું છે, જે શંકાદિ દોષથી રહિત છે, વિષય સુખમાં જે વિરક્ત હોય છે અને જિનેશ્વર ભગવંતે જે કહેલ છે તેજ સત્ય છે એમ જે માને છે, તેના હૃદયમાં આ અનુપમ બોધિ પ્રગટે છે"

એવા અવસરમાં ચતુરશિરોમણિ એવા સંપ્રતિ રાજા ગુરૂ મહારાજને નમસ્કાર કરીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો:—"હે પ્રભો! સુરાસુર સમુદાયથી અક્ષોભ્ય અને પ્રશસ્ત કરતાં પણ પ્રશસ્ત એવું આ સમ્યક્ત્વ પૂર્વે ક્યા પુણ્યવંત પ્રાણીએ પાળ્યું હતું? અને તે સમ્યક્ત્વ પાળવાથી. જગત્માં સર્વ કરતાં શ્રેય અને બંને લોકમાં ઉદય આપવાવાળી એવી ફળપ્રાપ્તિ કોને થઈ હતી?" આ પ્રમાણે રાજાનાં વચન સાંભળીને ક્ષીરાશ્રવાદિ લબ્ધિયોના ભંડાર એવા આચાર્ય મહારાજ કહેવા લાગ્યા:—"હે રાજન્! સમ્યક્ત્વ દર્શન

પામ્યા સિવાય કોઈ પ્રાણીઓ મોક્ષે ગયા નથી, જતા નથી અને જશે પણ નહિ. વ્રતથી સ્ખલિત થઈને પ્રાણી કદાચિત્ મોક્ષગામી થઈ શકે, પણ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈને સંયમ પાલતાં પણ તે નિર્વાણપદ પામી શકતો નથી. કહ્યું છે કે:—

"भट्ठेण चरित्ताओ, सुट्ठुयरं दंसणं गहेअव्वं।
सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति" ॥१॥

"ચારિત્રથી ભ્રષ્ટ થતાં પણ સમ્યક્ત્વનું સારી રીતે રક્ષણ કરવું, કારણ કે ચારિત્ર રહિત છતાં ભવ્ય જીવો સિદ્ધિ પામે છે, પણ દર્શન રહિત છતાં સિદ્ધ થતા નથી." જે કાંઈ શ્રેષ્ઠ સંપત્તિ જોવામાં આવે છે અને પ્રાણીઓ જે કાંઈ અદ્ભુત પદ મેળવે છે, તે બધું સમ્યક્ત્વનુંજ ફળ છે. તથાપિ હે રાજન્! જગત્માં એક અદ્ભુત અને સમ્યક્ત્વના ફળને સ્પષ્ટ દર્શાવનારૂં અર્હદ્દાસ શેઠનું દૃષ્ટાંત છે, તે સાંભળ:—

આ ભરતક્ષેત્રમાં સ્વર્ગના પ્રદેશતુલ્ય, જ્યાં ઘણા દાતારો વિલાસ કરી રહ્યા છે, સજ્જનોને આનંદ આપનાર એવી રાજ્ય વ્યવસ્થા જ્યાં ચાલી રહી છે અને સ્વર્ગના એક પ્રદેશ સમાન **મગધ** નામનો દેશ છે. ત્યાં સમગ્ર લક્ષ્મીના ધામરૂપ અને જગદ્ગુરૂ શ્રી વીરપરમાત્માના ચરણકમળના રજઃપુંજથી પવિત્ર થએલ એવું **રાજગૃહ** નામે નગર છે. જ્યાં માણસો સારા આશયવાળા છે, જેઓ નિર્હેતુક ઉપકારીપણું તથા વિવેકમાં કલહંસની ઉપમાને ભજે છે, અને પરસ્ત્રીઓ સાથે સમાગમ તથા અસત્ય પ્રિયતાને જેઓ સેવતા નથી, તેમજ તેઓ જિનેશ્વરની મર્યાદાનો—તેમના માર્ગનો ત્યાગ પણ કદી કરતા નથી. જે નગરમાં સત્પાત્રદાનના સૌભાગ્યને અહીંજ સાક્ષાત્ દર્શાવનાર અને સદા દેવતાઈ ભોગનો ઉપભોગ લેનાર એવો **શ્રી શાલિભદ્ર** શેઠ હતો, તેમજ જ્યાં યૌવન અવસ્થામાં પણ મધુરભાષિણી આઠ પ્રિયાઓને ત્યાગીને નવ બ્રહ્મગુપ્તિનો આશ્રય કરનાર એવા ભાગ્યવંત **ધન્ય** મુનિ હતા. સતીઓમાં શિરોમણિ, સમ્યક્ત્વરૂપ સુવર્ણના એક નમુનારૂપ

અને ગુણોથી જાણે જગતની સ્ત્રીઓમાં મુગટ સમાન એવી સુલસા નામે સતી જ્યાં નિવાસ કરતી હતી. તે દેશમાં શુદ્ધ સમ્યક્ત્વરૂપ સુવર્ણની વર્ણિકાના એક કસોટી પાષણ સમાન અને વિનયની જેમ ગુણવૃદ્ધિની ભૂમિકારૂપ એવો શ્રી શ્રેણિકરાજા રાજ્ય કરતો હતો. જેણે શ્રી વીરના ચરણકમળની રજને પોતાના ભાલમાં તિલકરૂપે સ્થાપી હતી, જેનો પ્રભાવ વિસ્તૃત હતો અને સમગ્ર શત્રુઓને જેણે દાસ બનાવી દીધા હતા, તેમજ જે શ્રીમાન્ આ ભરતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં સુવર્ણસમાન કાંતિવાળા એવા પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થવાના છે, તેને જાણે સાક્ષાત્ દેવી વસુધાપર આવી હોય એવી, પ્રશસ્તગુણોથી ઉત્કૃષ્ટ, પ્રેમવતી અને સતી—એવી ચિલ્લણા-નામે પ્રિયા હતી. જેના અભિમાનરહિત એવા મનરૂપ માનસસરનો, શ્રી દેવ અને ગુરૂની અનુપમ ભક્તિરૂપ હંસીએ સદાને માટે આશ્રય કર્યો હતો. સાક્ષાત્ બૃહસ્પતિ જેવો, રાજ્યધુરાને વહન કરનાર તથા પવિત્ર એવો અભયકુમાર નામનો તે રાજાને મંત્રી હતો. જે બંને વખત આવશ્યક ક્રિયા કરતો હતો. લોકોની સર્વ આપત્તિઓને જે દૂર કરતો હતો, ત્રણે કાલ જિનપૂજામાં જે સાવધાન હતો અને જે પોતે એક પરમ શ્રાવક હતો, જે પ્રાયઃ સર્વ પર્વમાં પૌષધ કરતો હતો અને જેણે સર્વમાં શ્રેષ્ઠ ‘ મજ્જાજૈન ’ (શરીરના રોમેરોમમાં જૈનત્વથી રંગાયેલ) એવો ઇલ્કાબ મેળવ્યો હતો. તેજ નગરમાં જિનધર્મનો પ્રભાવક, અત્યંત ઉત્કટ એવા મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરવામાં ભાસ્કરસમાન, પોતાના ભુજબળથી ઉપાર્જન કરેલ એવા અનેક કોટિદ્રવ્યનો સન્માર્ગે વ્યય કરવાથી ઉજ્વલ થયેલ અને સમ્યક્દ્રષ્ટિ જીવોમાં વધારે પ્રસિદ્ધ થયેલ એવો શ્રીમાન્ અર્હદ્દાસનામે શેઠ રહેતો હતો. તેને મિત્રશ્રી, ચંદશ્રી, વિષ્ણુશ્રી, નાગશ્રી, પદ્મલતા, સ્વર્ણલતા, વિદ્યુલ્લતા અને કુંદલતા, એ નામની જાણે દેહધારી અષ્ટસિદ્ધિયો હોય એવી આઠ સ્ત્રીઓ હતી, તેમાં પ્રથમની સાત સમ્યક્ત્વરૂપ સુશોભિત રંગમંડપમાં એક વાટિકાતુલ્ય હતી અને કુંદલતા મિથ્યાત્વમાં મોહિત હતી. અતિચા-

રરહિત ગૃહાચારને પાળતાં, ગુણોને ધારણ કરતાં અને તે કમનીય કાંતાઓની સાથે ભોગ ભોગવતાં અર્હદ્દાસશેઠ લક્ષ્મીને સફળ કરવા લાગ્યો. કેટલાક પ્રાણીઓને પુણ્યથી લભ્ય આ મનુષ્યભવ અવકેશી (પુષ્પફળ રહિત) વૃક્ષતુલ્ય હોય છે, કેટલાકને વિષવૃક્ષસમાન છે અને કેટલાકને કલ્પવૃક્ષસમાન પણ થાય છે. કોઇક પુરૂષને લક્ષ્મી બાળવૃક્ષ તુલ્ય હોય છે, કોઇને જાતિવૃક્ષસમાન છે, કોઇને કદલીવૃક્ષ સમાન અને કોઇને આમ્રતરૂસદૃશ હોય છે કહ્યું છે કેઃ—

" काचिद्वालकवन्महीतलगता मूलच्छिदाकारणं,
द्रव्योपार्जनपुष्पिताऽपि विफला काचित्तु जातिप्रभा ।
काचित् श्रीः कदलीव भोगसुभगा सत्पुण्यबीजोज्झिता,
सर्वांगं सुभगा रसाललतिकावत् कस्य संपद्यते " ॥ १ ॥

" કોઇકિ લક્ષ્મી, બાલવૃક્ષની જેમ પૃથ્વીતલમાં જઇને સમૂળ નાશનું કારણ થાય છે, કોઇક જાતિતરૂની માફક દ્રવ્યોપાર્જનથી તેને પ્રફુલ્લિત કરતાં પણ વિફલ નીવડે છે, કોઇક કદલીની જેમ માત્ર ભોગસુખપીજ સારી લાગે છે, પરંતુ સત્પુણ્યના બીજથી તે રહિત હોય છે અને કોઇક તો આમ્રલતાની જેમ સર્વાંગે સુંદર હોય છે, એવી લક્ષ્મી તો કોઈ ભાગ્યશાળીને પ્રાપ્ત થાય છે. "

હવે એવા અવસરમાં સર્વ દેવતાઓના મસ્તકપર જેમના ચરણ મુગટસમાન શોભે છે, ત્રિજગજ્જનના અભીષ્ટ પૂરવામાં જે કલ્પવૃક્ષસમાન છે અને મહર્ષિઓની શ્રેણીથી પરવરેલા એવા ચરમતીર્થંકર સર્વજ્ઞ શ્રી વીરપરમાત્મા વૈભારપર્વતપર સમોસર્યા. તે વખતે આકાશમાં દેવદુંદુભિનો ગંભીર અને મધુર નાદ સાંભળીને તેમજ અન્યોન્ય વિરૂદ્ધ પ્રાણીઓનો પણ સ્નેહપૂર્વક થતો સંગમ જોઇને ઉદ્યાનપાલક મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યોઃ— " અહા ! આ કોઈ એવી અદ્ભુત રચના છે, કે જે મને અત્યારે હર્ષવિહ્વલ બનાવી મૂકે છે. " આ પ્રમાણે વિચારમાં ને વિચારમાં આગળ આગળ ચાલ્યો જાય છે, એટલામાં વિ-

સમયયુક્ત મનથી, ત્રણ ભુવનની અદ્ભુત રાજ્યલીલાને સૂચવનારા ત્રણ છત્ર, ઉજ્વલ અને ચંચલ એવા ચામરોની શ્રેણી, વિવિધ વર્ણની નાની નાની ધ્વજાઓ સહિત ઇંદ્રધ્વજ, મણી, સ્વર્ણ અને રજતમય ત્રણ વપ્ર (કિલ્લા), પાદપીઠ સહિત અને સ્ફટિકરત્નમય એવું સિંહાસન, સુરાસુરની વિચિત્ર એવી વિમાનશ્રેણીયુક્ત તથા સમગ્ર વિશ્વના તાપને તરત દૂર કરનાર એવો ચૈત્યવૃક્ષ, વિકસ્વર ચંદ્રના જેવા મુખવાળી દેવાંગનાઓ, સર્વઋતુના ફળ અને પુષ્પોથી અભિરામ તથા જ્યાં અનેક વૃક્ષોની શ્રેણીઓ ભગવાનને નમસ્કાર કરતી દેખાય છે એવો બગીચો, જાણે નિર્વાણ સ્થાનપર જવાની નિશ્રેણી હોય એવી તથા વિશેષ રચનાથી યુક્ત એવી સોપાન રચના—આવા પ્રકારની સમૃદ્ધિસંપન્ન તથા ત્રણે લોકમાં અતિશ્રેષ્ઠ તથા પવિત્ર ચરિત્રયુક્ત, દેવોના પણ દેવ, ઇંદ્રોને વંદ્ય, જગતને પાવન કરતા એવા તથા સર્વતઃ અસાધારણ અને મહોદયવાળી લક્ષ્મીથી શોભાયમાન એવા શ્રી વર્દ્ધમાનસ્વામીને તેણે જોયા. જોતાંજ તેના મનમાં આ પ્રમાણે વિચાર આવ્યો કેઃ—" વિરોધી પ્રાણીઓનો સ્નેહપૂર્વક સમાગમ જે મારા જોવામાં આવ્યો, તે આ મહાત્માનોજ પ્રભાવ છે. કહ્યું છે કે.—

" सारंगी सिंहशावं स्पृशति सुतधिया नंदिनी व्याघ्रपोतं,
मार्जारी हंसबालं प्रणयपरवशा केकिकान्ता भुजंगम् ।
वैराण्याजन्मजातान्यपि गलितमदा जंतवोऽन्ये त्यजन्ति,
श्रित्वा साम्यैकरूढं प्रशमितकलुषं योगिनं क्षीणमोहम्" ॥१॥

[illegible]

માળ મયૂરી ભુજંગને રમાડે છે. ” હવે આ હૃદયને આનંદ આપનાર શ્રીજિનેંદ્રના આગમન વિગેરેની હકીકત, રાજાને નિવેદન કરી હું કૃતકૃત્ય થાઉં. ” આ પ્રમાણે વિચાર કરી તે ચતુર વનપાલકે હાથમાં પુષ્પો અને ફળો લઇ રાજસભામાં જઇને જિનેશ્વરના આગમનની ખબર રાજાને નિવેદન કરી. કાનમાં અમૃતનું સિંચન કરનાર એવું તેનું વચન સાંભળીને રાજાએ પોતાના એક મુગટ શિવાય બીજા બધા અલંકારો શરીરપરથી ઉતારી તે વનપાલને બક્ષીસ કરી દીધા. પછી ચતુરંગિણી સેનાસહિત થઇને વિશાલ વસુધાને પણ સંકીર્ણ બનાવતો એવો તે રાજેંદ્ર આવા પ્રકારના આડંબરથી ભાવપૂર્વક પ્રભુને નમસ્કાર કરવાને ચાલ્યો. તે વખતે પોતાના સ્વામી પાસેથી પ્રસન્નતા જેમણે મેળવી છે, બખ્તરથી જેમના શરીર સજ્જ છે અને હાથમાં જેમણે વિચિત્ર પ્રકારના શસ્ત્રો રાખેલ છે, એવા પદાતિઓ આગળ આગળ ચાલવા લાગ્યા. તે પછી જેમણે શત્રુઓને ખંડિત કર્યા છે અને પાંચ વર્ણની પતાકાઓથી જે મંડિત છે, પર્વતના જેવા ઉંચા શરીરવાળા અને સારી કાંતિવાળા એવા હાથીઓ ચાલવા લાગ્યા. ત્યારબાદ વેગથી ઉદ્ધત બનેલા અને સ્વચ્છંદ હેષારવ (હણહણાટ) ના પડઘાથી આકાશ અને પૃથ્વીને એક શબ્દમય કરી મૂકતા એવા અશ્વો ચાલવા લાગ્યા. અનંતર જાણે જયલક્ષ્મીના એક મનોરથ હોય એવા અને પોતાના ચક્ર સમુદાયના ચીત્કારથી દિશાઓને જેમણે વાચાલ બનાવી દીધી છે એવા રથો ચાલવા લાગ્યા. પાલખીઓમાં સુખે બેઠેલી એવી ચિલ્લણાદિક મહારાણીઓ પણ જાણે વીરના વંદનને માટે અતિ ઉત્સુક થઇ હોય એમ આ[illegible] ગળ જવા લાગી. નાના પ્રકારના વાજીંત્રોના અવાજથી [illegible] નોના જયજયારવથી તે વખતે કાને પડેલું પણ કંઇ સ્પષ્ટ [illegible] વામાં આવતું નહિ. તે અવસરે ચતુરશિરોમણિ અને [illegible] રોમાંચયુક્ત એવો અર્હદ્દાસ શેઠ [illegible] છે, [illegible] આડંબરથી પ્રભુને વંદન કરવાને આવે છે. ” [illegible] પ્રદક્ષિણા ફરીને બહુ ભક્તિથી ભવ્યોના [illegible] સ્થાને [illegible] એવા

શ્રી જિનેશ્વરની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો:-"હે નાથ! હે સદ્ધર્મબાંધવ! હે ત્રિભુવનાધિપતે! હે રાજાઓને પૂજ્ય! આજે અત્યારે આપના ચરણકમળના વંદનથી મારો નરભવ સફળ થયો. હે દેવ! નવા નવા અદ્‌ભુત ભાવથી જેઓ તમારા ચરણની સેવાના કરવાવાળા છે, તેઓજ આ પૃથ્વીપર ધન્ય છે. બીજા પ્રાણીઓ તો પરમ સુવર્ણસમાન દેહથી વસુધાને ભારભૂત જેવા છે, એમ હું માનું છું." આ પ્રમાણે જિનેશ્વરની સ્તુતિ કરીને ભાસ્કર સમાન દેદીપ્યમાન શ્રેષ્ઠિરાજ પોતાને યથોચિત સ્થાને બેઠા. ધર્મથી ભાવિત અને શ્રેષ્ઠીઓમાં વૃષભ સમાન એવા અર્હદ્દાસ વિગેરે પણ આનંદદાયક જિનેશ્વરને નમીને યથાક્રમે બેઠા. પછી કર્ણમાં અમૃત સિંચનાર અને પાંત્રીશ ગુણોથી ઉદાર એવી વાણીથી વીર ભગવાન્ આ પ્રમાણે દેશના દેવા લાગ્યા:-" આ અસાર સંસારમાં મરૂભૂમિમાં કલ્પવૃક્ષની જેમ ઘણા ભાગ્ય એકત્ર થાય, ત્યારે પ્રાણીઓ ધર્મ પ્રાપ્ત કરી શકે છે. તેની ઉત્પત્તિને માટે વસુધાપીઠસમાન મનુષ્યજન્મ દુર્લભ જણાય છે, તેમાં પણ વૃક્ષનું મૂળ કારણ જેમ બીજ, તેમ ડાહ્યા માણસોએ ધર્મરૂપ વૃક્ષનું મૂળ કારણ સમ્યક્ત્વ કહેલ છે, સુસાધુ એવા ગુરૂનો સમાગમ થવો એ જહુધા અનુકૂલ પવન સમાન છે. હૃદય નિર્મલ વિવેકની જાગ્રતિ એ વિશાલ ક્યારા તુલ્ય છે, શુદ્ધ સમ્યક્ત્વ એ તેના વિસ્તારનું મુખ્ય કારણ છે, અર્થાત્ મૂળ છે, તત્ત્વાતત્ત્વનો વિચાર એ તેનો મનોહર સ્કંધ (થડ) છે, દાન, શીલ, તપ અને ભાવ એ ચાર તેની મુખ્ય શાખાઓ છે અને સમતા, મૃદુતા વિગેરે પ્રશાખાઓ પ્રસિદ્ધ છે, વિવિધ કળાઓ સહિત સમસ્ત [illegible]મીની લીલાઓ તે એના પલ્લવો છે, મનુષ્ય અને દેવતાઈ સુખની [illegible]ઓ તે એના રમણીય પુષ્પો છે અને શુક્લધ્યાનરૂપ ઋતુના [illegible]થી પરિપક્વ થયેલ સિદ્ધિસુખરૂપ તેનું ફળ છે, જેનો આસ્વા[illegible]માં કદી ક્લેશનો લેશ પણ ન થાય. પૂર્વ પુણ્યના યોગથી [illegible]નો ધર્મ કલ્પવૃક્ષ પ્રાપ્ત થતાં પણ જળસિંચન વિના તે [illegible]ઈ જાય છે. શ્રી જિનેંદ્રની અર્ચના તેજ તેનું જળ-
[illegible]

સિંચન કરેલ છે. માટે દરેક પ્રાણીએ તે પૂજન વિધિમાં અતિશય આદર કરવો. જે માણસ સ્વલ્પ સમયમાં શિવરૂપ ફળની ચાહના કરે છે, તેણે પ્રભુની યત્નપૂર્વક ત્રિકાલ પૂજા કરવી જોઇએ. જે નિ-ર્દોષ એવા જિનેંદ્ર ભગવંતની ત્રિકાલ પૂજા કરે છે, તે પ્રાણી ત્રીજા ભવમાં અથવા સાત આઠ ભવમાં સિદ્ધિ પામે છે. આ પૂજા વિવેક-પૂર્વક જો સ્વલ્પ કરી હોય, છતાં અવસરની મેઘવૃષ્ટિની જેમ લોકોને તે મહા ફળ આપે છે. કહ્યું છે કે:—

" जिनपूजनं जनानां, जनयत्येकमपि संपदः सकलाः ।
जलमिव जलदविमुक्तं, काले शस्यश्रियो निखिलाः ॥१॥

" એકવાર કરેલ જિનપૂજન પણ માણસોને સમસ્ત પ્રકારની સંપત્તિઓ આપે છે. કારણ કે વખતપર વરસાદનું પાણી સમગ્ર ધાન્ય સમૃદ્ધિને નીપજાવે છે. " એ પૂજાજ ક્રૂર કર્મરૂપ વૃક્ષોના બ-ગીચાને મૂળથી ઉખેડી નાખવા સમર્થ છે, જગતના તમામ ઐશ્વર્યનું તે મૂળ કારણ છે અને સંસારસમુદ્રમાં તે સેતુસમાન છે. વધારે શું કહીએ ? અરિહંતની પૂજા વિબુધ પુરૂષોએ આઠ પ્રકારની કહી છે અને તે તે ફળની સાક્ષાત્ પ્રાપ્તિને માટે તે માહાત્મ્યયુક્ત છે. કહ્યું છે કે:—

" पुष्पात्पूज्यपदं जलाद्विमलता सद्धूपधूपाद् द्विष—
द्ध्वंसविधिस्तमोपहननं दीपाद् घृतात् स्निग्धता ।
क्षेमं चाक्षतपात्रतः सुरभिता वासात्फलाद्रूपता,
नृणां पूजनमष्टधा जिनपतेरौचित्यलभ्यं फलम् " ॥ २ ॥

" પ્રાણી, પુષ્પથી જિનપતિની પૂજા કરતાં પૂજ્યપદવી પ્રાપ્ત કરે છે, જળથી વિમળતા, સદ્ધૂપના ધૂમથી આંતર શત્રુઓના ધ્વ-સને, દીપથી આંતર તમનો નાશ, ઘૃતથી સ્નિગ્ધતા, અક્ષતપાત્રથી કુશળતા, વાસક્ષેપથી સુરભિતા, અને ફળથી રૂપતા—આ પ્રમાણે અષ્ટપ્રકારની પૂજાથી પૂજક તે તે વસ્તુને ઉચિત ફળ મેળવી શકે છે. સંક્ષેપથી દ્રવ્ય અને ભાવ—એવા બે પ્રકારે પૂજા થઇ શકે છે. દ્રવ્યથી

તેના અનેક ભેદો છે અને ભાવથી તો અનંતા ભેદો છે. દ્રવ્યપૂજાથી ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોક સુધીનું ફળ પ્રાપ્ત થાય છે અને ભાવપૂજાનું ઉત્કૃષ્ટ ફળ તો અંતર્મુહૂર્તમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કેઃ—

" उक्कोसं दव्वथयं, आराहियं जाइ अच्चुयं जाव ।
भावत्थएण पावइ, अंतमुहूत्तेण निव्वाणं " ॥ १ ॥

" દ્રવ્યપૂજા કરતાં પ્રાણી ઉત્કૃષ્ટ બારમા દેવલોક સુધીની સંપત્તિ પામે અને ભાવપૂજાથી અંતર્મુહૂર્તમાં નિર્વાણ પામે છે. "

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને અને મનમાં ભાવ લાવીને અનેક ભવ્ય પ્રાણીઓએ દેવપૂજાનું વ્રત અંગીકાર કર્યું. તે વખતે સુધારસમાન જગદ્ગુરૂની વાણીને પ્રમાણ કરીને કાર્યકુશળ, વિકસ્વર થયેલા રોમાંચયુક્ત, આસ્તિકશિરોમણિ અને ચતુરાગ્રેસર એવા અર્હદ્દાસશેઠ અંજલિ જોડી પ્રણામ કરીને પ્રભુને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યોઃ—" હે ત્રણ લોકના નાથ ! વિશુદ્ધ ભક્તિપૂર્વક મારે ત્રણે કાળ જિનેંદ્રની પૂજા કરવી, તેમાં પણ ચતુર્દશી પ્રમુખ મુખ્ય પર્વના દિવસોમાં તો નગરમાં સમગ્ર જિનપ્રતિમાઓની અર્ચના કરવી, તથા ચાતુર્માસિક અને વાર્ષિક વિગેરે પ્રસિદ્ધ પર્વોમાં પણ પોતાના કુટુંબસહિત મહોત્સવોપૂર્વક શુદ્ધ બુદ્ધિથી સ્નાત્રાભિષેક કરવો, તેમજ પોતાના ઘરચૈત્યમાં વિધિપૂર્વક અર્ચના કરીને સમગ્ર જિનાલયો જુહારવા અને ગૃહચૈત્યે રાત્રે સંગીત કરવું. હે નાથ ! આપના પ્રસાદથી એ રીતે મારો નિશ્ચય નિરંતર નિશ્ચલ રહો. " તે વખતે વીરપરમાત્માએ પ્રશંસાપૂર્વક કહ્યું કેઃ—' હે શ્રાદ્ધ ! વ્રતમાં સ્થિર ચિત્તવાળો થજે. '

ત્યારપછી વિધિપૂર્વક જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરીને અંજલિ જોડી શ્રેણિકરાજાએ આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરીઃ—" હે પ્રભો ! ધર્મનું સર્વસ્વ અને સર્વોત્કૃષ્ટ સુખને આપનાર સમ્યક્ત્વનું સ્વરૂપ મને કાંઇક વિસ્તારથી કહો. " આ પ્રમાણે ભૂપતિની વિજ્ઞપ્તિથી ઉદ્દો

વિગેરેની ચાર પર્ષદા સમક્ષ દેવાનંદાના નંદન વીરભગવાન્ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—સર્વ જિનભગવંતોએ ધર્મનું આદિ સાધન સમ્યક્ત્વ કહ્યું છે અને તે અનેક પ્રકારનું છે. કહ્યું છે કેઃ—

"एगविह दुविह तिविहं, चउहा पंचविह दसविहं सम्मं ।
एगविहं तत्तरुई, निसग्गुवएसओ भवे दुविहं " ॥ १ ॥
खइयं खओवसमियं, उवसमियं इय तिहा नेयं ।
खइयाइसासणजुअं, चउहा वेअगजुअं च पंचविहं " ॥ २ ॥

" એક પ્રકાર, બે પ્રકાર, ત્રણ પ્રકાર, ચાર પ્રકાર, પાંચ પ્રકાર, અને દશ પ્રકાર-એવા સમ્યક્ત્વના અનેક ભેદો કહેલા છે. તેમાં તત્ત્વાર્થ રૂચિ તે એકવિધ સમ્યક્ત્વ, સ્વાભાવિક વા ઉપદેશથી પ્રગટે તે દ્વિવિધ, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એ ત્રિવિધ, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને સાસ્વાદન એ ચતુર્વિધ, અને તે સાથે વેદક મેળવવાથી તે પંચવિધ થાય છે. આભિગ્રહિક એ [illegible] મિથ્યાત્વ [illegible] પ્રકાર કહેલ છે. તેમજ અધર્મમાં ધર્મસંજ્ઞા વિગેરે [illegible] મિથ્યાત્વ દશ પ્રકારનું છે [illegible] બીજરૂપ એ મિથ્યાત્વના [illegible] સમ્યક્ત્વની [illegible] કરવું, કરાવવું અને અનુમોદવું [illegible] મન, વચન અને કાયાથી [illegible]. કહ્યું છે કે

" न [illegible] मिच्छत्त [illegible] ।
[illegible] " ॥ ३ ॥

" મિથ્યાત્વ [illegible] તેનો સર્વથા ત્યાગ કરવો [illegible] કહ્યું છે કે, તે મિથ્યાત્વ અનેક પ્રકારના દુઃખ [illegible] છે." [illegible] કેટલા પ્રકારના મિથ્યાત્વ કહ્યા છે ? ' [illegible] દશ પ્રકારના, તે આ પ્રમાણે અધર્મમાં ધર્મ સંજ્ઞા, ધર્મમાં અધર્મ સંજ્ઞા, ઉન્માર્ગમાં સન્માર્ગ સંજ્ઞા, સન્માર્ગમાં ઉન્માર્ગ સંજ્ઞા, અજીવમાં જીવ સંજ્ઞા, જીવમાં અજીવ સંજ્ઞા, અ

સાધુમાં સાધુસંજ્ઞા, સાધુમાં અસાધુસંજ્ઞા, ઉત્સૂત્રમાં સૂત્રસંજ્ઞા અને સૂત્રમાં ઉત્સૂત્રસંજ્ઞા. તેજ પાંચ પ્રકારે મિથ્યાત્વ આ પ્રમાણે છેઃ—

"आभिग्गहियं अणभिग्गहियं, तह अभिनिवेसिअं चेव ।
संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा भणिअं" ॥ १ ॥

"આભિગ્રહિક, અનભિગ્રહિક, અભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ—એ પાંચ પ્રકારે મિથ્યાત્વ કહેલ છે." દેવપૂજા, તપ, દાન અને શીલ વિગેરે જો સમ્યક્ત્વ સાથે આચરેલા હોય, તોજ તે માણસોને યથાર્થરીતે ફળદાયક થાય છે. કહ્યું છે કેઃ—

"दानानि शीलानि तपांसि पूजा, सत्तीर्थयात्रा प्रवरा दया च ।
सुश्रावकत्वं व्रतपालनं च, सम्यक्त्वमूलानि महाफलानि" ॥ १ ॥

"દાન, શીલ, તપ, સત્તીર્થયાત્રા, શ્રેષ્ઠદયા, સુશ્રાવકપણું અને વ્રતધારણ વિગેરે જો સમ્યક્ત્વ મૂળપૂર્વક હોય, તો મહાફળ આપવાવાળા થાય છે." શંકારહિત આઠ આચારથી જેનું અંતઃકરણ પવિત્ર થયેલું છે, તેજ સજ્જનોમાં સમ્યગ્દૃષ્ટિ તરીકે પ્રસિદ્ધ થાય છે. જેમ જેમ જિનેશ્વર અને સદ્ગુરૂની ભાવપૂર્વક ભક્તિ થાય છે, તેમ તેમ સમ્યક્ત્વની નિર્મલતા વધતી જાય છે. પાંચ અતિચારને વર્જવાથી જેનું સમ્યક્ત્વ શુદ્ધ થયેલું છે, તે ભવોભવ અધિક અધિક સુખને પામે છે, અને તે જિનેંદ્રપદ, ચક્રવર્તિપદ, ઈંદ્રપદ, મોટું રાજ્યપદ અને છેવટે શિવપદ પણ પ્રાપ્ત કરી શકે છે."

આ પ્રમાણે તત્ત્વનો પ્રકાશ કરવામાં દીપિકાસમાન એવી જિનેશ્વરની દેશના સાંભળીને મિથ્યાત્વ અંધકારનો ધ્વંસ થવાથી જેનું હૃદય વિશુદ્ધ થયુ છે એવા શ્રેણિક રાજાએ ક્ષપકશ્રેણીપર આરૂઢ થઈને સાત પ્રકૃતિનો ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વને દૃઢ કર્યું. તે વખતે અર્હદ્દાસ શેઠ પણ દીપક સમ્યક્ત્વને નિર્મળ કરી જગદ્ગુરૂને નમસ્કાર કરીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યોઃ—" હે નાથ ! ઔપશમિક વિગેરે સમ્યક્ત્વોનું ભિન્ન ભિન્ન સ્વરૂપ કૃપા

કરીને મને સમજાવો.” આ પ્રમાણે તેની વિજ્ઞપ્તિથી ભગવંત પુનઃ તેની આગળ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—“ જ્યાં પ્રદેશથી પણ મિથ્યાત્વના દળિયા વેદવામાં નથી આવતા તે ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે, અને તે પ્રસન્ન (કચરો નીચે બેસી ગયેલ નિર્મળ) જળસમાન હોય છે. હે શ્રેષ્ઠિન્ ! જ્યાં મિથ્યાત્વના દળિયા પ્રદેશથી વેદવામાં આવે છે, તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેલ છે, તે કંઇક કલુષિત નીર સમાન હોય છે. મિથ્યાત્વના ત્રણે પુંજનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ થાય છે, તે સર્વથા શુદ્ધ પાણીના પૂર સમાન હોય છે. સમ્યક્ત્વથી પતિત થતા અને મિથ્યાત્વને નહિ પ્રાપ્ત થયેલ એવા પ્રાણીને સાસાદન સમ્યક્ત્વ હોય છે, તે વમન થતા અન્નના અનુભવસમાન છે. જ્યાં સમ્યક્ત્વનો અણુરસ ઉત્કર્ષથી વેદવામાં આવે, અર્થાત્ ક્ષાયિક સમ્યક્ત્વ જે સમયે થવાનું છે તેના પૂર્વ સમયમાં જે સંપૂર્ણ સમ્યક્ત્વમોહનીનાં દલ વેદવામાં આવે તે **વેદક** સમ્યક્ત્વ કહેલ છે. બીજા જીવોનુ સમ્યક્ત્વ જેનાથી સતેજ થાય, તે **દીપક** સમ્યક્ત્વ કહેવાય છે. સાસાદન અને ઔપશમિક સમ્યક્ત્વ જીવોને આખા સંસારમા માત્ર પાંચ વારજ પ્રાપ્ત થાય છે, ક્ષાયોપશમિક અસંખ્યાત વાર પ્રાપ્ત થાય છે અને ક્ષાયિક તથા વેદક આખા સસારમાં એકજ વાર પ્રાપ્ત થાય છે. છેવટના બે સમ્યક્ત્વ એટલે ક્ષાયિક અને વેદક શિવાય બીજાં સમ્યક્ત્વો પ્રતિપાતી અને ચાલ્યાં પણ જાય છે. ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યક્ત્વમાં એટલોજ તફાવત છે કે—ઔપશમિક સમ્યક્ત્વી પ્રદેશથી મિથ્યાત્વને ન વેદે અને ક્ષાયોપશમિકવાળો પ્રદેશથી મિથ્યાત્વ વેદે. ક્ષાયોપશમિક કલુષિત જળસમાન, ઔપશમિક પ્રસન્ન જળસમાન અને ક્ષાયિક નિર્મલ જળ સદૃશ હોય છે. ઉત્કૃષ્ટ અને જઘન્યથી મિશ્રસમ્યક્ત્વ તેમજ બીજાં સર્વે અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે, ઔપશમિક પાંચ વાર અને ક્ષાયોપશમિક અસંખ્યાત વાર પ્રાપ્ત થાય છે.”

આ પ્રમાણે સાંભળીને અર્હદ્દાસશેઠે પ્રભુ આગળ એવો અભિગ્રહ લીધો કેઃ—“ જિન અને જિનમતમાં રહેલા શિવાય અન્યને હું

નમવાનો નથી. ” પછી શાસનનો ઉદ્યોત કરવામાં સાવધાન એ
શ્રેણિકરાજા વિગેરે સર્વે પ્રભુને નમસ્કાર કરીને આનંદસહિત પો
પોતાને સ્થાને ગયા. સર્વ આંતરિક શત્રુઓને ત્રાસ આપનાર અ
સૂર્યની જેમ ઉદ્યોત કરવાવાળા એવા શ્રી ચરમ તીર્થંકર પ
વસુધાને પાવન કરતા શુભ પ્રદેશવાળા બીજા દેશમાં વિહાર કર
ગયા. ત્યારથી અવનીપતિ કરતાં પણ જેની સંપદા અધિક છે એવે
અર્હદ્દાસશેઠ પણ ઘેર આવીને ભક્તિપૂર્વક ત્રિકાલ જિનપૂજન કરતો,
બને વખત ષડાવશ્યક કરતો, તત્ત્વાતત્ત્વનો હૃદયમાં વિચાર કરતો
અને સત્પાત્રે દાન દેતો એવો તે મોટા મોટા ઉત્સવોથી આર્હત શા-
સનની ઉન્નતિ કરવા લાગ્યો.

॥ इति श्री सम्यक्त्वकौमुद्यां तपागच्छनायकश्रीसोमसुंदर-
सूरिश्रीमुनिसुंदरसूरिश्रीचंद्रसूरिशिष्यपंडितजिनहर्षगणिकृतायां प्रथ-
मः प्रस्तावः ॥





દ્વિતીયપ્રસ્તાવ:



હવે તે મગધદેશમાં રાજાની આજ્ઞાથી સમસ્ત લોકોને આનંદ આપનાર અને જગપ્રસિદ્ધ એવો કૌમુદીમહોત્સ થતો હતો. સિંહસ્થ વર્ષની જેમ તે બાર વર્ષને અં થાય, કારણ કે લોકોમાં જે એક પ્રકારનો દેશરિવા પડી ગયો હોય છે, તેનું અતિક્રમણ કરવું દુષ્કર ં ઇંદ્રને સંતોષ આપનાર એવો તે મહોત્સવ પણ કાર્તિક માસ: પ્રાણીઓની શાંતિને માટે ચાતુર્માસિકના દિવસે કરવામાં આવતો હતો. તે મહોત્સવમાં સમસ્ત સ્ત્રીઓ કસુંબી રંગના બે વસ્ત્રો ધારણ કરે છે, અનેક ભોગની સામગ્રીવિશેષથી શોભા અને પોતાના સૌભાગ્યનો ઉત્કર્ષ કરે છે, ઉદાર એવા શૃંગારરસમાં ચાલાક અને પોતાના સ્વામીને અતિવલ્લભ એવી તેઓ વનમાં જઇને કુળદેવતાઓની પૂજા કરે છે, પોતાની સખીઓ સાથે ગીત ગાય છે, વિચિત્ર પ્રકારની ક્રીડા કરે છે, હર્ષપૂર્વક સુંદર નૃત્ય કરે છે અને મોટા કૌતુકથી તેઓ પરસ્પર અપરિમિત દાન આપે છે. જો આ મહોત્સવ દેશમાં ન થાય, તો લોકમાં તરત મોટો ઉપદ્રવ પેદા થાય છે. કારણ કે પૂજ્યોની પૂજાનો વ્યતિક્રમ એ પ્રાણીઓના મંગલનો નાશ કરે છે.

હવે વખત આવતાં એક દિવસે રાજાએ સર્વત્ર નગરની અંદર કૌમુદીમહોત્સવને માટે આ પ્રમાણે પટહની ઉદ્ઘોષણા કરાવી:— "હે નાગરિક જનો ! તમે પ્રમોદ અને ઉત્સાહ લાવીને મહોત્સવપૂર્વક કૌમુદીપર્વ કરો. આ વખતે નગરની તમામ મહિલાઓ શરીરને શોભાવીને અને દેવાંગનાઓ પણ શરમાઈ જાય એવા સુશોભિત

નેપથ્ય ધારણ કરીને સત્વર ઉદ્યાનમાં જાઓ, અને ત્યાં હૃદ[illegible]
નંદ આપનાર એવા તાજા નૈવેદ્યની ભેટપૂર્વક દેવીચરણની [illegible]
રીને આનંદદાયક એવી વિચિત્ર ગીત નૃત્યાદિક યથેચ્છ ક્રીડ[illegible]
દિવસ અને રાતભર ત્યાંજ રહો, અને માણસો બધા નગરની [illegible]
વિવિધ પ્રકારની ક્રીડા કરો. આ કાયદાનો જે ભંગ કરશે, તે [illegible]
ગુન્હેગાર થશે." કહ્યું છે કે:—

"आज्ञाभंगो नरेन्द्राणां, गुरूणां मानखंडना ।
वृत्तिच्छेदो द्विजातीना—मशस्त्रवध उच्यते" ॥ १ ॥

"રાજાઓની આજ્ઞાનો ભંગ કરવો, વડીલોનું અપમાન કર[illegible]
અને બ્રાહ્મણોની આજીવિકા તોડવી, એ શસ્ત્ર વિનાનો વધ કહેવાય છે[illegible]
આ પ્રકારની ઉદ્‌ઘોષણા સાભળીને લલનાઓ અલંકારો ધારણ કરી[illegible]
ઉપવનમાં જવાને માટે આ પ્રમાણે બીજી સામગ્રી સજવા લાગી:—
"હે આલિ! જમીનપરથી ઉઠીને કુંકુમને ઝટ થાળમાં રાખ. હે [illegible]
ચંદને! દેવતાઓને આનંદ આપનાર એવું ચંદન તું તૈયાર કર. હે [illegible]
કસ્તુરિ! [illegible] થાય એવા [illegible] દેવાંગનાઓ પણ ખુશ
પુષ્પો [illegible] તૈયાર કર. હે વયસ્યે! તું પ્રશસ્ત
બનાવ. [illegible] સુશોભિત એક મુગટ
[illegible] અડધું નિર્ઝરનું પૂર પાસે [illegible]
બીજા કામ [illegible] નખિ!
[illegible] રચના કર [illegible]
[illegible] પત્રવલ્લિ
[illegible] તૈયાર કર [illegible]
[illegible] સુશોભિત
[illegible]
[illegible] મારા પગના [illegible] પવિત્ર એવા
[illegible] તૈયાર કર. હે [illegible] કાજળ
[illegible] તૈયાર

શખ. હે ચતુરે! અદ્ભુત એવો કસ્તૂરીનો વિસ્તાર તૈયાર મૂક. હે સાનંદે! કેમ જરી ખસતી નથી? હે મુગ્ધે! અત્યારે વૃથા આલસ્ય કરે છે. હે કર્પૂરિ! ઘણા કપૂરના પૂરથી પૂરિત એવું પાત્ર લાવ અને હે લીલાવતિ! તું રસિક તાંબૂલને લીલાપૂર્વક લાવ."

આ પ્રમાણે અન્યોન્ય આલાપથી ઉતાવળ કરતા અને સર્વ સામગ્રી તૈયાર કરીને ઉદ્યાનમાં જતા એવા સ્ત્રીસમુદાયને જોઇને અચલ ધર્મબુદ્ધિવાળો એવો અર્હદ્દાસ શ્રાવક વિચાર કરવા લાગ્યો:—" અહો ! પરિવારસહિત જિનપૂજા મારે કેમ થશે? આજે સર્વ સત્કર્મનું કારણભૂત એવું ચાતુર્માસિક પર્વ છે, જે પર્વમાં દેવતાઓ પણ સ્નાત્ર મહોત્સવ કરે છે. આજે વિવેકી પુરૂષે અતિ ઉત્સાહપૂર્વક જિનાર્ચના કરવી જોઇએ. અને મેં પણ જિનેશ્વર સમક્ષ એ પ્રમાણે નિશ્ચય (નિયમ) કર્યો છે. રાજાની આજ્ઞાથી મારી સ્ત્રીઓ પોતાના પરિવારસહિત કૌમુદી મહોત્સવની ઇચ્છાથી વનમાં જાય છે. ચાંદનીરહિત ચદ્રમા અને વીજળીરહિત જેમ પયોધર ન શોભે, તેમ ગૃહસ્થો પણ સ્ત્રી વિના શોભતા નથી." આ પ્રમાણે મનમાં વિચાર કરીને તાત્કાલિક બુદ્ધિવાળા એવા તે શેઠે વિવિધ મણિઓથી સમુજ્જવલ અને વિશાલ એવા સોનાનો થાળ હાથમાં લઇને સુભટોથી સંકીર્ણ એવા રાજમંદિરે જઇને રાજાની આગળ ભેટણુ મૂકીને જેટલામાં પ્રણામ કર્યા, તેટલામાં રાજા આનંદિત થઇ બોલ્યો.—" હે શેઠ ! તમારૂં અહીં શા પ્રયોજનથી આવવું થયું, તે નિવેદન કરો." પછી જેણે પોતાના શરીરને નમાવેલ છે અને પોતાના મુખકમળને જેણે પ્રસન્ન રાખેલ છે એવા શ્રેષ્ઠીએ પોતાના બને હાથ મસ્તક સુધી ઉંચા રાખી નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું —" હે નૃદેવ! આજે સર્વ પાપનો ઘાત કરનાર ચતુર્માસી પર્વ છે, જેમાં દેવતાઓ પણ નંદીશ્વરદ્વીપે જઇને યાત્રા કરે છે. મેં પણ પ્રથમ શ્રી વીરપાસે પર્વને દિવસે વિધિપૂર્વક નગરના સર્વ ચૈત્યનું પૂજન કરવાનું વ્રત લીધુ છે, અને વિશ્વના બંધુસમાન એવા સાધુઓને પોતાના સમગ્ર કુટંબની સાથે આ દિવસે વંદન કર-

નો અભિગ્રહ લીધો છે. રાત્રિ સેઠ સેઠ સૈન્યમાં જગદ્‌ગુરૂની પૂજા કરીને ગીત, નૃત્યાદિ કરવું. હે રાજન! મારા આગમનનું આ મુખ્ય પ્રયોજન છે. અત્યારે કૌમુદીમહોત્સવ માટે આપનો પ્રજામાં આદેશ થયો છે, તો નૃપાલક! મેહેરી કરીને હામ પાર ઉતરે કે આપની આજ્ઞાનું અપમાન ન થાય અને મારા વ્રતનો ભંગ પણ ભંગ ન થાય. પ્રાણરક્ષણપરાયણ! આપ મેહેરી કરીને આદેશ કરો કે જેથી મારી મનોભાવના ફલિત થાય." આ પ્રમાણે સાંભળીને સર્વ લોકના મધ્યમાં કલ્પવૃક્ષ સમાન, પ્રભુતધર્માત્મના પુરૂષી જેના રોમાંચ ઉલ્લસિત થયા છે અને રાજાઓની શ્રેણીમાં ઇંદ્રસમાન એવો ક્ષેણિક મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યોઃ—" અરે! મહામોહને કરનાર અને વિશ્વને વિસ્મય પમાડનાર આ મહોત્સવના મોહને મનમાંથી દૂર કરીને આ મહાત્મા સર્વજ્ઞના ધર્મમાં આ પ્રમાણે પોતાની વિશુદ્ધ બુદ્ધિને ધારણ કરે છે. ખરેખર! જિનેંદ્ર પૂજામાં ભાવિત મનવાળા અને સુંદર આચારવાળા એવા આ પુણ્યાત્માએ મારા આસનને, નગરને અને આ સકલ કુલને પવિત્ર કર્યાં છે. આવા પ્રકારના પુરૂષો જે મારા નગરમાં હોય, તો આ મારૂં સમગ્ર રાજ્ય સફલ થાય." આ પ્રમાણે પોતાના મનમાં ભાવના ભાવીને પછી નરાધિપ પ્રગટ રીતે શેઠને કહેવા લાગ્યો —" હે શેઠ! તું ધન્ય છે, તું કૃતાર્થ છે અને તારોજ જન્મ શ્લાઘ્ય છે. કારણ કે જગતને એક પ્રમાદનું સ્થાન એવો આ મહોત્સવ ચાલુ છતાં તું ધર્મકર્મમાંજ ઉદ્યમવાન વર્તે છે. પ્રમાદથી પરાધીન થયેલા પ્રાણી આવા સાંસારિક મહોત્સવમાં પ્રાય વિશેષતાથી ધર્મવિમુખ થાય છે. ત્યાંસુધી તપ રહે છે, ત્યાંસુધી ક્રિયા અને નિયમનું ધ્યેય પણ ત્યાંસુધીજ છે, જ્યાંસુધી પ્રાણીઓને સાંસારિક કાર્યનો પ્રસંગ આવતો નથી. મારા આ સમગ્ર સામ્રાજ્યમાં તારેજ ખરેખર વિશેષતા છે. માટે સર્વ પ્રકારની સામગ્રીથી નિઃશંક થઈને પૂજનવ્રતને આચર. તારી સ્ત્રીઓ પણ હે મહાભાગ! તારી સાથે ઘેર રહીને જિનપૂજના મહોત્સવને અધિકતાથી દીપાવે. તારી અનુમોદના કરવાથી મને પણ તેવા પવિત્ર

પુણ્યનો લાભ મળે. કારણ કે કર્ત્તા અને સહાયક એ બંનેને શાસ્ત્રમાં સરખું ફળ કહેલ છે." આ પ્રમાણે કહીને રાજાએ તે મણિસ્થાલ તેને પાછો સોંપ્યો. કારણ કે મહાપુરૂષો ધર્મકાર્યમાં કોઇને વિઘ્નભૂત થતા નથી. પછી રાજાએ પોતાની અતિશય પ્રસન્નતા દેખાડીને શેઠને સન્માનપૂર્વક તરત વિસર્જન કર્યો.

પછી ઘેર આવીને વનમાં જવાને ઇચ્છતી એવી પોતાની સ્ત્રીઓને ભગવંતની અર્ચા કરવાની ઇચ્છાથી અટકાવીને પોતાના પરિવાર સાથે સ્નાનાદિક ક્રિયા કરીને શ્રેષ્ઠીએ સર્વને આશ્ચર્ય ઉપજાવે તેવો સ્નાત્રમહોત્સવ કર્યો. કર્પૂર, અગરૂ વિગેરે ધૂપની ધૂમલહરીથી જેનો મધ્યભાગ વ્યાપ્ત છે એવા જિનગૃહમાં તે શ્રાવકવર્ય અર્હદ્દાસ શેઠ જે વખતે સ્નાત્રોત્સવ કરતો હતો, તે વખતે કેટલાક શ્રાવકો શ્રદ્ધાપૂર્વક દુરિતને નાશ કરનાર એવુ નાટ્ય કરવા લાગ્યા, કેટલાક અતિ આદરભાવથી સુધા સમાન એક મધુર એવી ગીતકળા કરવા લાગ્યા, તે વખતે કેટલાક ભગવતની પાસે અનેક પ્રકારના વાજીત્ર વગાડવા લાગ્યા, કેટલાક ભાવિક જિનપ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરવા લાગ્યા, કેટલાક વિચક્ષણ શ્રાવકો પ્રતિમાને ચદનના દ્રવનો લેપ કરવા લાગ્યા અને કેટલાક અખડાક્ષતથી સાક્ષાત્ અષ્ટમંગલ રચવા લાગ્યા. પછી સર્વ ચૈત્યોની પરિપાટીપૂર્વક સમગ્ર જિનવરોની વિધિપૂર્વક પૂજા કરતાં શ્રેષ્ઠીએ તે દિવસ સફળ કર્યો. પછી રાત્રિએ પોતાના ગૃહચૈત્યમાં ઇદ્રની જેમ ભક્તિભાજન થઇ વિધિપૂર્વક પૂજા રચીને ચતુરશિરોમણિ એવો તે શેઠ પોતાના આત્માને નિર્મળ કરવા સંગીતપૂજા કરવા પુન. આનદથી વાદ્ય વગાડવા લાગ્યો. તે વખતે પ્રગટ ભાવવાળી એવી શેઠની આઠે પતિવ્રતા સ્ત્રીઓ આદરપૂર્વક દિવ્યગીત, નૃત્યાદિક કરવા લાગી.

હવે તે વખતે નગરની બધી લલનાઓ ઉદ્યાનમાં પોતાની ઇચ્છા પ્રમાણે વિનોદપૂર્વક ઉત્સવની ક્રીડા કરી રહી છે. એવા અવસરમાં રાજાએ જાગ્રત થઇ છડીદાર મારફતે મંત્રીને બોલાવીને ક્રીડાવશ થઇને તેણે આ પ્રમાણે કહ્યું:—" હે મંત્રીશ્વર ! જે લીલા વનમાં

\

"बहूनामसमर्थानां, समुदायो हि दुर्जयः ।
तृणैरावेष्टिता रज्जु–र्जायते नागबंधनम् " ॥ १ ॥

" બહુ અસમર્થ માણસોનો પણ સમુદાય મળે, તો તે દુર્જય થઈ પડે છે. ઘણા તૃણથી બનાવેલી દોરડી હાથીને પણ બાંધી મૂકે છે." વળી હે ધરાધીશ ! જ્યારે માણસનું ભાગ્ય ફરી જાય, ત્યારે તેને સમુદાયની સાથે વિરોધ કરવાની મતિ ઉત્પન્ન થાય છે. મહાજનની સાથે વિરોધ કરવાથી રાજાને પણ રાજ્યભ્રષ્ટ થવું પડે છે. આ સંબંધમાં હે ભૂપ! એક સુયોધન રાજાની કથા છે તે સાંભળોઃ—

સુયોધન રાજાની કથા.

ભરતક્ષેત્રમાં હસ્તિનાગપુર નામના નગરમાં પ્રજાનું રક્ષણ કરવામાં કુશલ એવો સુયોધન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કમળના જેવા નિર્મળ રૂપ અને શોભાવાળી, કમળના જેવા મુખવાળી, પ્રાણની માફક પ્રિય અને અંતઃપુરમાં અગ્રેસર એવી કમલા નામની પ્રાણપ્રિયા હતી. તેમને સંપત્તિનુ એક પાત્ર અને પોતે બહુ લઘુ છતાં અધિક તેજથી રત્નની માફક *લાધ્ય એવો ગુણપાલ નામે પુત્ર હતો. રાજકાર્ય કરવામાં સ્વતંત્ર, બલવાન, શત્રુઓને તાબે કરવામા કુશળ અને સત્યભામા (પ્રતિભા તથા લક્ષ્મી) થી સમન્વિત એવો પુરૂષોત્તમ નામે તેને મંત્રીશ હતો. સદાચારી, વિપુલ ઉદયવાળો, શાંતિકર્મ કરવામાં પ્રેમી અને રાજાનું હિત કરનાર એવો કપિલ નામનો તેને પુરોહિત હતો. બલિષ્ઠ, પ્રચંડ અને લોકમાં રહેલો તસ્કરધ્વનિ જેનાથી ત્રાસ પામીને શાસ્ત્રમાં છુપાઇ ગયો એવો યમદંડ નામે તેને કોટવાળ હતો. અતિશય ન્યાયયુકત અને એક પોતાની છત્રછાયાતળે રાજ્ય કરતાં અતિશય ભાગ્યવંત એવો તે રાજા બહુ સુખ અનુભવવા લાગ્યો.

એક દિવસ તે સભામંડપને શણગારીને બેઠો હતો, તેવામાં પ્રચ્છન્નચારી એવા ચરપુરૂષોએ આવીને આ પ્રમાણે અરજ કરીઃ— " હે દેવ ! મદોન્મત્ત હાથી જેમ વનને ઉપદ્રવ કરે, તેમ પવિત્ર

પ્રદેશવાળા તમારા દેશને શત્રુરાજા ઉપદ્રવ કરે છે. હે વિભો! તમે સુખસાગરમાં મગ્ન થઇ દેશના ભંગનો અને પ્રજાની પીડાનો કદી વિચાર કરતા નથી, તે બિલકુલ યુક્ત નથી. દેહ, ગેહ, રૂપ કે લીલાથી રાજા શોભતો નથી, પણ કેવલ પ્રજાનું રક્ષણ કરવાથીજ તે શોભે છે. જે રાજા એક ભાગીદારની માફક પ્રજા પાસેથી ધન લઇને પોતે સુખે સુવે છે, સુખે ભોગ ભોગવે છે અને લીલાપૂર્વક સુખે ક્રીડા કરે છે, તે રાજા નિર્લજ્જ સમજવો. જે પોતે તેજ રહિત થઇ દેશના ભંગને અને પ્રજાના ઉપદ્રવને જોયા કરે છે, તે રાજાને રૌરવ-નરક સિવાય બીજું સ્થાન મળવાનું નથી." આ પ્રમાણે તે ચરનાં વચનો સાંભળીને રાજા મહોત્કટ થઇને બોલ્યો:—"હે ચર! જ્યાંસુધી આલસ્યની નિદ્રાથી મારા પરાક્રમને પ્રચ્છન્ન કરી બેઠો છું, ત્યાંસુધી હરિણ જેવા એ શત્રુઓ સ્વેચ્છાથી ક્રીડા કરે છે, પણ સિંહની માફક હું જ્યારે કુપિત થઇશ, ત્યારે એ બિચારા શું માત્ર છે?" કહ્યું છે કેઃ-

"तावत्स्वैरममी चरंतु हरिणाः स्वच्छंदसंचारिणो,
निद्रामुद्रितलोचनो मृगपतिर्यावद् गुहां सेवते ।
उन्निद्रस्य विधूतकेसरसटाभारस्य निर्गच्छतो,
नादे श्रोत्रपथं गते हतधियां सन्त्येव दीर्घा दिशः" ॥ १ ॥

"જ્યાંસુધી નિદ્રાથી લોચન બંધ કરીને મૃગપતિ ગુફામાં સૂતો છે, ત્યાંસુધી સ્વચ્છંદચારી હરણો ભલે પોતાની મરજી પ્રમાણે ક્રીડા કરે, પણ જ્યારે તે આંખ ઉઘાડશે, પોતાની કેશરસટાના સમૂહને ફરકાવશે અને ઘોર ગર્જના કરશે, ત્યારે તે નાદ સાંભળતાંજ તે બિચારાં હરણોની બુદ્ધિ હણાઇ જશે અને ભાગતાં તેમને દિશાઓ પણ લાંબી થઇ પડશે" આ પ્રમાણે કહીને તે ચરપુરૂષોને પારિતોષિક આપ્યું. પછી ઉગ્રસંગ્રામમાં પણ નિપુણ એવા સુભટોને રાજા આ પ્રમાણે કહેવા લાગ્યો:—"હે વીરો! જેમના બંને પક્ષ વિશુદ્ધ છે એવા અને ગુણશાલી એવા તમને અત્યારે જયશ્રી વરવાનો સમય છે. અને એટલા માટે નિષ્કપટભાવથી રાજ્યલક્ષ્મીનો સારી રીતે જય કરીને કુળક્રમથી આવેલા એવા તમને હું આ-

ક્ષી ઉંચી હદસુધી લાવ્યો છું. લક્ષ્મીના નિધાનરૂપ એવા સંગ્રામવિધિ માટે જે જે વસ્તુની જરૂર પડે, તે તે વસ્તુ પ્રયત્નપૂર્વક લાવીને તમે સજ્જ થઈ જાઓ. જે સુભટ રાજાની સાથે વિલાસ કરીને સંગ્રામમાં આડું મુખ કરે છે, તે સ્વર્ગે ગયેલા પોતાના સાત પૂર્વજોને નીચે પાડે છે." કહ્યું છે કે:—

"शीतभीताश्च ये विप्रा, रणभीताश्च क्षत्रियाः ।
तेन पापेन लिप्येऽहं, यन्न हन्यां जयद्रथम्" ॥ १ ॥

"જો હું જયદ્રથનો વધ ન કરૂં, તો શીતથી ડરતા બ્રાહ્મણોને અને રણથી ડરતા ક્ષત્રિયોને જે પાપ લાગે, તે પાપથી હું લિપ્ત થાઉં." આ પ્રમાણે રણકર્મને માટે સુભટોને પાણી ચડાવીને વૈરીનો વિજય કરવા રાજા બધી સામગ્રી તૈયાર કરાવવા લાગ્યો. તે વખતે શાંતિકર્મ કરતો પુરોહિત રાજમંદિરે દિવ્ય અસ્ત્ર, ગજ અને અશ્વ સંબંધી પૂજનના ઉત્સવો કરવા લાગ્યો. વિઘ્નની ઉપશાંતિને માટે સુભટો પાત્રોને દાન દેવા લાગ્યા અને વિવિધ રીતે દેવતાઓનું અર્ચન કરવા લાગ્યા. સર્વજનો ગુરૂઓની પૂજા કરવા લાગ્યા અને વડીલોને માન દેવા લાગ્યા, તથા સુવર્ણના દાનથી બંદિલોકોને, ચારણોને અને યાચકોને સંતુષ્ટ કરવા લાગ્યા. કરોડો સોનામહોરો આપતાં પણ ન માનતી એવી પોતાની પ્રિયાઓને સુભટો માત્ર પગે પ્રણામ કરવાથીજ શાંત કરવા લાગ્યા. વૈરીની સાથે લડવાને રાજાએ પણ એકહજાર હાથી અને સાતહજાર અશ્વો સજ્જ કરાવ્યા. આ પ્રમાણે સંગ્રામને માટે બધી સામગ્રી તૈયાર કરીને જવાને ઈચ્છતા એવા ભૂપાલે દુર્ગપાલને બોલાવીને આ પ્રમાણે કહ્યું:—"હે ભદ્ર! તમારે કાળજીપૂર્વક પ્રજાનું રક્ષણ કરવું, તેમજ કિલ્લાનું રક્ષણ કરવામાં પણ બરાબર સાવધાન રહેવું. જયલક્ષ્મીને હાથ કરીને જ્યાંસુધી હું ઘેર આવું, ત્યાંસુધી મોટાં રાજકાર્યો અને બીજાં પણ કર્ત્તવ્ય તમારે બજાવવાં." આ પ્રમાણે દુર્ગપાલને સમજાવીને મહીપાલે ચતુરંગબલથી પ્રચંડ બનીને જયયાત્રાને માટે તે નગરમાંથી

પ્રયાણ કર્યું. તે દિવસથી માંડીને બહુજ કાળજીપૂર્વક રક્ષણ કરી લોકોને આનંદ આપનાર એવા તે દુર્ગપાળે સહુ કોઇને સુખી સુખી કરી દીધા, એટલુંજ નહિ પણ તેણે રાજાના પુત્રો વિગેરેને પણ થોડા વખતમાં પ્રસન્ન કરી દીધા અને નગરના મોટા શેઠીઓને તેણે મધુર ભાષણથી પોતાને વશ કરી લીધા.

હવે જે સારી મતિવાળો મિથ્યાત્વને દૂર કરી જેમ સમ્યક્ત્વ પામે, તેમ શત્રુવર્ગનો જય કરી તેમના દેશમાં પોતાની આજ્ઞા પ્રવર્તાવી જયલક્ષ્મીના સંગમથી અધિક દેદીપ્યમાન એવો તે રાજા કેટલેક દિવસે જ્યાં પગલે પગલે ઉત્સવ થઇ રહ્યા છે એવી પોતાની તે રાજધાનીમાં આવ્યો. તે વખતે આનંદને ધારણ કરી વિવિધ ભેટણા સહિત નગરના બધા લોકો રાજાની સન્મુખ ગયા. ત્યાં ભેટણાં આગળ મૂકીને વિનયપૂર્વક તેઓ રાજાના આપત્તિને હરનારા એવા ચરણે નમ્યા. એટલે આનંદપૂર્વક રાજાએ તેમને યથોચિત સન્માન દઇ આ પ્રમાણે પૂછ્યું:—"હે મહાજનો! તમો બધા કુશળ છો?" આ સાંભળી તેઓ બોલ્યા કે:—"સ્વામિન્! ન્યાયના મહાસાગર તુલ્ય એવા દુર્ગપાળની કૃપાથી અમો અત્યારે બહુજ સુખી છીએ." આ પ્રમાણે તેમનું કથન સાંભળી રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે:—"આ લોકોની કહેવામાં ભૂલ થઇ છે કે મારા સમજવા ફેર થયો?" પછી તાંબૂલ દેવરાવીને થોડો વખત વ્યતીત કરીને ફરી રાજાએ તેમને પૂછ્યું, એટલે તેઓએ પૂર્વ પ્રમાણેજ જવાબ આપ્યો. આથી રાજાના અંતરમાં કોપ પ્રગટ્યો, પણ ભસ્મથી આચ્છાદિત અનલની જેમ બહારથી તાપ ન દેખાડતા મહાજનોને તેણે વિસર્જન કર્યા. પછી વાજીંત્રના નિર્ઘોષથી દિશાઓને શબ્દમય બનાવતા એવા રાજાએ ઉંચે ફરકાવેલ પતાકાઓથી અદ્ભુત લાગતી એવી પોતાની નગરીને અલંકૃત કરી. પછી ત્યારથી રાજાને મનમાં આ પ્રમાણે ચિંતા થવા લાગી કે:—"અહો! એણે નગરના બધા લોકોને વશ કરી લીધા છે. માટે એ નિશ્ચય દુષ્ટ અને રાજ્યદ્રોહી છે." નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે:—'અધિકગુણવાન સેવકપર રાજાઓ પ્રાય: દ્રોહ કરે છે.' "માટે કોઈ

પણ ઉપાયથી મારે એનો નિગ્રહ કરવો. જો એમ નહિ કરીશ, તો મારી રાજ્યલક્ષ્મીનો મૂલથી નાશ થશે." કહ્યું છે કેઃ—

" नियोगिहस्तार्पितराज्यभारास्तिष्टंति ये स्वैरविहारसाराः ।
बिडालहस्तार्पितदुग्धपूराः, स्वपंति ते मूढधियः क्षितींद्राः" ॥१॥

" જેઓ સેવકના હાથમાં રાજ્યભાર આપીને પોતે યથેષ્ટ વિલાસ કરતા વિચરે છે, તે રાજાઓ બિલાડાના હાથમાં દૂધ આપીને સુઇ જનારના જેવા મૂર્ખ છે." આ પ્રમાણે વિચાર કરતાં તેનું છળ મેળવવાની ઇચ્છાથી રાજાએ ઘણો વખત ગાળ્યો, પણ તે હકીકત તેણે કદી કોઈની પાસે પણ જણાવી નહિ. કહ્યું છે કેઃ—

" अर्थनाशं मनस्तापं, गृहे दुश्चरितानि च ।
वंचनं चापमानं च, मतिमान्न प्रकाशयेत् " ॥१॥

" અર્થ ધનનો નાશ, મનનો તાપ, ઘરના દુરાચાર, વચન અને અપમાન એટલી બાબત મતિમાને કોઈની પાસે પ્રકાશવી નહિ."

હવે કોઈ દિવસે ઇંગિતાકાર જાણવામાં વિચક્ષણ એવા તે કોટવાળે તે વાત જાણીને પોતાના મનમાં વિચાર કર્યો કે —" અહો! જન્મથી માંડીને રાજાનાં મોટાં મોટાં કાર્યો કર્યાં, તથાપિ તે પોતાનું દુષ્ટપણું મૂકતો નથી. કદાચ સેંકડો મહત્ત્વનાં કાર્યો કરી આનાથી રાજાને પ્રસન્ન કર્યો હોય, તો પણ તે યમની જેમ કદી સૌજન્ય ભજતો નથી." કહ્યું છે કેઃ —

" काके शौचं द्यूतकारेषु सत्यं, सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशांतिः ।
क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिंता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा" ॥१॥

" કાગડામાં શૌચ, જુગારીમાં સત્ય, સર્પમાં ક્ષમા, સ્ત્રીઓમાં કામોપશાંતિ, નપુંસકમાં ધૈર્ય, દારૂડીયામાં તત્ત્વનો વિચાર અને રાજામાં મિત્રતા—આટલી બાબતો કદી કોઈના જોવામાં કે સાંભળવામાં આવી છે?" આ પ્રમાણે કેટલોક વખત ગયા પછી રાજાએ સચિવ અને પુરોહિતને બોલાવીને પોતાનો અભિપ્રાય જણાવ્યો. તે

વાત પણ દૈવયોગે તેમણે રાજાની મરજી મુજબ કબૂલ રાખી. કારણ કે લોકમાં પણ એવી પુરાતન કહેવત સાંભળવામાં આવે છે કે:—

"तादृशी जायते बुद्धि-र्व्यवसायाश्च तादृशाः ।
सहायास्तादृशा ह्येषा, यादृशी भवितव्यता" ॥ १ ॥

" જેવી ભવિતવ્યતા હોય તેવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેવા પ્રકારનો ઉદ્યમ કરવાની મરજી થાય છે અને સહાયકો પણ તેવાજ પ્રકારના મળે છે."

એક દિવસે તે ત્રણેએ સાથે કપટથી કોઇક ઈલાજ શોધીને રાત્રે રાજાના ભંડારમાં ચોરી કરી. ભંડારમાં જે સારી સારી વસ્તુઓ હતી, તે યુક્તિથી બીજા ઘરમાં રાખી મૂકી. પછી છાનીરીતે જ્યાં જ્યાં તેમના પાપકર્મના યોગે રાજાની બે મોજડી, મંત્રીની પોતાના નામવાળી મુદ્રિકા અને પુરોહિતની જનોઇ—ત્યાંજ ભૂલથી રહી ગઇ. પછી પ્રાતઃકાલે કપટના એક સ્થાનરૂપ એવા રાજાએ દુર્ગપાલને બોલાવીને અતિરોષ બતાવીને આ પ્રમાણે કહ્યું:—" રે દુષ્ટ ! મારા પ્રસાદથી તું કોટવાલની પદવી ભોગવે છે, છતાં લોક કે રાજકુળની બરાબર સંભાળ કરતો નથી. આજે મારા ભંડારમાંથી કોઈક ચોર સર્પત્તિમાંથી સારભૂત વસ્તુઓ ચોરી ગયો છે, માટે ચોર સહિત તે વસ્તુઓ સત્વર લાવીને મારી પાસે હાજર કર. જો તેમ નહિ બને તો તને ચોરને યોગ્ય શિક્ષા કરીશ." આ પ્રમાણે રાજાનો હુકમ ઉઠાવીને યમદંડ કેટલાક માણસો સાથે જેટલામાં ખાતર જોવાને ગયો, તેટલામાં ભાગ્યયોગે ત્યાં ખાતરના મુખ આગળ રાજા, પ્રધાન વિગેરેની પાદુકા અને મુદ્રિકા વિગેરે તેના જોવામાં આવી. પછી તે વસ્તુઓ લઇને અને રાજા વિગેરેને ચોર સમજીને મનમાં અતિશય ખેદ પામી વિચાર કરવા લાગ્યો:—" અહો ! જ્યારે ન્યાયના ભંડાર એવા રાજાએ પોતે પ્રધાન વિગેરેની સાથે પોતાના ખજાનાની ચોરી કરી છે, તો અહીં કંઇક મોટું કારણ હોવું જોઇએ. પ્રાયઃ ભાગ્યના વિપર્યયથીજ મોટાઓને આવી ચેષ્ટા સૂઝે છે. જ્યાં રાજા પોતે ચોર

છે અને પ્રધાન વિગેરે તેના મદદગાર છે, તો એ સ્વરૂપ મારે કોની પાસે નિવેદન કરવું. પછી કોલાહલ સાંભળીને સમગ્ર મહાજન તેજ વખતે રાજમંદિરના દ્વાર આગળ આવ્યો. એટલે કોપના આટોપથી રક્ત થઈને રાજાએ તે બધો વૃત્તાંત વિનયથી નમ્ર એવા મહાજનને કહી સંભળાવ્યો. પછી રાજાની આજ્ઞાથી તે ખાતરનું સ્થાન જોઈને વિસ્મય પામતા મહાજને રાજાને નમસ્કાર કરીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી:—" હે રાજન્ ! આસુરીભાવ (કોપ) નો ત્યાગ કરીને ચોરની તપાસ કરવા માટે દુર્ગપાલને સાત દિવસની અવધિ આપો. હે મહીપતે ! સાત દિવસમાં જો એ સમસ્ત વસ્તુઓ અને ચોરને પકડી ન આપે, તો તે પછી કાર્યાકાર્યનો વિચાર કરીને તમારે એને શિક્ષા (દંડ) કરવી. " આ પ્રમાણે મહાજનનું વચન રાજાએ મહાકષ્ટે કબૂલ રાખ્યું. એ રીતે સમર્થન કરીને અને ભૂપતિને નમીને નગરવાસીઓ વનદંડની સાથે પોતાને ઘેર ગયા.

ત્યારપછી દુર્ગપાલે પાર્શ્વજિનપૂજા અને ગંધોદક વિગેરેને ખાતરનો વિમલ પ્રભાવ બુદ્ધિમાં જણાવ્યો, એટલે તેઓ કહેવા લાગ્યા કે "હે વનદંડ ! તમારે કોઈપણ પ્રકારની ચિન્તા કરવી નહિ. કારણ કે અમે તત્ત્વ રત્નનું સ્થાપન કરનારા છીએ. રાજાના પક્ષનું કે રાજાના રત્નનું જ ગુપ્ત તત્ત્વ કહ્યું, તેજ કરવું. કારણ કે ન્યાયનિષ્ઠ અને ગુણવંત એવા તમે મધુર માર્ગકાલથી પ્રજાનું રક્ષણ કરતા હોવાથી આ નગરમાં કદાચિત ચોરીનું નામ પણ ન હતું. અત્યારે તમારા કે અમારા નિંદકથી નગરના રાજમંદિરમાં ચોરનો પ્રચાર થયો, માટે તમે, દેવની સમક્ષ પરીક્ષા કરીને અને તે ગામની સમક્ષ પણ ન્યાયમાર્ગનુંજ પ્રતિપાદન કરવું. " આ પ્રમાણે તેમના વચનામૃતનું પાન કરીને તે સંતુષ્ટ થઈને બોલ્યો —" આપના પ્રસાદથી મારે માટે જ છે.' હવે પછી મારૂં મન દૃઢ છે, એમ બોલીને તે કોટવાળ એવો દંડનાયક નગરની અંદરની તપાસ કરવા લાગ્યો.

પછી પાંચમે દિવસે પ્રભાતે સભામંડપમાં આવીને તે કોટવાળે બેઠેલા પ્રધાન વર્ગ, તેટલામાં સભા કહેવા લાગ્યો:—" હે દુર્મતિ !

દુષ્ટ અને ક્રૂર એવો તે ચોર ક્યાં તારા જોવામાં આવ્યો?" તેણે કુપિત થયેલા રાજાને આ પ્રમાણે જણાવ્યું:—"હે સ્વામિન્! નગરમાં તમામ ઠેકાણે મેં તપાસ કર્યો, પરંતુ શુદ્ધ ધર્મના પ્રણેતાની જેમ તે ક્યાં પણ મારા જોવામાં આવ્યો નહિ." આ સાંભળી રાજાએ તે દુર્ગપાલ સેવકને આ પ્રમાણે કહ્યું:—"જ્યારે ચોરનો પત્તો ન મળ્યો, તો આટલો બધો વખત તેં નિરર્થક ક્યાં ગાળ્યો?" તેણે કહ્યું:—"હે મહારેવ! રસ્તામાં એક કથાકાર, સાંભળતાં આનંદ ઉપજાવે તેવી કથા કહેતો હતો, હે વિપુલાધિપ! તે વાત સાંભળતાં મને આટલો વખત લાગ્યો. કારણ કે કથારસ એ પ્રાયઃ સર્વ રસોનો અવધિ કહેલ છે." આથી રાજાએ હસતાં હસતાં કહ્યું:—"જે કથા સાંભળતાં તું પોતાનું મરણ પણ ભૂલી ગયો, તે કથા તું અત્યારે સ્વસ્થ થઈને મારી પાસે કહે." આ પ્રમાણે રાજાનો આદેશ થતાં તે પ્રસન્ન થઈને સભાસદોને પ્રિય એવી તે કથા આ પ્રમાણે કહેવા લાગ્યો:—

રાજહંસની કથા.

"ઉદ્વેગ વિનાના પૃથ્વીના એક ભાગમાં મોટા પુરૂષોનું જાણે ઘર હોય, તેમ સર્વ પ્રાણીઓને ઉપકાર કરનારૂં એવું એક વન છે. જે વનમાં સમગ્ર જનોને અભીષ્ટ એવી સર્વ ઋતુના ફળની સમૃદ્ધિથી વૃક્ષો પોતાના કુલીનપણાને કૃતાર્થ કરી રહ્યા છે. ગ્રામ્ય લોકોની જેમ નાના પ્રકારના પક્ષીઓ જ્યાં સર્વત્ર યથેષ્ટ ભક્ષણ, પાન અને વિલાસ કરી રહ્યા છે. જ્યાં તાપસો પોતાનો વિનીતાકાર દર્શાવી પાણીમાં સ્નાન કરતાં પણ પોતાના વેતસાચાર (નેતરના જેવી નમ્રતા) નો પ્રાયઃ કદી ત્યાગ કરતા નથી. જ્યાં વિનયથી ઉજ્વલ થયેલા એવા મુનિઓ પ્રાણીઓપરના પ્રીતિભાવથી તાપ અને તૃષાને દૂર કરનારી એવી ધર્મોપદેશરૂપ દિવ્યપ્રપા (પરબ) નું સારી રીતે રક્ષણ કરે છે. ત્યાં રાજહંસોની શ્રેણીથી શોભાયમાન, શ્રમને દૂર કરનાર અને પાણીથી ભરેલું એવું એક પવિત્ર સરોવર હતું. તે સરોવરની નજીક પ્રેક્ષક છતાં ફળશ્રેણીની સંપત્તિથી અધિક નમી ગયેલું એવું સાલ નામનું એક વિશાલ વૃક્ષ હતું. જે સદા નમ

સ્ત્રીનેજ માણસોને નિર્વિશેષ ફળો આપવાથી કંઇક ઉત્તમ જનોની ઉપમાને પામ્યું હતું. તે વૃક્ષ ઉપર પોતાના પુત્ર, કલત્રાદિ કુટુંબથી મગરૂર મનવાળા એવા સેંકડો રાજહંસો વાસ કરીને રહ્યા હતા. સુગંધથી મનમાં મુદિત થનારા (શ્રેષ્ઠ આગમથી ઉંચા મનવાળા,) કવિઓમાં પ્રસિદ્ધ કાંતિવાળા (વિસ્તૃત અંતર પ્રભાવાળા,) સારી ગતિવાળા (સન્માર્ગ ગામી) અને જેઓ વિવેકવંત છે. તેઓ સર્વત્ર પ્રખ્યાત કેમ ન થાય ?

એક દિવસે સર્વ પક્ષીઓમાં વૃદ્ધ એવા એક રાજહંસે વૃક્ષના મૂળમાં ઉત્પન્ન થયેલ એક લતાના નવા અંકુરને જોઇને હિતબુદ્ધિથી તરૂણ હંસોને કહ્યું ' જે આગામી કાલનો વિચાર કરવો, એજ વૃદ્ધોના કૃત્ય છે.'—" હે વત્સો ' આ લતાનો અંકુર ભવિષ્યમાં તમોને અનર્થકર્તા થશે, માટે અત્યારે એ અલ્પપ્રયાસે સુસાધ્ય હોવાથી નખવડે તેને છેદી નાખો. જો અત્યારે તમો તેની ઉપેક્ષા કરશો, તો ભવિષ્યમાં તમો બધાને એ દુઃખનું કારણ થશે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે —' વૈરી, વ્યાધિ અને વિષાંકુરનો આદિથીજ ઉચ્છેદ કરી નાખવો. " આ પ્રમાણે તે વૃદ્ધનું કથન સાંભળીને દુર્વિદગ્ધ એવા તરૂણ હંસોએ કહ્યું —" અહો તમે વૃદ્ધ થયા છતા હજી મૃત્યુથી ભય પામો છો. હે વૃદ્ધ ! અકસ્માત્ ભયની અમારે શામાટે કાળજી રાખવી ? કારણ કે ભવિષ્યમાં શું થશે, તે કોણ જાણે છે ? " આ રીતનું તેમનું વચન સાંભળીને વૃદ્ધ રાજહંસે વિચાર કર્યો કે:— " અહો યૌવનના ઉન્માદથી મત્ત અને મહામૂર્ખ ગણી શકાય એવા આ તરૂણ હંસો મુજ્ઞકારી એવો મારો હિતોપદેશ માનતાજ નથી; એટલુંજ નહિ પણ ઉલટા ક્રોધે ભરાય છે. કહ્યું છે કે:—

" प्रायः संपत्तिकौशल्यम्, सन्मार्गस्योपदेशनम् ।
विद्वत्त्वादिप्रकर्षेण, विशुद्धादिदर्शनम् "॥ १ ॥

" જેની નાસિકા છેદાઇ ગઇ હોય એવા માણસને વિશુદ્ધ આદર્શ-અરીસો બતાવવાથી જેમ તે ગુસ્સે ભરાય છે, તેમ સામાન્ય (અયોગ્ય)

જનને સન્માર્ગનો ઉપદેશ આપવા જતાં પ્રાય: તેને કોપનું કારણ થાય છે." અત્યારે એઓ કદાચ નહિં માને પણ જ્યારે બુરૂં ફળ મળશે, ત્યારે સમજ આવી જશે." આ પ્રમાણે બોલી તે વૃદ્ધ રાજહંસ વિચાર કરતો કોઇ બીજા વૃક્ષપર મૂંગો બેસી રહ્યો. વખત જતાં પક્ષીઓના ક્ષીણ થયેલા ભાગ્યયોગે તે લતાંકુર વધીને વૃક્ષ ઉપર ફેલાઇ ગયો. એકદા કોઇ અધમ શિકારીએ પોતાના દુષ્ટ અભિપ્રાયથી તે લતામંડપને આધારે ચઢીને ત્યાં જાળ માંડી. હવે તે હંસો પૃથ્વીપીઠ પર સ્વચ્છંદ રીતે ફરી ફરીને વિશ્રામ લેવાને માટે સાંજે પુનઃ તે વૃક્ષપર આવ્યા. વિવેક વિનાના હૃદયવાળા જનો જેમ સ્ત્રીઓના અંગ ઉપર પડે, તેમ કપટજાળની ખબર ન હોવાથી તેઓ તરત ત્યાં સપડાઇ ગયા. પછી પાશથી પરવશ થયેલા અને પોકાર કરતા એવા તે સર્વેને એક બાજુ પરના વૃક્ષપર બેઠેલા તે વૃદ્ધ રાજહંસે કહ્યું:—" હે વત્સો! અક્કલ વિનાના એવા તમને અત્યારે મતિ આવી, પણ જો પૂર્વે મારો હિતોપદેશ માન્યો હોત, તો આ વખત ન આવત. કહ્યું છે કે:—

" वरं बुद्धिर्न सा विद्या, विद्यातो बुद्धिरुत्तमा ।
बुद्धिहीना विनश्यंति, यथा ते सिंहकारकाः " ॥ १ ॥

" વિદ્યા કરતાં બુદ્ધિ હમેશાં ઉત્તમ ગણાય છે. બુદ્ધિહીન માણસોને તે સિંહ બનાવનારાઓની જેમ વિનાશ પામવાનો વખત આવે છે." સ્વચેષ્ટિતને ધિક્કારતા એવા તેઓ ગદ્‌ગદ સ્વરે આ પ્રમાણે કહેવા લાગ્યા:—" હે તાત! હવે પ્રસન્ન થઇને અમને જીવવાનો ઉપાય બતાવો." આ સાંભળી તે દયાળુ અને ચતુરશિરોમણિ એવો તે વૃદ્ધ રાજહંસ બોલ્યો:—" હે વત્સો! પ્રયોજનનો વિનાશ થતાં ઉપાય બહુ દુર્લભ હોય છે. કહ્યું છે કે:—

" अज्ञानभावादथवा ममादादुपेक्षणाद् व्यत्ययभाजि कार्ये ।
पुंसः प्रयासो विफलः समस्तो, गतोदके कः खलु सेतुबंधः" ॥१॥

"અજ્ઞાનભાવથી, પ્રમાદથી કે ઉપેક્ષાથી કાર્યનો વિનાશ થતાં પાણી ગયા પછી પાળ બાંધવાની જેમ માણસનો સમસ્ત પ્રયાસ વિફલ થાય છે." તથાપિ તમે તમારા શરીરના સાંધાઓ શિથિલ કરી મૃતની જેમ પડ્યા રહો. નહિ તો એ વ્યાધ તમારૂં ગળુ મરડી નાખશે." તે બિચારાઓએ તેના કહ્યા પ્રમાણે કર્યું. કારણ કે મૂર્ખ લોકો તો હાર્યા પછીજ માને છે. હવે પ્રાતઃકાલે તેમને લેવાને માટે તે શિકારી ત્યાં આવ્યો, અને ચેષ્ટારહિત એવા તે રાજહંસોને મૃતવત્ જાણીને તે મુહાત્માએ પણ તેમને વૃક્ષની નીચે લાવીને મૂકયા. પછી જેટલામાં તેણે જમીનપર તેમને મૂકયા, તેટલામા તે સર્વે વૃદ્ધના કહ્યા પ્રમાણે ઉડીને ચારે દિશાઓમા ચાલ્યા ગયા, એટલે તે વ્યાધ પણ નિરાશ થઇને પોતાને ઘેર ચાલ્યો ગયો. કારણ કે પાપીઓના પ્રાયઃ સંપૂર્ણ મનોરથ થતા નથી. પછી પ્રમોદથી મધુર મધુર બોલતા એવા તે પક્ષીઓ વૃદ્ધ રાજહંસના ચરણકમળને પ્રણામ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—"હે વિભો! આપના પ્રસાદરૂપ પીયૂષની અખંડધારાના અભિષેકથી અમો ભુવનમાં વલ્લભ એવું જીવન પામ્યા. અહો! મહૌષધરસની જેમ શરૂઆતમાં વૃદ્ધોપદેશ કટુતાયુક્ત લાગે છે, પણ પરિણામે તો તે શીતલ હોય છે. અત્યંત સ્વાદુ અને શીત તથા સુધાસમાન એવા વૃદ્ધોપદેશનું જે સુજ્ઞ માણસો આદરપૂર્વક પાન (શ્રવણ) કરે છે, તેઓ ચંદ્રગુપ્તરાજાની જેમ રાજ્ય, જીવિત અને સમૃદ્ધિનાં સુખો સત્વર પ્રાપ્ત કરી શકે છે. કહ્યું છે કે:—

"वृद्धवाक्यं सदा कार्यं, प्राज्ञैश्च गुणशालिभिः ।
पश्य हंसान् वने बद्धान्, वृद्धवाक्येन मोचितान् ॥" ॥१॥

"પ્રાજ્ઞજનો અને ગુણીજનોએ સદા વૃદ્ધના કહ્યા પ્રમાણે કરવું. જુઓ, વનમાં બંધાઇ ગયેલા હંસો વૃદ્ધવાકયથી મુક્ત થયા." પછી સ્વેચ્છાએ આનંદ કરનારા અને વૃદ્ધોપદેશ પાળવામાં નિષ્ઠાવાળા એવા તે હંસો તે વખતે આ પ્રમાણે એક શ્લોક બોલ્યાઃ—

" दीर्घकालं स्थिता यस्मिन्, पादपे निरुपद्रवे ।
मूलादेवोद्गता वल्ली, शरणाद्भयमागतम् " ॥१॥

" ઉપદ્રવરહિત જે વૃક્ષમાં લાંબા વખત સુધી રહ્યા, ત્યાં મૂળ-માંથીજ લતા ઉગી વિસ્તાર પામી, તેથી અમને શરણથી ભય પ્રાપ્ત થયું. " ' કાર્ય મૂળથીજ વિનષ્ટ થયું છે, એ રીતે દુર્ગપાલે પોતાનો અભિપ્રાય સૂચિત કર્યો; પરંતુ રાજા તે સમજી ન શક્યો. "

આ પ્રમાણે કથા કહીને તે પોતાને ઘેર ગયો અને રાજા પણ તેજ દુષ્ટ અભિપ્રાયને મનમાં કાયમ રાખી અંતઃપુરમાં ચાલ્યો ગયો.

પછી બીજે દિવસે શ્રેયને ઇચ્છનારા એવા મહીપતિએ દેવપૂજા, દયા, દાન અને પરમેષ્ઠીજાપ વિગેરે યથોચિત પ્રાતઃકર્મ કરીને અને અનેક ઠીમતી શૃંગારની રચનાથી શરીરને વિભૂષિત કરીને રાજસભાને અલંકૃત કરી. તે વખતે સમસ્ત રાજવર્ગે પણ પોતાની અભીષ્ટ સિદ્ધિને માટે દેવની જેમ રાજાને પ્રણામ કરી પ્રસન્ન કર્યો. પછી યમદંડ કોટવાલે વધારે કાલક્ષેપ કરી, નાવિક જેમ સરિત્પતિને નમે તેમ ત્યાં આવીને નૃનાથને પ્રણામ કર્યો. એટલે રાજાએ તેને પૂછ્યું કે:—' અરે ! તે તસ્કર ક્યાં તારા જોવામાં આવ્યો કે નહિ ? ' જવાબમાં તેણે જણા-વ્યું કે:—' હે પ્રભો ! મેં બહુ તપાસ કરી, પણ તે ક્યાંય મારા જો-વામાં આવ્યો નહિ. ' રાજાએ કહ્યું કે:—' તો પછી તારે આટલો બધો કાલક્ષેપ શાને થયો ? ' તે બોલ્યો:—' એક કુંભાર કથા કહેતો હતો, તે સાંભળતાં વિલંબ થયો. ' નરનાથ બોલ્યો:—' અરે ! જે કથા સાંભળતાં તું દુરંત એવા મરણના ભયને પણ ભૂલી ગયો, તે કથા અત્યારે મને કહી બતાવ. ' આ પ્રમાણે રાજાનો આદેશ થતાં સભાજ-નના દિલને ખેંચતો એવો દુર્ગપાલ આ પ્રમાણે કથા કહેવા લાગ્યો:—

કુંભકારની કથા.

" આજ નગરમાં યતિયશસ્વી અને વિવિધ વિજ્ઞાનમાં વિચક્ષણ એવો પાલ્હણ નામનો કુંભકાર છે. સર્વ આશ્રમોનું પોષણ કરનાર અને વર્ણોમાં અધિક (નામમાં ચાર વર્ણો) હોવાથી રાજાઓ અને

અજ્ઞાનકારણથી [illegible] કાર્યનો વિનાશ [illegible] [illegible] સમસ્ત પ્રયાસ [illegible] શિથિલ [illegible] [illegible] કારણ [illegible] [illegible] નજીકમાંને [illegible] [illegible] સઘળી નીચે [illegible] [illegible] મૂક્યા. [illegible] [illegible] પ્રમાણે કરીને ચાર દિશાઓમાં [illegible], [illegible] નિવાસ અને [illegible] સંતાન [illegible] મનોરથ થતા નથી. [illegible] મધુર [illegible] પક્ષીઓ [illegible] ચરણકમળને પ્રણ[illegible] કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા —" હે [illegible] ! આપના [illegible] [illegible] અભિષેકથી અમો [illegible] જીવનમાં [illegible] [illegible] જીવન પામ્યા. અહા ! [illegible] જેમ શરૂઆતમાં [illegible] [illegible] કડવાશ જેવા લાગે છે, પણ પરિણામે તો તે શીતલ હોય [illegible] અત્યંત સ્વાદુ અને શીત તથા સુધાનસમાન એવા વૃદ્ધોપદેશનું [illegible] [illegible] આદરપૂર્વક પાન (શ્રવણ) કરે છે, તેઓ [illegible] [illegible] જેમ [illegible], [illegible] અને સમૃદ્ધિનાં સુખો સત્વર પ્રાપ્ત [illegible] [illegible] છે. કહ્યું છે કે.—

> " वृद्धवाक्यं सदा कार्यं, प्राज्ञैश्च गुणशालिभिः ।
> पश्य हंसान् वने बद्धान्, वृद्धवाक्येन मोचितान् " ॥१॥

" [illegible] અને [illegible] સદા વૃદ્ધના કથા પ્રમાણે [illegible] [illegible] વૃદ્ધોપદેશ [illegible] [illegible] [illegible]

કેવું યત્ન શા માટે નથી કરતા ? કેટલાક નિર્દય લોકો નિર્જીવ એવા પર્વતોને નમે છે અને જીવતા પ્રાણીઓનો વધ કરે છે. વળી તેમાં કેટલાક તો દવાગ્નિ દેવામાં પણ પુણ્ય માને છે. તેમાં અજાણ લોકો તો દૂર રહો. પણ વિવિધ શાસ્ત્રોને જાણનારાઓ પણ મદાંધની જેમ વિચાર વિનાની પ્રવૃત્તિ કરે છે. ત્યાં ઉદુંબર અને ઉદૂખલ વિગેરેને દેવની જેમ માને છે અને પ્રથમ પિંડ આપવાને કાગડાઓમાં પાત્રતા માને છે. જેઓ પુનઃ પુનઃ સ્ત્રીઓની કુક્ષિમાં પરવશપણે ઉત્પન્ન થાય છે, તેવા દેવતાઓથી જે અજ્ઞજનો મોક્ષપદની ઇચ્છા રાખે છે. જેમને સ્ત્રી, ધન, ધાન્યાદિ પરિગ્રહ છે, તેઓ ગુરૂ થઇને ઘણાઓને ભવથી તારવા માટે પ્રયત્ન કરે છે. કહ્યું છે કેઃ—

" अंधो यथा विलगितः पथि यत्र धूर्त्तै–
स्तस्य स्वरूपमविदन्नपि तेन याति ।
तद्वद्धि भवविर्तिं विचारवंध्यं,
सल्लोचनोऽपि तदसौ खलु दैवदोषः "॥ १ ॥

"જેમ માર્ગમાં આંધળો ધૂતારાઓને ભેટે અને તેમના સ્વરૂપને જાણ્યા શિવાય તેઓ લઈ જાય ત્યાં જાય છે, તેમ સારા લોચનવાળો છતાં જો વિચાર વિના પ્રવર્ત્તન કરે, તો ખરેખર ! ત્યાં દૈવનોજ દોષ છે." જ્યાં બિલકુલ અધર્મ છે, વા તો જ્યાં સ્વલ્પ ધર્મ છે, જ્યાં બહુ ધર્મ અને અલ્પ પાપ છે અને જ્યાં બિલકુલ શુદ્ધ ધર્મ છે—એ ચાર પ્રકારનું અનુષ્ઠાન કહેલ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એ પાંચ સર્વ ધર્મવાળાઓમાં પવિત્ર ગણાય છે. યોગીઓને એ પાંચ વ્રત સર્વથા પાળવાના હોય છે અને ગૃહસ્થોને અમુક ભાગે છૂટ રાખીને પાળવાના હોય છે. આવા પ્રકારનો ધર્મજ સર્વ સુખને આપે છે." આ પ્રમાણે દેશના સાંભળીને તે કુંભકાર એક તત્ત્વવેત્તા શ્રાવક થયો અને પાપભીરૂ થઇને તેણે ક્રૂર આરંભનો પ્રયત્ન કરવો છોડી દીધો.

હવે એક દિવસે તેજ ખાણમાં ખોદતાં ખોદતાં પુણ્યના પ્રસાદથી તેને સુખનું કારણભૂત એવું ધનથી ભરેલું નિધાન મળી ગયું.

તેના પ્રભાવથી તે ધનવાન થઈ ગયો, અને જ્ઞાતિજનોમાં વધારે માન્ય થયો તથા પોતાના ઘરને અનુસારે હીનજનોને દાન પણ દેવા લાગ્યો. તેણે કૈલાસ પર્વત જેવું એક નવું મંદિર કરાવ્યું, અને તેમાં જુદા જુદા દેશથી આવનારા માણસોને રહેવાને માટે એક ભૂમિકા બનાવી. અનુક્રમે પોતાના પુત્ર પૌત્રાદિક સંતતિને લોકોના લોચનને આશ્ચર્ય ઉપજાવે તેવા મોટા ઓચ્છવપૂર્વક પરણાવી પછી તે રાજાની કૃપાથી સર્વ કારીગરોમાં મોટી પદવી પામ્યો. કારણ કે ધનથી બધું સાધ્ય થાય છે. કહ્યું છે કે:—

" यस्यास्ति वित्तं स नरः कुलीनः, स पंडितः स श्रुतिमान् गुणज्ञः।
स एव वक्ता स च दर्शनीयः, सर्वे गुणाः कांचनमाश्रयंति "॥१॥

" જેની પાસે ધન હોય તે માણસ કુલીન, તે પંડિત, તે શાસ્ત્રજ્ઞ, તે ગુણજ્ઞ, તે વક્તા અને તેજ રૂપાળો કહેવાય છે. કારણ કે ધનમાં બધા ગુણો રહેલા છે. " આમ હોવા છતાં કુલક્રમાગત પોતાનું શિલ્પકર્મ તે મૂકતો નથી. કારણ કે પ્રાયઃ પોતાના વંશને અનુસારે માણસોને કર્મપ્રવૃત્તિ સૂઝે છે.

એકદા તે બધી સામગ્રી સજીને માટી લાવવાને માટે તેજ ખાણ આગળ ગયો અને સર્વ સુખોને ઉત્પન્ન કરનારી તથા જનનીની જેમ માનનીય એવી તે ખાણને કુશ વિગેરેથી જેટલામાં તે ખોદવા લાગ્યો. તેટલામાં ' મેજ આટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચાડયો, છતા હજી કૃતઘ્નની જેમ આ કુશબુદ્ધિ મને ખોદ્યા કરે છે, ' એમ જાણે વિચાર કર્યો હોય, તેમ એક વિકટ આકારવાળી કોર તેની ઉપર તરત તૂટી પડી. સ્વામિદ્રોહી અને કૃતઘ્ન ગુ કયાં પણ સુખી થયા છે ? તે કુત્સી પડતાં તેની કેડ તત્કાળ એવી રીતે ભાંગી ગઇ કે, તે સાજો થયો છતાં પણ લાકડી વિના ઉઠી શકતો નહિ. પછી મહા આપત્તિમાં પડેલ એવા તે કુંભકાર સર્વ લોકોની સમક્ષ આ પ્રમાણે એક ગાથા બોલ્યો:—

"जेन भिक्खं बलिं देमि, जेण पोसेमि अप्पयं ।
तेण मे कडिया भग्गा, जायं सरणओ भयं" ॥१॥

"જેના પ્રતાપે હું ભિક્ષુકોને દાન દઉં છું અને જેના પ્રતાપે હું મારા પિંડનું પોષણ કરૂં છું, તેણે મારી કડી ભાંગી નાખી. અહો ! મને શરણથી ભય ઉત્પન્ન થયું."

આ પ્રમાણે કુમાના મિષથી તે દુર્ગપાલે પુનઃ પોતાનો અભિપ્રાયજ સૂચિત કર્યો. છતાં અદેખાઇથી અંધ થયેલા અંતઃકરણવાળા એવા રાજાએ તે તરફ લક્ષ્ય ન દીધું. એ રીતે સર્વ સભાજનને રસભાજન બનાવીને રાજાને પ્રણામ કરી તે પોતાને ઘેર ગયો. રાજા પણ સચિવ વિગેરેની સાથે રાજ્યકારભારની મસલત કરીને થોડીવાર સભામાં બેસી પોતાના મહેલમાં ચાલ્યો ગયો.

હવે ત્રીજે દિવસે સભામાં આવીને રાજાએ તેવીજ રીતે ઇર્ષ્યાયુક્ત ચિત્તથી તેને પૂછ્યું, એટલે તે આ પ્રમાણે કથા કહેવા લાગ્યોઃ—

સુધર્મરાજાની કથા.

"આજ ભરતક્ષેત્રમાં વસુધાવધૂના તિલક સમાન અને સમસ્ત કલ્યાણથી પરિપૂર્ણ એવો પંચાલ નામનો દેશ છે. ત્યાં સ્વર્ગલોકની એક પ્રગટ વર્ણિકારૂપ, માણસોના આનંદનું એક સ્થાન અને ભૂલોકરૂપ કમળની એક કર્ણિકા સમાન એવું વરશક્તિ નામનું નગર છે. ત્યાં કૃપાળુ જનોમાં મંડનરૂપ અને સુમનગણમાં (દેવગણમાં) સૌધર્મેન્દ્રની માફક અગ્રેસર એવો સુધર્મ નામનો ભૂપાલ હતો. જે રાજા જૈન સાધુની જેમ પ્રજાપ (પ્રજાપાલક–પ્રકર્ષ જાપ કરનાર) સમિતિપ્રષ્ઠ–(રાજસભામાં અગ્રેસર–પાંચ સમિતિયુક્ત) ક્ષમાભાર ધુરંધર (પૃથ્વીનો ભાર ઉપાડવામાં સમર્થ–ક્ષમા ધારણ કરવામાં ધુરંધર) અને ધર્મવંત (ધનુર્ધારી) પુરૂષોમાં મુખ્ય હતો. જેના સમ્યક્ત્વથી વાસિત અને વિમલ એવા જેના માનસમાં (સરોવરમાં) જિનધર્મરૂપ રાજહંસ સદા લીલા કરી રહ્યો હતો. જે પુણ્યવંત રાજા અર્હત્પૂજા, દયા, દાન, તીર્થયાત્રા અને યોગ્ય વડીલોની ભક્તિ વિગેરે કરવાથી જૈન શાસનનું

ગૌરવ વધારતો હતો. તેને દેવીની જેમ દિવ્ય સ્વરૂપવાળી શ્રી જૈનશાસનરૂપ કમળમાં એક હંસી સમાન અને સતી એવી જિ**નમતિ** નામની મહારાણી હતી. પાત્રને દાન, ગૃહાચારમાં કુશલત અને પતિની ભક્તિ–એ વિગેરે બાહ્ય ભૂષણયુક્ત છતાં જે સમ્યક્ત વિગેરે અંતરઆભૂષણને ધારતી હતી. વળી તે રાજાને ચાર્વાકમતથ વાસિત અને સર્વજ્ઞના ધર્મરૂપ વૃક્ષને ખંડિત કરવામાં દાતરડા જેવ ચેષ્ટા કરનાર એવો **જયદેવ** નામનો મંત્રી હતો. જે દેવ, ગુરૂ અને ધર્મ, તથા સ્વર્ગ અને મોક્ષના સુખ વિગેરેની (માં) મિથ્યાત્વોદ યને લીધે મૂઢાત્મા બનેલો હોવાથી કોઇ રીતે શ્રદ્ધા રાખતો ન હતો પરંતુ નરેંદ્રના સંસર્ગથી મગશેલીઆ પાષાણના જેવા હૃદયવાળે એવો તે ધર્મકર્મમાં કપટથી બાહ્ય સરાગતા દેખાડતો હતો.

એક દિવસે ધર્મ અને નીતિ પ્રમાણે નિરંતર રાજ્યનું પાલન કરતા એવા તે રાજાને ચરપુરૂષોએ આવીને વિનયપૂર્વક વિજ્ઞપ્તિ કરી કે:—"હે વિભો! પોતાની વિક્રમશ્રીથી પ્રખ્યાત થયેલો તથા ક્રૂર દૃષ્ટિ અને બળથી ઉત્કટ બની ગયેલો એવો મહાબલ નામનો લુંટારો ચોર ગુફામાં કેસરીસિંહની જેમ મહાપલ્લીમાં નિવાસ કરતાં સ્વર્ગના પ્રદેશસદૃશ આપના દેશમાં અત્યારે મહાગ્રહની જેમ ઉપદ્રવ કરી રહ્યો છે." આ પ્રમાણે સાંભળતા સિંહની જેમ ગર્જના કરતા અને અતિશય ગર્વના ભારથી ગરિષ્ઠ થયેલા એવા નરેંદ્રે આ પ્રમાણે કહ્યું:—"પ્રચંડ બાહુદંડવાળો અને પોતાના આટોપથી મારી પ્રજાને ભય પમાડતો એવો તે ચરટ (ચોર) જ્યાંસુધી ભલે ગજેંદ્રની જેમ ગર્જના કર્યા કરે, કે જ્યાંસુધી અખિલ શત્રુઓને દબાવનાર અને ચતુરંગ સેનાથી ઉત્કટ બનેલો એવો હું આલસ્ય નિદ્રાથી મુક્ત થઇ તેની સન્મુખ ગયો નથી." કહ્યું છે કે:—

"तावद् गर्जति मातंगा, वने मदभरालसाः ।
कोपस्फुरितलांगूलो, यावन्नायाति केसरी" ॥१॥

"કોપથી પોતાના પુચ્છને ફરકાવનાર એવો કેસરી જ્યાંસુધી ન આવે, ત્યાંસુધીજ મદભરથી મંદ થએલા એવા હાથીઓ વનમાં

ગગનભેદક ગર્જના કરે છે." પછી તે ચરપુરૂષોને અભીષ્ટ દાનથી સંતોષીને રણસામગ્રીને માટે સેનાપતિને આદેશ કરીને રાજા પોતે હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે:—"જે રાજા પોતાના દેશમાં પણ પ્રજાપર પડતા ઉપદ્રવની ઉપેક્ષા કરે છે, તે પાપાત્મા મરીને ચીરકાલ ફરતાં પણ અધમ ગતિમાં જાય છે. જેના છતાં શત્રુઓ પોતાના દેશને આક્રમણ કરે (ઘેરી લે), તે રાજા પોતાને ક્ષત્રિયોમાં શા માટે ગણાવતો હશે? ઉપદ્રવથી પ્રજાનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું, એજ પ્રજાપાલનું તપ, એજ જપ અને ઉત્કૃષ્ટ વ્રત પણ તેનું એજ કહેલ છે." આ પ્રમાણે વિચાર કરીને ચતુરંગ બલથી અલિપ્ત થઈ, જિનેશ્વરની અષ્ટપ્રકારી પૂજા કરીને અને સદ્ગુરૂ પ્રમુખ તથા નગરજનનું સન્માન કરીને તેજસ્વી એવા તે રાજાએ વૈરીના વિજયને માટે પ્રયાણ કર્યું. જયયાત્રાને માટે જતા એવા તેનું સૈન્ય ગંગા નદીના જલપૂરની માફક પગલે પગલે સાથે ભળી જતી એવી બીજી સેનાઓથી વધવા લાગ્યું. જયશ્રીમાં લંપટ બનેલા સુભટો સેનાપતિની આજ્ઞા ન માનતાં રસ્તામાં પડેલાં ગામનાં પોતાના ઉપરીઓનું પણ ઉલ્લંઘન કરી ગયા. ત્યાં રસ્તામાં કેટલાક સુભટો અમૃત જેવું નાળીયેરનું પાણી પીવા લાગ્યા, કેટલાક શરીરના તાપની શાંતિને માટે દ્રાક્ષારસ પીવા લાગ્યા. કેટલાક શરીરના ઉન્માદનું એક કારણ એવા તાલવૃક્ષના રસને પીવા લાગ્યા અને કેટલાક ખજુરીનું સુરસ મદ્ય પીવા લાગ્યા. પછી અનુક્રમે પોતાના દેશની હદ સુધી જઈને રાજાના હુકમથી સેનાપતિએ વિશ્રાંતિને માટે ત્યાં છાવણી નખાવી." જો તું પોતાને સુભટ માનતો હોય, તો પ્રભાતે રણભૂમિમાં આવીને તરત મુખ બતાવજે. હું તમારે ત્યાં આવ્યોજ છું એમ સમજજે." આ પ્રમાણે ભૂપતિએ તે શત્રુરાજ (વીરેન્દ્ર રાજા) ને કહેવરાવ્યું. પછી રણકર્મને માટે સર્વેએ બધી સામગ્રી તૈયાર કરીને જયલક્ષ્મીને વરવાને ઉત્સુક મનવાળા મોટા હાથીપર બેઠેલા દૃઢ અને ઉપેન્દ્રની જેમ ઉત્કટ, ચાલતા એવા ચામરોથી શોભાયમાન, લટકતા કુંડલથી વિભૂષિત, દિવ્ય અને નૂતન એવા છત્રથી દિવસપતિના તાપને વાર

કરાવી. ત્રીજે દિવસે પણ વિવિધ ઉપાય અને યત્ન કરી સ્થિર કરતાં પણ જ્યારે તે તેવીજ રીતે પડી ગઇ, ત્યારે રાજાએ બહાર સ્ત્રીનેજ પ્રધાન વિગેરેને પૂછયું કેઃ—"હવે આ શી રીતે સ્થિર થાય?" પછી પરસ્પર વિચાર કરીને તેમણે રાજાને નિવેદન કર્યું કેઃ—"હે દેવ! દિવ્યચક્ષુવાળા નિમિત્તજ્ઞ પુરૂષો એમ કહે છે કે—નગરના અધિષ્ઠાયકનો તમારી ઉપર કોપ થવાથી તે બલિદાન લેવાની ઇચ્છાથી દરરોજ એ પ્રતોલીને પાડી નાખે છે," માટે હે રાજન્! જો એક મનુષ્યનું બલિદાન એને આપવામાં આવે, તોજ એ પ્રતોલિકા નિશ્ચલ થાય તેમ છે." આ પ્રમાણે તેમનું વચન સાંભળીને રાજા મનમાં વિચારવા લાગ્યો કેઃ—"અહો! આ પાપીઓની કેટલી બધી મૂર્ખાઇ છે? અર્હદ્વચનરૂપ દીપક જેમના આંતરતમ—અજ્ઞાનને ભેદતો નથી, તે પંડિતો પણ પ્રાયઃ અજ્ઞ સમજવા. મિથ્યાત્વરૂપ અંધકારમાં મુંઝાઇ ગયેલા પ્રાણીઓ સમ્યગ્માર્ગને ન જાણતાં મદ્ય પીનારાઓની જેમ વિવેક રહિત ચેષ્ટા કરે છે." આ પ્રમાણે ચિંતવીને કૃપારૂપ સુધાથી સંકલિત એવા રાજાએ તેમને કહ્યું કેઃ—"જેને માટે દુર્ગતિ આપવાવાળી એવી જીવહિંસા કરવામાં આવે,'તેવા એ નગરથી વિષની જેમ મારે કાંઇ પ્રયોજન નથી. કારણ કે કાનને છેદી નાખનાર સુવર્ણની શોભા શા કામની? નરકમાં ધસડી જનાર એક જીવવધના પાતકથી સુવર્ણ કોટીનું દાન કરતાં પણ માણસ શુદ્ધ ન થઇ શકે. કહ્યું છે કેઃ—

"मेरुगिरिकणयदाणं, धन्नाणं देइ कोडिरासिओ।
इक्कं वहेइ जीवं, न छुट्टए तेण पावेणं" ॥१॥

"માણસ મેરૂપર્વતના જેટલા સુવર્ણનું દાન આપે, અથવા ધનની કોટિઓ આપે, તો પણ એક જીવના વધથી થયેલ પાપથી તે મુક્ત થઇ શકતો નથી." માટે સર્વ પ્રજા સહિત હું જ્યાં આવાસ કરીશ, ત્યાં વિચિત્ર આવાસથી વિભૂષિત એવું નગર બની રહેશે. જે કોઇ મતિમાન પુરૂષ પોતાના હિતની ઇચ્છા રાખે છે, તેણે મન, વચન અને કાયાથી જીવરક્ષા કરવી. કહ્યું છે કેઃ—

" न कर्तव्या स्वयं हिंसा, प्रवृत्तां तां निवारयेत् ।
जीवितं बलमारोग्यं, शश्वद्वांछन् महीपतिः " ॥१॥

" જીવિત, બળ, અને આરોગ્યની સતત ઇચ્છા રાખનાર રાજાએ પોતે હિંસા કરવી નહિ, તેમજ બીજે ક્યાં તે થતી હોય તો અટકાવવી. " જો હિંસા કરતાં સુખની પ્રાપ્તિ સંભવે, તો વિષ ખાવાથી જીવિત શામાટે ન મળે ? કહ્યું છે કે:—

" स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता—
दमृतमुरगवक्त्रात्साधुवादं विवादा—
दभिलषति वधात्यः प्राणिनां सौख्यमिच्छेत् " ॥१॥

" જે પુરુષ પ્રાણિવધથી સુખની ઇચ્છા રાખે છે, તે અગ્નિથી કમળવન, સૂર્યના અસ્તથી દિવસ, સર્પમુખથી અમૃત, વિષથી જીવિત, અજીર્ણથી આરોગ્ય અને વિવાદથી સાધુવાદ મેળવવા પ્રયત્ન કરે છે. કૃપાધર્મના પ્રભાવથી માણસોને આરોગ્ય, સૌભાગ્ય, બળ અને ઐશ્વર્ય વિગેરે [illegible] પ્રાપ્ત થાય છે. [illegible] વિશ્વમાં [illegible] ત્રિવિધ [illegible] અંગીકાર કર્યું છે. તેને [illegible] પણ કરવાને નથી. કારણ કે [illegible] ન કરવાથી ઘોર નરકની [illegible] થાય છે. મોટા પુરુષો પણ જ્યારે [illegible] [illegible] પોતાના મનને [illegible] ન કરે તો [illegible] શું કરી ? " આ પ્રમાણે રાજાની [illegible] નહિ [illegible] અધિકારીઓએ નગરના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

નથી. ' જ્યાં હું ત્યાં નગર ' એમ કદાગ્રહથી બોલતો તે છાવણીને ઠેકાણે નવું નગર વસાવવા ઇચ્છે છે. આ પ્રમાણે સમજીને સર્વ કાર્યમાં ધુરંધર એવા તમારે રાજાને યુક્તિપૂર્વક વિજ્ઞપ્તિ કરવી. હવે તમને યોગ્ય લાગે તેમ કરો." આ પ્રમાણે લક્ષ્યપૂર્વક સાંભળીને તેઓએ પણ મહીપતિને નમસ્કાર કરીને વિજ્ઞપ્તિ કરી કે:—" હે સ્વામિન્ ! ઘણાને માટે એક જંતુના વધને સુજ્ઞ પુરૂષોએ માન્ય રાખેલ છે. કહ્યું છે કે:—

" त्यजेदेकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे, आत्मार्थे, पृथिवीं त्यजेत् " ॥ १ ॥

" સમસ્ત કુળનો અપાય થતો હોય તો એક પ્રાણીનો ભોગ આપવો, સમસ્ત ગામને માટે કુળનો ભોગ આપવો (ત્યાગ કરવો), આખા દેશને માટે ગામનો ભોગ આપવો અને એક આત્માને માટે આખી પૃથ્વીનો ત્યાગ કરવો." જો તમારે જીવહિંસા ન કરવાનું મન હોય, નગરને માટે તે બધું કરવા અમે તૈયાર છીએ." પછી રાજાએ કહ્યું કે:—" પ્રજા જે કાંઇ શુભાશુભ કરે છે, તેનો છઠ્ઠો ભાગ રાજાને નિશ્ચય મળે છે. કહ્યું છે કે:—

" यथैव पुण्यस्य सुकर्मभाजां, षष्ठांशभागी नृपतिः सुवृत्तः ।
तथैव पापादिकुकर्मभाजां, षष्ठांशभागी नृपतिः कुवृत्तः " ॥ २ ॥

" જેમ સદાચારી રાજાને પુણ્યવત પ્રજાના પુણ્યનો ષષ્ઠાંશ ભાગ મળે છે. તેમ દુરાચારી રાજાને પાપી પ્રજાના પાપનો ષષ્ઠાંશ ભાગ મળે છે." આથી પ્રજાએ ફરી પણ વિજ્ઞપ્તિ કરી કે:—" હે ભૂપતે ! પાપનો બધો ભાગ ભલે અમને મળે, આપ માત્ર પુણ્યમાત્રના ભાગીદાર થાઓ." આગ્રહ કરવામાં તત્પર એવી પ્રજાનાં આ પ્રમાણે વાક્યો સાંભળીને તત્કાલ સમર્થ મતિવાળા અને કૃપાળુ એવા રાજાએ મનમાં વિચાર કર્યો કે:—" આરોગ્ય, ઇશ્વરતા, શરીરપટુતા, સૌભાગ્ય, આયુ અને અતુલ સુવર્ણાદિ ધન—એ અખિલ પ્રાણીની દયારૂપ કલ્પવલ્લીનાં ફળો છે. એમ જગદીશ્વર જિનેશ્વરે કહે-

છે તથાપિ કુગુરૂના વચનમાં મોહિત થઇ જિનેશ્વરના વચનનો આદરપૂર્વક સ્વીકાર ન કરતાં લોકો નિંદ્ય, પાપનું એક સ્થાન અને મહાપીડાને ઉત્પન્ન કરનારી એવી હિંસાને મંગલને માટે માને છે." આ પ્રમાણે વિચાર કરતો રાજા જેટલામાં મૌન રહ્યો, તેટલામાં 'નિષેધ ન કર્યો માટે સ્વીકાર થયો' એવી બુદ્ધિથી તેઓ કામ કરવાના ઇરાદાથી ધન મેળવવા (ઉઘરાણી કરવા) લાગ્યા. કારણ કે પ્રાયઃ બધા પ્રાણીઓ પાપ કર્મને માટે પ્રયત્ન કરે છે. પછી તે ધનથી નાના પ્રકારના અલંકારયુક્ત અને સર્વાંગસુંદર આકારવાળો એક મોટો સુવર્ણપુરૂષ બનાવીને અને તેને શકટપર આરૂઢ કરીને પાપથી ઘેરાયલા એવા તે લોકો અખિલ નગરમાં ભમતાં ભમતાં આ પ્રમાણે ઉદ્દઘોષણા કરવા લાગ્યા કેઃ—"જે માણસ પોતાનો પુત્ર આપે તેને રાજા ધનલક્ષ સાથે આ સુવર્ણમય પુરૂષ આપવા ધારે છે."

હવે તે નગરમાં સર્વ દરિદ્ર જનોમાં એક દૃષ્ટાંતરૂપ, નિર્દય અને મૂર્ખશિરોમણી એવો વરદેવ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને રૌદ્રઆચારમાં તત્પર એવી રૂદ્રદત્તા નામની પ્રિયા હતી, અને તેમને વિનયી એવા સાત પુત્રો હતા. હવે તે ઉદ્દઘોષણા સાંભળીને લોભાંધ ચિત્તવાળા એવા તે વિપ્રે પોતાની સ્ત્રીને કહ્યું:—"હે ગૃહેશ્વરી ! સહુથી નાના ઈંદ્રદત્ત પુત્રને આપીને દ્રવ્યસહિત આ હેમપુરૂષ લઇ લઇએ. કારણ કે અત્યારે આપણે ઘેર સાત પુત્રો છે અને વળી હે કાંતા ! જો કુશળતા હશે, તો બીજા પણ પુનઃ થશે. પરંતુ સર્વાર્થસાધક એવુ ધન આપણે ઘેર બિલકુલ નથી. તે વિના ગૃહસ્થો પુત્ર સહિત હોય, તો પણ શોભતા નથી. વળી હે પ્રિયે ! સર્વત્ર ધનનું અદ્ભુત માહાત્મ્ય તો તું જો કે જેના પ્રભાવથી નિંદ્ય પણ ક્ષણવારમાં વંદ્ય થઇ જાય છે." આ સાંભળી ધનના લોભથી તે માતાએ પણ એ વાત કબુલ રાખી. 'અહો ! સંસારની અસારતા ! સ્વાર્થજ બધાને પ્રિય હોય છે.' પછી વરદેવે તે પટહ પકડીને કહ્યું કે:—'આ બધું મને આપો, કે જેથી હું તમને મારો પુત્ર સુપ્રત કરૂં.' આથી પૌરજનોએ પુનઃ કહ્યું કેઃ—"જો તું રાજાની પાસે પુત્રનું

ગણું મરકે, તો એ બધું તને આપીએ. ” એટલે લોભના વશથી તેણે તે વાત પણ કબૂલ રાખી અને જનનીએ પણ તે વાતની સંમતિ આપી. અહા ! સંસારના કુચેષ્ટિતને ધિક્કાર થાઓ. આ બધું સ્વરૂપ ઈંદ્રદત્તના જાણવામાં આવતાં તે વિચારવા લાગ્યો કે:—“ અહો ! અસાર સંસારની નિરસતાનું કેટલું વર્ણન કરીએ ? ઈંદ્રજાલ સમાન માતપિતા અને પુત્રાદિકપર મુગ્ધ જનો મહાપત્તિના ઘર તુલ્ય એવો સ્નેહ વૃથાજ કરે છે. કારણ કે સંસારમાં પ્રાયઃ સર્વને સ્વાર્થજ એક વહેલ છે. પોતાનો અર્થ ન સરે તો સ્વજનો શત્રુ સમાન થઈ જાય છે. અથવા તો ક્ષુધાર્ત્ત પ્રાણીનું મન અયોગ્ય કાર્યમાં તરત વળગે એવો કુદરતી સ્વભાવજ છે. ” આ પ્રમાણે વિચારમાં મગ્ન થઈ ગયેલો એવો પોતાનો પુત્ર આપી ધનના લોભી એવા વરદેવ વિપ્રે તે બધું લઈ લીધું. કહ્યું છે કે:—

“ स्नेहमूलानि दुःखानि, रसमूलाश्च व्याधयः।
लोभमूलानि पापानि, त्रीणि त्यक्त्वा सुखीभव ” ॥१॥

“ દુ:ખનું મૂળ સ્નેહ, રોગનું મૂળ રસ અને પાપનું મૂળ લોભ—હે મિત્ર ! એ ત્રણેનો ત્યાગ કરીને તું સુખી થા. ”

પછી નગરવાસીઓ સારાં વસ્ત્ર, તાંબૂલ અને ભૂષણાદિકથી તેને વિભૂષિત કરી રાજાની આગળ લાવ્યા. અલંકાર સહિત સારા આકારવાળા અને વિકસ્વર મુખકમળવાળા એવા તેને જોઈને સર્વના દેખતાં રાજા આ પ્રમાણે કહેવા લાગ્યો:-“ હે ભદ્ર ! હે દ્વિજબાલક ! તું શામાટે હાસ્ય કરે છે ? તું જો કે હજી લઘુ છે, છતાં તને મરણથી પણ શું ભય નથી ? ” આ સાંભળતાં મુદિત મુખ કરીને ઈંદ્રદત્ત પણ કહેવા લાગ્યો કે:-“ હે સ્વામિન્ ! મરણ તો અવશ્ય થવાનુંજ છે, તો પછી ભીતિ રાખવી શા કામની ? પિતા જ્યારે પુત્રને ખેદ પમાડે ત્યારે તે માતાને શરણે જાય અને માતા ખેદ પમાડે તો તે પિતાને શરણે જાય, તે બંનેથી પરાભવ પામે તો તે રાજાનું શરણ લે અને રાજાથી પરાભવ પામે તો તે મહાજનનો આશ્રય લે, પરંતુ રાજા

વિગેરે સર્વને જ્યારે એકજ મતિ સૂઝી, તો પછી મારા જેવા અનાથને કોનું શરણ રહ્યું કહ્યું છે કે:—

“ माता यदि विषं दद्यात्, पिता विक्रयते सुतम् ।
राजा हरति सर्वस्वं, का तत्र परिदेवना ” ॥१॥

“ માતા પોતે જ્યારે પુત્રને વિષ દે અને પિતા તેનો વિક્રય કરે તથા રાજા સર્વસ્વ લૂટી લે, ત્યાં અફસોસ શો કરવો ?” એટલા માટેજ હે વસુધાપતિ ! અત્યારે સર્વના ઉપકારને માટે ધીરતાપૂર્વક મારે મરણનું શરણ લેવું એજ શ્રેયસ્કર છે. વળી હે દેવ ! દરિદ્રતાનું મૂળ તોડીને કલ્પવૃક્ષ જેવી પ્રસન્નતાથી નિદાનરહિત સમગ્ર જગતને દાન આપતા જેણે દયાની [illegible] પ્રાણીની ગરૂડથકી રક્ષા કરવાને પોતાના [illegible] ક્યાં એવા ત્રિલોક-શિરોમણી શ્રીજીમૂતવાહનનું [illegible] આશ્ચર્યકારક ચરિત્ર તમારા [illegible] તો રાજાસહિત [illegible] છે. માટે [illegible]

આ [illegible] સાંભળીને [illegible] આ પ્રમાણે રાજાની ધર્મદેશના અને ચિત્ર [illegible] પ્રસન્નતાપૂર્વક [illegible] આ પ્રમાણે [illegible] છે અને [illegible] આ [illegible]

મનાય છે. જીવરક્ષાનું વ્રત સાચવવામાં જેની સુરાસુર અને મનુષ્યથી અક્ષોભ્ય એવી આવા પ્રકારની દૃઢ બુદ્ધિ હોય, તે ખરેખર ! મહાત્મા છે ! તત્ત્વાતત્ત્વને જાણતાં છતાં પણ કેટલાક સત્ત્વહીન પ્રાણીઓ એક સ્વલ્પ કામમાં પણ પ્રાયઃ વ્રતભંગ કરવા તૈયાર થઈ જાય છે. સમ્યગ્જ્ઞાન અને ક્રિયા જોકે પોતાના પ્રાણ હરતાં પણ અધિક માન્યા છે, તે પુણ્યાત્મ ભૂપતિની જેમ કોને શ્લાઘ્ય ન થાય ? સત્ત્વશાલી પુરૂષોમાં અગ્રેસર એવા હે ઈંદ્રદત્ત ! તને નમસ્કાર થાઓ. મારા જેવો સામાન્ય જન તો શું ? પરંતુ ઈંદ્રાદિક પણ તારી જેટલી પ્રશંસા કરે, તેટલી થોડી છે." આ પ્રમાણે પ્રશંસાપૂર્વક દેવતાએ તે બન્નેની ઉપર જગતને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી પુષ્પવૃષ્ટિ કરી. તથા તે દેવતાએ તરતજ વિધિને વિસ્મય પમાડે તેવી સુવર્ણના જેવા આકારવાળી નવી પ્રતોલી બનાવી આપી. પછી ઉંચી ધ્વજાઓથી શોભાયમાન એવા તે નગરમાં પ્રજાજનોના આનંદ સાથે વસુધાપતિએ પ્રવેશ કર્યો. પછી પોતાના સત્ત્વથી ઈંદ્રદત્ત પણ સર્વત્ર માન્ય થયો. કારણ કે પરોપકારી પુરૂષ અવશ્ય ઉત્કર્ષને પામે છે. અનુક્રમે શત્રુઓને વશ કરનાર એવા પોતાના પુત્રને રાજ્યભાર સોંપીને તે રાજાએ દેવતાઓને પણ દુર્લભ એવી ચારિત્રલક્ષ્મી સ્વીકારી. પછી સમ્યક્ પ્રકારે તપસ્યા આરાધન કરીને તે રાજા આનંદ નામના દેવલોકમાં વૈમાનિક દેવતા થયો.

આ પ્રમાણે [illegible] આનંદના [illegible] [illegible] એવા રાજાને નમસ્કાર કરીને [illegible] પોતાને ઘેર ગયો. રાજા પણ રાજ્ય સંબંધી અનેક કાર્યોની [illegible] કરીને [illegible] [illegible] ધ્યાન [illegible] આનંદ [illegible] તે અંતઃપુરમાં જઈને પરમ આનંદ પામ્યો.

હવે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરવા લાગ્યો -

હરિણીની કથા.

" ઘણા વૃક્ષોથી સંકીર્ણ, પાણીથી ભરેલા એવા સરોવરોથી પરિવેષ્ટિત એવા એક જીર્ણ વનમાં સરલ, પોતાની ઇચ્છા મુજબ સ્વાદિષ્ટ તૃણાસ્વાદ અને પયઃ પાનથી પ્રમોદ માનનારી એવી એક મંદ ગમનવાળી હરિણી પોતાના હરિણ સાથે રહેતી હતી. મૃગબાળના મુખ સહિત તે મૃગલી અટવીમાં [illegible] ભ્રમણ કરતી કરતી સ્વેચ્છાએ સુખે રહેતી અને સ્વેચ્છાએ પ્રાણપ્રિય સાથે ક્રીડા કરતીહતી.

હવે અહીંતે વનની પાસેના મહી મહિલાના મંડનરૂપ એવા કોઈ નગરના યથાર્થ નામધારી એવો શત્રુમર્દન (શત્રુઓનો નાશ કરનાર) નામે રાજા રાજ્ય કરતો હતો. તેને જુદી જુદી રાણીઓથી જન્મ પામેલા વિનયથી [illegible] અને માતાને પ્રિય લાગતા એવા સુબાહુ [illegible] પુત્ર હતા [illegible] તે વનમાંથી ચાલતી [illegible] એક પુત્રને [illegible] અને ચરણના [illegible] રાજ [illegible] ક્રીડા કરતો [illegible] પૂર્વક [illegible] રાજપુત્રોને [illegible] બીજા રાજપુત્રોના [illegible] તેવા [illegible] [illegible] [illegible] એવા સહુમાએ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] " આથી રાજાએ [illegible] [illegible] —

" [illegible] ?" એટલે

તેમાંથી એક જણ બોલ્યો કે:—"હે નાથ! ઉગ્ર નામના વનમાં વિવિધ પ્રકારનાં મોટાં પ્રાણીઓ ફર્યા કરે છે." પછી રાજા પોતે ત્યાં [illegible] વેશ લઇને અને તે આપને બોલાવીને મૃગલાંઓને પકડવા તે વનમાં ગયો. હરિણને પકડવા [illegible] વાળા એવા તે રાજાએ તે વનને વિષમ જોઇને ધર્મનો વિરોધ કરવાવાળી એવી બુદ્ધિ (યુક્તિ) કરી. ચારે દિશાઓમાં સરોવરોની પાળો ફોડીને રાજાએ તે ચારે બાજુ પાણીથી પૂર્ણ કરી દીધું, અને ઉદ્યાનની ચારે બાજુ [illegible]. તથા તેમાં ઉગ્ર [illegible] વિશેષથી અગ્નિ [illegible] અને સર્વત્ર [illegible] આશાનો ધ્વંસ કરવાવાળા એવા [illegible] માંડી દીધા. તેમજ તે ધર્મનો ધ્વંસ કરવાવાળા અને વિવિધ આયુધોથી યુક્ત એવા શિકારીઓ ઉભા રાખી દીધા. આ પ્રમાણે રચના કરીને રાજાએ [illegible] મૃગોને પકડીને તે પોતાના પુત્રોને આપ્યા. કારણ કે એક [illegible] સ્થાન છે. આ જોઇને કોઇક વિરોધી પંડિત [illegible] તે [illegible] આ પ્રમાણે એક શ્લોક બોલ્યો:—

"[illegible]
[illegible]
[illegible]
[illegible]" ॥ ૧ ॥

[illegible]

જેમ પરમાનંદ પામે, તેમ રાજા પણ અંતઃપુરમાં જઈને પરમ સંતોષ પામ્યો.

પછી પાંચમે દિવસે પણ રાજાએ પૂર્વ પ્રમાણે પૂછયું, એટલે કાંતિયુક્ત મુખવાળો એવો તે કોટવાળ નમસ્કારપૂર્વક આ પ્રમાણે કથા કહેવા લાગ્યો:—

ભારતીભૂષણ મંત્રીની કથા.

"ગૌડદેશની અવનીના લલાટમાં તિલકસમાન એવા પાડલીપુર નગરમાં વસુધા પર એક કલ્પવૃક્ષ સમાન એવો વસ્તુપાલ નામનો રાજા હતો. પ્રાર્થના કરતાં પણ યાચકોને સદા અધિક દાન આપનાર એવા તે ભૂપને જોઈને કલ્પવૃક્ષો લજ્જા પામીને મેરૂપર્વત પર ચાલ્યા ગયા. તે રાજાના હૃદયમાં ભારતીને ભૂષણરૂપ માનનાર, અને વિદ્વજ્જનોમાં મુગટસમાન એવો ભારતીભૂષણ નામનો પ્રખ્યાત મંત્રી હતો. રાજા સદા પોતાની બુદ્ધિથી જેમ કવીંદ્ર મહાર્થયુક્ત કાવ્યો બનાવે તેમ નવા નવા ઉલ્લેખો બનાવીને જુદા જુદા દેશોમાંથી આવેલા વિદ્વાનો પાસે તેનો અર્થ કરાવતો અને પ્રસન્ન થઈ ઈચ્છા કરતાં પણ અધિક દાન આપીને તેમને અત્યંત સંતુષ્ટ કરતો હતો. તેથી વિશ્વના મંડનરૂપ એવા વિવિધ પંડિતોથી પરિવૃત થઈ તે રાજા સર્વત્ર અદ્ભુત પ્રખ્યાત થયો. તેવા પ્રકારની વિદ્યા, લક્ષ્મી અને દાન—એ ત્રણ ગુણોથી એક સામાન્ય જન પણ મોટાઈને પામે, તો પૃથ્વીપતિ જગત્પ્રસિદ્ધ થાય તેમાં શું આશ્ચર્ય ? કારણ કે:—

"आत्मनो भूषणं विद्या, शरीरस्य हरिप्रिया।
दानस्योदारता शीलं, पुनः सर्वस्य भूषणम्" ॥१॥

"આત્માનું ભૂષણ વિદ્યા, શરીરનું ભૂષણ લક્ષ્મી (શોભા) દાનનું ભૂષણ ઉદારતા અને શીલ એ સર્વનું ભૂષણ છે."

એકદા સભામાં વિદ્વાનોની સાથે ગોષ્ઠી નીકળતાં તે ચતુર સચિવે પોતાના બુદ્ધિબળથી રાજાનું પદ અનેક રીતે દૂષિત કર્યું (તેમાં

અનેક દોષ બતાવ્યા). રાજાએ પણ પોતાની બુદ્ધિથી તે કાવ્યમાંનાં દૂષણો સુધાર્યાં, એટલે મંત્રીએ પુનઃ વિશેષતાથી તેમાં પદે પદે દૂષણ બતાવ્યું. આ પ્રમાણે ગુણદોષના વિચારથી, વિદ્યાના મદથી ઉશ્કેરાઈ ગયેલા ચિત્તવાળા એવા તે બંનેનો બહુ વખત સુધી એક ભયંકર વિવાદ ચાલ્યો. પછી રાજાએ કોપ કરીને તેના બંને હાથ બંધાવીને રાત્રે તે સચિવને ગંગાનદીના પયઃપૂરમાં નાખી દીધો, પણ પૂર્વના પુણ્યયોગે તે સ્થલ ઉપર પડ્યો. કારણ કે પ્રાણીને એક ધર્મજ સર્વત્ર સહાયકારક હોય છે. હવે ત્યાં રહેલા મંત્રીએ વિચાર કર્યો કે:—"કવિ કવિને સહન ન કરી શકે—આ લોકરૂઢિ રાજાએ સત્ય કરી બતાવી." કહ્યું છે કે:—

"शिष्टाय दुष्टो विरताय कामी, निसर्गतो जागरूकाय चौरः ।
धर्मार्थिने कुप्यति पापवृत्तिः, शूराय भीरुः कवये कविश्च" ॥१॥

"શિષ્ટજન દુષ્ટ, યતીપર કામી, જાગનાર પર ચોર, ધર્મીપર પાપી, શૂરવીરપર બીકણ અને કવિપર કવિ—એ સ્વાભાવિક રીતે ઈર્ષ્યાળુ હોય છે." પછી ઉપરના પ્રદેશમાં વધારે વૃષ્ટિ થવાથી અકસ્માત્ ત્યાં દુસ્તર પાણીનો પૂર આવ્યો. એટલે તેમાં તણાતાં તણાતાં તે મંત્રી હૃદયમાં આનંદ આપે તેવું આ પ્રાકૃત પદ બોલ્યો:—

"रोहंति जेण बीयाइं, जेण तप्पंति पायवा ।
तस्स मज्झे मरिस्सामि, जायं सरणओ भयं" ॥ १ ॥

"જેનાથી બીયાં ઉગે છે અને વૃક્ષો વૃદ્ધ થઈ વૃદ્ધિ પામે છે, તેની અંદર મારે મરવું પડશે. માટે શરણથી ભય ઉત્પન્ન થયું." આ ગાથાના પ્રભાવથી મંત્રિના અધિન ભૂમિભાગને છોડી દઈને પાણી નીચે નીચે થઈને જવા લાગ્યું. તે વખતે અધોભાગે જતા જળને જોઈને તે વિસ્મય પામી પુનઃ સુસ્થ મનથી આ પ્રમાણે એક શ્લોક બોલ્યો:—

"शैत्यं नाम गुणस्तवैव भवतः स्वाभाविकी स्वच्छता,
किं ब्रूमः शुचितां भवन्त्यशुचयः संगेन यस्यापरे ।

किं चातः परमस्ति ते स्तुतिपदं त्वं जीवितं देहिनां,
त्वं चेन्नीचपथेन गच्छसि पयः कस्त्वां निरोद्धुं क्षमः" ॥ १ ॥

નામથીજ શીતલતા ગુણને અને સ્વાભાવિક સ્વચ્છતાને ધારણ કરનારા એવા હે જળ ! અમે શું વધારે કહીએ ? તારા સંગથી બીજા અશુચિ પદાર્થો પણ પવિત્ર થાય છે, હવે એ કરતાં કરતાં પણ વધારે અમે તારી સ્તુતિ કરવા જઇએ તો પ્રાણીઓનું જીવિત પણ તુંજ છે. માટે હે જળ ! આવા તારામાં ગુણો હોવા છતાં જો તું પોતેજ નીચ માર્ગે ગમન કરીશ, તો તને અટકાવવાને કોણ સમર્થ છે ? " આ પ્રમાણે સ્તુતિ કરતા તે મંત્રીરાજને તેના પુન્યથી આકૃષ્ટ થએલી સરિદ્દેવીએ તરત તેને બહાર મૂકી દીધો. ત્યાં નીમવામાં આવેલ કોઇ ચરપુરૂષે દેવતાએ કરેલ સહાયતા વિગેરે મંત્રીનું બધું સ્વરૂપ તેજ રાજાને યથાવત્ નિવેદન કર્યું. પછી રાજાએ વિચાર કર્યો કે " અહા ! મેં ખોટું કર્યું, કારણ કે આશ્રિતોમાં ગુણદોષની વિચારણા કરવી તે ઉચિતજ નથી. કહ્યું છે કે:—

" चन्द्रः क्षयी प्रकृतिवक्रतनुर्जडात्मा,
दोषाकरः स्फुरति मित्रविपत्तिकाले ।
मूर्ध्ना तथापि विधृतः परमेश्वरेण,
न ह्याश्रितेषु महतां गुणदोषचिन्ता " ॥ १ ॥

" ચંદ્ર ક્ષયી, સ્વભાવે વક્ર શરીરવાળો, જડ (જલ) રૂપ, દોષાકર (રાત્રિ કરનાર દોષનો આકાર-સ્થાન) અને મિત્ર (સૂર્ય) ના વિપત્તિ (અસ્ત) સમયે સ્ફુરાયમાન થાય છે, તથાપિ પરમેશ્વરે (મહાદેવે) તેને મસ્તકપર ધારણ કર્યો છે. કારણ કે સજ્જનો—મહાપુરૂષો આશ્રિતોમાં ગુણદોષનો વિચાર કરતા નથી."

પછી રાજાએ પ્રસન્ન થઇ તે મંત્રીને બોલાવીને અને બહુમાનપૂર્વક તેનો સત્કાર કરીને પૂર્વની પદવીપર તેને નીમ્યો. ' પ્રકૃતિનું વચન કહીને પણ રાજાને કદી ક્રોધ ઉત્પન્ન કરાવવો નહિ '

આ પ્રકારનું નીતિવાક્ય સંભારતો એવો તે મંત્રી રાજકાર્યમાં પ્રવૃત્ત થયો. પછી અનુક્રમે અવસર મેળવીને રાજ્યભાર પોતાના પુત્રને સોંપીને તેણે જૈની દીક્ષા અંગીકાર કરી લીધી. કારણ કે:-

" दुर्लभां धर्मसामग्रीं, यः प्राप्य स्वात्मनो हितम् ।
न कुर्यात्समये किंचि–द्विवेकी स कथं मतः ? " ॥ १ ॥

" દુર્લભ એવી ધર્મસામગ્રી મેળવીને જે અવસરે પણ કંઇ આત્મહિત ન સાધે, તે વિવેકી કેમ કહેવાય ? "

" હે મહીનાથ આ પ્રમાણે પંડિતોની સભામાં કથા સાંભળતાં મને કાલક્ષેપ થયો. કારણ કે સર્વેદ્રિય દુર્જય છે." આ રીતે રહસ્ય સ્પષ્ટ પ્રકાશતાં પણ તે રાજાના ખ્યાલમાં ન આવવાથી દુર્ગપાલ પ્રણામ કરીને પોતાને ઘેર ચાલ્યો ગયો. પછી રાજા પણ વિષય (દેશ) ગ્રામ (સમૂહ) સંબંધી ચિંતાનો ત્યાગ કરીને સુસાધુની જેમ આત્માવાસ (પોતાના આવાસ)નો આશ્રય લઇ સમાધિ (સુખ) પામ્યો. અર્થાત્ રાજ્યની ચિંતાથી મુક્ત થઇ વિષયસુખમાં નિમગ્ન થયો.

હવે છઠ્ઠે દિવસે રાજાએ પૂર્વની જેમ પૂછ્યું, એટલે કોટવાલ સંખ્યાબંધ કૌતુકથી પરિપૂર્ણ એવું આખ્યાન કહેવા લાગ્યો:—

વાનરોની કથા.

કુરૂદેશના અવનીખંડના મંડનરૂપ પંડિતોને પ્રિય અને પુન્નાગ વૃક્ષોની શ્રેણીથી શોભાયમાન એવું નાગપુર નામનું એક રમ્ય નગર હતું. ત્યાં શત્રુઓને ત્રાસ આપનાર અને સજ્જનોની પ્રીતિ વધારનાર તથા વાસુદેવના જેવો પરાક્રમી એવો સુભદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે પોતાના મનના વિનોદને માટે વારંવાર ક્રીડા કરનારા અને અતુલ્ય ચપલતામાં વાયુ કરતાં પણ વધી જનારા એવા ઘણાં વાંદરાઓ રાખ્યા હતા. જેમ કોઇ કામી સ્ત્રીઓના કટાક્ષથી લલચાઇ તેમની સાથે રમતાં પોતાનું હિત ભૂલી જાય, તેમ

સ્ત્રીલોચનની પાંપણો જેવા ચંચલ એવા તે વાંદરાઓની સાથે આસક્ત થઈને રમતો એવો તે રાજા પણ પોતાનું હિત ભૂલી ગયો. રાજાનો પ્રસાદ પ્રાપ્ત કરેલ હોવાથી નગરમાં ઉપદ્રવ કરતાં પણ રાજભયથી તે વાંદરાઓનું કોઈ નામ લઈ શકતું નહિ.

હવે રાજાએ અંતઃપુરની ક્રીડાને માટે ચંપક, અશોક, પુન્નાગ, નારંગ, કદલી, તાલ, તમાલ, હિંતાલ વિગેરે વૃક્ષો અને ચારે બાજુના કિલ્લાથી સુશોભિત, ભદ્રશાલવનની સમાન મનહર શોભાવાળું એવું એક નૂતન ઉદ્યાન કરાવ્યું. તે વનમાં રાજા નિરંતર પોતાની રાણીઓ સાથે હંસીઓ સાથે હંસની જેમ હર્ષઘેલો થઈને લીલા કરવા લાગ્યો. એકદા તે વનમાં મદિરાપાનથી મત્ત બનેલા અને ચપલ એવા વાંદરાઓ કયાંકથી આવીને વૃક્ષોનો નાશ કરવા લાગ્યા. સર્વતઃ ઉદ્યાનની શોભાનો ધ્વંશ કરનારા અને મદોન્મત્ત થયેલા એવા તેઓ વનપાલકોની લેશ પણ ધાસ્તી રાખતા ન હતા. વાંદરાઓની દુષ્ટ ચેષ્ટાઓથી શોભા રહિત થયેલ વનને જોઈને દિલગીર થયેલા વનપાલકોએ રાજાને તે વાત નિવેદન કરી. તે સાંભળીને યમની જેમ કુપિત થઈને વનની રક્ષા કરવાને પોતાના ખેલાડી વાંદરાઓ ત્યાં મોકલ્યા. સમાન શીલવાળા અને સજાતીય એવા તે વાંદરાઓની સાથે ઘણે કાલે મળવાથી આનંદમગ્ન થઈને અત્યંત ભાંગતોડ કરતા એવા તે વાંદરાઓ પણ તાડની મદિરા પીને તેવીજ રીતે ચેષ્ટા કરવા લાગ્યા અને કૃતઘ્નની જેમ રાજાનો ઉપકાર તેઓ ભૂલી ગયા. અન્યાય કરવાવાળા છતાં રાજાના પ્રસાદપાત્ર હોવાથી તે વનવાસીઓને લેશ પણ શિક્ષા કરવાને કોઈ સમર્થ ન હતું. કારણકે:—

"राजा वा राजमान्यो वा, यद्यन्यायपरो भवेत् ।
तदा सामान्यलोकेन, निषेद्धुं शक्यते कथम्?" ॥ १ ॥

"રાજા પોતે યા તો કોઈ રાજમાન્ય જ્યારે અન્યાય કરવા તત્પર થાય, તો સામાન્ય લોકથી તેનો અટકાવ કેમ થઈ શકે?" આ પ્રમાણે વાંદરાઓનું ચેષ્ટિત જોઈને કોઈક ઉદ્યાનપાલક તે વખતે આ એક ગાથા બોલ્યો:—

" आरामरक्खणा मक्कडा, मुग्ग रक्खणा मुंडा ।
अजरक्खणा वग्घो, मूलविणट्ठं तु तं कज्जं " ॥ १ ॥

" જ્યાં આરામની રક્ષા માટે વાંદરાઓ રાખવામાં આવે, મ-
ગની રક્ષા માટે મુંડા (દાઢીઆ વા હાથી) રાખવામાં આવે અને
ઓની રક્ષા માટે વાઘ રાખવામાં આવે—તે કાર્ય મૂળથીજ નષ્ટ
સમજવું. " જો રાજા પોતેજ નિર્વિવેકી થઇ પોતાનું હિત
હણે, ત્યાં અન્ય બુદ્ધિમાન્ તત્ત્વોપદેશક પણ શું કરી શકે ?
છે કે:—

" एकं हि चक्षुरमलं सहजो विवेक-
स्तद्वद्भिरेव सह संवसतिर्द्वितीयम् ।
एतद्द्वयं भुवि न यस्य स तत्त्वतोऽन्ध-
स्तस्यापमार्गचलने ननु कोऽपराधः ?" ॥१॥

" સ્વાભાવિક વિવેક એ એક નિર્મલ ચક્ષુ છે અને વિવેકવંત
સમાગમ એ દ્વિતીય નેત્ર છે. દુનીયામાં આ બંનેથી જે રહિત
ં ખરેખર ! અંધજ છે, તે કદાચ ઉન્માર્ગે ચાલે, તો તેમાં અ-
ધ શો ? " ફલિત વૃક્ષોવાળું વન ક્યાં ? અને વાંદરાઓથી તેનું
ણ ક્યાં ? વિચાર વિના બોલતા તે કુબુદ્ધિરાજાને કોણ અ-
ી શકે ? "

આ પ્રમાણે કથાના મિષથી યમદંડ પણ રાજામાં ચોરપણું
પીને પોતાને ઘેર ગયો. એટલે મહત્ત્વવાળા છત્રીશ ગુણોથી સ-
ર એવા આચાર્યની જેમ છત્રીશ રાજગુણોથી દીપ્ત એવો રાજા
ના મહેલમાં જઈ લલનાઓની લાલિત્ય ભરેલી ક્રીડામાં
ગ્ન થયો.

હવે સાતમે દિવસે પણ રાજાએ તેજ પ્રમાણે પૂછયું, એટલે
પ એવો કોટવાળ રસની એક વિશાળ પ્રપા (પરબ) સમાન
ી કથા આ પ્રમાણે કહેવા લાગ્યો:—

" मूलविणट्ठा वल्ली, जं जाणह तं करिज्ज सुण्हाओ ।
अंबाए पंगुरणं. दिट्ठं एरंडमूलंमि " ॥१॥

" હે સુરો! વેલડી મૂળમાંથી વિનષ્ટ થઇ છે. માટે જેમ યોગ્ય લાગે તેમ કરો. કારણ કે એરંડના મૂળમાં પોતાનું વસ્ત્ર મૂકીને વિલાસ કરતી અંબાને મેં જોઈ. "

આ પ્રમાણે સ્વરૂપ વિચારીને જાગ્રત થયેલા વૈરાગ્યથી રંગિત એવા તે સાર્થવાહે ન્યાયોપાર્જિત પોતાની સર્વ સંપત્તિને યોગ્યસ્થાને વાપરીને પોતાની બંને પ્રિયા સાથે જિનચંદ્ર ગુરૂની પાસે સર્વ સુખની સખી તુલ્ય એવી આર્હતી દીક્ષા અંગીકાર કરી લીધી. પછી તપસ્યાને આચરતા, પંચમહાવ્રત પાળવામાં ધુરંધર, ત્રણ ગુપ્તિથી પવિત્રાત્મા, નિરંતર પંચસમિતિમાં સાવધાન, પોતાના આત્માની જેમ છકાય જીવની રક્ષાકરનાર, શિક્ષામાં વિચક્ષણ, બેંતાલીશ દોષરહિત શુદ્ધ આહાર લેનાર, ત્રણ દંડથી નિવૃત્ત, ચાર કષાયને સારી રીતે જીતનાર, નવ વાડસહિત શશી સમાન નિર્મળ શીળનું પાલન કરનાર, સામ્યામૃતના સરોવરમાં મગ્ન અને પરીષહોને સહન કરનાર, એવા તે મુનિ કેવળજ્ઞાન પામીને પરમ પદ પામ્યા. હે રાજન્! આ પ્રમાણે સાર્થવાહની કથા સાંભળતાં રસાવેશને વશ થવાથી મને વધારે વખત થઈ ગયો. "

આ પ્રમાણે સાતમે દિવસે તો રહસ્યને સૂચવનાર એવો તે યમદંડ નગરવાસીઓને તે વૃત્તાંત પ્રકાશીને પોતાને ઘેર ગયો. પછી રાજા મધ્યવખત વિષય (દેશ) વિગેરેનો વિચાર કરી મધ્યમ પ્રાણી જેમ સંવેગમા જાય, તેમ તે પોતાના આવાસમાં ગયો.

પછી આઠમે દિવસે ક્રોધાગ્નિથી અધિક જાજ્વલ્યમાન થતો, અનેક રાજાઓ, સામંતો, મંત્રીઓ અને શ્રેષ્ઠીઓથી પરવરેલો અને વાસુદેવની જેમ ઉદ્ધત એવો રાજા દેવપૂજાદિક યથોચિત પ્રાતઃકર્મ કરીને સિંહાસનપર આવી બિરાજમાન થયો. તે વખતે યમદંડને બોલાવીને અને નીતિમાર્ગનું ઉલ્લંઘન કરીને મદોન્મત્ત એવો રાજા પુરલોકોની સમક્ષ તેને આ પ્રમાણે પૂછવા લાગ્યો:—

देवं रागयुतं गुरुं विषयिणं धर्मं दयावर्जितं,
यो नैव त्यजति प्रमोदवशतः स त्यज्यते श्रेयसा " ॥१॥

" શઠ મિત્ર, અસતી ભાર્યા, કુળખંડી પુત્ર, મૂર્ખ મંત્રી, ઉત્સુક રાજા, પ્રમાદી વૈદ્ય, રાગી દેવ, વિષયી ગુરૂ અને દયાવર્જિત ધર્મ—એમનો જે ગોતના વગથી ત્યાગ કરતો નથી, તે કલ્યાણથી તજાય છે." આ પ્રમાણે વિચાર કરીને તેઓએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે —" હે પ્રભો! જેમની આ વસ્તુઓ છે, તેઓ ચોર છે." 'આપણું આ કાર્ય પાર ન પડ્યું.' આ પ્રમાણે વિચાર કરીને રાજા વિ[illegible] ન થયા. જેનો ત્યાગ [illegible] ને રાજા [illegible] ? [illegible]

[illegible]

[illegible]


આ પ્રમાણે વિરોધના ફળને સૂચવનાર, પૃથ્વી પર પ્રસિદ્ધ અને મંત્રીશ્વરે કહેલ એવું સુબોધનરાજાનું ચરિત્ર સાંભળીને એ વિક્ર-
રાજા અદ્ભુત હર્ષ પામ્યો.

॥ इति श्रीसम्यक्त्वकौमुद्यां तपागच्छनायकश्रीसोमसुंदरसू-
रिश्रीमुनिसुंदरसूरिश्रीजयचंद्रसूरिशिष्यैः पंडितजिनहर्षगणिभिः कृ-
तायां द्वितीयः प्रस्तावः ॥





॥ तृतीयः प्रस्तावः ॥





પછી વિદ્વજ્જનોને સંતુષ્ટ કરવામાં કલ્પવૃક્ષ સમાન એવ રાજાએ ક્ષણવાર મનની વૃત્તિઓને સ્થિર કરવા માટે એ કાગ્રતાથી દેવગુરૂનું ધ્યાન કર્યું. પરંતુ પાંચ ઇંદ્રિયોના વિષયમાં અતિ આસક્ત અને ચંચલતા લક્ષણવાળું એવું રાજાનું મન ક્ષણવાર પણ સ્થિરતા ન પામ્યું. મલ (મેલ) ધરવુ અને કષ્ટ વેઠવું સુગમ છે, પણ ખરેખર ! પોતાનુ મન વશ કરવું એ પ્રાણીઓને અતિદુષ્કર છે. કુતૂહલના આવેશથી તરંગની જેમ ચચલમનવાળા એવા મગધાધિપે પુનઃ અભયકુમાર મંત્રીશ્વરને કહ્યું:— " હે મહામને ! અત્યારે તે જે કહ્યુ, તે યોગ્યજ છે. કારણ કે હાથીને માટે ઉંદરોએ પણ રાજાને વ્યાકુલ કરી મૂકયો હતો. હવે અત્યારે જો આપણે ઉદ્યાનમાં જઇએ તો માણસોની સાથે વિરોધ થાય અને તે વિરોધથી લક્ષ્મીની હાનિ અને કર્મબંધન થાય. પરંતુ કૌતુકથી આક્રાંત થયેલુ અને ચચલ થતુ મારૂં મન નગરીમાં સામાન્ય લોક જોવાને અધીરૂં થાય છે. " ' વિચક્ષણ પુરૂષોએ રાજાનુ ચિત્ત ગમે તે કાર્યમા જોડી દેવુ. ' એ પ્રમાણે વિચારીને ' બહુ સારૂં ' એમ પ્રધાને રાજાને કહ્યું.

પછી અંજનના પ્રયોગથી અદૃશ્ય રૂપ કરીને વિવિધ પ્રકારના આશ્ચર્ય જોતા અને વિવિધ વાણી સાંભળતા એવા તે રાજા અને મંત્રી રાત્રિએ નગરમાં ચતુષ્પથાદિક માર્ગ, પ્રપા અને દેવકુલ વિગેરે સ્થળે ભમવા લાગ્યા. એટલામાં રાજાએ કોઇક પ્રાણીની છાયા (પડછાયો) જોઇ, પરંતુ બારીકાઇથી તપાસ કરતાં પણ તેનુ રૂપ ક્યાંઈ

મન સાંસારિક ઉત્સવના આરંભમાં પ્રવૃત્ત થતું નથી. આ લોક બંધી સુખ આપવાવાળા એવા ઉત્સવો બધા સુલભ છે, પણ લોકમાં સુખ આપવાવાળી એવી ભગવંતની ભક્તિજ એક દુ છે." આ સાંભળી શ્રેષ્ઠીએ કહ્યું કે:—"આવા પ્રૌઢ ઉત્સવમાં તમારા મનની આવી ધર્મદૃઢતા છે, તેથી તમે ધન્યતમ છો નિશ્ચિત તત્ત્વજ્ઞ છો. પવનથી ઉડતા આકડાના રૂની જેમ લોક હથી સુજ્ઞ સ્ત્રીઓનું મન પણ પ્રાયઃ ચંચલ જોવામાં આવે છે. પ્રાસાદના શિખરપર ગુણ (તંતુ-દોરી) ના સમૂહથી બાંધવ આવેલ અને સ્વભાવથી નિર્મલ છતાં ધ્વજા વાયુના યોગથી કંપે (ચંચલ થાય છે.)"

આ પ્રમાણે કહી પવિત્ર થઈ પ્રૌઢભાવથી ભાવિત એવો તે પોતાની પ્રિયાઓ સહિત પોતાના ઘરદેરાસરમા ગયો. ત્યા જે ધર્મ પ્રિય છે એવી પોતાની પ્રિયાઓ સાથે શ્રદ્ધાથી સમૃદ્ધ એવો વિધિપૂર્વક પરમેશ્વરની દ્રવ્યપૂજા કરીને ભાવપૂજાને માટે આ પ્રમ સ્તુતિ કરવા લાગ્યો:—"જગતના આનંદરૂપ કંદને પલ્લવિત કર માં મેઘ સમાન એવા હે નાથ! તમે જય પામો. યોગીંદ્રોના હૃદ ળમાં વિલાસ કરવાથી એક હંસસમાન એવા હે ભગવન તમે વત વર્ત્તો. સર્વ અતિશય સંપન્ન. સર્વ અભીષ્ટ ફળ આપવાવા સર્વજ્ઞ, સર્વદર્શી સર્વસ્વરૂપી એવા હે વિભો! આપ જયવંત દેવો અને દેવદ્રોથી સ્તવાયેલા એવા હે વિભો! સુધાસ્વાદ જેમ રોગો નષ્ટ થાય, તેમ આપના માત્ર નામકીર્તનથીજ સંસાર સર્વ વ્યાધિઓ વિલય પામે છે. હે દેવ! જેને તમારૂ દ્વિવિધ દર સમ્યક્‌રીતે થાય છે, તેને જગતમા રહેલી ઉત્કૃષ્ટ સંપત્તિઓ પગ પગલે પ્રાપ્ત થાય છે. મોક્ષલક્ષ્મીએ સહિત અને આવીરીતે સ્તુ કરાયેલા એવા હે જગન્નાથ! આપ પ્રસન્ન થાઓ અને મને પરમ નંદ (મોક્ષની) સંપત્તિનું સ્થાન બનાવો." આ પ્રમાણે જગ શ્વરની સ્તુતિ કરીને પ્રિયાઓથી પ્રેરિત થયેલા અને કલુષતાને કરનાર એવા તે ચતુરશ્રેષ્ઠીએ સંગીત પણ કર્યું. વિશ્વત્રયમાં સર્વ

આશ્ચર્યકારક એવા તેના પૂજનવિધિને જોઈને ચોરની સાથે આવેલ મંત્રીસહિત રાજા વિચાર કરવા લાગ્યો કેઃ—"અહા! ગૃહસ્થજનોમાં વસુધાપર આ શ્રેષ્ઠીજ પ્રથમ વખાણવા લાયક છે, કે જિનેશ્વરપરની આવા પ્રકારની ભક્તિ જેના હૃદયમાં જાગ્રત છે. કહ્યું છે કેઃ-

भक्तिर्जिनेषु दृढता जिनभाषितेषु, श्रद्धा च धर्मकरणेषु गुणेषु रागः।
नित्यं तीव्ररुचिता विनयेषु वृत्तिः, कस्यापि पुण्यपुरुषस्य भवत्यवश्यम्॥१॥

"જિન ભગવંતપર ભક્તિ, જિન વચનપર શ્રદ્ધા, ધર્મકૃત્યમાં દૃઢતા, ગુણોપર અનુરાગ, દાનમાં તીવ્ર રૂચિ અને વિનયથી વર્ત્તન-આ ગુણો ખરેખર! કોઈ પુણ્યવંત પુરૂષનેજ પ્રાપ્ત થાય છે." પછી મુક્તિવધૂની દૂતીસમાન એવી ભાવાર્ચના કરીને નિવૃત્ત થયેલા અને જગદુત્તમ એવા શ્રેષ્ઠીને તેમની કાંતાઓ કહેવા લાગી કેઃ-"હે સ્વામિન્! મેરૂની જેમ દેવતાઓથી પણ લેશ ચલાયમાન ન થાય એવું સમ્યક્ત્વ આપના હૃદયમાં શી રીતે પ્રાપ્ત થયું?' આ સાંભળીને શ્રેષ્ઠી તેમની આગળ યથાસ્થિત અર્થસંયુક્ત અને સમ્યક્ત્વ માર્ગનો પ્રકાશ કરવામાં દીપિકા તુલ્ય એવી કોમળ વાણીમાં બોલ્યોઃ-

અર્હદ્દાસ શેઠની કથા.

"પહેલાં આજ નગરમાં કમલ સમાન લોચનવાળો અને શત્રુઓથી અજિત એવો પ્રસેનજિત નામે રાજા હતો, દાનગુણથી જેણે લોકો પાસે કૂમૂલવાહનનું સ્મરણ કરાવ્યું, ધર્મથી યુધિષ્ઠિરનું અને ન્યાયથી રામચંદ્રનું સ્મરણ કરાવ્યું. જેનો પવિત્ર શોભાલક્ષ્મીવાળો એવો શ્રેણિકરાજા અત્યારે પ્રજા જ્યાં સદા પ્રસન્ન રહે છે અને જ્યાં અતિશય પુણ્યનાં કામ થાય એવું અદ્ભુત સામ્રાજ્ય ભોગવે છે. ગુરૂની જેમ તે ભૂપાલથી પરિપાલન કરાતી એવી પ્રજાને ભૂતલપર ક્યાં પણ પરાભવનો સંતાપ પ્રાપ્ત થયો ન હતો. જેની શીતલ છાયાતળે રહેલા લોકો ઈંદ્રને એક તૃણસમાન પણ માનતા ન હતા અને મુનિઓ પણ તેના જેવા શુદ્ધ સમ્યક્ત્વની સ્પૃહા કરતા હતા. અહીં શ્રેષ્ઠ જનોમાં અગ્રેસર, વિચક્ષણ, રાજમાન્ય, લક્ષ્મીનું એક ધામ અને સર્વ જીવોપર કૃપાળુ એવો જિનદત્ત નામે શેઠ

હતો. જેણે પોતાના ઘરની પાસે જિન ભગવંતનું સંસારસાગરમાં નાવસમાન એવું સહસ્ત્રકૂટ નામનું ચૈત્ય કરાવ્યું છે. કહ્યું છે કેઃ—

" रम्यं येन जिनालयं निजभुजोपात्तेन कारापितं,
मोक्षार्थं स्वधनेन शुद्धमनसा पुंसा सदाचारिणा ।
वेद्यं तेन नरामरेंद्रमहितं तीर्थेश्वराणां पदं,
प्राप्तं जन्मफलं कृतं जिनमतं गोत्रं समुद्योतितम् " ॥१॥

" જે સદાચારી પુરૂષે શુદ્ધ મનથી સ્વભુજોપાર્જિત સ્વધનથી મોક્ષને માટે (સંસારથી મુક્ત થવા) રમ્ય જિનાલય કરાવ્યું છે, તેને નર, અમર અને ઇંદ્રોથી પૂજિત એવું તીર્થંકરપદ પ્રાપ્ત થાય છે. તેણે પોતાના જન્મને સફલ કર્યો, શાસનનો પ્રભાવ વધાર્યો અને પોતાના ગોત્રને પણ તેણેજ અજવાળ્યું સમજવું." કેવળ પરોપકારને માટેજ ગૃહસ્થાશ્રમમાં રહેતા એવા તેમને શ્રાવકધર્મ પાળનાર એવો હું પુત્ર થયો. પ્રસેનજિત રાજા લીલાપૂર્વક રાજ્ય કરતો હતો, ત્યારે અહીં એકદા કેશિદેવ આચાર્ય પધાર્યા. એટલે આનંદી એવો વસુધાપતિ અંતપરિપુરથી નિવૃત થઇ જિનદત્ત શેઠની સાથે દેવતાઓથી નમસ્કાર કરાયેલા એવા તેમને નમસ્કાર કરવાને ગયો. ત્યાં આચાર્ય મહારાજને નમસ્કાર કરીને યથોચિત સ્થાને બેઠા, એટલે નિર્મમ એવા મુનીશ્વરે સમ્યગ્ધર્મનો ઉપદેશ આપવો શરૂ કર્યોઃ—

" સંસારમાં ચોરાશી લક્ષ જીવયોનિમાં વારંવાર ભમતાં જેમ દરિદ્રને નિધાન પ્રાપ્ત થાય, તેમ પ્રાણીને મનુષ્યદેહ પુણ્યથીજ પ્રાપ્ત થઇ શકે છે. તેમાં પણ જિનભગવંતે કહેલ, સમ્યગ્દર્શનથી શુદ્ધ અને સાધુ તથા શ્રાવકના વ્રતોએ યુક્ત એવા ધર્મની પ્રાપ્તિ તો અતિ દુર્લભ છે. એ બંને પ્રકારના ધર્મનું પણ સદ્દૃષ્ટિ દ્વાર કહેવાય છે અને તે તૃણ, અગ્નિ વિગેરેના દૃષ્ટાંતથી અષ્ટધા કહેલ છે. તૃણાગ્નિ, ગોમયાગ્નિ, કાષ્ઠાગ્નિકણ, દીપપ્રભાસમાન, રત્ન, તારા, સૂર્ય અને ચંદ્રની પ્રભાસમાન—એ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવની આઠ પ્રકારની દૃષ્ટિ હોય

છે. કોઇક પ્રાણીને રૂચિથી તૃણાગ્નિ સદૃશ દૃષ્ટિ ઉત્પન્ન થાય છે, પરંતુ તે ઉત્પન્ન થતાંજ મોહના ઉદયથી તરત નષ્ટ થઇ જાય છે. કોઇકને છાણાના અગ્નિસમાન દીપ્ત હોય છે, કોઇકને કાષ્ઠના અગ્નિ સમાન અને કોઇને દીપ સમાન શુદ્ધતર પ્રભાવાળી દૃષ્ટિ હોય છે, કોઇકને રત્નની કાંતિ સમાન અને તારાની પ્રભા સમાન ઉલ્લાસાયમાન થાય છે, કોઇને સૂર્યના બિંબ સમાન અને કોઇને ચંદ્રની દીપ્તિ સમાન વધારે પ્રકાશિત હોય છે. આ દૃષ્ટિ જે જે પ્રાણીને ઉત્તરોત્તર હોય, તે તે પ્રાણીની પ્રાજ્ઞ પુરૂષોએ આસન્નસિદ્ધિતા કહેલ છે. એ દૃષ્ટિઓનું શમ, સંવેગ, નિર્વેદ, સર્વ જંતુપર દયા અને તત્ત્વશ્રદ્ધાન—એ અ- સાધારણ લક્ષણ કહેલ છે. જે પ્રાણીને ઔચિત્યાદિક ગુણોથી યુક્ત અને સમ્યગ્દર્શનપૂર્વક દેશવિરતિ યા સર્વવિરતિ પ્રાપ્ત થાય છે, તેનો મનુષ્યભવ અત્યંત [illegible] અને સ્વાર્થ સાધકપણાને લીધે તે દેવતાઓને પણ પ્રાર્થનીય છે [illegible] જિનભગવંતોએ કહેલ છે. જે પ્રાણી સમ્યગ્[illegible] [illegible] અને વિરતિ પામે છે, તેને આ દુર્લભ જન્મ પણ [illegible]

આ પ્રમાણે [illegible] આણનાર એવા તે જિન [illegible] [illegible] ઉચિત એવે. [illegible] એવા [illegible] નમસ્કાર કરે [illegible] પાતાને

[illegible] ની કથા.

[illegible] નાના પ્રકા[illegible] [illegible] કુરૂ[illegible] [illegible] ના [illegible] નક્ષેત્ર [illegible] [illegible] ના નાયક અને [illegible] [illegible] અને વ્યસનોના [illegible]

એકદા ભોજન કરતાં છતાં પણ દિવસના ચંદ્રની જેમ રાજાને સર્વ રીતે નિસ્તેજ અને દુર્બલ જોઇને મંત્રી તેને એકાંતમાં કહેવા લાગ્યો:–" હે સ્વામિન્! પૂર્ણ પર્ણ સમાન તેજને ધારણ કરતું એવું તમારૂં આ શરીર દિવસે દિવસે અત્યંત કૃશ થતું કેમ જોવામાં છે? તેથી શું તમને કોઈ ઉત્કટ આધિ કે વ્યાધિ સતાવે છે? ભોજન બરાબર પચતું નથી કે ક્ષુધા લાગતી નથી." આ સાંભળીને રાજાએ નિર્મળ મનવાળા એવા સચિવને કહ્યું કે:–" હે મંત્રિન્! કોઈ રોગ પણ અત્યારે મારા શરીરમાં બાધા કરતો નથી, પરંતુ કૃશતાનું જે કારણ મારા હૃદયમાં રમે છે, તે કારણ જણાવતાં મને ઘણીજ લજ્જા આવે છે." આથી પુનઃ મંત્રીએ રાજાને કહ્યું કે:–" હે રાજન્! શરીરના વિષયમાં ઉપેક્ષા યા શરમ કરવી યોગ્ય નથી. પ્રાયઃ સર્વ પ્રાણીઓને શરીર ધર્મસમાન હોય છે, તો તેના સ્વરૂપ-કથનમાં લજ્જા શા માટે કરવી? શરીરના અભાવે ધર્મ ન થઇ શકે, ધર્મના અભાવે સદ્ગતિ ન મળે અને સદ્ગતિ વિના પ્રાણીને સર્વા-મ સુખ પ્રાપ્ત થતું નથી." આ સાંભળીને રાજા બોલ્યો કે:–" જો એમ હોય તો તે સાંભળો-ઘણો આહાર લેતાં પણ પ્રાયઃ મારી ક્ષુધા શાંત થતી નથી. માની પ્રાણીઓ જેમ તેમ ભોજન કરીને પણ ઘણા દિવસો કહાડી નાખે છે, પણ ખરેખર! કદી યાચના તો તેઓ કરતાજ નથી." આ સાંભળી ભોજનમાં અદ્ભુત શક્તિ છતાં રાજા-ની અતૃપ્તિ જાણીને પ્રધાન વિસ્મયયુક્ત મનથી વિચાર કરવા લાગ્યો:–" ખરેખર! વિદ્યા, ઔષધ કે અંજનથી શરીરને અદૃશ્ય બનાવી કોઈ દુર્મુખશેખર (દુષ્ટશિરોમણિ) રાજાની સાથે ભોજન કરતો લાગે છે. માટે હવે ગમે તેવાં ઉપાયથી પણ રે તેને જાણવો કારણ કે આપત્તિમાં રાજા મંત્રીઓનેજ પોતાનુ ા સમજે છે. જેઓ આપત્તિમગ્ન પૃથ્વીનાથને શીઘ્ર દુઃખમુક્ત છે, કલ્પ પુરૂષ વિશેષ)ના જેવી બુદ્ધિવાળા એવા તે મંત્રી-જ ગણાય છે. અધમ મંત્રીઓજ પોતાની આજીવિકા માટે પો ા રાજાને દુઃખનિમગ્ન થયેલો જોવાને ઇચ્છે છે, પરંતુ ઉત્તમ

મંત્રીઓ તો તેને સુખી જોવાને ઇચ્છે છે, ” પછી તેને જોવાને કૌ
તકી એવા મંત્રીએ નાના પ્રકારના ઉપાય કરતાં ભોજનાવાસ
ભૂતલપર બારીક રજ પથરાવી, તેના દ્વાર આગળ પૂર્વે જેમણે સંકે
કરેલ છે એવા અને દુષ્ટ આશયવાળા એવા ખાત્રીદાર પુરૂષોને દ્વા
બંધ કરવા માટે રાખ્યા. તે મંત્રી પણ તે દિવસે ત્યાં ભોજનાવાસ
બુદ્ધિથી તેના ચિન્હને જોતો દંભથી ગુપ્તરીતે બેસી રહ્યો. હવે સ્ના
કરી પવિત્ર થઇ અને જિનભગવંતનું અર્ચન કરીને શ્રીમાન્ રા
જેટલામાં ભોજનને માટે ત્યાં આસનપર બેઠો, તેટલામાં રસલુ
એવો તે ચોર ત્યાં આવ્યો અને રજમાં પ્રતિબિંબિત થયેલાં ચરણો
પ્રધાને તેને જાણી લીધો. એટલે સંકેતિત માણસો પાસે પ્રથમ તેણે દ્વા
બંધ કરાવી દીધું. પછી ઘરની અંદર લીલાં લાકડાં અને ઔષધિ
જોડવીને લોચનમાંથી અશ્રુપૂર વહેવડાવવામાં સમર્થ અને દુઃસ
એવો ધુમાડો કરાવ્યો. તેના બળથી બંને નેત્રમાંથી અદ્ભુત અંજ
ઓગળી ગયું અને તેજ ક્ષણે તે ચોર સાક્ષાત્ જોવામાં આવી ગયે
ક્ષણવાર પછી જાણે જંગમ પાપના પૂર હોય એવો તેને ચોર જ
લીને કોપથી મુખને આરક્ત કરીને વસુધાપતિ કહેવા લાગ્યો:—
“ અરે દુષ્ટ ! દુરાચાર ! ચોર ! મલિન ! અપવિત્ર એવા તેં અમ
પણ અપવિત્ર કર્યા. ” આ પ્રમાણે કહીને રાજાએ ક્રોધ કરી તેને શ
ળીએ ચડાવવાનો કોટવાળને આદેશ કર્યો. રાજાના સેવકપણાથી
દુરાશય કોટવાળે પણ વધ્યસ્થાને લઇ જઇ તેને અનેક રીતે મા
મારીને પાયમાલ કરી મૂક્યો. પછી પોતાના કર્મથી પચતા એ
તેને શૂળી ઉપર ચડાવ્યો, એટલે તીવ્ર દુઃખરૂપ અગ્નિથી સંતા
પામતો એવો તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે —“ અહો ! ક
કર્મ વિપાક, અહો ! દુઃખ પરંપરા, અહો ! મારા પાપોનું ફળ મ
અહીંજ મળ્યું. એકવાર કરેલું કર્મ બીજની માફક જીવોને ભવોમ
કોટિ દુઃખરૂપે વિપાક આપે છે. ” આ પ્રમાણે અતિશય દુઃખ
વેદનાથી વિચાર કરતા એવા તેને તે વખતે સૂર્યના આતપના તાપ
બહુજ તૃષા લાગી. તેથી નજીકના લોક પાસે તેણે પાણીની અત્યં



। કરી, પરંતુ રાજાના ભયથી તેને કોઇએ પણ પાણી આપ્યું એવામાં શિષ્ટશિરોમણિ, સર્વ જીવોપર કૃપાલુ અને દુઃખિતો ધિક દયાલુ એવા જિનદત્ત શેઠી ત્યાંથી નિકળ્યા. એટલે ાથી અત્યંત પીડિત એવા તેણે તેમને જોઇને પાણીની યાચના ગાથી અન્યને અર્થ સાધવામાંજ પરાયણ એવા શેઠીએ મનમાં કર્યો કે:—" સર્વ ધર્મોમાં જૈન ધર્મ શ્રેષ્ઠ કહેલ છે, તે ધ- પણ જીવદયા અને વિશેષથી દીનદયા મુખ્ય કહેલ છે. દુઃખીને જેનું મન દયાર્દ્ર ન થાય, તેના હૃદયમાં આર્હત ધર્મનો લેશ) પણ નથી એમ સમજવું. જેઓ પરપ્રાણીઓના દુઃખથી કરવા ધુરંધર છે, તેજ પુરુષો ધન્ય છે અને તેઓ દેવતાઓને વાનનીય છે. કહ્યું છે કે:—

" शूराः संति सहस्रशः प्रतिपदं विद्याविदोऽनेकशः,
संति श्रीपतयो निरस्तधनदास्तेपि क्षितौ भूरिशः ।
किंत्वाकर्ण्य निरीक्ष्य वान्यमनुजं दुःखार्दितं यन्मन-
स्तादूप्यं प्रतिपद्यते जगति ते सत्पुरुषाः पंचषाः" ॥१॥

" જગતમાં શૂરવીર જનો હજારો છે, વિદ્વાનો પગલે પગલે જોવામાં આવે છે અને કુબેરના મદને મરડી નાખનાર એવા તે પણ ઘણા છે, પરંતુ અન્ય જનને દુઃખી જોઇને જેમનું મન અને તદ્રૂપ થાય છે, એવા સત્પુરૂષો જગતમાં માત્ર પાંચ છજ " આ પ્રમાણે વિચાર કરીને મધુરાલાપથી તેને સંતુષ્ટ કરતાં ને કહ્યું કે:—" હે ભદ્ર ! જ્યાંસુધી મારે ઘેરથી પાણી લાવીને માપું, ત્યાંસુધી અનેક ભવના સંતાપના સમૂહનો ક્ષય કરનાર સુધા સમાન એવા આ નમસ્કારરૂપ મંત્રનુ પાન (સ્મરણ) સર્વ સુખદાયક અને કોટિકષ્ટનો નાશ કરનાર એવા આ પંચ ન- રરૂપ મંત્રને અંતસમયે પુણ્યવંત પ્રાણીઓજ પામી શકે આ સાંભળીને તે ચોર પણ કહેવા લાગ્યો કે:—" હે બાપો ! ખકારક મંત્ર મને આપો. " એટલે શેઠીએ તેને પરમેષ્ઠીનમ-

સ્કારરૂપ મંત્ર સંભળાવ્યો. અમૃતના પાન સમાન એવા પંચનમસ્કારરૂપ મંત્રને પામીને તે ચોર દિવ્ય લક્ષ્મીની વાનકી સમાન એવા મહા આનંદને પામ્યો. પછી શ્રેષ્ઠી જેટલામાં પાણી લઈને તરત ત્યાં આવ્યો, તેટલામાં તે ચોર મરણ પામીને નવકારમંત્રના ધ્યાનથી દેવપણાને પામ્યો. પછી મરણ પામેલા એવા તેને જોઈને જિનદત્ત હૃદયમાં ખેદ પામ્યો અને વિચારવા લાગ્યો કે:—"દીનને દયાપૂર્વક દાન આપવાથી થતું પુણ્ય મને પ્રાપ્ત ન થયું. પવિત્ર પાત્રના ઉપભોગને માટે અને દીન જનોની પીડાની શાંતિને માટે જળ કે અન્ન પ્રમુખ વસ્તુ ભાગ્યવંત પુરૂષનીજ વપરાય છે." પછી તેની સદ્ગતિને જાણવાની ઈચ્છાથી તેના દેહને જોઈને 'આ દેવ થયો છે,' એમ લક્ષણોથી શ્રેષ્ઠીએ જાણી લીધું.

હવે ચોરની સાથે સ્વજનપણાનો સંબંધ ધરાવનાર પુરૂષને જાણવાની ઈચ્છાવાળા એવા રાજસેવકોએ શ્રેષ્ઠીનું સ્વરૂપ જોઈને રાજાને નિવેદન કર્યું, તે સાંભળીને ક્રોધથી રાજાની જેના મુખની કાંતિ હીન થઈ છે એવા તે રાજાએ તત્કાલ કોટવાલને બોલાવીને આ પ્રમાણે કહ્યું — "હે ભદ્ર ! અતિશય દુષ્ટ આશયવાળા એવા એ શેઠને બહુ જનસમક્ષ ખર પ્રકારનું વચન કહી હાથ પગ વિગેરે સર્વ અંગોને બાંધવાના સાથે છે, વળી તેના ઘરને મારા નામની મુદ્રા કરીને જલ્દી અહીં લાવો." રાજાના આદેશથી તેને ઘેર જઈને નિષ્ઠુર વચન બોલતા એવા તે તલારે તે શેઠને બોલાવીને રાજસભામાં આણ્યો. તેની સાથે રાજસભામાં આવતા શાંતસ્વભાવી એવા શ્રેષ્ઠીએ બન્ને પ્રકારના ભવનો અંત આણનાર એવા શુભધ્યાનનો આ પ્રમાણે આરંભ કર્યો. — "ચોત્રીશ અતિશયયુક્ત, મુક્તાફળ સમાન ઉજ્વલ અને જગતનું રક્ષણ કરનાર તથા ત્રિજગદ્વંદ્ય એવા સર્વ જિનભગવાન મને શરણભૂત થાઓ. અનંત સુખને પ્રાપ્ત થયેલા, વિદ્રુમ (પરવાળા) સમાન રક્ત કાંતિવાળા તથા સમગ્ર લક્ષ્મીને વશ કરવામાં એક કારણભૂત એવા સિદ્ધભગવંતનું મને શરણ થાઓ. પાંચ પ્રકારના આચારમાં કુશળ, અ[illegible] (અ[illegible]ર અ[illegible]) ની રક્ષા કરનાર

કે:—" કલ્પાંત કાળસમાન આ નગરમાં શું થયું ? દેવ, દાનવ, ય(ક્ષ) કે રાક્ષસ–કોઇ પણ કુપિત થઇને નગરમાં આવા પ્રકારનો ઉપદ્ર(વ) કરે છે. માટે શીઘ્ર એવો ઉપાય કયો કે, જેથી નગરમાં શાંતિ થા(ય). વિષમ કાર્ય ઉપસ્થિત થતાં મંત્રીઓજ તેનું નિવારણ કરવા સમ(ર્થ) થાય છે. " આ સાંભળી પ્રધાન પણ ત્યાંથી ઉઠી પવિત્ર થઇને ધ(ૂપ) પુષ્પોની માળા હાથમાં લઇને સર્વતઃ ધૂપનો ઉત્ક્ષેપ કરીને બોલ્યો કે "જે કોઈ દેવ આ ઉપદ્રવ કરતો હોય, તેણે અહીં પ્રત્યક્ષ થઇને પોતાની ઇચ્છા પ્રગટ કરવી." એવામાં દિવ્ય આભરણોથી વિભૂષિત અંગવાળો સાક્ષાત્ પરબ્રહ્મની જ્યોતિ ઉત્પન્ન કરતો હોય એવો કોઇક દેવ પ્રગટ થયો. એટલે હાથ જોડીને સન્મુખ ઉભેલા એવા રાજા વિગેરેને તેઓની ભક્તિને લીધે શાંતિ કરવાને ઇચ્છતા એવા તે દેવતાએ કહ્યું કે:—"પવિત્ર પુણ્યની નિપુણતાથી શોભાયમાન, નિરપરાધી અને સદા સદાચાર માં તત્પર એવા આ મારા ગુરૂની હે દુષ્ટો ! કેમ જીવતાં તમે આશાતના કરી શકો ? માટે તેનુ તમને ફળ આપવાને હું સ્વર્ગમાંથી આવ્યો છું. પોતે શક્તિમાન છતા જે પોતાના ગુરૂને થતી પીડા જોઇને બેદરકાર રહે છે (ઉપેક્ષા કરે છે), તેને ભવાંતરમા દુર્ગતિમાં નરકના કષ્ટ સહન કરવાં પડે છે. રાજાએ કુપિત થઇને જેને શૂળી ઉપર ચડાવ્યો હતો તે રૂપ્યખુર નામનો ચોર હું દેવતા થયો છું. મૃતાવસ્થાને પ્રાપ્ત થયેલા અને જળની યાચના કરતા એવા મને કરૂણાના પૂરથી પરિપૂર્ણ મનવાળા એવા તે શ્રેષ્ઠીએ મોક્ષલક્ષ્મીના એક કોલરૂપ એવો પરમેષ્ઠીનમસ્કાર મંત્ર આપ્યો અને તેના પ્રભાવથી હું પહેલા દેવલોકમાં દેવતા થયો છું. માટે જે આ મહાત્માને સંતાપ ઉપજાવશે તે દિવ્ય પ્રભાવથી તરત ભસ્મ થઈ જશે. " આ પ્રમાણે બોલતા એવા તે દેવને પરિવારસહિત સમ્યગ્ વિનયવૃત્તિથી રાજાએ તરત શાંત પાડ્યો. પછી જિનદત્ત શ્રાવકને બોલાવીને અને તેનો સારીરીતે સત્કાર કરીને રાજાએ પોતાનો અપરાધ ખમાવ્યો. પછી દેવમાયાનો તિરસ્કાર (દૂર) કરીને સ્ફુરાયમાન ઉત્સવની શ્રેણીથી ઉત્કૃષ્ટ ધર્મોન્નતિ કરતા એવા તે દેવતાએ તે આસ્તિક નરરત્નને આગળ કરીને

અને હાથીના સ્કંધપર બેસાડીને શ્વેત છત્રથી વિરાજિત, અપ્સરાઓ જેને સુંદર ચામરો વીંજી રહી છે, નાના પ્રકારના વાજિંત્રના મહાનાદથી જ્યાં આકાશમંડલ ગાજી રહ્યું છે, નાચતી એવી દેવાંગનાઓએ જ્યાં સમસ્ત નગરવાસીઓને હર્ષઘેલા બનાવી દીધા છે, આભગ માતના રાજા, અભયકુમાર અને કોટવાળથી પરિવારિત એવા અને જગતના હિતકારી એવા મારા પિતાને તે દેવ અમારે ઘેર તેડી આવ્યો. પછી મારા પિતાના ભવનાંગણમાં રત્નવૃષ્ટિ કરીને અને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને તે દેવ પોતાના સ્થાને ગયો."

આ પ્રમાણે ધનીનું વચન સાંભળીને એકાંતમાં રહેલો તે રૂપ્યખુર ચોર વિચારવા લાગ્યો કે:—" અહો! ખરેખર! કુળક્રમથી ચાલી આવતી આ ચૌર્યવૃત્તિ મને પ્રાપ્ત થઈ છે." તે વખતે દેવની લીલા અને ધનીની પરોપકારિતા સાંભળીને શ્રેણિકરાજા અને અભયકુમાર હૃદયમાં વિચારવા લાગ્યા કે:—" અહો! સંપદાના નિધાનરૂપ એવી ધર્મવંત પુરુષોની સંગતિ જો પુણ્યના સમૂહથી પ્રાપ્ત થાય, તો પછી શું શું પ્રાપ્ત ન થઈ શકે? સદા આનંદ અને સુખના આસ્વાદમાં નિમગ્ન એવા દેવતાઓ પણ ગુણવંત પુરુષોનો સદા સંગ ઇચ્છે છે, તે યુક્ત જ છે. પોતાના દુષ્કર્મથી નરકના માર્ગે સંચાર કરનાર એવો આ ચોર, તે ધનીના સંપર્ક (સંગ) થી દેવસમૃદ્ધિ પામ્યો. કહ્યું છે કે —

" जाड्यं धियां हरति सिंचति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपाकरोति।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्त्तिं,
सत्संगतिः कथय किं न करोति पुंसाम् " ॥१॥

" સત્સંગતિ બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્યતા આપે છે, માનોન્નતિ કરે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન રાખે છે અને કીર્તિને સર્વત્ર વિસ્તારે છે. હે મિત્ર! માણસોને તે શું શું ફળ નથી આપતી?" આ દેવ પણ ખરેખર કૃતજ્ઞજનોમાં એક વિશેષ

મંડનરૂપ છે, કે જે શ્રેષ્ઠીએ કરેલ ઉપકારની સ્થિતિ ભૂલી ન ગયો. કહ્યું છે કે:—

" प्रथमवयसि पीतं तोयमल्पं स्मरंतः,
शिरसि निहितभारा नालिकेरा नराणाम् ।
उदकममृतकल्पं दद्युराजीवितान्तं,
न हि कृतमुपकारं साधवो विस्मरंति " ॥ १ ॥

" પ્રથમ વયમાં પાન કરેલ એવા સ્વલ્પ જળનું સ્મરણ કરતા નાળીયેરો, માથે ભાર સહન કરીને અને પોતાનું જીવન અર્પણ કરીને પણ માણસોને સુધા સમાન એવું પોતાનું પાણી આપે છે. કારણકે સજ્જનો કરેલ ઉપકારને કદી ભૂલી જતા નથી. " પછી પ્રસેનજિત્ રાજા સાત્ત્વિક ગુણના ઉદયથી સાક્ષાત્ મારા પિતાને ઘેર આવીને આ પ્રમાણે તેમની સ્તુતિ કરવા લાગ્યો:—" હે શ્રેષ્ઠિન્! આ મહીતલપર પુણ્યવંત પ્રાણીઓમાં તુજ અગ્રેસર છે, કે જે તારી મતિ આ પ્રમાણે પ્રાણીઓનો ઉપકાર કરવામાં સદા રમતી રહે છે. કહ્યું છે કે:—

" ते तावत्कृतिनः परार्थघटकाः स्वर्थाविरोधेन ये,
ये च स्वार्थपरार्थसाधनपरास्तेऽमी नरा मध्यमाः ।
तेऽमी मानुपराक्षसाः परहितं यैः स्वार्थतो हन्यते,
ये तु घ्नंति निरर्थकं परहितं ते के ? न जानीमहे " ॥ १ ॥

"જેઓ પોતાના સ્વાર્થનો અવરોધ કરીને પણ પરના અર્થને સાધી આપે છે, તે સજ્જન પુરૂષો ગણાય છે. જેઓ પોતાના સ્વાર્થની સાથે પરના અર્થને સાધે છે, તે મધ્યમ પુરૂષો કહેવાય છે અને જેઓ પોતાના સ્વાર્થને માટે પરનું હિત બગાડે છે, તે નરરાક્ષસ સમજવો, પરંતુ જેઓ નિરર્થક પરના હિતને હણે છે, તેઓને કેવી ઉપમા આપવી ? તે અમે સમજી શકતા નથી. " અથવા તો ઉત્તમ જનોનો એવો સ્વભાવજ હોય છે કે, પરનું હિત સાધવા જતાં દુઃખ પડે, તો પણ તેને સુખ માની લે છે. કહ્યું છે કે:—

અને પોતાને ઉચિત એવું દાન આપ્યું. પછી મંત્રી અને શ્રેષ્ઠીસહિત રાજાએ વનમાં જઈને પાંચ અભિગમ સાચવીને ભક્તિથી વિધિપૂર્વક આચાર્યમહારાજને વંદન કર્યું. જો ભાવથી જિનેંદ્રપૂજન, સાધુવંદન અને તીર્થસેવન કરવામાં આવે, તો તે સમગ્ર પાપની શુદ્ધિ કરે છે. પછી મુનિચંદ્રગુરૂએ તેમને ભવતાપની શાંતિને અર્થે અમૃતરસથી ભરેલી અને સન્માર્ગ આપવાવાળી એવી આ પ્રમાણે ધર્મદેશના આપીઃ—"હે ભવ્યો! જેમ ન્યગ્રોધવૃક્ષનું પુષ્પ અને સ્વાતિનક્ષત્રનું જળ દુર્લભ હોય છે, તેમ માનવજન્મ અને જિનદર્શનની પ્રાપ્તિ દુર્લભ છે. તેમાં પણ કલ્પવૃક્ષ, પારસમણી અને દક્ષિણાવર્ત્તશંખની જેમ આંતરિક તત્ત્વશ્રદ્ધાન અતિદુર્લભ છે. દ્વિવિધધર્મના મૂળ તુલ્ય અને સંસારસાગરના કિનારા તુલ્ય એવા તે સમ્યક્ત્વને જિનભગવંતોએ નિસર્ગ, ઉપદેશાદિ ભેદોથી દશ પ્રકારે કહેલ છે. કહ્યું છે કેઃ—

"निस्सग्गुवएसरूई, आणरूई सुत्तबीजरूइमेव ।
अभिगमवित्थाररूई, किरिआसंखेव धम्मरूई" ॥ १ ॥

"નિસર્ગરૂચિ, ઉપદેશરૂચિ, આજ્ઞારૂચિ, સૂત્રરૂચિ, બીજરૂચિ, અભિગમરૂચિ, વિસ્તારરૂચિ, ક્રિયારૂચિ, સંક્ષેપરૂચિ અને ધર્મરૂચિ એ રીતે સમ્યકત્વના દશ પ્રકાર છે." જિનભગવંતે કહેલ તત્ત્વોને જે સ્વભાવથી શ્રદ્ધે છે, તે **નિસર્ગરૂચિ** કહેવાય છે. તેની પ્રાપ્તિ આ પ્રમાણે કહેલ છે. પ્રાણી **નદીપાષાણઘોલકના** ન્યાયથી સાત કર્મોની કંઈક ન્યૂન એક કોટાકોટી સાગરોપમપ્રમાણ સ્થિતિ કરીને **યથાપ્રવૃત્તિકરણથી** ગ્રંથિ પાસે આવે છે. રાગદ્વેષના દુર્ભેદ્ય પરિણામવિશેષને ગ્રંથિ કહેવામાં આવે છે. ગ્રંથિદેશની પ્રાપ્તિ થતાં પણ કોઈક પ્રાણી રાગદ્વેષને વશ થઈ પુનઃ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધે છે. જેને મહાવીર્ય ઉત્પન્ન થયેલ છે એવો કોઈક પ્રાણી **અપૂર્વકરણ** કરીને દુરતિક્રમ એવી તે ગ્રંથિનું ક્ષણવારમાં અતિક્રમણ કરે છે. પછી અનિવૃત્તિકરણ કરી તેની અંદર અંતરકરણ થતાં આગ

કર્યો, કેટલાકોએ શુદ્ધ સમ્યક્ત્વ અને કેટલાકોએ ભદ્રભાવનો સ્વીકાર કર્યો. સર્વ પ્રાણીઓપર કૃપાળુ એવો પ્રસેનજિત્ રાજા સર્વ ત્યાગી જગત્‌ને પ્રેમ ઉપજાવનાર એવા શ્રી શ્રેણિકને રાજ્યપર સ્થાપન કરીને સર્વ કામભોગથી વિરક્ત અને યતિધર્મનો અનુરાગી એવો તે શ્રાદ્ધધર્મનું આરાધન કરીને વૈમાનિક દેવતા થયો. તે અવસરે ચક્રવર્તી સમાન કાંતિવાળા એવા શ્રેણિક રાજાએ જિન ભગવંતના શાસનની પ્રભાવના કરી. આ નગરમાંજ પૂર્વે મેં આ બધું સાક્ષાત્ જોઇને પ્રથમ ગુરૂ પાસે શુદ્ધ સમ્યક્ત્વ સ્વીકાર્યું."

આ પ્રમાણે પોતાના સ્વામીનું કથન સાંભળીને મુદિત થની તે પ્રિયાઓએ કહ્યું કે:—"હે સ્વામિન ! આ આપનું યથાર્થ કથન અમને રૂચે છે. કારણ કે, માત્ર વાંછા જેટલુંજ ફળ આપનારા એવા ચિંતામણિ પ્રમુખ તો શાશ્વત લક્ષ્મી આપનાર એવા આર્હતધર્મના ચરણની રજ સમાન છે." એવામાં કુંદલતા બોલી કે:— "હે સ્વામિન ! જેમ દશ હાથ પ્રમાણ હરડે કહેવી તે મિથ્યા છે, તેમ આપનું અસત્ય કથન મારા માનવામાં આવતું નથી. માયાવી જનો બીજાઓને આનંદ પમાડવા પોતાના કલ્પના પ્રમાણે યુક્તિથી જેમ બોલે છે, તેમ બીજા લોકો સત્ય માની લે છે. ધર્મથીજ સુખ થાય છે, એ વાત આ લોકના જડાઓને હોય. કારણ કે ધર્મવંત જનો સર્વે પગલે દુઃખી દેખાય છે. કેટલાક લોકો નિરંતર પાપ કરતા પણ નજરાણી એવા તેઓ અખંડ છખંડ વસુધાનું મંડનરૂપ એવું સામ્રાજ્ય ભોગવે છે." આ કુંદલતાનું કથન સાંભળીને શ્રેણિકપુત્રએ પ્રધાનને કહ્યું કે —"અહો ! આ લતાના હૃદયમાં કેવું દુરાગ્રહ છે ? કે મારૂં સર્વ અનુભવેલું, નાગરિકોએ જોયેલું અને એના પતિએ પોતે કહેલું છતાં એ કેમ માનતી નથી ? જે કુબુદ્ધિ અભવ્ય કે દુરભવ્ય પ્રાણી હોય, તે બીજાઓએ કહેલ ધર્મની વાતપર શ્રદ્ધા કરતો નથી, એમ જિનભગવતે કહ્યું છે. હવે પ્રભાતે સર્વજનની સમક્ષ એ દુષ્ટ લતાનો હું નિગ્રહ કરીશ, કે જેથી બીજો કોઇ ધર્મનો આક્ષેપ કરનાર ન બને." આ સાંભળી અભયકુમાર

કરીને જગતને વિષે અદ્ભુત એવું સર્વજ્ઞધર્મનું માહાત્મ્ય માની લે." આ પ્રમાણે શ્રેષ્ઠીએ તેને હિતકારી એવી ધાર્મિક શિખામણ આપી, પરંતુ મિથ્યાત્વથી મોહિત થયેલા તેના મનમાં તે લેશ પણ તે ટકી શકી નહિ.

હવે પુનઃ શ્રેષ્ઠીએ કહ્યું કે:— "હે પ્રિયાઓ! મારા સમ્યક્ત્વને સ્થિર કરવાનો હેતુ અત્યારે મેં તમારી પાસે સ્પષ્ટ કહી બતાવ્યો. માટે હવે પ્રથમ કાંતા સમ્યકત્વને સ્થિર કરનારૂં અને જયશ્રીનું કારણ એવું પોતાનું સમગ્ર ચરિત્ર મારી આગળ કહે." પોતાના ભર્તાસ્ની આ પ્રમાણે આજ્ઞા થતાં પ્રસન્ન મુખવાળી થઇને દંતની કાંતિથી વસુધાને શુભ્ર બનાવતી એવી તે પોતાનું વૃત્તાંત કહેવા લાગી:-

"ભુવનમાં વિખ્યાત, પૃથ્વીમાં જેણે આનંદ પૂરી દીધો છે, અને સ્વર્ગનો જય કરનારી એવી અવંતીદેશના મધ્યભાગમાં **ઉજ્જયિની** નામની નગરી છે. જ્યાં શાસ્રનિપુણ ગૃહસ્થ શ્રીમંતો અનાદિકાળથી ચાલ્યા આવતા લક્ષ્મી અને સરસ્વતીના વૈરને દૂર કરનાર છે. ત્યાં શત્રુઓને પરાસ્ત કરનાર, જગતને આનંદ આપનાર એવા સ્વરૂપથી દેવતાઓ કરતા પણ સુંદર એવો **સુરસુંદર** નામે રાજા હતો. પુણ્યનો સાગર એવા જે ભૂપતિ સતકળાઓ અને સમગ્ર સુખસંપત્તિઓને તો એક પ્રિયમેલક તીર્થ જેવો થઈ પડ્યો. ચંપકમાળાની જેમ શીલરૂપ સુગંધને ધારણ કરવાવાળી અને ભૂતલને આનંદ આપવાવાળી એવી **કનકમાલા** નામની તેને રાણી હતી. હવે તેજ નગરીમાં રાજાનું પ્રસાદસ્થાન, બુદ્ધિમાન અને સમ્યગ્દષ્ટિ જીવોમાં મુકુટ સમાન એવો **વૃષભ** નામે એક મોટો શ્રેષ્ઠી હતો. જે શ્રેષ્ઠી પાત્રદાન, ગુણ અને પ્રીતિ પ્રમુખ ગુણથી અલંકૃત અને વસુધાપરના પુણ્યવંત પુરૂષોમાં એક અગ્રેસર હતો. કહ્યું છે કે:—

"पात्रे त्यागी गुणे रागी, भोगी परिजनैः सह ।
शास्त्रे बोद्धा रणे योद्धा, पुरुषः पंचलक्षणः" ॥ १ ॥

"પાત્રને દાન આપનાર, ગુણમાં રાગ ધરનાર, સ્વજનોની

સાથે સંપીને સુખ ભોગવનાર, શાસ્ત્રજ્ઞ અને સમરાંગણમાં સંગ્રામ કરનાર—એ પાંચ લક્ષણવાળો ઉત્તમ પુરૂષ ગણાય છે." સતીઓમાં હેતુ, સ્વપતિને અનુકૂળ અને સાક્ષાત્ લક્ષ્મીસમાન એવી જિનદત્તા-નામે તેને સ્ત્રી હતી. કહ્યું છે કે:—

" अनुकूला सदा तुष्टा, दक्षा साध्वी विचक्षणा ।
एभिरेव गुणैर्युक्ता, श्रीरेव स्त्रीनं संशयः " ॥ १ ॥

"પતિને સદા અનુકૂળ, પ્રસન્ન, દક્ષ, ઉત્તમ આચારવાળી અને વિચક્ષણ—આ ગુણોથી જે સ્ત્રી યુક્ત હોય, તે સ્ત્રી નહિ, પણ પરેખર ! લક્ષ્મીજ સમજવી." કુલીન એવી તે કાંતા સાથે વિવેકી શ્રીએ રાજહંસની જેમ સુખસરોવરમાં ચિરકાલ સુધી લીલા કરી.

એકદા દુરિતને દૂર કરનારા અને જાણે જંગમ પુણ્યસંગમ જ હોય નહીં એવા કોઈ ચારણમુનિ તેને ઘેર પધાર્યા. ભવ્યજનોને આનંદ આપનારા અને નાના પ્રકારના તપની મર્યાદાને નાચવનારા એવા તે મુનિને જોઈને સૂર્યને જોઈ જેમ પદ્મિની આનંદ પામે તેમ તે આનંદ પામી [illegible] થી [illegible] થતા [illegible] ધારણ કરતી એવી તે [illegible] વિધિપૂર્વક નમસ્કાર [illegible] દર્શન [illegible] મુનિ [illegible] એવી વાણીથી ધર્મોપદેશ [illegible]

[illegible]

[illegible] જિનાગમની [illegible]

ધર્મસાધનમાં અનુરાગ અને જિનાચાર્યાદિકમાં વૈયાવચ્ચ-સમ્યક્ત્વના એ ત્રણ લિંગ કહેલા છે. કહ્યું છે કે:—

" परमत्थसंथवो खलु, सुमुणियपरमत्थजइजणनिसेवा
वावन्नकुदिट्ठीण य, वज्जणमिह चउर सद्दहणं " ॥१॥

" परमागमसुस्सूसा, अणुराओ धम्मसाहणे परमो ।
जिणगुरुवेयावच्चे, नियमो सम्मत्तलिंगाइं " ॥२॥

" પરમાર્થ-તત્ત્વાર્થનો સંસ્તવ, પરમાર્થને સારી રીતે જાણનારા એવા મુનિઓની સેવા, નિન્હવ (સમ્યક્ત્વભ્રષ્ટ) અને મિથ્યાત્વીનો ત્યાગ-એ ચાર સદ્દહણા (શ્રદ્ધાન) કહેવાય છે. પરમસિદ્ધાંતની ભક્તિ, ધર્મસાધનમાં અત્યંત અનુરાગ અને જિનભગવંત તથા સાધુ મુનિરાજની વૈયાવચ્ચમાં નિયમ (દઢતા)-એ સમ્યક્ત્વના ત્રણલિંગ ચિન્હ છે. " વળી હે ભદ્રે ! સમ્યક્ત્વની પરમ શુદ્ધિને ઇચ્છતા એવા સમ્યગ્દૃષ્ટિએ અર્હંત, સિદ્ધ અને પ્રતિમાદિકનો દશ પ્રકારે વિનય સાચવવો, કહ્યું છે કે:—

" अरिहंत सिद्ध चेईय, सुए अ धम्मे अ साधुवग्गे य।
आयरिय उवज्झाए, पवयणे दंसणे विणओ " ॥१॥

" અર્હંત, સિદ્ધ, ચૈત્ય (જિન પ્રતિમા) શ્રુત, ધર્મ, સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન (ચતુર્વિધ સંઘ) અને સમ્યક્ત્વ એ દશમાં વિનય સાચવવો. " તેમજ સમ્યક્ત્વરૂપ માણિક્યને નિર્મળ કરવાના કારણરૂપ મન, વચન અને કાયા એ ત્રણ શુદ્ધિ કહી છે. કહ્યું છે કે:—

" मणवायाकायाणं सुद्धी सम्मत्तसोहिणी तत्थ ।
मणसुद्धी जिणाजिणमयवज्जमसारं मुणइ लोअं ॥१॥
तित्थंकरचरणाराहणेण जं मज्झ सिज्झइ न कज्जं ।
पत्थेमि तत्थ नन्नं, देवविसेसंति वयसुद्धी ॥२॥
छिज्जंतो भिज्जंतो, पीलिज्जंतोवि डज्झमाणोवि ।
जिणवज्जदेवयाणं न नमइ तस्सत्थि तणुसुद्धी " ॥३॥

વર્જવાં તથા તેમના બોલાવ્યા વિના પ્રથમજ તેમની સાથે આલાપ અને સંલાપ ન કરવો." આગાર યા અપવાદ રાજા, ગણુ વિગેરેથી છ પ્રકારના છે, તેના પ્રયોગથી અલ્પ સત્ત્વવાળા પ્રાણીનું સમ્યક્ત્વ ખંડિત થતું નથી. કહ્યું છે કે:—

" आगारा अववाया, छव्विह कीरंति भंगरक्खट्ठा ।
रायगणवलसुरक्कम गुरूनिगहावीत्तिकंतारा " ॥१॥

"રાજાનુયોગ, ગણાનુયોગ, બલાનુયોગ, દેવાનુયોગ, ગુરૂનિગ્રહ અને વૃત્તિકાંતાર-સમ્યક્ત્વભંગની રક્ષાને માટે આ છ આગાર કહેલા છે." સમ્યક્ત્વ એ સદ્ધર્મમંદિરનું દ્વાર-વિગેરે છ ભાવનારસથી ભાવવામાં આવતું સમ્યક્ત્વ મોક્ષસુખને આપનારૂં થાય છે. સમ્યક્ત્વ એ ચારિત્રધર્મરૂપ વૃક્ષનું મૂળ છે, ચારિત્રધર્મરૂપ મહેલનો તે દરવાજો છે, ધર્મરૂપ વાહનની તે પીઠ છે, જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિગેરે રત્નોનુ તે નિધાન છે, વિનયાદિ ગુણોના આધારરૂપ છે અને ચારિત્રધર્મરૂપ અમૃતનું તે ભાજન છે. એ પ્રમાણે સમ્યક્ત્વની છ ભાવના ભાવવી. વળી જીવ છે, તે શાશ્વત છે, પુણ્ય-પાપનો કર્ત્તા અને ભોક્તા છે, કર્મક્ષયથી તેને મોક્ષ છે અને જિનભગવંતે કહેલો મોક્ષ-માર્ગ-ઉપાય પણ છે. આ છ સ્થાનકમાં સમ્યક્શ્રદ્ધા પૂર્વક રાખેલી આસ્થા જેમ જાજ્વલ્યમાન અગ્નિ સુવર્ણને શુદ્ધ કરે છે, તેમ સમ્યક્ત્વને અવશ્ય શુદ્ધ કરે છે કહ્યુ છે કે:—

" अत्थि जिओ तह निच्चा, कत्ता भोत्ता य पुन्नपावाणं ।
अत्थि धुवं निव्वाणं, तदुवाओ अत्थि छट्ठाणे " ॥१॥

" જીવ છે, તે નિત્ય છે, પુણ્ય-પાપનો તે કર્ત્તા અને ભોક્તા છે, તેને મોક્ષ અવશ્ય છે, અને તેનો ઉપાય પણ છે-એ છ સ્થાનક સમજવા." જે પ્રાણીએ આ અડસઠ ભેદસહિત સમ્યક્ત્વ મેળવ્યું છે, તેના જન્મ અને જીવિત કૃતાર્થ છે. જ્ઞાનોપયોગથી જેમ મુનિ, તેમ સમ્યક્ત્વ વિના ચારિત્રારાધનરૂપ ધર્મ, તે દ્રવ્યરૂપતાને ભજે છે. અર્થાત્ તે માત્ર દ્રવ્યચારિત્ર ગણાય છે. જેના હૃદયમાં સમ્યક્ત્વની





જેવી બંધુશ્રી નામની પત્ની હતી. અને તે દંપતીને સુવર્ણ સમાન કાંતિવાળી એવી કનકશ્રી નામે સુતા હતી. એક દિવસ જિનદત્તાએ તેમને ઘેર જઇને પોતાના પતિને માટે કનકશ્રીની યાચના કરી. એટલે તેમણે કહ્યું કે:—"તારી ઉપર આ કેમ આપી શકાય ? સ્ત્રીઓને દરિદ્રની સાથે સંયોગ અથવા તો કૌમાર્યાવસ્થા સારી, પરંતુ સપત્નીની સાથે સહવાસ તેમને કોઇ રીતે શ્રેયસ્કર થતો નથી, સપત્નીપણાને પ્રાપ્ત થયેલી એવી સ્ત્રી કુલીન કે ધર્મજ્ઞ હોય, છતાં તે સ્વલ્પ કાર્યમાં પણ પ્રાયઃ અન્ય ઉપર દ્રોહ કરે છે." આથી જિનદત્તાએ પણ તેમને સભ્યતાપૂર્વક આ પ્રમાણે કહ્યું:—"દેવ પૂજાદિક કાર્યોમાં તથા ભોજનાવસરે મારે પતિની પાસે આવવું, અન્યત્ર કયાંય પણ નહિ કારણ કે વિરકત સ્ત્રીએ પણ પતિમાં સદ્ધર્મગૌરવ વધે તેમ કરવુ. મેં પૂર્વે ભોગ ભોગવ્યા, શરીરનું સુખ અનુભવ્યું, ગૃહકાર્યો કર્યા અને હવે તો તે અવસ્થા પણ ચાલી ગઇ. માટે જિનભગવંતે કહેલ ધર્મ કરવોજ મારે ઉચિત છે. આ સંબંધમાં દેવ, ગુરૂની આજ્ઞાજ મને એક અવધિ (મર્યાદા) રૂપ થાઓ." આ પ્રમાણે વિશ્વાસ પામતાં તેમણે પોતાની પુત્રી આપી અને શ્રેષ્ઠીએ ઉત્સવપૂર્વક વિધિથી તેનું પાણિગ્રહણ કર્યું. પછી ગૃહાદિક કાર્યથી નિશ્ચિંત થઇને શ્રેષ્ઠીની સાથે પંચેંદ્રિયના સુખમાં નિમગ્ન થઇ હેમશ્રીએ કેટલોક કાળ વ્યતીત કર્યો. સંસારની તૃષ્ણાથી વિરકત આશયવાળી અને સદ્ધર્મથી ભાવિત એવી જિનદત્તા તે (હેમશ્રી) ના મનની અનુકૂળતા પ્રમાણે કરતી સુખે દિવસો ગાળતી હતી. કહ્યું છે કે:—

"सर्वसंगपरित्यागा—न्नापरं परमं सुखम् ।
तृष्णाप्रपंचतो नान्यो, घोरो नरक उच्यते" ॥ १ ॥

"કહેવાય છે કે સર્વ સંગના ત્યાગ કરતાં બીજું પરમ સુખ નથી અને તૃષ્ણાપ્રપંચ કરતાં અન્ય ભયંકર નરક નથી."

હવે પુણ્યના યોગથી હેમશ્રી અનુક્રમે સગર્ભા થઇ. એટલે આખું ઘર ઉત્સવશ્રેણીની સાથે સજીવન થયું (શોભવા લાગ્યું.)

નથી. તે વલ્લભાની સાથે દેવપૂજાદિના મિષથી જિનચૈત્યોમાં જઈને સ્વેચ્છાએ તે ક્રીડા કરતો બેસી રહે છે. વળી આવશ્યકાદિકના બાનાથી એકાંત કોઈ નિર્જન ઘરમાં પરસ્પર નયનમેલાપના સુખાસ્વાદને તે બંને અનુભવતા રહે છે. ઘરનાં બધાં કાર્યો દાસીની જેમ મારે કરવાં પડે છે અને ક્ષીણ શરીરવાળી અને એકાકિની એવી મને માત્ર રાત્રિએજ નિદ્રા કરવાનો અવકાશ મળે છે. મારા મનમાં સપત્નીનું જે દુઃખ છે, તેનું વાણીથી વર્ણન તો માત્ર કેવળીજ કરી શકે." આ પ્રમાણે પુત્રીનું કથન સાંભળીને બંધુશ્રીએ વિચાર કર્યો કે:–"અહો! કપટી મનવાળા એવા તે બંનેની કેવી દુષ્ટતા ? જે જેમાં અનુરક્ત હોય, તે ત્યાંજ લીન થાય છે. જેનું હૃદય કામથી અંધ બની ગયું હોય, તે ઉચિત કે અનુચિત સમજી શકતો નથી. કહ્યું છે કે:–

" किमु कुवलयनेत्राः संति नो नाकनार्य–
स्त्रिदशपतिरहल्यां तापसीं यत्सिषेवे ।
हृदयतृणकुटीरे दीप्यमाने स्मराग्ना–
वुचितमनुचितं वा वेत्ति कः पंडितोपि " ॥ १ ॥

" શું સ્વર્ગમાં કુવલય જેવા નેત્રવાળી દેવાંગનાઓ નહોતી ? કે ઈંદ્ર અહિલ્યા તાપસી પર મોહિત થયો. તેથી ખરેખર ! હૃદયરૂપ પર્ણકુટીમાં કામરૂપ અગ્નિ દેદીપ્યમાન થતા પંડિત પણ કોણ ઉચિત કે અનુચિતને સમજી શકે છે ? " રતિના જેવી રૂપવતી આ મારી સુતાનો ત્યાગ કરીને તે જડ વળીઓથી વ્યાપ્ત અંગવાળી એવી તેને કેમ ચાહતો હશે ? " આ પ્રમાણે વિચાર કરી પછી તે પોતાની પુત્રીને કહેવા લાગી કે:— " હે વત્સે ! હવે તું દુઃખને તજી દે કારણ કે વ્યાધિ જાણવામાં આવતાં તેનો પ્રતીકાર કરવો સુલભ છે. નીકના છોડવાની જેમ તારા મનના શલ્યનું હું પોતે ઉન્મૂલન કરી ગમે તે ઉપાયથી તને સુખી કરીશ. " આ પ્રમાણે બંધુશ્રીએ તેને આશ્વાસન આપીને પોતાને ઘેર રાખી અને પોતે જિનદત્તાનું વેર વાળવાનો ઉપાય શોધવા લાગી.



સંપત્તિઓ સત્વર આવીને વાસ કરે છે અને હૃદય હર્ષથી ઉલ્લસિત થાય છે.” આથી પુનઃ તે યોગીએ તેને કહ્યું કેઃ–“ હે મહાદેવી સાત સમુદ્રોનું શોષણ કરવાની અને સર્વ પર્વતોને ચૂર્ણ કરી નાખવાની તારામાં શક્તિ છે, એમ ગુરૂએ પૂર્વે મને કહ્યું હતું. માટે હે વત્સલે! હું સેવકપર પ્રસન્ન થઇ અત્યારે ત્યાં જઇ, આ મારૂં કાર્ય સત્વર કરી આપ.” આ પ્રમાણે તેના કહેવાથી તે દેવી ત્યાં જઇને પુનઃ પાછી આવી, અને વિકટ આશયવાળી એવી તે પેલા પાખંડીને કહેવા લાગી:–“ સતીઓમાં તિલકસમાન એવી તેને હું જોવાને પણ સમર્થ નથી. બીજું કાંઇ કામ હોય તો કહે, નહિ તો તારૂં મરણ પાસે આવ્યું છે એમ સમજજે. કારણ કે અવિધિથી આરાધન કરેલા ધર્મ, મંત્ર અને ચેટકદેવતા તથા કુરીતે ગ્રહણ કરેલ શસ્ત્ર–એ તત્કાળ સાધકનો નાશ કરે છે.” તો એ બનેમાં જે દુષ્ટ છે તેને મારી નાખ.’ એ રીતે યોગીએ કહ્યું, એટલે દેવીએ ત્યાં જઇને હેમશ્રીને મારી નાખી. હવે પ્રભાતે તેને મરણ પામેલી જોઇને બહુ દુઃખથી પીડિત થતી નધુશ્રીએ રાજાની પાસે જઇને વિજ્ઞપ્તિ કરી કેઃ–“ ન્યાયરૂપ વનને વિકસિત કરવામાં મેઘસદૃશ એવા હે રાજન્! જિનદત્તા સપત્નીએ દ્વેષથી મારી કનકશ્રી પુત્રીને મારી નાખી.” આ સાંભળીને રોષથી રક્ત થઇ રાજાએ જિનદત્તા મહાસતીને સભામાં બોલાવવા માટે પોતાના સેવકોને મોકલ્યા. જિનધર્મની પ્રભાવના કરવાને ઇચ્છતા એવા કેટલાક સમ્યગ્દૃષ્ટિ દેવોએ તેમને અર્ધમાર્ગે જ સ્તંભી દીધા. જેમની જિનભગવાન અને ગુરૂપર પરમ ભક્તિ છે અને જેના હૃદયમાં અદ્ભુત સમ્યકત્વ શ્રદ્ધાન છે, તેને આપત્તિમાં પણ સંપત્તિઓ આવીને મળે છે, એ નિઃસંશય છે. કહ્યું છે કેઃ—

“ सिंहः फेरुनिभस्तथार्भकसमः पन्नगः फणी मूकता,
पाथोधिः स्थलसंगतं वनमही सौधश्च दासोऽधमा;
तस्य स्याद् ग्रहनारिनीरदवह्निनाशाः परायास्त-
न्नानाम्नायाः शिवयांति यस्य हृदये सम्यक्त्वदीपोदयः ॥ १ ॥



કર્મ હું કદી નહિ કરૂં." આ સાંભળી રાજાએ કહ્યું કે:—"હે કિંજિત! ભોજનને માટે સંન્યસ્તપણાના કપટથી કુકર્મ કરનાં વૃથા નરકે જતા. પાખંડી એવા પાપી જનો ગૃહસ્થવ્રતનો ત્યાગ કરીને ધર્મકર્મ કરતાં પ્રાયઃ દુઃખનાં ભાજન થાય છે. નિઃશૂક હૃદયવાળો એવો જે પ્રાણી અનેક પાપકર્મ કરીને પણ તે પાપકર્મથી નિવૃત્ત થતો નથી, તેની શુદ્ધિ થાયજ નહિ. બંને લોકમાં વિરૂદ્ધ એવા તેં કરેલા પાપની પરમ શુદ્ધિ તપ વિના નિવૃત્ત થતાં પણ સંભવતી નથી. કહ્યું છે કે:—

" मित्रद्रुहः कृतघ्नस्य, स्त्रीघ्नस्य पिशुनस्य च ।
शुद्धिर्नोक्ता बुधैः प्रायश्चित्ताचरणमंतरा " ॥ १ ॥

"મિત્રદ્રોહી, કૃતઘ્ન, સ્ત્રીઘાતક અને પિશુન (ચાડીયો)—એમની શુદ્ધિ પ્રાયશ્ચિત્ત વિના થઇ શકતી નથી. એમ બુધજનોએ કહ્યું છે." એમ કહીને ન્યાય અને ધર્મની રક્ષા કરવાને રાજાએ બંધુશ્રીસહિત તે દુરાચારીને દેશપાર કર્યો. અત્યંત ઉગ્ર પુણ્ય અને પાપ કરનારા પ્રાણીઓને ખરેખર ! આ જન્મમાંજ ફળ મળે છે. વળી મહાજનોએ પણ આ પ્રમાણે કહ્યું છે કે:—

" त्रिभिर्मासैस्त्रिभिः पक्षैस्त्रिभिर्वर्षैस्त्रिभिर्दिनैः ।
अत्युग्रपुण्यपापानां, फलमत्रैव जायते " ॥ १ ॥

"અત્યંત ઉગ્ર પુણ્ય અને પાપનું ફળ, ત્રણ દિવસમાં, ત્રણ પક્ષમાં ત્રણ માસમાં અથવા તો ત્રણ વર્ષમાં અહીંજ પ્રાપ્ત થાય છે."

એવા અવસરમાં સમ્યગ્ધર્મ અને ક્રિયાના ગુણોથી પ્રસન્ન થઇને દેવતાઓએ તે દંપતીપર પંચાશ્ચર્ય પ્રગટ કર્યા. તે આશ્ચર્ય સાંભળીને સસ્પૃહ મનવાળા એવા રાજાએ પણ 'ધર્મનું માહાત્મ્ય કેવું છે ?' એ પ્રમાણે સભાને પૂછયું. તે અવસરે ત્યાં જિનભગવં· ... નગરવાસીઓના પુણ્યાનુબંધીપુણ્યથી જાણે આકૃષ્ટ એવા ચાર જ્ઞાનના ધારણ કરનારા, સમ્યગ્દૃષ્ટિ જીવોની ...ધાના સરોવર સમાન અને ક્ષમાધારી એવા સમાધિગં અણગાર પધાર્યા. એટલે તે દંપતીએ ધ્યાનથી મુક્ત થઇ

ભાષા અને મન એ છ પર્યાપ્તિ છે. તેમાં એકેંદ્રિય જીવોને પ્રથમની ચાર, વિગલેંદ્રિય જીવોને પાંચ અને પંચેંદ્રિય જીવોને છ પર્યાપ્તિ હોય છે. મિથ્યાદષ્ટિઓના જાણવામાં નહિ આવેલ તથા જિન ભગવંતે કહેલ એવા જીવના આ ચૌદ સ્થાન યત્નપૂર્વક જાણવા લાયક છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ અને જીવાસ્તિકાય એ છ દ્રવ્યો કહેલાં છે. તેમાં એક કાલ વિના પાંચે પ્રદેશના સમૂહરૂપ છે. અને જીવ વિના પાંચે અચેતન અને અકર્ત્તા કહેલા છે. તેમાં કાલ વિના પાંચે અસ્તિકાય (પ્રદેશના સમૂહરૂપ) છે અને પુદ્ગલ વિના પાંચે અમૂર્ત્ત (અરૂપી) છે. વળી એ બધા ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય (નાશ) રૂપ કહ્યા છે. પુદ્ગલના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર ભેદ છે. અને તે સ્કંધ અને પરમાણુ એમ બે પ્રકારે છે. તેમાં સ્કંધથી ભિન્ન અંશને પરમાણુ કહેવામાં આવે છે અને બદ્ધ (સમૂહાત્મક) તે સ્કંધ કહેવાય છે. તે સ્કંધો સૂક્ષ્મ અને બાદર એમ બે આકારવાળા હોય છે, શબ્દ, ગંધ, અંધકાર, છાયા અને ઉદ્યોત એ ભેદો પણ સ્કંધોનાજ છે. તેમજ ધર્મસાધનભૂત ઔદારિકાદિ પાંચ શરીર, મન, ભાષા પ્રયત્ન અને શ્વાસોશ્વાસ એ આઠ વર્ગણાના તે હેતુ છે તથા સુખ, દુ:ખ, જીવિત, મરણના ઉપગ્રહ (અનુગ્રહ) ને આપવાવાળા છે. શ્રી જિનાગમમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ એક દ્રવ્ય કહેલા છે. તેમા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્ય લોકાકાશને વ્યાપીને રહેલા છે જળચરને જળની જેમ સ્વયમેવ ગતિ કરવાને પ્રવૃત્ત થયેલા એવા જીવ અને અજીવ (પુદ્ગલને) ધર્માસ્તિકાય સહાયકારી થાય છે. મુસાફરોને છાયાની જેમ સ્વયં સ્થિતિને પ્રાપ્ત થતા જીવ અને પુદ્ગલને અધર્માસ્તિકાય સહકારી થાય છે. અવકાશ આપનાર, સ્વસ્થિત (પોતામાં રહેલ) અને સર્વવ્યાપક તે આકાશ કહેવાય છે. તે લોકાલોકને વ્યાપીને રહેલ છે તથા અનંત પ્રદેશવાળું છે. પદાર્થોનું પરિવર્ત્તન કરવા માટે જે કાલના પરમાણુઓ

તે જે કહ્યું, તે સત્યજ છે એમ અમે માનીયે છીએ. કારણ કે જગતમાં અર્હદ્ધર્મનું માહાત્મ્ય અદ્ભુત છે. એ ધર્મના પ્રભાવથી પ્રાણીઓનાં દુઃખો તરત દૂર થઈ જાય છે અને સુખો અતિશય વૃદ્ધિ પામે છે તથા દેવતાઓ પણ તેમને સહાય કરે છે." આ સાંભળતાં કાલાન્ પાપવાળા એવી કુંદલતા બોલી કે:— "આ સંબંધમાં મારા મનમાં વિશ્વાસ બેસતો નથી કારણ કે કપટધર્મમાં એક ધૂર્ત એવી મિત્રશ્રીએ આ બધું કલ્પિત જાહિર કર્યું છે." આથી રાજા વિગેરે વિચારવા લાગ્યા કે:— "અરે! આ દુરાત્માની પ્રાય: સત્ય વસ્તુમાં પણ કેટલી બધી અશ્રદ્ધા છે. ગુણરૂપ માણિક્યથી પરિપૂર્ણ અને સુંદર એવા સજ્જનમાં પણ નીચ જનો પ્રાય: કેવળ દોષજ જુએ છે. કહ્યું છે કે:—

"दोषमेव समादत्ते न गुणं निर्गुणो जनः
जलौकाः स्तनसंपृक्तं, रक्तं पिबति नामृतम्" ॥ १ ॥

"અરે! નીચ (નિર્ગુણ) જન પ્રાય: દોષને જ ગ્રહણ કરે છે, ગુણને ગ્રહણ કરતો નથી. કારણ કે સ્તનપર ચોટેલી જળો માત્ર તેમાંના રક્તને પીએ છે, પણ તે દૂધનું પાન કરતી નથી."

હે ભવ્ય જનો! મિત્રશ્રીએ કહેલ સમ્યક્ત્વના માહાત્મ્યને ધારનારૂં એવું આ ચરિત્ર સાંભળીને સમ્યક્ત્વના લાભને ભજો. તે અને મંત્રી સહિત ઉદિતોદયરાજા પણ જગતને ઉદયના કારણરૂપ અને દીપ્ત એવા સમ્યક્ત્વના પ્રભાવને સાંભળીને મનસ્તાપને દૂર કરી અતિશય હર્ષ પામ્યો.

॥ इति श्रीतपागच्छनायकश्रीसोमसुंदरसूरि श्रीमुनिसुंदर श्रीजयचंद्रसूरिशिष्यैः पंडितजिनहर्षगणिभिः कृतायां सम्यक्त्वकौमुदीकथायां तृतीयः प्रस्तावः ।



॥ चतुर्थः प्रस्तावः ॥



વે શ્રેષ્ઠીએ માનપૂર્વક ચંદનશ્રીને કહ્યું કે:–"હે ભદ્રે! તું તારા સમ્યકત્વ પ્રાપ્તિના હેતુને નિવેદન કર." પોતાના સ્વામીનો આદેશ પામીને તે પવિત્ર સતી પણ સદ્ધર્મ-રૂપ આરામ (બગીચા) ને નીકતુલ્ય એવી કથા આ પ્રમાણે કહેવા લાગી:—

" જિનચૈત્યોથી પવિત્ર એવા ભરતક્ષેત્રમાં કલ્પવૃક્ષની જેમ સંપત્તિઓનો હેતુ એવો કુરૂ નામનો દેશ છે. ત્યાં પૃથ્વીના તિલક સમાન અને જિનેંદ્રોની જન્મભૂમિપણાથી ઉત્તમ તીર્થરૂપે પ્રસિદ્ધ થયેલ એવું હસ્તિનાગપુર નામનુ નગર છે. નિષ્કલંક કળાઓથી યુક્ત, ઉજ્જ્વલ કાંતિવાળા અને જાણે અમૃતની મૂર્ત્તિઓ હોય એવા સદાચારી લોકો જ્યાં પ્રસિદ્ધ છે. તે નગરમાં ગરૂડ જેવો પરાક્રમી ભોગીજનોમાં આદ્ય અને વિદ્વજ્જનોમાં અગ્રેસર એવો ભૂભોગ નામે રાજા હતો. જે રાજા સદા ક્ષમા (પૃથ્વી) ના ભારને ધારણ કરવામાં સમર્થ ધર્મ (ધનુર્વિદ્યા) માં નિપુણ અને શત્રુને સુવર્ણની જેમ નમાવનાર તથા મિત્રનું કલ્યાણ અને ઉન્નતિ કરનાર હતો. રણાંગણમાં શત્રુઓની શ્રેણી તથા દાનમાં સુવર્ણની રાશિ એ બેને જે ભૂપતિ તૃણ સમાન ગણતો હતો અર્થાત્ શૂરવીર અને દાતા હતો. તેને વસુધાની જેમ ક્ષમાશીલ, સતીઓમાં એક મંડનરૂપ અને દીનનું દુઃખ દૂર કરવામાં સમર્થ એવી ભોગવતી નામે રાણી હતી. સુપાત્ર અને અનુકંપાદાનથી તથા શ્રીજિનેંદ્રના ચરણની પૂજાથી જે દેવીનો

છે. કે જેના યોગે સૂર્યથી જેમ અંધકાર તેમ દુષ્કર્મો વિલય પામે છે. કહ્યું છે કેઃ—

"दानशीलतपोभाव-भेदैरेष चतुर्विधः ।
चतुर्गतिभवानेक-दुःखनिर्नाशनाशकः " ॥ १ ॥

" ચાર ગતિરૂપ સંસારના અનેક દુઃખનો મૂળથી નાશ કરનાર એવો તે ધર્મ દાન, શીલ, તપ અને ભાવ-એમ ચાર પ્રકારે કહેલ છે. " તેમજ વળી કહ્યું છે કેઃ—

"दानं सुपात्रे विशदं च शीलं, तपो विचित्रं शुभभावना च ।
भवार्णवोत्तारणसत्तरंडं, धर्मं चतुर्धा मुनयो वदंति " ॥ १ ॥

" સુપાત્રે દાન, નિર્મળ શીલ, વિચિત્ર તપ, અને શુભ ભાવના-સંસારસાગરથી પાર ઉતરવા નાવ સમાન એવા ધર્મને મુનિઓ ઉક્ત ચાર ભેદથી વર્ણવે છે. " આ પ્રમાણે ધર્મ સાંભળીને તે વિપ્ર ગુરૂમહારાજની પાસે શ્રાવકપણું પામ્યો. અને યથોચિત ધર્મકાર્યોથી તે પોતાના જન્મને કૃતાર્થ કરવા લાગ્યો. તે દરિદ્ર હોવા છતાં નિરંતર સુપાત્રે દાન દેતો હતો. કારણ કે વિવેકી પુરૂષે પોતાની શક્ત્યનુસાર દાન આપવું જોઇએ. કહ્યું છે કે —

"देयं स्तोकादपि स्तोकं, न व्यपेक्षा महोदये ।
इच्छानुसारिणी शक्तिः, कदा कस्य भविष्यति " ॥८॥

" સ્વલ્પમાંથી સ્વલ્પ આપવું, મહા ઉદયની અપેક્ષા ન રાખવી. કારણ કે ઇચ્છાનુસાર શક્તિ કોને કયારે પ્રાપ્ત થવાની છે ? " બધા ધર્મોમાં પરમ ધર્મ, અને બ્રાહ્મણના મુખ્ય લક્ષણરૂપ અતિદુષ્કર બ્રહ્મચર્યને તે ત્રિધા શુદ્ધ ધારણ કરવા લાગ્યો. કહ્યું છે કેઃ—

" जो देइ कणयकोडिं, अहवा कारेइ कोइ जिणभवणं ।
तस्स न तत्तियपुन्नं, जत्तिय बंभव्वए धरिए " ॥ ? ॥

" જે કોઇ સુવર્ણ કોટિનું દાન કરે અથવા જિનભવન કરાવે,

વવા માન સહિત એની માગણી કરી, કારણ કે ઉત્પન્ન થતા નવીન લાવણ્ય (સૌરભ્ય) વાળી મનોવાંછિત ફળને આપવાવાળી એવી કલ્પવલ્લી સમાન કામિનીની કોણ પ્રાર્થના ન કરે ? પરંતુ તે શ્રેષ્ઠી શ્રાવક વિના કોઇને આપવાનો નથી. કારણ કે કામધેનૂ ગાયના ભક્ષક (વાઘ) ને કોણ આપે ? જે પ્રાણી ધર્મધુરાને વિશેષ રીતે ધારણ કરે છે, તે નિર્ધન હોય છતાં બુધજનો તેને ધનિકોની પંક્તિમાં પ્રથમ ગણે છે. (ધનવંતોમાં મુખ્ય કરે છે.) તું દ્યૂતમાં કુશળ, ચોર અને પરદારાલંપટ છે. માટે તે શ્રેષ્ઠ સતીને યોગ્ય શી રીતે થઇશ?" આ પ્રમાણેનું કથન સાંભળીને રૂદ્રદત્તે પુનઃ તમને કહ્યું કેઃ-" આ બાબતમાં તમારા સાંભળતાં હું પ્રતિજ્ઞા કરૂં છું કેઃ-" આ કન્યાનું પાણિગ્રહણ કરીને તેજ વેષે અહીં આવીને તમારી સાથે લીલાપૂર્વક નૂતન કંકણવાળા હાથે નવા નવા દ્યૂતથી જો હું ન રમું, તો તમારે મને અધમ વિપ્ર ગણવો."

પછી દ્યૂતશાળામાંથી ઉઠી અને ઘરની બહાર નીકળીને ધૂર્ત અને માયાવી એવો તે અનેક ગામ ભમતો, કોઇક મુનિની પાસે શ્રાવકાચારનો તથા સ્તોત્ર સહિત શ્રાદ્ધપ્રજ્ઞપ્તિ વિગેરે સૂત્રોનો અભ્યાસ કરીને ગુરૂસેવામાં કુશળ અને ભગવંતની સ્તુતિ કરવામાં નિપુણ એવો તે શ્રાવકોમાં પોતાને બ્રહ્મચારી તરીકે ઓળખાવતો, ભાષા અને શરીરને ગોપવીને (બદલાવીને) દરેક તીર્થે અને દરેક ગામે જિનપ્રતિમાઓને નમસ્કાર કરતો તે એકદા ત્યાં હસ્તિનાગપુરમાં આવ્યો. ત્યાં ગુણપાલશ્રેષ્ઠીએ કરાવેલ જિનચૈત્યમાં દશ પ્રકારના ધર્મને ધારણ કરતો અને કપટી એવો તે, જિનપૂજાને માટે ત્યાં આવતા શ્રેષ્ઠીના જેમ જોવામાં આવે, તેવા પ્રકારનો સદાચારનો દંભ ધારણ કરીને રહ્યો. પછી અર્હંતની પ્રશસ્ત એવી અષ્ટપ્રકારી પૂજા કરીને સજ્જનોમાં શ્રેષ્ઠ એવા તે શ્રેષ્ઠીએ વંદનપૂર્વક તેને પૂછ્યું:-"હે શ્રાવકોત્તમ ! આપ કયાંથી આવો છો ? અને આવા યૌવનમાં પણ બ્રહ્મચારિવ્રત તમે શા કારણથી આદર્યું છે ? " એટલે વિધિપૂર્વક

તે બન્નેને વંદન કરીને આશાવી એવો તે કલ્પનારૂપ શિલ્પિએ રચેલ (કલ્પિત) એવું પોતાનું વૃત્તાંત કહેવા લાગ્યો:-"વારાણસી નામની મહાપુરીમાં ષટ્ કર્મનો કરનાર અને ગૃહસ્થાચારમાં તત્પર એવો સોમશર્મા નામે બ્રાહ્મણ આનંદદાયક એવી ગંગા નામની પોતાની સ્ત્રી સાથે રહેતો હતો. તેમનો રૂદ્રદત્ત નામનો હું પુત્ર છું. જ્યારે હું યૌવનાવસ્થા પામ્યો, ત્યારે મદમત્ત થઈ વિષયોમાં અતિ વિહ્વલ બની ગયો. તેથી વેત્રવતી નામની વેશ્યાને ઘેર નિરંતર રહેતાં દુરાશયવાળા એવા મેં ઘરના બધા મૂળ ધનનો વ્યય કરી દીધો. પછી હું નિર્ધન થઈ ગયો એટલે પાપી વેશ્યાએ મને કહાડી મૂક્યો, અને માતપિતાના વિયોગથી દુઃખી થતાં હું આવી અવસ્થા પામ્યો. એટલે ભિક્ષા માગતો અને એકાકીજ પૃથ્વીપર ભ્રમણ કરતો એવો હું એકદા શુભના ઉદયથી કલ્પવૃક્ષની જેમ જિનચંદ્ર નામના સદ્ગુરૂનો સમાગમ પામ્યો. તેમને બહુ માનપૂર્વક નમસ્કાર કરીને હું પાસે બેઠો એટલે તેમણે હર્ષરૂપ અમૃતને વર્ષાવનારી એવી ધર્મદેશના શરૂ કરી.

"ધર્મ એ માતા, ધર્મ એ પિતા, ધર્મ એ મિત્ર, ધર્મ એ સંતોની ગતિ, ધર્મ એ દુઃખરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન અને ધર્મ એ કલ્યાણનો ખજાનો છે. જ્યારે કલ્યાણ પ્રાપ્ત થવાનું હોય અને જ્યારે પરમ પદ તરત પ્રાપ્ત થવાનું હોય, ત્યારેજ પ્રાણી ભાવથી જિનપ્રણીત ધર્મને પામી શકે છે. સુમન (દેવ-શુદ્ધ મન) થી પ્રેરણા કરાયેલ એવા મંદરાચલની જેમ ધર્મથી પ્રાણી ચંદ્રની જેમ ભવાબ્ધિથી ઉદ્ધાર પામી શિવ (મોક્ષ-મહાદેવ) ને પ્રાપ્ત કરે છે. તે સર્વથી યા દેશથી પણ પ્રાપ્ત થઈ શકે છે. તેમાં સાધુઓ તેનો સર્વથી સ્વીકાર કરે છે અને ગૃહસ્થો દેશ (એક ભાગ) થી આદરે છે. જેઓ મન, વચન અને કાયાથી કરવું-કરાવવું અને અનુમોદવું એમ ત્રિવિધ ત્રિવિધે સંકલ્પ અને આરંભ એ બે ભેદથી સ્થાવર અને ત્રસ જીવોની હિંસા કરતા નથી, જેઓ ક્રોધ, લોભ, ભય અને હાસ્ય એ ચાર ભેદે મૃષાવાદનો ત્યાગ કરે છે, સ્વામી-

અદત્ત, તીર્થંકરઅદત્ત, ગુરૂઅદત્ત, અને જીવઅદત્ત એ ચાર પ્રકારે જેઓ અદત્તને ગ્રહણ કરતા નથી, નવ ગુપ્તિથી જેઓ સદા શીલ પાળે છે, જેઓ ઘર વિગેરેના ત્યાગપૂર્વક સર્વથા પરિગ્રહનો ત્યાગ કરે છે, દિનપ્રાપ્તાદિ ભેદોથી જેઓ રાત્રિભોજનનો ત્યાગ કરે છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહમાં તત્પર રહી વિશુદ્ધ આહારને ગ્રહણ કરે છે, તેઓને મુક્તિમાર્ગના પ્રકાશક એવા સંયમી કહ્યા છે. અને તેમાંના એક ભાગનું આચરણ કરનારા શ્રાવકો કહેવાય છે. બ્રહ્મચર્યને ધારણ કરનારા, અને વિશુદ્ધ આહારનું ભોજન કરનાર એવો પ્રતિમાધારી શ્રાવક પણ સાધુ સમાન ગણાય છે. જેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. રાજાઓ જેના શાસનને ધારણ કરે છે, ગ્રહો પ્રસન્ન થાય છે અને દુષ્ટો જેનાથી વશ થાય છે, તે બ્રહ્મચર્યનો મહિમા અદ્‌ભુત કહેલ છે.”

આ પ્રમાણે દેશના સાંભળીને સંવેગ રસને ધારણ કરનાર એવા મેં ગુરૂની પાસે વિશ્વને પૂજિત એવું બ્રહ્મચર્યવ્રત કંઇક અંગીકાર કર્યું છે. પછી ત્યાંથી અનેક તીર્થોમાં જિન ભગવંતોને નમસ્કાર કરતો એવો હું અહીં શાંત્યાદિ જિનેંદ્રોને નમસ્કાર કરવા આવ્યો છું.” આ પ્રમાણે પ્રપંચયુક્ત પણ સુધાસમાન એવી તેની વાણી સાંભળીને આશ્ચર્યથી રોમાંચિત થયેલો એવો શ્રેષ્ઠી મનમાં વિચાર કરવા લાગ્યો કે:—“એક બાજુ જેમ સર્વ પ્રકારના સત્તપ હોય અને એક બાજુ શીલ પાલન, તથા જેમ એક બાજુ સર્વ તીર્થો અને એક બાજુ શત્રુંજય તીર્થ સમાન છે. તેમ યૌવનવયમાં પણ અતિ દુષ્કર એવું બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલ હોવાથી એ મહાપુરૂષ વિશેષથી સ્તુતિપાત્ર છે. માટે ભક્તિપૂર્વક જો એનું વાત્સલ્ય કરાય, તો આ મારો ગૃહસ્થાશ્રમ વૃક્ષ સફળ થઈ જાય. સાધર્મિકવાત્સલ્ય, જીવદયા અને કષાયોનો નિગ્રહ—એ શ્રેષ્ઠ એવું પુણ્યાનુબંધીપુણ્ય જૈન શાસનમાં વિદિત (પ્રસિદ્ધ) છે.” આ પ્રમાણે વિચાર કરીને પછી શ્રેષ્ઠીએ તેને કહ્યું કે:—“હે પરમ બ્રહ્મચારી! પુણ્યવંત એવા તમે

બ્રહ્મચર્યવ્રત તમે અમુક વખતને માટે કે જીવનપર્યંત લીધું છે?' એટલે તે બ્રહ્મચારીએ સ્વલ્પ ભાષામાં શેઠને કહ્યું કેઃ—"હે મહાનુભાવ! યૌવનવયમાં આ ઇંદ્રિયો મુનિઓને પણ દુર્જય હોય છે. માટે તપસ્યા (વ્રત) માં તુલના કરતા એવા મેં ગુરૂની આજ્ઞાથી સમર્યાદ બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું છે. સુજનોએ વ્રતને પ્રાણો કરતાં પણ અધિક માનેલ છે. માટે બહુ સંભાળપૂર્વક તેનું પાલન કરવું. કારણ કે વ્રતભંજક પ્રાણીને ભવાંતરમાં સમ્યકત્વ પ્રાપ્તિ અતિદુર્લભ થઇ પડે છે. કહ્યું છે કેઃ—

इष्टवियोगो बहुधाचिंतयुक्तता, कुयोनिता संततरोगधारिता ।
पराभवोऽन्यैश्च कुरूपदेहता, फलान्यमुन्याहुरितव्रतांगिनाम् " ॥१॥

"ઇષ્ટજનનો વિયોગ, વારંવાર ચિંતા, નીચ કુળમાં જન્મ, નિરંતર શરીરે વ્યાધિ, બીજાઓથી પરાભવ દેહની કુરૂપતા વ્રતભંજક પ્રાણીઓને આવાં ભયકર ફળ પ્રાપ્ત થાય છે." આથી શ્રેષ્ઠીએ વિચાર કર્યો કેઃ—"સોમશર્માની સુતાને ખરેખર! એજ વર યોગ્ય છે, વળી સમાન સ્થિતિવાળો અને સરખી વયવાળો એવો તે મને ભાગ્યયોગેજ પ્રાપ્ત થયો છે." આ પ્રમાણે વિચાર કરી કાર્યના અર્થી એવો શેઠ તે બ્રહ્મચારીને કહેવા લાગ્યો કે.—"હે ભદ્ર! મહેરબાની કરીને તમે એક મારી પ્રાર્થના સફળ કરો. સમ્યગ્દષ્ટિ જનોમાં શ્રેષ્ઠ, અને બંને કુળને વિશુદ્ધ કરવાવાળી તથા સદ્ગુણોથી માન્ય અને ધન્ય એવી આ સોમા નામની કન્યાનું તમે પાણિગ્રહણ કરો. ખરેખર એના પુણ્યથીજ આકૃષ્ટ થઇ તમે અહીં આવ્યા છો, માટે આ સંબંધમાં વિશેષ વિચારણા કરવાની જરૂર નથી. ધનહીન પણ સદાચારી વર સ્ત્રીઓને સારો, પરંતુ શ્રીમાન પણ જો તે સદાચાર માર્ગથી ભ્રષ્ટ હોય તો તે વિષ સમાન છે. ક્ષમાસહિત એવો સાધુ જેમ પોતાનો અર્થ (ધર્મ) સાધવામાં કુશળ હોય છે. તેમ ગૃહિણી સહિત ગૃહસ્થ પોતાનો ગૃહસ્થધર્મ સાધી શકે છે પછી 'આજે મારૂં મહા ઉદયરૂપ વૃક્ષ સફળ થવાનું' આ પ્રમાણે મનમાં વિચારતો અને લજ્જાથી નમ્ર મુખવાળો

થનો એવો તે બ્રહ્મચારી બોલ્યો કેઃ—“ સ્ત્રી એ દુઃખોની ખાણ, નરકદ્વારની દીપિકા અને પ્રાણીઓને કર્મ બંધનમાં પ્રથમ કારણરૂપ છે. માટે શત્રુઓની જેમ તે સુંદરીઓનો સંગ કરવો મને પસંદ નથી, પરંતુ આ બાજુ આપના વચનને પણ ઉથાપી શકતો નથી. ” આ પ્રમાણે કહ્યા ઉપરથી શ્રેષ્ઠીએ તેને સારે દિવસે મહોત્સવપૂર્વક સો માની સાથે બળાત્કારથી પાણિગ્રહણ કરાવ્યું. પછી સુવર્ણકોટિસહિત અને સર્વ જાતના રાચરચિલાથી સુશોભિત એવા એક અન્ય ભવનમાં તેને જુદો રાખ્યો.

પછી બીજે દિવસે નવા પ્રકારના આનંદને વશંવદ, નૂતન રાગ-થી આર્દ્ર અને પરિવાર સહિત એવી તે નવોઢાને મૂકીને જુગારખાનામાં જઇ અન્ય ક્રિયાનો ત્યાગ કરી તે વિપ્રાધમ ચળકતા કંકણવાળા હાથથી રમવા લાગ્યો એટલે તેવા પ્રકારના વેષથી વિભૂષિત એવા તેને જોઇને અને તેનું દુશ્ચરિત્ર સમજીને તે ધનકારોએ વિસ્મય પામીને કહ્યું કેઃ—‘ તમે કૂટ પ્રયોગથી શીરીને પ્રતિજ્ઞા પૂર્ણ કરી ? ’ એટલે તેણે યથાસ્થિત પ્રથમ પોતાનું સ્વકૃત સ્વરૂપ કહી બતાવ્યું. તે સાંભળીને ધનકારોએ વિસ્મય પૂર્વક કહ્યું કે —“ અહો ! તમારામાં દંભ કર વાની [illegible] તથા [illegible] નથી. શે ચદભ-થી પણ આ [illegible] પણ [illegible] થી દુર્લભ છે. [illegible] માધ્યવા [illegible] નડાઓ રનક શ્રેષ્ઠીને છેતરીને મનહર [illegible] ત્યારે પત્ની તરીકે [illegible] યોગ્ય છે. [illegible] નીચ નાણી પણ પૂજ્યપદને પ્રાપ્ત [illegible] આ રીતે [illegible] વેશ્યાને ઘેર ચાલ્યો ગયો. [illegible] પુત્રી, કળાઓનું [illegible], એવા [illegible] પૃથ્વીપર રતિ આવી હોય [illegible] અતિશય [illegible] આ [illegible] વશ કરી તથા [illegible] કામલતા નામ અને કામદેવની એક લતા [illegible] તરીકે

પ્રસિદ્ધ થયેલ એવી તે વેશ્યાની સાથે કામભોગમાં આસક્ત થયેલ અને દુરાશયવાળા એવા તે પાપીએ ત્યાં કેટલાક દિવસો વ્યતીત કર્યા.

હવે સતીઓમાં શ્રેષ્ઠ અને ધર્મદક્ષ છતાં તેનું ચેષ્ટિત જાણી હૃદયમાં વિલક્ષ થઇને સોમા આ પ્રમાણે વિચારવા લાગી કે:—" અહો દ્રવ્ય, ક્ષેત્ર વિગેરે સામગ્રીથી શુભાશુભ ફળને આપનાર કર્મપરિણામ દેવતાઓને પણ દુર્લંઘ છે. જે પ્રાણી જે રીતે જેવા પ્રકારનું કર્મ કરે છે, તે પ્રાણીને પોતાના નિધાનની જેમ તે કર્મ તેવી રીતે ભોગવવું પડે છે. " કહ્યું છે કે:—

" यद्भावि तद्भवति नित्यमयत्नतोऽपि,
यत्नेन नापि महता न भवत्यभावि ।
एवं स्वकर्मवशवर्तिनि जीवलोके,
शोच्यं किमस्ति पुरुषस्य विचक्षणस्य ? " ॥ १ ॥

" જે થવાનું છે, તે યત્ન કર્યા વિના પણ અવશ્ય થાયજ છે. અને જે નથી થવાનું તે મહા પ્રયત્ન કરતાં પણ થતું નથી. આ પ્રમાણે જીવલોક સ્વકર્મને વશવર્તી હોવાથી વિચક્ષણ જનને શોક કરવા લાયક શું છે ? "

પછી શ્રેષ્ઠીએ સોમાને બોલાવીને ગદ્ગદ ગિરાથી કહ્યું કે:— " હે વત્સે ! તારે કાંઇ મનમાં ખેદ કરવો નહિ કારણ કે કોઇની સ્થિતિ નહિ બોલવા જેવી છે. લોકમાં ધાર્મિક જનો પણ જે કપટી અને મહાપાપી બની જાય છે, એ ખરેખર કલિકાળનું માહાત્મ્ય છે કહ્યું છે કે —

" मनुष्यता धैर्ये निज मनामयमानता,
मनिर्गमितये प्राज्ञा धर्मे गुरुष्वपि वंचना ।
मलिनमगुण वाक् मन्दा वणेश विमार्गिता,
कलियुगमहाराज्यदर्शिताः स्फुरंति विभूतयः " ॥ १ ॥

* મનનું મેલાપણું, આશાથી, ચોરી કરવાની બુદ્ધિ, સજ્જનોનું અપમાન, ઉદ્ધત મન, ધર્મમાં ઠગાઇ, ગરીબો (ગુરૂજનો) ની પર

વંચના, પ્રત્યક્ષ મીઠું બોલવું, અને પરોક્ષ વિરૂદ્ધ બોલવું, આ બધી કલિયુગરૂપ મહારાજાની ચળકતી વિભૂતિ છે." એની મેં કંઈ સુવર્ણની જેમ બુદ્ધિથી તપાસ કરી પણ ધર્મછળથી તેને પૂતકારક હું જાણી ન શક્યો. માટે "હે ભદ્રે! સર્વ પ્રકારના સુખને આપનાર અને પ્રાણીઓને અભય આપવાથી પ્રસન્ન કરનારા એવા જિન ભગવંતે પ્રરૂપેલ ધર્મનીજ આરાધના કરવી હવે તને ઉચિત છે." સોમાએ શાંત મનથી કહ્યું કે:—"સંતાપને દૂર કરવામાં અમૃત સમાન એવા હે તાત! આપના પ્રસાદથી મારા હૃદયમાં લેશ પણ દુઃખ નથી. કામભોગમાં આસક્ત થયેલો અધમ પ્રાણીજ દુઃખ પડતાં કલ્પાંત કરે છે, પરંતુ વિવેકી જન તો દુઃખ આવતાં વિશેષથી ધર્મારાધન કરે છે, વિયોગ થતાં મૂઢ જનજ નિરંતર શોક કર્યા કરે છે, પરંતુ તત્ત્વજ્ઞ તો એવો ઉપાય લે છે કે જેથી ફરી વિયોગ જ ન થાય. માટે હે તાત! ધર્મરૂપ કલ્પવૃક્ષને નીક સમાન અને કલ્યાણને આપનારી એવી શ્રી જિનભગવંતની તથા સાધુ મહાત્માઓની મારે નિરંતર ભક્તિ જ કરવી છે." આ પ્રમાણે તેનું વચન [illegible] સાંભળીને [illegible] તુષ્ટ થઈને બોલ્યા કે — "હે [illegible] મારે નિ[illegible] ધર્મ [illegible] કરવું, તથા અજ્ઞાનથી મેં જે આ [illegible] દુ[illegible] મન [illegible] નાખ્યો છે, તેનો મારે સમ્યગ રીતે [illegible] મારે [illegible] થાય. અજ્ઞાન યાતો વિરતિ [illegible] તેના [illegible] પણ મન, વચન અને કાયાના [illegible] તે અવશ્ય શુદ્ધ થઈ શકે છે [illegible] પુષ્પવૃષ્ટિ [illegible] ચિત્તને સ્થિર કરવા આ જૈન સિદ્ધાંતનું [illegible] વાંચવું." આ પ્રમાણે તેને [illegible] પછી સ્વસ્થ થયો.

[illegible] કર્મ [illegible] તિરસ્કાર કરવામાં સૂર્ય સમાન એવા સુધર્મ ગુરુ ઘેર ત્યાં પધાર્યા [illegible] સમ્યગ્દૃષ્ટિ માણસો સાથે સોમા તેમને વંદન કરવા ગઈ. અને ત્યાં ગુરૂ મહારાજની આ પ્રમાણે [illegible] ધર્મદેશના [illegible] બોધ પૂર્વક વીશસ્થાનકનું તપ કર

વાથી ભાગ્યવંત પ્રાણી તીર્થંકર લક્ષ્મીને પ્રાપ્ત કરે છે." "હે ભગવન્! તે વીશસ્થાનક કયા?" આ પ્રમાણે સોમાએ પૂછ્યું, એટલે ગુરૂમહારાજ ત્યાં સભા સમક્ષ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—

"અર્હંત, સિદ્ધ, આગમ અને આચાર્ય વિગેરેની ભક્તિ પ્રમુખ વીશસ્થાનકો જિન શાસનમાં મોક્ષના કારણરૂપ કહ્યા છે, કહ્યું છે કેઃ—'અર્હંત, સિદ્ધ, પ્રવચન, ગુરૂ, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વી એ સાત સ્થાનકની ભક્તિ, વારવાર જ્ઞાનોપયોગ, સમ્યક્ત્વ, વિનય, આવશ્યક, નિરતિચાર શીલવ્રત, ક્ષણે ક્ષણે સમતા પૂર્વક શુભધ્યાન, તપોવૃદ્ધિ, સુપાત્રદાન, વૈયાવૃત્ય, સમાધિ, અભિનવ જ્ઞાન, શ્રુતભક્તિ અને પ્રવચન (શાસન) ની પ્રભાવના—આ વીશ કારણથી પ્રાણી તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે. હે ભદ્રે! પ્રથમ સ્થાનકમાં ત્રિકાલ-અર્ચન પૂર્વક જિન ભગવંતની દ્રવ્ય અને ભાવથી દૃઢ ભક્તિ કરવી. બીજા અતીત સ્થાનકનું આરાધન કરતાં પણ સુગંધી ધૂપ, દીપ વિગેરે અષ્ટ પ્રકારથી જિનેશ્વરોની તો સદા ભક્તિ કરવીજ. તેમજ દ્રવ્યભક્તિ કરનારે રત્ન, સુવર્ણ, પત્થર અને કાષ્ઠમય જિન ચૈત્યો વિધિ પૂર્વક કરાવવાં. જેઓ સુવર્ણ, રત્ન અને કાષ્ઠાદિકનું જિનચૈત્ય કરાવે છે, તે ભાગ્યવંત ભવ્યોના ઉત્તમ ફળને કોણ જાણી શકે છે? અર્થાત્ તેમને અપરિમિત ફળ મળે છે. કહ્યું છે કે —

" काष्ठादीनां जिनागारं, यावन्तः परमाणवः ।
तावन्ति वर्षलक्षाणि, तत्कर्ता स्वर्गभाग् भवेत् " १

" કાષ્ઠાદિકના જિનભવનમાં જેટલા પરમાણુઓ હોય, તેટલા લાખ વર્ષ તેને કરાવનાર સ્વર્ગના સુખ ભોગવે છે." એક અંગુઠ પ્રમાણથી નાનામાં અંગુઠ પ્રમાણની અને મોક્ષ લક્ષ્મીને વશ કરનારી એવી જિન પ્રતિમા કરાવવી. કહ્યું છે કેઃ—

" यदंगुष्ठमितं बिंबं, निर्मापयति योऽर्हताम् ।
पुष्कलावर्तसाम्राज्यं, तस्य मुक्तिस्ततो भवेत् " ॥१॥

અનંતગણી અધિક અને મોક્ષપર્યંત સુખ આપનારી કહેલ છે. આ અર્હંત્પદનું સમ્યગ્ રીતે આરાધન કરવાથી શ્રીમાન્ મગધેશ્વર શ્રેણિકરાજા આવતી ચોવીશીમાં પદ્મનાભનામના પ્રથમ તીર્થંકર થવાના છે. જેમને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ–એ ચતુષ્ટય સિદ્ધ થયેલ છે, જેઓ એકત્રીશ ગુણોથી યુક્ત છે અને જેમની લોકના અગ્રભાગે સ્થિતિ છે, તેમના ધ્યાન અને પ્રતિમાના અર્ચનથી તથા સ્વરૂપના સમાવેશપૂર્વક તેમના નમસ્કાર જાપથી ભક્તિ કરવી તે બીજું સ્થાનક છે. એ સ્થાનકમાં સિદ્ધોની આકૃતિ કરવાથી, તેમની તીર્થ ભૂમિને વંદન કરવાથી અને સિદ્ધાચળ, ગિરનાર વિગેરે તીર્થયાત્રા તથા અર્ચનથી કરવામાં આવેલ સિદ્ધ ભગવંતની ગુણગર્ભિત સ્વરૂપ ભક્તિ પણ તીર્થંકરપદ આપે છે. તેમાં કોઈ જાતની વિચારણા કરવાની નથી. ત્રીજા સ્થાનકમાં પ્રવચન એટલે ચતુર્વિધ સંઘ કહેવાય, તેની વંદના, આસનાદિક આપીને વિનય, અને ફળ, તાંબુલ તથા વસ્ત્રાદિકથી વિશેષતઃ ભક્તિ કરવી. કહ્યું છે કેઃ—

" फलतांबूलवासोभि–र्भोजनैश्चंदनैः सुमैः ।
श्रीसंघः पूजितो येन, तेन प्राप्तं जनुष्फलम् " ॥ १ ॥

"જે પ્રાણીએ ફળ, તાંબૂલ, વસ્ત્ર, ભોજન, ચંદન તથા કુસુમાદિકથી શ્રી સંઘની પૂજા કરી છે, તેણે મનુષ્યજન્મનું ફળ મેળવ્યું એમ સમજવું." આ જગતમાં જિનેદ્ર સમાન અન્ય દેવ નથી, સુસાધુસમાન અન્ય ગુરૂ નથી અને શ્રીસંઘસમાન અપર પુણ્ય નથી. જે સંઘની ભક્તિ કરવાથી તીર્થંકરપદ વિગેરેની પ્રાપ્તિનું મુખ્ય ફળ કહેલ છે એવા શ્રીસંઘની ભક્તિનું માહાત્મ્ય કોણ કહી શકે ? ચોથા સ્થાનકમાં સમ્યગ્ રીતે ગુરૂની ભક્તિ કરવામાં આવે છે. જે પંચાચારને પાળે તેજ ગુરૂ સમજવા. જેમ એક તરફ વિવિધ તપ અને એક તરફ શીળ પાળવું સમાન છે, તેમ એક તરફ સર્વ ધર્મ અને એક તરફ ગુરૂભક્તિ સમજવી. ગુણવંત જનોમાં પણ ઉત્કૃષ્ટ એવા ક્રિયાકાંડને આચરતાં પણ ગુરૂ આજ્ઞા આરાધ્યાવિના પ્રાણી સિદ્ધિ

સ્થાનકનાં જેમ મનુષ્યોમાં ચક્રવર્ત્તી, દેવોમાં ઇંદ્ર, પૂજ્યોમાં જિનેંદ્ર, તેમ સર્વ વ્રતોમાં મુખ્ય, અને જેના યોગે જગતને વંદ્ય એવી જિનેંદ્ર પદવી પ્રાપ્ત કરી શકાય એવા નિર્મળ બ્રહ્મચર્યને સજ્જનોએ નિરતિચારપણે ધારણ કરવું. તેરમા સ્થાનકમાં ક્ષણે ક્ષણે અને લવે લવે પોતાના મનને સમતામાં જોડી દઇને શુભ ધ્યાન કરવું. ચૌદમા સ્થાનકમાં વિવેકી પુરૂષોએ તપોવૃદ્ધિ કરવી. કારણ કે તપ એ નિબિડ કર્મને ભેદીને તીર્થંકર–લક્ષ્મીને આપે છે. પંદરમા સ્થાનકમાં સદ્‌ભક્તિપૂર્વક સુપાત્રે દાન દેવું અને સોળમા સ્થાનકમાં જિનાદિકનું વૈયાવૃત્ય કરવું. સત્તરમા સ્થાનકમાં સમસ્ત સંઘજનમાં સર્વરીતે સમાધિ (શાંતિ) કરવી. કારણ કે એ પણ તીર્થંકરપદનું મુખ્ય કારણ છે. અઢારમા સ્થાનકમાં અભિનવ જ્ઞાન ગ્રહણ કરવું. ઓગણીશમા સ્થાનકમાં શુભ ઉદયવાળી એવી શ્રુતભક્તિ કરવી અને વીશમા સ્થાનકમાં સ્નાત્રોત્સવ, સંઘપૂજા અને શ્રાવકગણના વિવિધ ગૌરવ કરવાપૂર્વક જિન શાસનની પ્રૌઢ પ્રભાવના કરવી. જિનેંદ્રપદના હેતુભૂત એવા આ વીશ સ્થાનકોનુ સર્વ જિનેશ્વરો વિવિધ તપથી પ્રથમ અવશ્ય આરાધન કરે છે કહ્યુ છે કે —

" आद्यंततीर्थनाथाभ्या—मेते विंशतिराश्रवाः ।
एको द्वौ वा त्रयः सर्वे, चान्यैः स्पृष्टा जिनेश्वरैः " ॥ १ ॥

" પ્રથમ અને અંતિમ જિનેશ્વરે આ વીશે સ્થાનક આરાધ્યા હતા અને અન્ય તીર્થંકરોએ એક, બે, ત્રણ યા વીશેનું આરાધન કર્યું છે. "

આ પ્રમાણે દેશના સાંભળીને સૌમ્ય આશયવાળી એવી સતી સોમાએ તે વખતે ગુરૂમહારાજની પાસે મહોત્સવપૂર્વક વીશ સ્થાનકનું તપ અંગીકાર કર્યું પછી સમસ્ત જગતના એક બંધુ સમાન એવા શ્રી સુધર્મ ગણાધીશ (આચાર્ય) ને વિધિપૂર્વક નમસ્કાર કરીને સોમા પોતાને ઘેર આવી. અને તે વીશ સ્થાનકોનું સમ્યગ્ રીતે આરાધન કરતાં પ્રથમ સ્થાનકમાં તેણે નગરમાં સુવર્ણકુંભયુક્ત

હવે મહોત્સવપૂર્વક વિધિથી તે પ્રતિમાઓની પ્રતિષ્ઠા અને ધ્વજારોપણ વિગેરેની સત્ક્રિયા કરીને સત્કૃત્યોમાં પરાકાષ્ઠાએ પહોંચેલ અને સમસ્ત પ્રાણીઓપર વત્સલભાવ રાખનારી એવી સોમાએ નિષ્કપટરીતે બહુ માનપૂર્વક સંઘવાત્સલ્ય કર્યું. અને પછી બીજે દિવસે દયાની લાગણીથી મહા ઉદાર એવી તેણે પણાંગના સહિત રૂદ્રદત્ત વિગેરેને પોતાને ઘેર ભોજન કરાવવાને બોલાવ્યા. કહ્યું છે કેઃ—


" निर्गुणेष्वपि सत्त्वेषु, दयां कुर्वंति साधवः ।
न हि संहरते ज्योत्स्नां, चंद्रश्चांडालवेश्मनि " ॥ १ ॥

" નિર્ગુણ પ્રાણીઓપર પણ સાધુઓ તો દયા જ કરે છે. કારણ કે ચાંડાલના ઘરપરથી ચંદ્ર પોતાની પ્રભાને સંહરી લેતો નથી. " તે વખતે જેના લાવણ્યનો હજી કોઇએ ઉપભોગ કર્યો નથી એવી તે સોમાને જોઇને રૂદ્રદત્તે ચલિત મનથી કંઇક પશ્ચાત્તાપ કર્યો. અને કુટ્ટીનીએ તો કુટ પ્રયોગથી સોમાને છેતરીને પુષ્પના ભાજનમાં છાનીરીતે એક સર્પ રાખી દીધો. પરંતુ તેના પુણ્યપ્રભાવથી સર્પ પણ પુષ્પની માળા તુલ્ય થઇ ગયો, કારણ કે પુણ્યવંત પ્રાણીઓને વિપત્તિઓ પણ સંપત્તિરૂપ થઇ જાય છે.

હવે ભોજન કરી રહ્યા પછી પુષ્પાદિકથી તેમનો સત્કાર કરવાની ઇચ્છાથી દૈવયોગે સોમાએ તેજ પુષ્પમાળાને હાથમાં લીધી અને મશ્કરીમાં તે સતીએ લીલાપૂર્વક તે કામલતાના કંઠમાં પહેરાવી એટલે ત્યાં તે ભયંકર સર્પરૂપ થઇને કામલતાને ડસી તેથી તે દુષ્ટ મૂર્છા ખાઇને જમીન પર પડી. તેની તેવી અવસ્થા જોઇને કુટ્ટિનીએ કપટથી ઉદરતાડન કરી અને નાગને એક ઘડામાં લઇને રાજાની આગળ પોકાર કર્યો એટલે તે સ્વરૂપ સમજીને કુપિત થઇને રાજાએ સોમાને બોલાવીને પોતાની પર્ષદા સમક્ષ તેને કહ્યું કેઃ—"હે ભદ્રે! વિષયોમાં વિરક્ત અને ધર્મકાર્યોમાં આસક્ત એવી તેં આવું કર્મ શા માટે કર્યું?" આ સાંભળીને સોમા બોલી કેઃ— " હે રાજન ! સર્વજ્ઞ ભગવંતના ધર્મને જાણતી એવી હું પર પ્રાણીને પીડા થાય તેવું કામ સ્વપ્નાંતે

પણ આચરતી નથી. જે પ્રાણી જગતને એક વહુભ એવા જૈનધર્મને સમ્યગ્ રીતે જાણે છે, તે સૂક્ષ્મ અને બાદર જીવની હિંસા કદી કરતો નથી. હે પૃથ્વીપાલ ! મેં તો પુષ્પમાળા જ કુતૂહળથી તેના કંઠમાં નાખી હતી, પરંતુ એ અચાનક જમીનપર પડી ગઇ, તેનું કારણ કાંઇ હું સમજી શકતી નથી." તે વખતે કામલતાની માતાએ પોકાર ઉચારીને કરૂણ સ્વરથી રડતાં રડતાં તે સર્પ રાજાને બતાવ્યો. કાલના રૂપ જેવા ભયંકર તે સર્પને જોઇને રાજાએ પણ રોષથી રક્ત મુખ કરી સોમાને કહ્યું કે:—'તું અસત્ય વચન શા માટે બોલે છે ?' એટલે સોમા બોલી કે:— "હે પ્રજારક્ષક ! આ ઘડામાં તો હું ઘેર સુગંધવાળી એવી પુષ્પમાળા માત્ર જોઉં છું." આથી રાજાએ આશ્ચર્ય પામીને કહ્યું કે— 'હે ભદ્રે ! જો તું સત્ય બોલતી હોય તો એ તારા હસ્તકમળમાં [illegible]

[illegible]



મેઘધ્વનિથી મયૂરીની જેમ ઉત્કંઠિત હૃદયવાળી એવી સોમા પણ પોતાના પ્રિયતમ સહિત વંદન કરવા ત્યાં આવી. એટલે કરૂણાના સાગર એવા ગુરૂમહારાજે તેમનાપર અનુગ્રહ કરીને સુધાના સ્વાદ સમાન વાણીથી ધર્મનો ઉપદેશ આપ્યો કે:—

" श्रेयःसंततिमंदिरं सुरनराधीशस्थितेर्लग्नकः,
सर्वापत्प्रकरप्रवासपटहः सिद्धिश्रियः कार्मणम् ।
धर्मः प्राणिदयासुसत्यवचनास्तेयादिरूपो महा –
भाग्यादेव शरीरिभिर्जिनपतिप्रोक्तः समामाद्यते " ॥ १ ॥

' શ્રેય-શ્રેણીના મંદિરરૂપ, સુરેંદ્ર અને નરેંદ્રની સ્થિતિમાં લઈ જનાર, સર્વ આપત્તિઓના તિરસ્કાર કરવામાં જાહેર પટહ સમાન, સિદ્ધિશ્રીનું એક કામણ અને જીવદયા, સત્ય વચન, અસ્તેયાદિરૂપ તથા જિનપતિએ પ્રરૂપેલ એવા ધર્મને પ્રાણીઓ મહાભાગ્યથી જ પામી શકે છે.' તે ધર્મના શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વને મુક્તિ જનોએ દ્વારરૂપ કહેલ છે. આ સંસારમાં પ્રાણીને સર્વ સંપત્તિઓ મળવી સહેલી હશે, પરંતુ શુદ્ધ સમ્યક્ત્વ તો પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે. જો એક વાર પણ સુધાના આસ્વાદ સમાન એવા તે સમ્યક્ત્વનો લાભ થાય, તો ગુણજ્ઞજનો અલ્પસમયમાં નિશ્ચય કરી લેવો. સમ્યક્ત્વથી વિશુદ્ધ એવું સ્વલ્પ પણ જો જિનઅનુષ્ઠાન (ધાર્મિક ક્રિયા) કરવામાં આવે, તો તે અક્ષય અને નિર્જરાના કારણરૂપ થાય છે. કહ્યું છે કે

" जं अन्नाणी कम्मं, खवेइ बहुयाहिं वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेण. " ॥ १॥

" અજ્ઞાની જે કર્મ અનેક વર્ષકોટી સુધી ખપાવે, તે કર્મ જ્ઞાની ત્રણ ગુપ્તિ સહિત થઈને એક શ્વાસમાં ખપાવી શકે છે." સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં જો પવિત્ર એવા ચારિત્રનો લાભ થાય, તો ભવ્ય જીવ એક કે બે ભવમાં મોક્ષ પામી શકે છે.

આ પ્રમાણે દેશના સાંભળીને પ્રતિબોધ પામેલ એવા રાજાએ સુરૂપાલ વિગેરેની સાથે ગુરૂમહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી, અને સંસારના ભોગથી વિરક્ત એવી ભોગાવતી પ્રમુખ સ્ત્રીઓએ પણ રાણીની સાથે આનંદપૂર્વક દીક્ષા લીધી. તથા રૂપદત્તાદિક સર્વે આર મન લઈને સમ્યક્ત્વતત્ત્વમાં કુશળ એવા દૃઢ ચિત્તવાળા થયા. હે સ્વામિન્ ! આ બધું સાક્ષાત્ નજરે જોઈને ગુણને ઈચ્છતી એવી મેં પણ સદ્ગુરૂની પાસે શુદ્ધ સમ્યક્ત્વરૂપ માણિક્ય અંગીકાર કર્યું."

આ પ્રમાણે પ્રિયાએ કહેલ વિપ્રશ્રીનું સમ્યક્ત્વરૂપ સદ્ગુણ અને હૃદયને રુચિકર એવું નિર્મળ ચરિત્ર સાંભળીને અર્હદ્દાસ શેઠ સ્ત્રીઓ સાથે અતિશય આનંદ પામ્યો. એવામાં અનાદિ મિથ્યાત્વરૂપ પુરાણા (જુના) મદિરાથી મોહિત થયેલ એવી કુંદલતા જોડી કે:—' આ બધું કપોલકલ્પિત છે. ' તે વખતે રાજા વિગેરેએ વિચાર કર્યો કે:—' અહો ! મિથ્યાદૃષ્ટિઓમાં અગ્રેસર એવી એના હૃદયમાં આ અશ્રદ્ધાન (મિથ્યાત્વ) તે કેવા પ્રકારનું છે? કહ્યું છે કે:-

" संतमसंतं दोषं, वदंति ये धर्मकारिणः पुंसः ।
मत्यासं लोकानां, ख्याता मिथ्यादृशस्तेऽत्र " ॥ १ ॥

" જેઓ ધર્મી પુરૂષના અછતા દોષને લોકો આગળ કહેતા રે છે, તેમને અહિં મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. "

હે ભવ્ય જનો ' સમ્યક્ત્વપ્રાપ્તિનું નિરૂપણ કરનારી એવી ચંદનશ્રીની કથા સમ્યક્ રીતે સાંભળીને સમસ્ત કલ્યાણ આપવામાં કલ્પવૃક્ષ સદૃશ એવા સમ્યક્ત્વતત્ત્વમાં મનને દૃઢ રાખો.

॥ इति सम्यक्त्वकौमुद्यां तृतीया कथा ॥

હવે શેઠીએ વિષ્ણુશ્રીને કહ્યું કે:— "આર્હત ધર્મમાં કુશળ એવી હે ભદ્રે ! તું તારી શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્તિના હેતુરૂપ એવી કથા કહે " પોતાના સ્વામીનો આદેશ થતાં મનમાં મુદિત થતી એવી તે વિષ્ણુશ્રી પણ સમ્યક્ત્વના કારણરૂપ એવું પોતાનું વૃત્તાંત આ પ્રમાણે કહેવા લાગી —

કેટલું અદ્‌ભુત ફળ મળે છે ? વૈષ્ણવ-ધર્મમાર્ગમાં જેટલાં દાન કહ્યાં છે, તે બધાં દાન મેં વિપ્રોને અનેકવાર આપ્યાં, પરંતુ તે દાનોમાં કયાંય પણ પ્રભાવ મારા જોવામાં ન આવ્યો અને આ મુનિદાનનું તો મને અત્યારેજ અહીં મોટું ફળ મળ્યું. માટે પાત્રાપાત્રનો વિભાગ (ભેદ) અને દેયાદેયની વિચારણા તથા દાનનું ફળ એ મુનિની પાસે પૂછ્યુ કે, હે ભગવન્ ! દાનનું સમગ્ર સ્વરૂપ મને કહો." આ પ્રમાણે સચિવની વિજ્ઞપ્તિથી મુનીશ્વર કહેવા લાગ્યા કેઃ—"હે ભદ્ર ! સર્વ સુખનું કારણ અને પુણ્યનું સાધન એવું એ દાન-જ્ઞાન, અભય, સુપાત્ર અને અનુકંપા-એમ ચાર પ્રકારે છે. તેમાં ભવ્યજીવોને અનુગ્રહબુદ્ધિથી શ્રીસર્વજ્ઞના આગમનું દાન જે આપવું, તે જ્ઞાનદાન કહેવાય છે. જેમ સર્વ ઇંદ્રિયોમાં ચક્ષુ ઇંદ્રિય પ્રધાન (શ્રેષ્ઠ) છે, તેમ સમગ્ર દાનોમાં જ્ઞાનદાન ઉત્કૃષ્ટ કહેલ છે. શ્રુત (જૈનાગમ) લખીને યા લખાવીને મુનીઓને આપવુ. તેના એક અક્ષરદાનથી પણ એક લાખ વર્ષ સુધી દેવતાની સ્થિતિ પ્રાપ્ત થાય છે. વળી એ દાનના પ્રભાવથી ભવાંતરમાં પ્રાણી શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાની થઇ વિશ્વમાં પૂજનીય થાય છે. આરંભના કારણરૂપ એવા શાસ્ત્રનો દ્રવ્યથી વિનિમય (ફેરબદલી) કરી જે અજ્ઞ પ્રાણી બીજાને આપે છે, તે ભવાંતરમાં તેનુ ફળ પામી શકતો નથી. જે પ્રાણી યથાશક્તિ સ્થૂળ અને સૂક્ષ્મ જીવોનુ રક્ષણ કરે છે તે ધર્મનુ એક જીવિતરૂપ બીજું દયાદાન કહેલ છે. સ્વપરના આગમ અને શાસ્ત્રોમા સર્વ અન્યધર્મીઓની સાથે આ દાનના ફળની ઉપમા મહર્ષિઓના જોવામાં કયાં આવી નથી. કહ્યું છે કેઃ—

"मेरुगिरिकणयदाणं, धन्नाणं देइ कोडिरासीओ ।
इक्कं वहेइ जीवं, न छुट्टए तेण पावेण" ॥ १ ॥

"પ્રાણી મેરૂ પર્વતના જેટલું સુવર્ણદાન આપે અથવા તો દ્રવ્યની અનેક કોટીઓ દાન કરે, તો પણ એક જીવના વધથી થયેલ પાપથી તે મુક્ત થઇ ન શકે." પરમતના શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ-

"एकतः क्रतवः सर्वे, समग्रवरदक्षिणाः ।
एकतो भयभीतस्य, प्राणिनः प्राणरक्षणम् " ॥ १ ॥
"सर्वे वेदा न तत्कुर्युः सर्वे यज्ञाश्च भारत ! ।
सर्वे तीर्थाभिषेकाश्च, यत्कुर्यात् प्राणिनां दया " ॥ २

"એક તરફ સમગ્ર શ્રેષ્ઠ દક્ષિણાઓ સાથે સર્વ યજ્ઞો અને [illegible] તરફ ભયભીત પ્રાણીનું સંરક્ષણ કરવું, તે સમાન છે. હે અર્જુન ! દયાથી જેટલું પુણ્ય થાય છે, તેટલું પુણ્ય સર્વ યજ્ઞો કરતાં, વેદો સાંભળતાં અને સર્વ તીર્થોનો અભિષેક કરતાં પણ પ્રાપ્ત નથી." દયાથી ઉત્પન્ન થતા ફળનો ઉપભોગ કરતાં પણ તે આ[illegible] સંસારની જેમ કોટી ભવ સુધી પણ પ્રાયઃ કદી ક્ષીણ થતું નથી. સંસારસાગરમાં બૂડતા પ્રાણીઓને જે નાવ સમાન સહાય કરે છે, સત્ક્રિયા તથા સદ્જ્ઞાનથી જે મંડિત છે એવા પાત્રને વિદ્વાનોએ પાત્ર કહેલ છે. કહ્યું છે કે —

"ज्ञानं क्रिया च द्वयमस्ति यत्र, तत्कीर्तितं केवलिभिः सुपात्रम्
श्रद्धामकंपमभंगेण दानं, तस्मै प्रदत्तं खलु मोक्षदायि " ॥ १ ।

" જ્યાં જ્ઞાન અને ક્રિયા [illegible] કેવળી [illegible] પતોએ સુપાત્ર [illegible] પ્રકારની [illegible] દાન [illegible] ગુણોને [illegible] ચતુર્વિધ [illegible] પણ [illegible] કહ્યું છે કે —

" उत्तमपत्तं साहू, मज्झिमपत्तं च सावया भणिया ।
अविरयसम्मद्दिट्ठी, जहन्नपत्तं मुणेयव्वं " ॥ १ ।

[illegible] અને [illegible] ગુરૂજીની [illegible] અને [illegible]

તાની ઉત્પત્તિ થઇ સમજવી. તત્ત્વજ્ઞ પુરૂષો તો જગતમાં અદ્ભુત એવા જ્ઞાન, ચારિત્ર અને તપથી પવિત્ર એવા મુનીશ્વરોને વિશેષ રીતે સુપાત્ર કહે છે. વિશુદ્ધ જે આહાર અને વસ્ત્રાદિક ભક્તિપૂર્વક આપવામાં આવે છે, તે ધર્મના આધારરૂપ હોવાથી ત્રીજું સુપાત્રદાન કહેવાય છે. વળી બ્રહ્મચર્ય, સમ્યકત્વ અથવા માર્ગાનુસારીપણાનો અન્ય કોઈ ગુણ જ્યાં જોવામાં આવે, ત્યાં પણ પાત્રતા કહી છે. મોક્ષાર્થી એવા ભવ્ય પ્રાણીએ બ્રહ્મચારી એવા મુનિને શ્રદ્ધા અને આદરપૂર્વક કલ્પનીય વસ્તુનું દાન આપવું. નિરંતર આર્ત્ત અને રૌદ્રધ્યાન યુક્ત, સત્ય, શીલ અને દયા રહિત, સ્ત્રી પુત્ર વિગેરેમાં આસક્ત, બહુ આરંભ અને પરિગ્રહયુક્ત, મિથ્યાત્વથી કલુષિત મનવાળો અને ધર્મવંત જનોની નિંદા કરનાર એવા જનને તત્ત્વજ્ઞ પુરૂષો સુપાત્ર તરીકે કદાપિ માનતાજ નથી. ભવાંતરની પુણ્યબુદ્ધિથી, કુશાસ્ત્રના માર્ગમાં મોહિત થયેલા એવા જનોને સુવર્ણ અને ગાય વિગેરે જે આપવામાં આવે છે, તે ખરેખર અનર્થ-ફળને આપનાર થાય છે. કહ્યું છે કે:—

" उप्तं यदूपरे क्षेत्रे, बीजं भवति निष्फलम् ।
तथाऽपात्रेषु यद्दत्तं, तद्दानं न फलेग्रहि ॥१॥
एकवापीजलं यद्व–दिक्षौ सुस्वादुतां भजेत् ।
निंबे च कटुतां तद्वद्, पात्रापात्रेषु योजितम् " ॥२॥

"ક્ષારભૂમિમાં વાવેલ બીજ જેમ નિષ્ફળ થાય છે, તેમ અપાત્રને આપવામાં આવેલ દાન સફળ થતું નથી. એકજ વાવનું જળ જેમ શેલડીમાં સુસ્વાદિષ્ટ અને નિંબમાં કડુ થઇ જાય છે, તેમ પાત્રાપાત્રની વિચારણા સમજવી." હે મંત્રીશ્વર! સુપાત્રે દાન આપતાં પણ ભાવ પ્રમાણેજ ફળ મળે છે. વિશુદ્ધ ભાવવિના આપેલ દાન સ્વલ્પ ફળદાયક થાય છે. અને પ્રાણીઓને દુઃખની શાંતિ માટે કૃપાથી જે દાન આપવામાં આવે, તેને જિનેશ્વરોએ ચોથું દયાદાન કહેલ છે. કહ્યું છે કે:—

" दीनादिकेभ्योपि दयाप्रधानं, दानं तु भोगादिकरं प्रदेयम् ।
दीक्षाक्षणे तीर्थकृतोपि पात्रापात्रादिविचर्चां ददतो न चक्रुः "

" દયાપ્રધાન અને ભોગાદિક સુખને આપવાવાળું એવું દી
જનોને પણ દાન આપવું. કારણ કે તીર્થંકરો પણ દીક્ષા અવસરે દા
આપતાં પાત્રાપાત્રનો વિચાર કરતા નથી. " આ સાંભળીને મંત્રી
પુનઃ પૂછ્યું કે:–" હે સ્વામિન્! જેમ આજે હું સદ્દાનનો અ
શય પામ્યો, તેમ પૂર્વે કોઇને એવો લાભ મળ્યો છે ? " મુનીશ
બોલ્યા કે:–હે મહાભાગ ! પૂર્વે મત્સ્યોદરાદિક અનેક જનો ભવ
દરમાં સુપાત્રદાનનું આશ્ચર્યજનક ફળ પામ્યા છે. વળી ચંદ
(ચંદનબાળા) અને મૂળદેવ વિગેરે તેજ ભવમાં મહોદય પામ
અને શ્રેયાંસાદિક રાજાઓ અને લોકમાં સુખસંપત્તિ પામ્યા. તથા
હે મંત્રીશ્વર ! સુપાત્રદાનના માહાત્મ્યને દર્શાવનારું, આશ્ચર્યકાર
અને [illegible] પંડિત [illegible] એવું દૃષ્ટાંત સાંભળ.—

' દક્ષિણ દિશામાં પ્રખ્યાત એવા વિજય નામના નગર
સોમપ્રભ નામે રાજા [illegible] અને સોમપ્રભા નામની તેની રા
હતી [illegible] અપકારથી [illegible]
[illegible] રાજા [illegible] પ્રાણ [illegible]
[illegible] કે
[illegible] અને બ્રાહ્મણોને [illegible]
આ [illegible] બ્રાહ્મણો પૂજવા લાયક
[illegible]

" गोभिर्विप्रैश्च वेदैश्च, सतीभिः सत्यवादिभिः ।
अलुब्धैर्दानशीलैश्च, सप्तभिर्धार्यते जगत् " ॥ १ ॥

[illegible] સત્યવાદીઓ, [illegible]
અને [illegible] પરંતુ નિશ્ચ
[illegible] બ્રાહ્મણો [illegible]
[illegible]

અલ્પ આરંભવાળા, સત્ય, શીલ અને દયાયુક્ત અને ગૃહસ્થધ
સેવન કરતા એવા બ્રાહ્મણો લોકમાં પાત્ર ગણાય છે. કહ્યું છે કે:

" ये तपस्यंति विद्वांसः, सत्यशौचजितेंद्रियाः ।
तानहं ब्राह्मणान् मन्ये, शेषान् शूद्रान् युधिष्ठिर ! ॥ १
क्षमा दया दमो ध्यानं, सत्यं शीलं धृतिर्घृणा।
विद्या विज्ञानमास्तिक्य—मेतद् ब्राह्मणलक्षणम् ॥ २
शूद्रोपि शीलसंपन्नो, गुणवान् ब्राह्मणो भवेत् ।
ब्राह्मणोपि क्रियाहीनः, शूद्रापत्यसमो भवेत् ॥ ३
ये शांतदांताः श्रुतिपूर्णकर्णा, जितेंद्रियाः प्राणिवधे निवृत्ताः ।
परिग्रहे संकुचिता गृहस्थास्ते ब्राह्मणास्तारयितुं समर्थाः" ॥ ४

" જેઓ તપસ્વી, વિદ્વાન્ અને સત્ય, પવિત્ર તથા જિતેંદ્રિ
છે, હે યુધિષ્ઠિર ! તેમનેજ હું બ્રાહ્મણ માનું છું, બીજા બધા શૂદ્ર છે
ક્ષમા, દયા, દમન, ધ્યાન, સત્ય, શીલ, ધીરજ, લજ્જા, વિદ્યા, વિજ્ઞાન
અને આસ્તિક્ય—એ બ્રાહ્મણના લક્ષણો છે. શીલસંપન્ન અને ગુણ
વાન્ એવો શૂદ્ર પણ બ્રાહ્મણ થાય છે, અને ક્રિયાહીન જો બ્રાહ્મણ
હોય, તો તે શૂદ્ર સમાન છે. શાંત, દાંત, શાસ્ત્રજ્ઞ, જિતેંદ્રિય, જીવહિં-
સાથી નિવૃત્ત, અને અલ્પ પરિગ્રહવાળા એવા ગૃહસ્થ બ્રાહ્મણોજ
અન્યને તારવા સમર્થ થાય છે."

એકદા સ્વર્ગની ઇચ્છાવાળા અને કોટી સુવર્ણનો વ્યય કરવાને ઉત્સુક એવા રાજાએ પુણ્ય ઉપાર્જન કરવા યજ્ઞ કરવાનો આરંભ કર્યો. તે રાજાએ બોલાવેલા, જુદા જુદા દેશના રહેવાસી અને વેદ વિદ્યામાં નિપુણ એવા સ્માર્ત્ત (સ્મૃતિને માનનાર) અને પૌરાણિક અનેક બ્રાહ્મણો ત્યાં આવ્યા, અને રાજાની આજ્ઞાથી વેદોક્ત વિધિની ઉદ્‌ઘોષણા કરીને સ્વર્ગપ્રાપ્તિને માટે તે બ્રાહ્મણો ત્યાં યજ્ઞકર્મ કરવા લાગ્યા. હવે યજ્ઞશાળાની સમીપે જૈનધર્મી, ભોગોપભોગ-વ્રતધારી, નિઃસ્પૃહ મનવાળા અને નિર્દોષ વૃત્તિથી આજીવિકા ચલાવનાર એવા

વિશ્વભૂતિ નામના બ્રાહ્મણનું, જાણે પુણ્યનું મંદિર હોય અને અતિથિ દેવતાઓ જ્યાં સત્કાર પામે છે એવું નિવાસસ્થાન હતું. તે વિપ્રને સતીઓમાં અલંકારરૂપ, જૈન ધર્મની ધુરાને ધારણ કરવાવાળી અને સંતુષ્ટ હૃદયકમળવાળી એવી સતી નામે પત્ની હતી. તે દંપતી જિનભગવંત પાસે નૈવેદ્ય મૂકીને અને અતિથિપૂજન કરીને શેષ ભોજનથી પોતાના પ્રાણ ધારણ કરતા હતા. એક દિવસે નિર્દોષવૃત્તિથી પ્રાપ્ત થયેલા ઘઉંના તે વિપ્રે ઘણા પુડલા બનાવ્યા અને સતીએ તેના ત્રણ ભાગ કરીને રાખ્યા હતા. તે દિવસે તપસ્વી અને આશ્રવનિરોધી એવા કોઈ સાધુ ભિક્ષાને માટે ભાગ્યયોગે તેમને ઘેર પધાર્યા. એટલે શાસ્ત્રોક્ત વિધિથી તેમને નમસ્કાર કરીને જાણે નૃપત્વ પ્રાપ્ત થયું હોય તેમ હૃષ્ટ થઈ અંજલિ જોડીને તે બ્રાહ્મણે વિજ્ઞપ્તિ કરી કે:—"હે પ્રભો! આજ મારો મનુષ્યજન્મ સફળ થયો અને ગૃહસ્થના પણ કૃતાર્થ થઈ કે આપ જેવા મુક્તિમાર્ગના પ્રકાશક એવા સુપાત્ર મારે ઘેર પધાર્યા, માટે હે વિભો! કૃપા કરી આ ત્રણ પિંડમાંથી એક પિંડ આપ ગ્રહણ કરો." મુનિ બોલ્યા કે:—'હે ભદ્ર! આ ત્રણ પિંડ કરી રાખવાનું શું કારણ?' તેણે કહ્યું કે:—'આ બે પિંડ દેવ અને અતિથિની ભક્તિ કરવા જુદા રાખ્યા છે; અને તૃતીય પિંડ અમારા શરીરનિર્વાહને માટે રાખેલ છે. મુનીશ્વરે ત્રીજા પિંડને વિશુદ્ધ જાણીને ગ્રહણ કરવા પોતાની ઇચ્છા જણાવી. એટલે દાતારના સાત ગુણોને ધારણ કરતા એવા તે વિપ્રે પણ ત્રીજા પિંડમાંથી તેમને વહોરાવ્યું. કહ્યું છે કે —

"श्रद्धा तुष्टिर्भक्ति–र्विज्ञानमलोभता क्षमा शक्तिः ।
यत्रैते सप्त गुणा–स्तं दातार प्रशंसंति"   ॥ १ ॥

"શ્રદ્ધા, સંતોષ, ભક્તિ, વિજ્ઞાન, નિર્લોભતા, ક્ષમા અને શક્તિ આ સાત ગુણયુક્ત દાતાર પ્રશંસાપાત્ર છે." હવે તે મુનિને દાન આપીને પોતાને કૃતાર્થ માનતો એવો તે વિશ્વભૂતિ વિપ્ર પાત્રદાનના આ પાંચ ભૂષણને ધારણ કરવા લાગ્યો:—

અલ્પ આરંભવાળા, સત્ય, શીલ અને દયાયુક્ત અને ગૃહસ્થધ
સેવન કરતા એવા બ્રાહ્મણો લોકમાં પાત્ર ગણાય છે. કહ્યું છે કે:

" ये तपस्यंति विद्वांसः, सत्यशौचजितेंद्रियाः ।
तानहं ब्राह्मणान् मन्ये, शेषान् शूद्रान् युधिष्ठिर! ॥ १
क्षमा दया दमो ध्यानं, सत्यं शीलं धृतिर्घृणा।
विद्या विज्ञानमास्तिक्य—मेतद् ब्राह्मणलक्षणम् ॥ २
शूद्रोपि शीलसंपन्नो, गुणवान् ब्राह्मणो भवेत् ।
ब्राह्मणोपि क्रियाहीनः, शूद्रापत्यसमो भवेत् ॥ ३
ये शांतदांताः श्रुतिपूर्णकर्णा, जितेंद्रियाः प्राणिवधे निवृत्ताः ।
परिग्रहे संकुचिता गृहस्थास्ते ब्राह्मणास्तारयितुं समर्थाः" ॥ ४

" જેઓ તપસ્વી, વિદ્વાન્ અને સત્ય, પવિત્ર તથા જિતેંદ્રિ
છે, હે યુધિષ્ઠિર! તેમનેજ હું બ્રાહ્મણ માનું છું, બીજા બધા શૂદ્ર છે
ક્ષમા, દયા, દમન, ધ્યાન, સત્ય, શીલ, ધીરજ, લજ્જા, વિદ્યા, વિજ્ઞા
અને આસ્તિક્ય—એ બ્રાહ્મણના લક્ષણો છે. શીલસંપન્ન અને ગુ
વાન્ એવો શૂદ્ર પણ બ્રાહ્મણ થાય છે, અને ક્રિયાહીન જો બ્રાહ્
હોય, તો તે શૂદ્ર સમાન છે. શાંત, દાંત, શાસ્ત્રજ્ઞ, જિતેંદ્રિય, જીવહિં
સાથી નિવૃત્ત, અને અલ્પ પરિગ્રહવાળા એવા ગૃહસ્થ બ્રાહ્મણોજ
અન્યને તારવા સમર્થ થાય છે."

એકદા સ્વર્ગની ઇચ્છાવાળા અને કોટી સુવર્ણનો વ્યય કરવાને ઉત્સુક એવા રાજાએ પુણ્ય ઉપાર્જન કરવા યજ્ઞ કરવાનો આરંભ કર્યો. તે રાજાએ બોલાવેલા, જુદા જુદા દેશના રહેવાસી અને વેદ વિદ્યામાં નિપુણ એવા સ્માર્ત્ત (સ્મૃતિને માનનાર) અને પૌરાણિક અનેક બ્રાહ્મણો ત્યાં આવ્યા, અને રાજાની આજ્ઞાથી વેદોક્ત વિધિની ઉદ્ઘોષણા કરીને સ્વર્ગપ્રાપ્તિને માટે તે બ્રાહ્મણો ત્યાં યજ્ઞકર્મ કરવા લાગ્યા. હવે યજ્ઞશાળાની સમીપે જૈનધર્મી, ભોગોપભોગ-વ્રતધારી, નિઃસ્પૃહ મનવાળા અને નિર્દોષ વૃત્તિથી આજીવિકા ચલાવનાર એવા

વિશ્વભૂતિ નામના બ્રાહ્મણનું, જાણે પુણ્યનું મંદિર હોય અને અતિથિ દેવતાઓ જ્યાં સત્કાર પામે છે એવું નિવાસસ્થાન હતું. તે વિપ્રને સતીઓમાં અલંકારરૂપ, જૈન ધર્મની ધુરાને ધારણ કરવાવાળી અને સંતુષ્ટ હૃદયકમળવાળી એવી સતી નામે પત્ની હતી. તે દંપતી જિનભગવંત પાસે નૈવેદ્ય મૂકીને અને અતિથિપૂજન કરીને શેષ ભોજનથી પોતાના પ્રાણ ધારણ કરતા હતા. એક દિવસે નિર્દોષવૃત્તિથી પ્રાપ્ત થયેલા ઘઉંના તે વિપ્રે ઘણા પુડલા બનાવ્યા અને સતીએ તેના ત્રણ ભાગ કરીને રાખ્યા હતા. તે દિવસે તપસ્વી અને આશ્રવનિરોધી એવા કોઈ સાધુ ભિક્ષાને માટે ભાગ્યયોગે તેમને ઘેર પધાર્યા. એટલે શાસ્ત્રોક્ત વિધિથી તેમને નમસ્કાર કરીને જાણે નૃપત્વ પ્રાપ્ત થયું હોય તેમ હૃષ્ટ થઈ અંજલિ જોડીને તે બ્રાહ્મણે વિજ્ઞપ્તિ કરી કે:—"હે પ્રભો! આજ મારો મનુષ્યજન્મ સફળ થયો અને ગૃહસ્થતા પણ કૃતાર્થ થઈ કે આપ જેવા મુક્તિમાર્ગના પ્રકાશક એવા સુપાત્ર મારે ઘેર પધાર્યા, માટે હે વિભો! કૃપા કરી આ ત્રણ પિંડમાંથી એક પિંડ આપ ગ્રહણ કરો." મુનિ બોલ્યા કે:—'હે ભદ્ર! આ ત્રણ પિંડ કરી રાખવાનું શું કારણ?' તેણે કહ્યું કે:—'આ બે પિંડ દેવ અને અતિથિની ભક્તિ કરવા જુદા રાખ્યા છે; અને તૃતીય પિંડ અમારા શરીરનિર્વાહને માટે રાખેલ છે. મુનીશ્વરે ત્રીજા પિંડને વિશુદ્ધ જાણીને ગ્રહણ કરવા પોતાની ઇચ્છા જણાવી. એટલે દાતારના સાત ગુણોને ધારણ કરતા એવા તે વિપ્રે પણ ત્રીજા પિંડમાંથી તેમને વહોરાવ્યું. કહ્યું છે કે:—

"श्रद्धा तुष्टिर्भक्ति–र्विज्ञानमलोभता क्षमा शक्तिः ।
यत्रैते सप्त गुणा–स्तं दातारं प्रशंसंति" ॥ १ ॥

"શ્રદ્ધા, સંતોષ, ભક્તિ, વિજ્ઞાન, નિર્લોભતા, ક્ષમા અને શક્તિ આ સાત ગુણયુક્ત દાતાર પ્રશંસાપાત્ર છે." હવે તે મુનિને દાન આપીને પોતાને કૃતાર્થ માનતો એવો તે વિશ્વભૂતિ વિપ્ર પાત્રદાનના આ પાંચ ભૂષણને ધારણ કરવા લાગ્યો:—

અન્નદાન વિશેષથી ખરેખર સાર્વભૌમ (ચક્રવર્તી) સમાન છે. ક્ષુધાથી દુર્બળ કુક્ષિવાળા અને મ્લાન મુખકમળવાળા એવા રંક કે ચક્રવર્તી–બંનેને સમાનજ કષ્ટદશા વેઠવી પડે છે. જેમ સ્વાતિનક્ષત્રનું જળ સર્પમાં વિષરૂપ થઇ જાય છે અને શુક્તિ (છીપ) માં તે મોતીરૂપે પાકે છે, તેમ અન્નદાન સમાન છતાં ફળ તો પાત્રને અનુસારેજ મળે છે. સંસારના સંગરહિત એવા સાધુઓને સ્વભક્તિપૂર્વક જે દાન કરવામાં આવે છે, તે નિધાનની માફક પ્રાણીઓને મોક્ષપર્યંતની સંપત્તિ આપે છે. બારવ્રતધારી અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થોને વિવેકપૂર્વક જે વસ્તુ આપવામાં આવે, તે સ્વર્ગાદિકની સંપત્તિ આપનાર થાય છે. પરશાસ્ત્રમાં વિવેક વિનાનાં જે દાનો કહ્યાં છે, તે પ્રાય: આરંભને વધારનાર હોવાથી કેવળ પાપના નિમિત્ત થાય છે. પવિત્ર એવા પુણ્યનું ઉપાર્જન કરવા અથવા દુ:ખની શાંત્યર્થે ગૃહસ્થે દાન આપવું–એમ તત્ત્વવેત્તાઓ કહે છે. કહ્યું છે કે:—

" मूषकानां वधं कृत्वा, मार्जारस्तृप्यते यथा ।
तथा कामांधिते दत्ते, दाता स्वर्गं न गच्छति " ॥ १ ॥

"ઉંદરોનો વધ કરીને બિલાડાને તૃપ્ત કર્યાની જેમ કામાંધિત પુરૂષને દાન આપતાં દાતાર સ્વર્ગાદિ સુખ પામી શક્તો નથી." આ પ્રમાણે બ્રાહ્મણના મુખથી શ્રવણ કરીને સોમપ્રભ રાજા લલાટપર અંજલિ રચીને કહેવા લાગ્યો કે:—" હે ભદ્ર ! મારાપર અનુગ્રહ કરીને મારૂં સુવર્ણ–યજ્ઞનું પુણ્ય લઇ અને તેના બદલામાં મને મુનિદાનનું ફળ આપ." આ રીતે નરેંદ્રનું વચન સાંભળી પુન: તે વિપ્રે કહ્યું કે:— " હે નરદેવ ! જેનાથી પ્રાણીઓ સ્વર્ગ અને મોક્ષનાં સુખો પામી શકે અને ચિંતામણિરત્ન સમાન એવા સુપાત્રદાનનું ફળ આપી કાચરત્નની જેમ અસાર એવું યજ્ઞનું ફળ કેમ લેવાય ? હે રાજન્ ! કલ્પવૃક્ષ ક્યાં અને કળિકાળનું એક સામાન્ય વૃક્ષ ક્યાં ? તેમ મુનિદાનનું મહત્ફળ ક્યાં ? અને યજ્ઞનું તુચ્છ ફળ ક્યાં ? વળી હે ભૂપ ? જૈન ધર્મજ્ઞ જીવો પોતાના પાપ કે પુણ્ય કોઇને પણ આપી શકતા

નથી. કારણ કે બીજાઓને પાપ આપવામાં તો સારી રીતે પાપવૃદ્ધિ થાય, પરંતુ પુણ્ય આપવા જતાં તો પરિણામે હોય તેથી પણ તે રહિત થઈ જાય. પ્રાણી પ્રાયઃ પોતાના કરેલા શુભાશુભ કર્મને પામે છે, તથાપિ કેવળ મનઃસંતુષ્ટિને માટે જ અંતકાળે પ્રાણીને પુણ્ય આપવાનો વ્યવહાર પ્રવર્તમાન છે. જે ધર્મકાર્યમાં પ્રાણીને કંઇક અનુમોદના કરવાનો પ્રસંગ મળે, માટે મૃત પાછળ પણ અહીં કરવામાં આવે છે. બીજું કશું ફળ કે કારણ નથી. વળી હે દેવ ! આ પણ નગરના ઉદ્યાનમાં મહર્ષિઓની શ્રેણીયુક્ત ધર્મસાર નામના નિર્ગ્રંથ ગુરૂ છે. માટે ત્યાં જઈને હે રાજન્ ! તેમની પાસે જો દાનનું સમ્યગ્ સ્વરૂપ તમે પૂછો તો મહાન લાભ થાય તેમ છે." પછી શ્રદ્ધાગુ એવા રાજાએ માણસો સહિત ત્યાં જઈને વિનયથી નમસ્કાર કરી દાન અને દેવની વિચારણા તેમને પૂછી. એટલે ગુરૂમહારાજે પણ તેવીજ રીતે સ્વરૂપ કહી બતાવ્યું તે સાંભળીને રાજા સમ્યકત્વ અંગીકાર કરી વ્રતધારી શુદ્ધ શ્રાવક થયો પછી ગુરૂમહારાજ પુનઃ તે શ્રેષ્ઠ રાજાને હિતશિક્ષા આપતા બોલ્યા કે "હે રાજન્ ! જિનમતનું વિચારપૂર્વક ... તે પુન ... તત્વોનો વારંવાર વિચાર કરે તેનું સમ્યકત્વ ક્રમે ક્રમે અધિકાધિક શુદ્ધ થતું જાય છે. કહ્યું છે કે

त्रैकाल्यं द्रव्यषट्कं नवपदसहितं जीवषट्कायलेश्याः,
पञ्चान्ये चास्तिकाया व्रतसमितिगतिज्ञानचारित्रभेदाः ।
इत्येवं मोक्षमार्गं त्रिभुवनमहितैः प्रोक्तमर्हद्भिरीशैः,
प्रत्येति श्रद्दधाति स्पृशति च मतिमान् यः स वै शुद्धदृष्टिः" ॥१॥

"ત્રણ કાળ અને નવ તત્વ સહિત છ દ્રવ્ય, છ જીવની છ કાય છ લેશ્યા, પાંચ અસ્તિકાય પાંચ વ્રત પાંચ સમિતિ, ચાર ગતિ પાંચ જ્ઞાન અને પાંચ ચારિત્રના ભેદ એ પ્રમાણે ત્રિભુવન પૂજિત એવા જિન ભગવંતોએ પ્રરૂપેલ મોક્ષમાર્ગને જે મતિમાન પ્રાણી માને છે, શ્રદ્ધે છે અને તેમાં લીન થાય છે તેનું સમ્યકત્વ અવશ્ય શુદ્ધ હોય છે."

આ પ્રમાણે ગુરૂમહારાજના વાક્યને સત્યપણે સ્વીકારીને ત્યારથી તે રાજાએ વિશ્વભૂતિ બ્રાહ્મણપર ગુરૂબુદ્ધિ ધારણ કરી. પછી આચાર્ય મહારાજના ચરણને નમસ્કાર કરીને વિશ્વભૂતિ સહિત રાજાએ ઘેર આવીને આનંદપૂર્વક ધર્મોત્સવ કરાવ્યો. પછી સોમપ્રભ રાજા આર્હત પંડિતો સાથે નિરંતર ધર્મગોષ્ઠી કરતાં અનુક્રમે જૈનધર્મના વેત્તાઓમાં એક અગ્રેસર થયો. તે વખતે ઘણા બ્રાહ્મણો સમ્યગ્દૃષ્ટિ થયા. કારણ કે સૂર્યોદય થતાં અંધકાર શું કયાંય પણ રહી શકે? આ પ્રમાણે સુપાત્રદાનના માહાત્મ્યથી વિશ્વભૂતિ બ્રાહ્મણ તેજ ભવમાં ધનવાન્ અને ધર્મવંત જનોને માન્ય થયો. અને તેજ નગરમાં સુવર્ણ પ્રતિમાયુક્ત જૈનમંદિર કરાવીને તેણે સંપત્તિનું ફળ મેળવ્યું. પછી શ્રાવકધર્મનું આરાધન કરીને તે વૈમાનિક દેવતા થયો અને અનુક્રમે ચારિત્ર પામીને મોક્ષે જશે." સોમશર્મા પ્રધાન પણ આ પ્રમાણે સુપાત્રદાનનું ફળ સાંભળીને મિથ્યાત્વીઓનો સંસર્ગ છોડી દઈને આસ્તિક શ્રાવક થયો.

હવે એકદા વ્રત લેવાને ઇચ્છતા એવા તેણે શ્રીગુરૂના મુખથી આ પ્રમાણે અનર્થદંડવ્રતનું વર્ણન સાંભળ્યું:-"જૈનધર્મના ધારક ભવ્ય જીવને, પ્રાણીઓના પ્રાણને હરણ કરનાર એવા શસ્ત્ર, અગ્નિ, વિષ અને યંત્રને ધારણ કરવાં તે યોગ્ય નથીજ. કારણકે પાપનાં અધિકરણો ધારણ કરતાં અંતરંગ બળનો ઉલ્લાસ થવાથી માણસોનું મન અનર્થ કરવાને તૈયાર થાય છે. માટે સુજ્ઞ જને પોતાના શરીર પર લોહનું શસ્ત્ર ધારણ કરવું નહિ." આ સાંભળીને તે પ્રધાને પણ તે વખતે લોહમય શસ્ત્ર ધારણ ન કરવાનો નિયમ લીધો. એટલે ગુરૂએ પુનઃ તેને શિખામણ આપી કે:-"હે મંત્રિન્! આ બંને લોકમાં સુખકારી એવા આ વ્રતનું પ્રયત્નપૂર્વક તારે પાલન કરવું." એટલે ત્યારથી દયાનો ભંડાર એવો તે રણાંગણમાં કે રાજસભામાં જતાં ઉપરથી સુવર્ણ અને માણિક્યથી મંડિત એવી કાષ્ઠની તરવાર રાખવા લાગ્યો. આ પ્રમાણે સત્પુણ્ય આચરતાં વ્રતધારી એવા તેનો સામ્રાજ્ય સુખયુક્ત ઘણો કાળ ચાલ્યો ગયો. અહો વ્રતનો મહિમા

કેવો અદ્ભુત છે ? કે વિષમ પ્રસંગ આવતાં કાંઇ હરકત ન આવી, રાજાનું અપમાન ન થયું અને મનનું પણ બરાબર સમાધાન થયું. કહ્યું છે કે:—

"जिनेंद्रधर्मेऽङ्गिदयां विधातुमेकोपि सम्यग् नियमः कृतो यैः।
तस्यानुभावाद्विपदो ब्रजंति, स्युः संपदस्तस्य पदे पदे च" ॥१॥

"જૈન ધર્મમાં જીવદયા પાળવા જેમણે સમ્યગ્ રીતે એક પણ નિયમ કર્યો છે, તે નિયમના પ્રભાવથી વિપત્તિઓ દૂર ચાલી જાય છે અને સંપત્તિઓ પગલે પગલે પ્રાપ્ત થાય છે."

એકદા છળને શોધનાર અને પાપાત્મા એવા કોઇ દુર્જને, કાષ્ઠ[illegible] તરવાર રાખવા સંબંધી મંત્રીની વાત રાજાને નિવેદન કરી. એટલે ખેદકારક વૃત્તાંતને મનમાં રાખી રાજાએ એકદા સુભટોની આગળ [illegible]ની વાત ચલાવી [illegible] ગુણની ન્યૂનાધિકતાથી રત્નાદિ વસ્તુઓનું તારતમ્ય મોટું અંતર જાણવામાં આવે છે. કહ્યું છે કે—

"वाजिवारण लोहानां, काष्ठपाषाणवाससाम्।
नारीपुरुषतोयाना-मंतरं महदंतरम्" ॥१॥

[illegible] કાષ્ઠમાં, કોઇ કોઇનાં [illegible] પુરુષ પુરુષમાં અને [illegible] માટે વીર પુરુષોના [illegible] તમારી પ્રત્યેક તરવાર [illegible] ભૂપની આગળ [illegible] અને પ[illegible] [illegible] વિચાર [illegible] મંત્રીશ્વર [illegible]

ન રાખવાનો નિયમ લીધો છે. જે પ્રાણી સદ્ગુરૂની પાસે જેવી રીતે
મત અંગીકાર કરે, તેનું તેવી રીતે પાલન કરવાથી તે અખંડિત
સુખ પ્રાપ્ત કરી શકે છે. હે રાજન્! અનર્થદંડ તો લક્ષ્મણની જેમ
માણસના હાથમાં શસ્ત્ર આવતાં જીવહિંસા થઇ જાય છે. માટે દયાળુ
ઓએ પોતાના દેહપર શસ્ત્ર ધારણ કરવું નહિ. કારણ કે પૂર્વ ભ-
માં ઉપાર્જન કરેલ એવો એક ધર્મજ પ્રાણીઓનું રક્ષણ કરનાર
." આ પ્રમાણે બોલતા એવા તેના મસ્તકપર સુગંધની દિવ્ય લો-
ને કરતી એવી દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી. તે વખતે આ પ્રમાણે
રેનું માહાત્મ્ય સાક્ષાત્ જોઇને અજિતંજય રાજાએ પ્રસન્ન થઇને
ાસદો સમક્ષ કહ્યું કે:—"જેમ મણિઓમાં ચિંતામણિ રત્ન એક
ાય છે, તેમ સર્વ ધર્મોમાં સર્વજ્ઞપ્રણીત ધર્મ એક છે. જેનો મ-
ા આ પ્રમાણે વચનને પણ અગોચર છે, એવા તે ધર્મ શિવાય
ા કોઇ ધર્મ દુર્ગતિથી રક્ષણ કરવા સમર્થ નથી, એમ મારૂં
ું છે." તે વખતે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓએ આકાશમાં રહી રાજા
ાનો સંશય છેદવા મંત્રિનિશ્ચયના માહાત્મ્યની પ્રશંસા કરી.
આ સર્વ પ્રાણીઓ ધર્મના અભિલાષી હોય છે, પરંતુ ધર્મનું
સ્વરૂપ તેઓ ગુરૂ વિના જાણી શકતા નથી. વૃદ્ધિ પામતા
ારૂપ અંધકારવાળા એવા સંસારરૂપ ખાડામાં પડતા એવા
ોને ગુરૂજ દીપક સમાન છે.
એવા અવસરમાં ભવ્ય જનોરૂપ કુમુદને ચંદ્ર સમાન અને
ાની સંપત્તિને વિસ્તારતા એવા શ્રીમાન્ જિનચંદ્રગુરૂ ત્યાં
તેમનું આગમન સાંભળીને આર્હત ધર્મનો જિજ્ઞાસુ એવો
પ્રધાન વિગેરે સહિત ગુરૂની પાસે ગયો. ત્યાં મંત્રીએ બતા-
ાથી રાજા ગુરૂના ચરણે નમ્યો. કારણ કે કુલીન જનો યથા-
ાયસ્થિતિને ચૂકતા નથી. પછી રાજાએ અંજલિ જોડીને સુ-
ું કે:—"હે વિભો! સ્વર્ગ અને મોક્ષને આપનાર એવું
ધર્મતત્વ મને કહો." એટલે ગુરૂ બોલ્યા કે:—"હે રાજન્! સુખ-
લક્ષ્મીના એક ભંડાર એવા ધર્મને જિન ભગવંતોએ સમ્યગ્દર્શન

પૂર્વક નિરાકાર અને સાકાર એમ બે પ્રકારે કહેલ છે. તેમાં શાશ્વત આનંદદાયક એવો પ્રથમ નિરાકાર ધર્મ સાધુઓમાં રહેલ છે અને સ્વર્ગ વિગેરેનાં સુખ આપનાર એવો દ્વિતીય સાકાર ધર્મ ગૃહસ્થોમાં રહેલ છે." આ પ્રમાણે ગુરૂની વાણી સાંભળીને વિરક્ત થયેલા એવા રાજાએ શત્રુંજય નામના પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ્ય સોંપી મંત્રી વિગેરે તથા અંતઃપુર સહિત [illegible] કરીને મહોત્સવપૂર્વક તેણે દીક્ષા અંગીકાર કરી. એટલે ગુરૂ મહારાજે તેમને શિખામણ આપી કે —"હે ભદ્ર! કરોડો ભવો કરતાં પણ દુર્લભ અને મોક્ષના કારણરૂપ એવા ચારિત્રને [illegible] કોઈ રીતે પામીને વિષયોમાં કદાપિ પ્રમાદ કરવો ઉચિત નથી. કારણ કે પૂર્વધર સાધુ પણ પ્રમાદ કરવાથી નિગોદમાં જાય છે. [illegible] ચારિત્રને પામીને અનંતીવાર ગયેલ છે, પરંતુ ભાવચારિત્ર વિના મોક્ષની પ્રાપ્તિ ન થઇ." આ પ્રમાણે ગુરૂની શિખામણ [illegible] સાધુ ધર્મનું નિરતિચાર- [illegible] ત્યાં [illegible]

[illegible]

" [illegible] ॥ ૧ ॥

[illegible]

મુંહિત્રા તેમની સામે જમીનપર બેસી હાથ જોડીને વિજ્ઞપ્તિ ક
લાગી કે:- " હે સ્વામિનિ ! વ્યાધિરૂપ દાવાગ્નિની જ્વાળા
થઈ સતાવે છે. માટે કૃપા કરી એવું ઔષધ બતાવો, કે જેથ
શાંત થઇ જાય. હે સ્વામિનિ ! તમે જગજ્જીવોની કૃપાના
સુધાવાપી સમાન અને સ્વભાવથી જગત્પર ઉપકાર કરવામાં નિ
છે, માટે હે વિશ્વજીવિનિ ! નાના પ્રકારના રોગના વેગથી કં
મનવાળી એવી હું આપની પાસે કાંઈક ઔષધની યાચના કરૂં છુ
આ સાંભળી તે સાધ્વીએ કહ્યું કે:-" હે ભદ્રે ! પૂર્વકૃત કર્મ
પરિપાકથી સંસારરૂપ અરણ્યમાં પ્રાણીઓને સુખ, દુ:ખ પ્રાપ્ત
છે. ક્ષુધાનું ઔષધ જેમ ભોજન અને પિપાસાનું ઔષધ જેમ
છે, તેમ સમસ્ત કષ્ટનું પરમ ઔષધ સર્વજ્ઞભાષિત ધર્મજ છે
તે ધર્મ શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મના શ્રદ્ધાનપૂર્વક સાધુધર્મ
શ્રાવકધર્મ-એમ બે પ્રકારે કહેલ છે. ઇંદ્રિયવશ પ્રાણીને સાધુ
પાળવો તો દુષ્કરજ છે. કારણ કે મેરૂપર્વતના શિખરપર ચડવ
પંગુ (પાંગળો) શું સમર્થ થઇ શકે ? માટે તેને તો દેશથી અ
ધનો ત્યાગ કરવા પૂર્વક શ્રાદ્ધધર્મજ સુસાધ્ય છે, તો હે વત્સે !
ત્રથી વિભૂષિત એવા શ્રાદ્ધધર્મનો તું અત્યારે સ્વીકાર કર
સમ્યક્ત્વવાસિત તે ધર્મ નિરતિચારપણે આચરતાં અષ્ટ કમ
ધ્વંસ કરનારી એવી અર્હત્‌ની અષ્ટપ્રકારે પૂજા કર. તથા જિન
વંતની સમક્ષ સ્થિત થઇ સત્પુષ્પ અને નૈવેદ્ય પ્રમુખ પવિત્ર વ
ઓથી સિદ્ધચક્રની ત્રિકાલ પૂજા કર. તથા પગલે પગલે ૐ
(પ્રણવ) અને માયાબીજ-એ બે મહાબીજના જાપપૂર્વક આ
ભાવથી પંચ નમસ્કારના આઠ હજાર જાપ જપ. તેમજ સુપાત્ર
દીનદુ:સ્થિત પ્રાણીઓને સદા અન્નદાન આપ અને સિદ્ધિસુખ અ
નારૂં એવું સાધર્મિવાત્સલ્ય કર. તથા સુવર્ણના એક ભાર મે
દિવ્ય, સુખકારી અને રત્નાલંકારથી વિભૂષિત એવું જિન ભગવં
એક બિંબ કરાવ. હે ભદ્રે ! આ પ્રમાણે ધર્મકૃત્ય કરતાં છ માસ
તારા શરીરરૂપ રાફડામાંથી રોગરૂપ સર્પો બધા ચાલ્યા જશે

રિત્ર સાંભળીને સમ્યકત્વ-તત્ત્વથી શ્રેષ્ઠ એવા જિનેંદ્ર ધર્મમાં તાના મનને સુદૃઢ કરો.

। इति चतुर्थी भावना ।

પછી અર્હદ્દાસ શ્રેષ્ઠીએ નાગશ્રીને કહ્યું કે:–' હે પ્રિ સમ્યકત્વની ઉત્પત્તિને સૂચવનારી અને પોતે અનુભવેલી પવિત્ર કથા હવે તું કહી સંભળાવ ' પોતાના સ્વામિની સુધાસમ એવી વાણીનું કર્ણાંજલિથી પાન કરીને તે મનમાં મુદિત થ પોતાનું વૃત્તાંત તેમની આગળ નિવેદન કરવા લાગી:--

" આજ ભરતક્ષેત્રમાં વાણારસી નામની મહાપુરીમાં સો [illegible] વશી અને શત્રુઓનો જય કરનાર એવો જિતા નામે રાજા હતો. લક્ષ દાન આપનાર અને સ્ફુરાયમાન પર્વ (અંગુલિન અગ્રભાગ)વાળો જેના હાથ સભાઓમાં વિદ્વાનોને સત્વર આદર કરતો હતો અને કલ્પને વિધનાર અને સ્ફુરાયમાન પર્વવાળો એવો જેનો [illegible] શત્રુઓને એકદમ ભયભીત કરતો હતો. [illegible] ગુણોના સ્થાનરૂપ એવી કનકચિત્રા નામે તેને રાણી હતી અને [illegible] એવી શીલસુંદરી નામની તેમની પુત્રી હતી. ઘણા [illegible] અતિશય રૂપથી રાજા અને [illegible] થઈ પડી. પરંતુ પૂર્વ [illegible] શિરોવેદના [illegible] મુકાવવાથી દુખિત [illegible] સ્થાનરૂપ એવી તે મુડિના એવા નામથી [illegible] અને [illegible] કોઈ ગીતે [illegible]

એકદા [illegible] અને [illegible] ધર્મને જાણનાર એવી વૃષભશ્રી નામની કોઈ સાધ્વી તેને ઘેર આવી. કલ્યાણરૂપ વૃક્ષની [illegible] સમાન એવી સાધ્વીને નમસ્કાર કરીને

આ પ્રમાણે વૃષભશ્રીના ઉપદેશથી જૈનધર્મનું આરાધન કરતાં તે અનુક્રમે રોગમુક્ત અને મહાકાંતિવાળી થઇ. તે ધર્માનુષ્ઠાનના માહાત્મ્યથી રાજકન્યાનું સમસ્ત સ્ત્રીઓને જીતનાર એવું પરમ સૌભાગ્ય દિવસે દિવસે વધવા લાગ્યું. બ્રહ્મસ્વરૂપની જેમ સર્વ કરતાં અદ્ભુત એવા તેના રૂપને જોઇને રાજા પ્રમુખ ધર્મને મંત્ર તથા ઔષધ કરતાં અધિક માનવા લાગ્યા.

એકદા કૃતજ્ઞ હૃદયવાળી અને સાધ્વીના કરેલા ઉપકારને સંભારતી એવી તે રાજપુત્રી સાધ્વીઓના સમુદાયને વંદન કરવા ગઇ. ત્યાં વિકસ્વર મુખ-કમળવાળી એવી તે સન્માર્ગ બતાવનારી એવી સાધ્વીઓને વંદના કરીને વૃષભશ્રીને કહેવા લાગી કે:—"હે ભગવતી! સુધામાં સ્નાન કરવાની જેમ આપના પ્રસાદથી હું થોડા વખતમાં રોગમુક્ત અને સુરૂપવતી થઇ. માટે જેનો પ્રભાવ કહેવાને દેવતાઓ પણ સમર્થ નથી એવા ધર્મનું નિરતિચારપણે યથોચિત આચરણ કરીશ. પરંતુ પુણ્યની કામનાને લીધે દેશ, કાળ અને ઘરને ઉચિત એવા વિશુદ્ધ અન્ન, પાનાદિકથી આપનું ગૌરવ કરવાની મારી ઇચ્છા છે. કહ્યું છે કે:—

"जिनपूजां मुनिभक्तिं, वात्सल्यं सर्वसंघलोकस्य ।
ये कुर्वंति गृहस्था—स्तेषां सफलं भवति जन्म" ॥ १ ॥

"જે ગૃહસ્થો જિનપૂજા, ગુરૂભક્તિ અને શ્રીસંઘનું વાત્સલ્ય કરે છે, તેમનો જન્મ સફળ થાય છે." આ સાંભળીને વૃષભશ્રીએ તેને કહ્યું કે:—"હે ભદ્રે! જિનોક્ત વ્રતથી જે રૂપ અને આરોગ્યાદિક પ્રાપ્ત થાય, તેમાં વિશેષતા શું છે? પરંતુ એ વ્રતના પ્રભાવથી તો શુદ્ધ ભાવસંયુક્ત પ્રાણી તે કરતાં પણ અતિ દુર્લભ એવી સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મીને પણ અવશ્ય પ્રાપ્ત કરી શકે છે. કહ્યું છે કે:—

"सम्यक्त्वपूर्वाणि जिनोदितानि, व्रतानि यः पालयति प्रयत्नात् ।
आसाद्य कैवल्यपरमां श्रजेन, स सिद्धिवध्वाः सततं विलासम्" ॥१॥

હું કન્યા આપવાનો નથી. સર્વ ગુણોથી યુક્ત છતાં જો એ બે ગુણથી હીન હોય, તો વિદ્વજ્જનોના હૃદયમાં તે નિર્ગુણજ ભાસે છે. કહ્યું છે કે:—

" तोयेनेव सरः श्रियेव विभुता सेनेव सुस्वामिना,
जीवेनेव कलेवरं जलधरश्रेणीव वृष्टिश्रिया।
प्रासादस्त्रिदशार्चयेव सरसश्लोकेनेव काव्यं प्रिया,
प्रेम्णेव प्रतिभासते न रहितो धर्मेण जंतुः क्वचित् " ॥१॥
मुक्ततेजो यथा रत्नं, पुष्पं वा गंधवर्जितम् ।
गतधर्मस्तथा प्राणी, नाभात्यत्र महर्घताम् " ॥२॥

" જેમ જળથી સરોવર, લક્ષ્મીથી પ્રભુતા, સેનાપતિથી સેના, જીવથી દેહ, વૃષ્ટિથી મેઘ, દેવપ્રતિમાથી પ્રાસાદ (મંદિર), સુરસથી કાવ્ય અને પ્રેમથી પ્રેમદા શોભે, તેમ ધર્મથીજ પ્રાણી શોભા પામે છે, ધર્મરહિત તે કદી શોભતો નથી. વળી તેજહીન જેમ રત્ન અને ગંધરહિત જેમ પુષ્પ, તેમ ધર્મ રહિત પ્રાણી આ સંસારમાં આદરપાત્ર થતો નથી. " માટે હે દૂત ! તારા સ્વામીને જઈને કહે કે-'જો કન્યારત્નને તમે ઇચ્છતા હો, તો પ્રથમ મારા સમરાંગણના સાગરનું અવગાહન કરો.' પછી દૂતના વચનથી યમની જેમ કુપિત થયેલો ભગદત્ત સંગ્રામની સામગ્રી કરીને વેગથી તે નગરમાં આવ્યો, એટલે ચતુરંગ સૈન્યસહિત યુદ્ધને માટે દુરકના આકુલ ઉતાવળો એવો જિતારિ રાજા પણ સૂર્યની જેમ સન્મુખ આવ્યો. તે વખતે હિરણ્યકને અગ્રગણ્ય કન્યાનાં નમર્દ, કલ્પાંતકાળના અગ્નિની જ્વાળા સમાન અને દુષ્ટીજનને મૂંઝવનાર એવા ભગદત્ત રાજાના સૈન્યને જોઈને વ્યાકુળ થયેલા સૈનિકોના અંતર અને પોતાના પક્ષની કદર્થનાથીને ચિંતવતા એવા સુદર્શન નામના મહામંત્રીએ જિતારિ રાજાને કહ્યું કે- "હે સ્વામિન્ ! ભગદત્ત રાજાને તમારી પુત્રી આપીને સંધિ કરો. કારણ કે તે દુર્જય લાગે છે. પોતાના બળાબળનો નિર્ણય એજ રાજનીતિનો સાર અને સંધિ કે વિગ્રહના અવસરનું પરિજ્ઞાન એ તેનું

માતાથી ઉત્સાહિત થયેલી અને કામભોગથી વિરક્ત એવી શીલસુંદરી પણ ત્યાં સંયમ લઇને મોક્ષે ગઇ. જિતારિનૃપના પુત્ર જિતશત્રુ રાજાએ પોતાના પિતાના સંયમ સમયે સર્વને આશ્ચર્યકારી એવો મહોત્સવ કર્યો. કારણ કે ચૈત્ય, પ્રતિમા, દીક્ષા, તપ, સમવસરણની રચના અને ધ્વજા—વિગેરે મહોત્સવમાં કોઈ ભાગ્યવંતનુંજ ન્યાયોપાર્જિત ધન કૃતાર્થ થાય છે. ”

હે સ્વામિન્ ! રાજસુતા સુંદિતાના વ્રતનું માહાત્મ્ય જોઇને મેં પણ તે વખતે વિધિપૂર્વક સમ્યકત્વ અંગીકાર કર્યું, કારણ કે ક્રિયાહીન છતાં સમ્યકત્વથી વિશદ (નિર્મળ) આશયવાળો પ્રાણી મુક્તિવધૂને વશ કરીને નિરંતર તેની સાથે લીલા કરે છે.

શ્રીજૈનધર્મની ઉન્નતિની એક રાજધાનીરૂપ નાગશ્રીએ કહેલ તે કથાને પોતાના હૃદયમાં ધારણ કરીને સ્ત્રીઓ સાથે અર્હદ્દાસ શેઠીએ કહ્યું કે:—' હે ભદ્ર ! તેં કહ્યું તે આ બધું યથાર્થ છે.' એવામાં કુંદલતા બોલી કે —' હે દેવ ! ધૂર્તની કથાની જેમ સર્વ સ્વકલ્પિતજ આ વાતમાં મને લેશ પણ વિશ્વાસ આવતો નથી, તે વખતે રાજા વિગેરેએ વિચાર કર્યો કે:—' અહો આ લલના વૃષ્ટિથી મગશેળીયા પાષાણની જેમ નહવાણથી ખરેખર ! અભેદ્ય છે. જે પ્રાણી શુકલપક્ષીયો હોય અને ભવિષ્યમાં જેનું કલ્યાણ થવાનું હોય, તેનુંજ અંતઃકરણ પરની સ્તુતિ સાંભળીને આર્દ્ર થાય છે.

આ પ્રમાણે રાજસુતાની જેમ નિશ્ચય સમ્યકત્વધારી એવો જે પ્રાણી જિનેંદ્રકથિત વ્રતને દૃઢતાપૂર્વક ધારણ કરે છે, તે સ્વર્ગ અને મોક્ષનાં સુખ પામે છે. કર્ણપુટથી અવશ્ય પાન કરવા લાયક એવું આ રાજપુત્રીનું ચરિત્ર સાંભળીને જગતમાં અદ્‌ભુત પ્રભાવવાળા એવા જિનમતને અનુસરતા એવો શ્રેણિકરાજા પણ મંત્રીશ્વર સાથે અતિશય હર્ષ પામ્યો.

॥ इति सम्यक्त्वकौमुद्यां श्रीतपागच्छनायकश्रीसोमसुंदरसूरिश्रीमुनिसुंदरसूरिश्रीजयचंद्रसूरिशिष्यैः पंडितजिनहर्षगणिभिः कृतायां चतुर्थः प्रस्तावः ॥

પત્તિનું એક સ્થાન અને નિષ્કપટ મનવાળી એવી **પદ્માવતી** નામે રાણી હતી. વળી તે નગરીમાં આસ્તિકના ગુણોથી સુશોભિત, જિન ભક્તિમાન્ અને સમ્યગ્દષ્ટિ જીવોમાં એક ભૂષણરૂપ એવો રૂપભદાસ નામે શ્રેષ્ઠિ હતો. સપ્ત ક્ષેત્રરૂપ ભૂમિમાં વિત્તરૂપ જળને વરસતો અને દીન જનોને યથેષ્ટ દાન આપી પ્રસન્ન કરતો એવો તે શ્રેષ્ઠિ લોકમાં ખરેખર ઉન્નત એવા ધનોદય (મેઘ—ઉદય) ની ઉપમાને પામ્યો. તેને અતિશય પ્રેમાળ અને સતી એવી **પદ્માવતી** નામે પ્રિયા હતી, જે પુણ્યકર્મ કરતાં કદી વિરામ પામતી ન હતી. તે દંપતીને વિકસિત વિવેક અને વિનયવાળી અને વસુધાપર પવિત્ર એવા લાવણ્યરૂપ સુધાની જાણે એક વાપી હોય એવી **પદ્મશ્રી** નામની સુતા હતી. ત્રણે જગતની સ્ત્રીઓના સૌંદર્યને જીતનાર એવા તેના રૂપને જોઇને કોણ કોણ આશ્ચર્યમગ્ન ન થયું ?

એકદા ઋષભશ્રેષ્ઠીએ તે નગરમાં દારિદ્રય અને દુર્ગતિના દુઃખરૂપ દાવાનળને શાંત કરવામાં મેઘસમાન, સમ્યક્ત્વરૂપ અંકુરના એક કારણરૂપ સંસારથી તારનાર અને માન, પ્રમાણ અને વર્ણયુક્ત એવી પ્રતિમાઓથી અલંકૃત એવું શ્રીજિનમંદિર કરાવ્યું. ત્યાં દિવ્ય આભરણની શોભાયુક્ત સખીઓથી પરવરેલી એવી પદ્મશ્રી દરરોજ દેવપૂજાને માટે જતી હતી.

હવે તેજ નગરમાં બુદ્ધસંઘમાં અગ્રેસર, યશસ્વી એવો બુદ્ધદાસ નામે એક મોટો શેઠ હતો અને તેની બુદ્ધદાસી નામની સ્ત્રી હતી. તેમને દેવેંદ્રની સંપત્તિનું એક પાત્ર અને નવીન યૌવનારંભના અતિશયથી મદમસ્ત થયેલો એવો બુદ્ધસંઘ નામે પુત્ર હતો. એક દિવસે કામદેવ—મિત્રયુક્ત અને સાક્ષાત્ કામદેવ સમાન એવો બુદ્ધદાસ તે જિનમંદિરમાં ગયો. ત્યાં પદ્મ સમાન સુંદર લોચનવાળી અને જિનેંદ્રપૂજામાં લીન એવી પદ્મશ્રીને જોઇને તે કુમાર વિચારવા લાગ્યો કેઃ—" અહો ! એનું રૂપ ! અહો ! પુરૂષોના નેત્રને વિશ્રાંત કરનારી એની કાંતિ ! અહો ! યુવાનોના ઉન્માદના ઔષધરૂપ એનું સર્વાંગ—

ર્થે તુલિકાદાન, પાપકુંભાદિક ક્રિયા, મોક્ષની પ્રાપ્તિ માટે બ્રાહ્મણોને
ાય, ભૂમિ અને સુવર્ણનું દાન, પુત્રાદિકને અર્થે મહામાયાનું અર્ચન
ાથ ક્ષેત્રની પૂજના—એ પ્રમાણે બહુ સંસાર તથા દુઃખરાશિના
ારણરૂપ એવું લૌકિક ગુરૂગત અને દેવગત મિથ્યાત્વ આગમમાં
ર્ણવ્યું છે. હવે લોકોત્તર દેવગત મિથ્યાત્વ આ પ્રમાણે છે—કુતી-
ર્થિકોએ ગ્રહણ કરેલા એવા જિનબિંબોનું પૂજન, જિનચૈત્યની આ-
શાતના કરવી, અનિષિદ્ધનો નિષેધ અને નિષિદ્ધમાં આદર કરવો—
ઇત્યાદિ. મિથ્યાત્વ એ સંસારના એક બીજરૂપ છે. તેમાં ગુરૂગત
મિથ્યાત્વ આ પ્રમાણે છે— શીલભ્રષ્ટ સાધુઓને વંદન, પૂજન અને
આદર આપવો. કહ્યું છે કે:—

"લોકોત્તર લિંગ (ચિન્હ) વાળા અને સાધુવેશધારી હોવા
છતાં જેઓ પુષ્પ, તંબોળ, આધાકર્મિક સર્વ આહાર, જળ અને ફળ
વિગેરે સચિત્ત વસ્તુઓનો ઉપભોગ, સ્ત્રીનો પ્રસંગ, વ્યવહાર અને
[illegible] અને ચેષ્ટિત વચન, તથા

દાસ ખરેખર ભાગ્યવંત જનોમાં અગ્રેસર છે, કે જેણે કુળક્રમાગત ઉત્કટ મિથ્યાત્વનો ત્યાગ કરી અને જગતને વ્યામોહિત કરનારા એવા કુશાસન (મત) રૂપ પાશનું ઉચ્છેદન કરીને જિનશાસનને અંગીકાર કર્યું. પોતાના પૂર્વજોના આચરિત માર્ગે તો સહુ કોઇ સુખે ચાલે છે, પણ તેવા અસન્માર્ગનું ઉન્મૂલન કરી સમ્યગ્ધર્મમાં પ્રીતિ રાખનાર તો કોઇ વિરલો વિવેકીજ હોય છે. કહ્યું છે કેઃ—

" प्रतिपचंद्रं सुरभी, नकुलो नकुलीं पयश्च कलहंसः ।
चित्रकवल्लीं पक्षी, सम्यग्धर्मं सुधीर्वेत्ति " ॥ १ ॥

" જેમ ગાય પ્રતિપદના ચંદ્રને, નકુળ નકુલણીને, રાજહંસ દૂધને અને પક્ષી ચિત્રાવેલીને જાણે છે, તેમ સુબુદ્ધિમાન્ જ સમ્યગ્ધર્મને ઓળખી શકે છે. " માટે શુદ્ધધર્મી એવા તેને સકુટુંબ ઘરે બોલાવીને બહુ માનપૂર્વક હવે તેનું વાત્સલ્ય કરવું ઉચિત છે. કારણ કે લક્ષ્મીની સફળતા, ભવનની પવિત્રતા, શાસનની ઉન્નતિ અને તીર્થંકરપદની પ્રાપ્તિ–એ વાત્સલ્યના મુખ્ય ગુણો છે. " આ પ્રમાણે વિચાર કરીને વિચક્ષણ ઋષભશ્રેષ્ઠીએ નવીન સદ્ધર્મની સ્થિરતા માટે લક્ષ્મીના નિવાસરૂપ એવા બુદ્ધદાસની સાથે મિત્રાઇ કરી. એટલે યથોચિતપણે પરસ્પર આપતા અને ગ્રહણ કરતા, રહસ્યની વાત પૂછતા અને કહેતા એવા તે બંનેની વચ્ચે પ્રીતિ વધવા લાગી.

એકદા ઋષભશ્રેષ્ઠીએ ધર્મના સ્થૈર્યને માટે બુદ્ધદાસની સમક્ષ તેના છતા ગુણોની પ્રસંશા કરી કેઃ–" હે મહાનુભાવ! તમે પોતાના ઘરમાં ધર્મરૂપ કલ્પવૃક્ષનું આરોપણ કર્યું, તેથી તમે આજે ત્રણે જગતને શ્લાઘ્ય થયા અને તમારૂં કુળ પણ આજે પવિત્ર થયું. સ્વર્ગના ઐશ્વર્યયુક્ત સર્વ સંપત્તિઓ સુલભ છે, પરંતુ સર્વજ્ઞદર્શિત ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ દુર્લભ છે કહ્યું છે કેઃ—

" अपि लभ्यते सुराज्यं, लभ्यंते पुरवराणि रम्याणि ।
न हि लभ्यते विशुद्धः सर्वज्ञोक्तो महाधर्मः " ॥२॥

કહેવા લાગ્યો:—" હે શ્રાવકોત્તમ ! જ્યારે મારો પુત્ર ઉત્સવ
તમારી પુત્રીનું પાણિગ્રહણ કરે, તેજ આપને ઘેર મને ભોજન
તેમ છે. ધર્મરહિત જે પુરૂષ નિમિત્ત વિના પ્રેતની જેમ પરને
જમે છે, તે ધૂર્ત્ત તેના ઘરમાં દાસપણું પામે છે." આ પ્રમાણે
ભળીને બંને વશમાં શુદ્ધ અને પરમ શ્રાવક એવો ઋષભ
વિચારવા લાગ્યો કે: —" ધનવંતમાં માન્ય, અભિમાની, દાતા
જ્ઞાતિવત્સલ અને આર્હત ધર્મના નવીન ઉપાસક એવા બુદ્ધદાસ
ભોજનને માટે મેં ઘરે બોલાવેલ છે, તો આ કાર્યનો જો હું નિષે
કરીશ, તો વખતસર એ જિનધર્મને મૂકી દેશે. નવીન ધર્મને પામે
એવા સાધર્મિકને કોઈ રીતે પણ સ્થિર રાખવો, એજ ચાતુર્ય
ગણાય છે. વળી ઘરે આવેલ સમાન શીલ અને ધર્મવાળાને તો કદી
પોતાનું સર્વસ્વ આપીને પણ સુશ્રાવકે તેની ભક્તિ કરવી યોગ્ય
છે. વળી વિશેષથી અવસ્થાને પ્રાપ્ત થયેલ એવી આ કન્યા તો ક્યાં
પણ આપવાનીજ છે, પણ તેને સદાચારી ઘરની પ્રાપ્તિ અતિ દુર્લભ
છે. કુળ, શીલ, વય, વિદ્યા અને ધર્મયુક્ત, ધનવાન્ તથા ન્યાયશાળી
એવા વરની જે પ્રાપ્તિ થવી એ ખરેખર સ્ત્રીના ઉગ્ર તપનુંજ ફળ છે.
માટે જગતને અદ્ભુત એવા સદ્ગુણોથી સમાનતાને ધારણ કરતા
એવા આ બંનેનો સુવર્ણ અને માણિક્યના જેમ સુયોગ થાઓ."
આ પ્રમાણે પોતાની પવિત્ર સ્ત્રી સાથે ક્ષણભર વિચાર કરીને
ઋષભદાસે કહ્યું કે —"તમારા પુત્રને હું મારી પુત્રી આપી
માટે તમે આનંદપૂર્વક ભોજન કરો. કારણ કે નવ ગૃહ
...માં એ પ્રથમ ફળરૂપ છે.' એટલે બુદ્ધદાસે સકુટુંબ ત્યાં
...ને ભોજન કર્યું અને ઋષભદાસે ધર્મનું માહાત્મ્ય દર્શાવનારી
...થી તેની સારી રીતે ભક્તિ કરી. પછી તે બંને મુખ્ય શ્રાવકોએ
...ન્ય પ્રેમવાળા થયેલા એવા તે પુત્ર અને પુત્રીનો વિસ્મય ...
...નદાયક એવો વિવાહમહોત્સવ કર્યો. અને વધૂ સહિત વરને
...તેને માટે ઋષભદાસે ઘરની સ્થિતિના સમસ્ત દ્યોતક (કરમો-
...) દાન આપ્યા. પછી ઉત્સવની શ્રેણીથી મનોહર એવો વિવાહ

"मायामविश्वासविलासमंदिरं, दुराशयो यः कुरुते धनाशया।
सोऽनर्थसार्थं न पतंतमीक्षते, यथा बिडालो लकुटं पयः पिबन्" ॥१॥

" જે દુરાશય પ્રાણી ધનની આશાથી અવિશ્વાસના એક વિલાસભવન સમાન એવા કપટની રચના કરે છે, તે દૂધ પીતો બિલાડો જેમ લાકડી ન જુએ, તેમ માથે પડતા દુઃખોને જોઈ શકતો નથી. " અન્યત્ર કરેલ પ્રપંચ પણ પાપના કારણરૂપ થાય છે અને ધર્મના વિષે અન્યને છેતરતાં તો અવશ્ય નરકજ પ્રાપ્ત થાય છે. " [illegible] સુપુત્ર બુદ્ધદાસને બહુ માનપૂર્વક બોલાવી અને તેના કુટુંબને પ્રગટ કરીને ઋષભશેઠ આ પ્રમાણે શિખામણ દેવા લાગ્યોઃ—

પૃથ્વીમાં પુણ્યવંત જનોમાં શ્રેષ્ઠ, ન્યાયવંતમાં મોટા, વિશ્વમાં વિખ્યાત અને ધર્મમાર્ગમાં ધુરંધર એવા આપ, સુખના એક ભંડારરૂપ એવા આર્હત ધર્મનો સ્વીકાર [illegible] નીને જો મૂકી દેશો, તો બીજાઓની શી વાત કરવી ? [illegible] માણસો પણ ગુરૂ સાક્ષીએ લીધેલ [illegible]નો ત્યાગ કરતા નથી. [illegible] તત્ત્વકુશળ અને સશાસ્ત્રી તો [illegible] —

" प्राणांतेऽपि न भंक्तव्यं, गुरुसाक्षिकृतं व्रतम्।
व्रतभंगोऽतिदुःखाय, प्राणा जन्मनि जन्मनि " ॥ २ ॥

" [illegible] કરેલ [illegible] પ્રાણાંતે પણ કદી મૂકવું નહિ. કારણ કે પ્રાણો [illegible] ભવોભવ અતિ દુ[illegible] ધર્મનો સ્વીકાર કરીને કુળથી જેઓ તેનો [illegible] તેના અનંતા મહા દુખ પામે છે [illegible] વનશ્રેષ્ઠીનો કુશિષ્યની જેમ અનાદર કરીને [illegible] છે એવાં તે બુદ્ધદાસ પોતાને સ્થાને [illegible] સમજીને અવકાશ લેવી પોતાની પુત્ર[illegible] વાન્ધોથી સંતુષ્ટ કરીને પોતાને ઘેર ગયો [illegible] નિત્ય આર્હત ધર્મની ઉપાસના કરતી એવી પદ્મશ્રીને

તે મિથ્યાદૃષ્ટિઓ બલાત્કારથી અંતરાય કરવા લાગ્યા. તેઓ ધર્મની નિંદા, હીલના અને પરસ્પર હાસ્ય કરતા, તથાપિ ધર્મમાં દૃઢ એવી પદ્મશ્રી લેશ પણ પ્રમાદ કરતી ન હતી.

એકદા બહુ શિષ્યયુક્ત પદ્મસંઘ નામના બૌદ્ધાચાર્યે આવીને પદ્મશ્રીને આ પ્રમાણે શિખામણ આપી કે:—"હે ભદ્રે! સર્વ મણિઓમાં ચિંતામણિ જેમ શ્રેષ્ઠ કહેલ છે, તેમ સર્વ ધર્મોમાં બૌદ્ધધર્મ શ્રેષ્ઠ છે. હિતૈષી એવા બુદ્ધ ભગવાને પ્રરૂપેલ ધર્મ સેંકડો ચમત્કારોના સ્થાનરૂપ અને ઉભયલોકમાં સુખકારી છે. અને વળી:--

"मृद्वी शय्या प्रातरुत्थाय पेया, मध्ये भक्तं पानकं चापराह्णे ।
द्राक्षाखंडं शर्करा चार्धरात्रे, मुक्तिश्चांते शाक्यपुत्रेण दृष्टा" ॥१॥

"કોમળ શય્યા, સવારે ઉઠીને દુગ્ધપાન, મધ્યાન્હકાળે ભોજન, પાછલે પહોરે મદિરાદિકનું પાન અને અર્ધરાત્રિએ દ્રાક્ષાખંડ તથા શર્કરાનો ઉપભોગ-આવા પ્રકારના ધર્મથી શાક્યપુત્રને છેવટે મુક્તિ મળી હતી." માટે વૃથા દેહનું શોષણ કરનાર એવા આ ધર્મનો ત્યાગ કરી અને બુદ્ધ ભગવને બતાવેલ માર્ગનો આશ્રય (સ્વીકાર) કર." આ વાક્યથી પદ્મશ્રીએ કહ્યું કે - "જિનેંદ્રોક્ત અને ગુરુનોક્ત ધર્મના અંતરનો તમારા મનમાં સમ્યક્ રીતે વિચાર કરો. જેમ દૂધ, ધાતુ, જળ, રત્ન, રાજા, પાષાણ અને ભવન-એ વસ્તુઓના સમાન નામ છતાં મોટું અંતર જોવામાં આવે છે, તેમ ધર્મના નામની સમાનતા છતાં તેમાં મોટું અંતર રહેલું છે. ક્ષમા, શીલ, તપ, શૌચ, દયા, સત્ય તથા દમ-આ ગુણો જ્યાં સર્વથા જોવામાં આવે છે, તે ધર્મજ યથાર્થ નામયુક્ત છે. નામમાત્રથી તો પરમતમાં સર્વત્ર ધર્મ છે, પરંતુ વસ્તુતઃ તો શ્રીજિનેંદ્રદર્શિત માર્ગ-(મત)માં તે યથાર્થ છે. વળી ગુરુમહારાજની પાસે સમ્યક્ત્વ શુદ્ધ એવા એ જિનધર્મનો મેં સ્વીકાર કર્યો છે, તો હવે શી રીતે તેનો ત્યાગ કરવો? જે પ્રાણી સ્વીકૃત સમ્યગ્ધર્મનો ત્યાગ કરે છે, તે ભવાંતરમાં સૌભાગ્ય રહિત, ધનધાન્ય વર્જિત, નિંદ્યમૂર્તિ અને સદા દુઃખી

[illegible]ય છે. માટે મારે તો જિનેદ્રોક્ત ધર્મજ પાળવો છે અને તમારે પણ હવે એજ ધર્મનો સ્વીકાર કરવો યોગ્ય છે. " આ પ્રમાણે પ્ર[illegible]તિબોધ કર્યું, એટલે બુદ્ધદાસાદિકથી વંદન કરાયલો એવો તે માયાવી [illegible]વિધ મુખકમળને મ્લાન કરી પોતાના મઠમાં ચાલ્યો ગયો.

હવે સમેતશિખરાદિ તીર્થોની યાત્રા કરી, સ્વોપાર્જિત સંપ[illegible]ત્તિ યથાયોગ્ય પાત્રે વ્યય કરી રત્ન, કનક અને પાષાણના સેંકડો [illegible]બિંબ અને વિધિપૂર્વક મહોત્સવ સહિત તેની પ્રતિષ્ઠા કરાવીને [illegible]નો અંત સમય પાસે આવેલ જાણીને વિવેકી અષભદેકી પો[illegible]તાના ઘરનો ભાર પુત્રોને સોંપીને દયા, દાન, દમ, ધ્યાન અને દેવ અર્ચનાદિકથી તથા તેને લગતા અન્ય પુણ્યકાર્યોથી પોતાના [illegible] સફળ કરીને. ત્રિવિધે ત્રિવિધે પાપસ્થાનોનો ત્યાગ કરી, [illegible]વોને ખમાવી અને પરિગ્રહથી મુક્ત થઈ, યથોક્ત શ્રાદ્ધપ[illegible]નિરતિચારપણે આલોચન કરી આનંદ શ્રાવકની જેમ આનંદ [illegible]ર શરણને આ[illegible] અને આહારના ત્યાગપૂર્વક નમા[illegible] [illegible]થી શરીરનો ત્યાગ કરીને તે [illegible] અને કાંતિના સ્થાનરૂપ એવા [illegible] તેના [illegible] પ્રાપ્ત થયેલી એવી પદવી [illegible] આપવાના સમર્થ એવા પુણ્યકર્મ [illegible]

એ[illegible] અવ થયેલા બુદ્ધ દાસે પદ્મશ્રીને [illegible] જનમનમાં મોહિત એવો [illegible] ગીતૃપ થયો છે એમ મારા પુત્ર [illegible] આ નમ્રતાને તે વિચારવા [illegible] કરનાર એવા પુણ્યવંત [illegible] તેમ સાથે કારણ કે ચિંતામણિ [illegible] મિથ્યાત્વ છે [illegible] આપવા તો જિન તત્વથી અજ્ઞાત એવો [illegible] પોતાનો નથી ? " પછી તે

સસરાને કહેવા લાગી કે:—" પૂજ્ય એવા તમારા ગુરૂવર્ય સમ્ય ક્જાણતાજ નથી, કે જેથી તે આવું બોલે છે. જો પોતાના જ્ઞાનથી પ્રાણીઓની ગત્યાદિ જાણી શકતા હોય, તો મારે પણ બૌદ્ધધર્મને સ્વીકાર કરવો, પરંતુ તેમને સપરીવાર મારે ઘેર ભોજન કરાવી ઉત્સાહપૂર્વક તેમના ધર્મનો સ્વીકાર કરી હું પાલન કરીશ." પછી ભોજનને માટે પુત્રવધૂને ઘેર સર્વ સામગ્રી તૈયાર કરીને પ્રસન્નમનથી શ્રેષ્ઠીએ બૌદ્ધ સાધુઓને બોલાવ્યા. એટલે પદ્મસંઘ ગુરૂ ભોજનાદિકને માટે પુનઃ પરિવાર સહિત ત્યાં આવ્યા. કારણ કે એ વસ્તુ વિશ્વને વલ્લભ છે. પછી બહુમાન આપીને અનુક્રમે સ્ફુરાયમાન યુક્તિપૂર્વક વિવિધ સ્વાદિષ્ટ રસથી ભોજન કરાવતાં પદ્મશ્રીએ તેના ડાબા પગની ચામડાની મોજડીને મરચાં વિગેરેથી વઘારી અને તેને જરૂર કરીને તેના ગુરૂને જમાડ્યા. પછી બહુ ગૌરવપૂર્વક યથેષ્ટ ભોજન કરીને ઉઠ્યા એટલે શ્રેષ્ઠીએ ભક્તિપૂર્વક ચંદનાદિકથી તેમની પૂજા કરી, એવામાં પેલા કૃત્યથી કર્મક વ્યાકુળ થયેલી પદ્મશ્રીએ આવીને જતા એવા તેમને કહ્યું કે "હે સૌગતેશ્વર! આજે હું ઘણા કામથી વ્યગ્ર થઇ ગઇ, માટે આવતી કાલે પ્રભાતે ઉત્સવપૂર્વક આપના ધર્મનો સ્વીકાર કરીશ. હાલ તો તમે પધારો." એટલે તેઓ મઠ તરફ જવાને તૈયાર થયા. એવામાં ત્યાં ગુરૂનીજ મોજડી એવામાં ન આવવાથી 'કોના લેવામાં આવી?' એમ પરસ્પર બોલતા તેઓ કોલાહલ કરવા લાગ્યા ત્યાં તેમના દર્શનના ઉત્સુક એવા સ્વજનો પણ ત્યાં એકત્ર થઈ ગયા. એવામાં પદ્મશ્રીએ અંજલિ જોડીને પુનઃ વચન રચના કહ્યું કે 'હે ભગવન્' જે જ્ઞાનથી તમે મારા પિતાની ગતિ કહી શકયા, તેજ જ્ઞાનથી તમે પોતે એ મોજડી જાણી લ્યો." આ સાંભળીને અત્યંત કુપિત મનથી ગુરૂએ કહ્યું કે—'હે ધર્મધૂર્તે! હે દુરાચારે! મને આવું જ્ઞાન નથી.' પછી વાર્તાની ચતુર પદ્મશ્રીએ કહ્યું કે—"પોતાના ઉદરસ્થ નાખેલ પોતાની મોજડીને જે જાણી શકતા નથી, તે મારા પિતાની આ રીતે ગતિ શી રીતે જાણી શકે? તમે પોતાનું ખાધેલું જાણી શકતા નથી, તો પારકી નિંદા કરવા

ભાગ્યવાન્ એવો તે લક્ષ્મીની જેમ તેને આગળ કરીને નગરની બહાર આવ્યો. ત્યાં દિશાઓના મુખને જોતા અને કંઇક ચિંતાતુર મનવાળા એવા તે દંપતી નગરની નજીકના એક વૃક્ષની છાયામાં ક્ષણવાર બેઠા. એટલે પદ્મશ્રી બોલી કે:—" હે સ્વામિન્! સર્વ પ્રકારના કર્મરોગથી મુક્ત અને મુક્તિસ્ત્રીમાં આસક્ત એવા જિન ભગવંત, રક્ત કમળસમાન કાંતિવાળા એવા સિદ્ધ ભગવંત, સર્વજ્ઞમતમાં સૂર્યસમાન એવા સર્વે સાધુઓ તથા સર્વ પ્રકારના સુખમાં સાક્ષીરૂપ એવો ધર્મ–એમનું આપણને શરણુ થાઓ." આ પ્રમાણે બોલતી પદ્મશ્રી જેટલામાં પતિ આગળ બેઠી, તેટલામાં ત્યાં આવેલ પવિત્ર અંગવાળા કોઇ ધનાવહ સાર્થવાહ જગતમાં અદ્ભુત એવી તે સુંદરીને જોઇને ક્ષણવારમાં સરાગી અને કામદેવની આજ્ઞાને વશવર્ત્તી થઇ ગયો. પછી કોઇક માણસપાસેથી તેમનું સ્વરૂપ જાણીને સૌભાગ્યરૂપ અમૃતની પ્રપા (પરબ) સમાન એવી તેને ગ્રહણ કરવાને ઇચ્છતો એવો તે કામાંધ તેની કૃત્રિમ બરદાસ કરીને પ્રપંચથી બુદ્ધસંઘને સ્ત્રીસહિત પોતાને સ્થાને લઇ ગયો. પછી સાંજે તે ધનાવહે તેને વિષયુક્ત અન્નનું ભોજન કરાવ્યું. કારણ કે કામાંધ પ્રાણીઓ અકૃત્યો પણ કરે છે. એટલે વિષના વેગથી અતિશય મૂર્છા પામીને મૂળથી છેદાયેલ વૃક્ષની જેમ તે શ્રેષ્ઠી તરત ભૂમિપર પડયો. પોતાના પતિની મૃત્યુની દૂતિકા તુલ્ય એવી તેવા પ્રકારની અવસ્થા જોઇને અતિશય શોકથી સંતપ્ત થયેલી એવી પદ્મશ્રી કરૂણ સ્વરે રૂદન કરવા લાગી. એટલે તે સાર્થવાહ રૂદન કરતી એવી તેને કોમળ વચન કહી અટકાવવા લાગ્યો કે:–" હે ભદ્રે! ત્રણે જગત્માં કર્મથી સહુ પરાધીન છે. હે કલ્યાણિ! આ સંસારની સ્થિતિજ આવી છે, માટે શોક ન કર. વૈરીની જેમ વિધિ અનવસરે સુખને ખંડિતજ કરે છે. તો હવે પછી કલ્પવૃક્ષની જેમ નિરંતર વશવર્તી એવો હું ધનાવહ તારી શ્રેષ્ઠ સુખની સમસ્ત આશા પૂર્ણ કરીશ." સાર્થવાહનું આવા પ્રકારનું ચેષ્ટિત જાણીને પોતાના શીલરત્નની રક્ષાને માટે તે સતી વિશેષથી શોક કરવા લાગી. એટલે પુનઃ તે સ્નેહપૂર્વક શીતલ વચનોથી ' હું તારો દાસ થા

વિદ્યાધરો, વિવિધ લબ્ધિધારી મુનીંદ્રો અને સૌભાગ્ય, શીલ તથા ગુરુભક્તિધારી સ્ત્રીઓ અહીં જિનશાસનને ઉન્નતિમાં લાવે છે. પછી ધર્મના માહાત્મ્યની સ્તુતિ કરતા એવા બુદ્ધદાસ વિગેરે વધૂ સહિત પોતાના પુત્રને મહોત્સવપૂર્વક ઘેર લઇ આવ્યા.

એવા અવસરમાં લોકાલોકને પ્રકાશ કરનારૂં એવું યશોધર મહામુનિને ત્યાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓએ અત્યન્ત આનન્દિત થઇ મુનીંદ્રને નમીને તે કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. પછી નરવાહનરાજા અને પદ્મશ્રીસહિત બુદ્ધદાસાદિક નગરવાસીઓ તેમને વંદન કરવા ત્યાં આવ્યા. એટલે વિશ્વના હિતકારી એવા તે કેવળજ્ઞાની મુનિએ કનકકમળપર બેસીને તેમને ધર્મોપદેશ આપ્યો કે —

“ મહાસાગરમાં રત્નદ્વીપની જેમ દુષ્પ્રાપ્ય એવા મનુષ્યજન્મને પામીને સુખાર્થી પ્રાણીઓએ અત્યંત વિશુદ્ધ એવા ધર્મરૂપ ચિંતામણિનો આદર કરવો યોગ્ય છે. જે પ્રાણી પ્રમાદથી તેનો અનાદર કરીને અન્ય પુરૂષાર્થમાં પ્રયત્ન કરે છે. તે પછીથી દુઃખસંતતિને પામીને શોકાતુર થાય છે. પ્રાયઃ સર્વ દર્શનવાળા પોતપોતાના ધર્મની પ્રશંસા કરે છે, પરંતુ વિવેકી જનો તો પરીક્ષાપૂર્વક શુદ્ધ ધર્મનોજ આદર કરે છે. કહ્યું છે કે —

“ यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निघर्षणच्छेदनतापताडनैः ।
तथैव धर्मो विदुषा परीक्ष्यते, श्रुतेन शीलेन तपोदयागुणैः ॥ १ ॥

“ નિઘર્ષણ, છેદન, તાપ અને તાડન-એ ચાર પ્રકારથી જેમ સુવર્ણની પરીક્ષા થાય છે, તેમ વિચક્ષણ જનો શ્રુત, શીલ તપ અને દયા વિગેરે ગુણોથી ધર્મની પરીક્ષા કરે છે.” મિથ્યાદૃષ્ટિને અગોચર એવો આ ચાર પ્રકારનો ધર્મ વસ્તુતઃ જૈનશાસનમાંજ છે અને અન્ય મતમાં તો તે નામમાત્રથીજ છે. સર્વેના વચનમાં તત્ત્વાર્થ સ્ફુરે છે અને કેટલાક દૃષ્ટાંત પણ તે સ્ફુરે છે; પરંતુ જૈનોની તો ક્રિયામાં

પણ તે સદા સ્ફુરાયમાન છે. વેદ, સ્મૃતિ અને પુરાણાદિકમાં આસક્ત એવા બ્રાહ્મણો તત્ત્વથી ધર્મમાર્ગની ગોધને પણ જાણતા નથી. એમ, માંસના ભક્ષક અને ભક્ષ્યાભક્ષ્યાદિકના વિવેકરહિત બૌદ્ધાદિક પણ ધર્મનો સાર સમજતા નથી. ઘર, પુત્ર, કલત્રાદિકના પરિગ્રહમાં આસક્ત અને ગુરૂપદને ભજતા છતાં તેમનામાં ધર્મનો એક લેશ પણ સંભવતો જ નથી. અજમેધાદિક યજ્ઞોમાં કુશળ, વેદના પાઠક અને સદા પ્રાણીઓનો વધ કરતા એવા યાજ્ઞિકો પણ ધર્મથી વિમુખ જ હોય છે. માટે હે ભવ્યો! રાગ દ્વેષથી વિમુક્ત અને સમ્યક્તત્ત્વના પ્રકાશક એવા અર્હંતના શાસનમાં જ ધર્મની યથાર્થતા છે. એ ધર્મની એક ચિત્તથી ઉપાસના કરનારને આ લોકમાં જ દેવતાઓ પણ પ્રસન્ન મનવાળા થઇ પદ્મશ્રીની જેમ સહાય કરે છે. ખરેખર ! વિશ્વને આનંદ આપનારી એ ગ્રામપ્રધાનની પુત્રી ધન્ય છે, કે જેણે દુઃખ આવતાં પણ ધર્મરૂપ ચિંતામણિનો ત્યાગ કર્યો નહિ. કહ્યું છે કેઃ—

" किं चित्रं यदि वेदशास्त्रनिपुणो विप्रो भवेत्पंडितः,
किं चित्रं यदि नीतिमार्गनिरतो राजा भवेद्धार्मिकः ।
तच्चित्रं यदि रूपयौवनवती साध्वी भवेत्कामिनी,
तच्चित्रं यदि दुःखितोऽपि पुरुषः पापं न कुर्यात्क्वचित् " ॥ १ ॥

" વેદશાસ્ત્રમાં નિપુણ એવો બ્રાહ્મણ પંડિત હોય તેમાં આશ્ચર્ય શું ? અને નીતિમાર્ગે ચાલનાર રાજા ધાર્મિક હોય તેમા પણ આશ્ચર્ય શું છે ? પરંતુ જો રૂપવતી અને યૌવનવતી કામિની સાધ્વી (સતી) હોય અને પુરૂષ દુઃખિત છતાં સર્વથા નિષ્પાપ રહે એજ મોટું આશ્ચર્ય છે."

પછી અવસર પામીને પદ્મશ્રીએ ગુરૂમહારાજને પૂછ્યું કેઃ— 'હે વિભો ! મારો પિતા મરણ પામીને કઈ ગતિમાં ગયો છે.?' એટલે કેવલી ગુરૂ બોલ્યા કેઃ—" હે ભદ્રે ! તારો પિતા (ગુરૂ) સહસ્રાર દેવલોકમાં દેવ થયો છે અને ભવાંતરમાં તે મોક્ષે જશે. જે જેવાં બીજ

વાવે, તે નિશ્ચય તેવાં ફળ પામે. તેમ પુણ્યવંત પ્રાણી શુભગતિમાંજ જાય છે અને વિપરીત મતિવાળો (દુર્મતિ) અવશ્ય દુર્ગતિનેજ પામે છે. મદ્ય, માંસના ભક્ષક, હિંસા અને મૃષા વિગેરે આશ્રવમાં તત્પર અને મિથ્યા ઉપદેશમાં કુશળ એવા પ્રાણીઓ દુર્ગતિમાંજ જાય છે. તેમજ શમ, શીલ અને દયાવંત જિતેંદ્રિય, નિષ્પરિગ્રહી તથા સમ્યગ્જ્ઞાન અને ક્રિયામાં ઉદ્યુક્ત એવા પ્રાણીઓ દેવગતિને પામે છે. ઉન્માર્ગના ઉપદેશક, માયા, આરંભ અને આર્ત્તધ્યાનમાં તત્પર, તથા અપ્રત્યાખ્યાની એવા મૂઢ પ્રાણીઓ તિર્યંચગતિમાં જાય છે. સમ્યક્ પ્રકારના માર્દવ અને આર્જવ ગુણથી યુક્ત, અલ્પ આરંભ અને પરિગ્રહવાળા તથા દેવપૂજા, દયા અને દાનયુક્ત—એવા પ્રાણીઓ મનુષ્યગતિને પામે છે. તથા કષાયરહિત, શુકલ લેશ્યાવાળા, સર્વ સંગથી વિમુખ અને શુકલધ્યાનયુક્ત—એવા ભવ્યો અક્ષય મોક્ષને પ્રાપ્ત કરે છે." આ પ્રમાણે સાંભળીને સંવેગવાન્ થયેલા રાજાએ પોતાના નયવિક્રમ કુમારને રાજ્ય સોંપીને મહોત્સવપૂર્વક દીક્ષા અંગીકાર કરી. તથા રાજા અને શ્રેષ્ઠીની પદ્માવતી પત્ની તેમજ પદ્મશ્રી પ્રમુખ સ્ત્રીઓએ પણ ચારિત્ર અંગીકાર કર્યું. બુદ્ધદાસ વિગેરે સુદૃઢ આશયવાળા, જીવાજીવાદિ તત્ત્વના જાણનારા અને જિનધર્મના પ્રભાવક એવા શ્રાવક થયા. અને ઉદયથી રહિત એવા પદ્માસ્યાદિક બૌદ્ધ સાધુઓ લોકના અવહીલના પામ્યા. કારણ કે મૃષાવાદી કોણ લઘુતા ન પામે ?"

હે નાથ! આ બધું પ્રત્યક્ષ જોઇને મેં પણ સદ્ગુરૂ પાસે પંચાતિચારથી શુદ્ધ એવું સમ્યક્ત્વ ધારણ કર્યું."

આ પ્રમાણે સમ્યક્ત્વવાસિત પદ્મલતાની કથા સાંભળીને અર્હદાસશ્રેષ્ઠીએ કહ્યું કે:—'હે પ્રિયે! આ બધું સત્ય છે; તથા તેની સાત સ્ત્રીઓએ પણ પ્રસન્ન થઇને કહ્યું કે:—'હે સ્વામિન્! અમે આ બધું સત્યપૂર્વક સ્વીકારીએ છીએ. કારણ કે ચિંતામણિની જેમ મનોવાંછિત આપવામાં એક નિધાનરૂપ એવા શ્રીજિનધર્મનો મ-

અને શીલલીલાથી શ્રેષ્ઠ એવી **સમુદ્રશ્રી** નામની તેને પત્ની હતી. તે દંપતીને અદ્ભુત સૌભાગ્યવાળી **જિનદત્તા** નામે પુત્રી અને અતુલ તેજના નિધાનરૂપ એવો ઉભય નામનો પુત્ર હતો. શ્રેષ્ઠીએ **કૌશાંબી** નગરીમાં રહેનાર કુલીન અને ધર્મજ્ઞ **જિનદેવ** નામના શ્રેષ્ઠીને પોતાની પુત્રી પરણાવી. પરંતુ યૌવનવય પામતાં કુસંગતના દોષથી ઉભય બહુ વ્યસની થઇ ગયો. કારણ કે અસત્સંગ માણસોને પ્રાયઃ અનર્થકર્ત્તા થાય છે. કહ્યું છે કે:—

" आस्तां सचेतसः संगात्, सदसत्स्यात्तरोरपि।
अशोकः शोकनाशाय, कलये तु कलिद्रुमः ॥ १ ॥

" સચેતનના સંગથી થતા લાભાલાભ તો દૂર રહો, પરંતુ વૃક્ષના સંગથી પણ તેવી અસર થતી દેખાય છે કે અશોકવૃક્ષના સંગથી શોક દૂર થાય છે અને કલિવૃક્ષના સંગથી કલહ ઉત્પન્ન થાય છે. " તેના પિતા વિગેરેએ યુક્તિપૂર્વક તેને અટકાવ્યા છતાં દુષ્કૃત્યથી તે નિવૃત્ત ન થયો. કારણ કે વ્યસન દુસ્ત્યજ હોય છે. પરંતુ વિશેષતઃ પાપથી પ્રેરિત અને જુગારમાં તત્પર એવો તે નગરમાં ક્રૂર કર્મથી ચોરી કરવા લાગ્યો. કારણ કે પરસ્ત્રી, પરદ્રવ્ય, અને પરમાંસના ભક્ષણમાં ઉત્સુક એવો પ્રાણી કૃત્યાકૃત્યને કદી જાણતો જ નથી. સમગ્ર નગરમાં ચોરીનું કર્મ કરતા તે શેઠના પુત્રને જોઇ યમદંડ નામે કોટવાળ તેને પગલે પગલે પકડીને શ્રેષ્ઠીના દાક્ષિણ્યથી તેને હિત–શિખામણ સંભળાવીને છોડી મૂકતો. તથાપિ ચૌર્યકર્મથી નિવૃત્ત ન થતા એવા તેને એકદા કોટવાળે એકાંતમાં સભ્યતાથી શિક્ષા આપી કે:–" હે ભદ્ર ! તારા માતપિતા ઉત્તમપણાથી સર્વત્ર પ્રખ્યાત થયા છે, ન્યાયમાર્ગમાં અગ્રેસર અને ધર્મવંત જનોમાં એક દૃષ્ટાંતરૂપ છે, તારી બ્હેન જગતને આનંદ આપનાર સૌભાગ્યવાળી અને સર્વજ્ઞ ભગવંતના શાસનરૂપ કમળને પ્રકાશિત કરવામાં સૂર્યપ્રભા સમાન છે. હે ભ્રાત ! તેમના ઉચ્ચતમ વંશમાં જન્મ પામીને તું ક્રૂર કર્મમાં તત્પર અને પાપપરાયણ એવો ચોર કેમ થયો ? ચૌર્યરૂપ

દુષ્કૃતું આ ભવમાંજ વધ, બંધાદિક ફળ મળે છે અને પરલોકમાં દુર્ગતિ અને દરિદ્રતા પ્રાપ્ત થાય છે. માટે ચૌર્યકર્મનો ત્યાગ કરી હિતકર એવા ન્યાય અને ધર્મનો સ્વીકાર કર, કે જેથી તાતની જેમ તારી પણ પ્રતિષ્ઠા ગરિષ્ઠ થાય." આ પ્રમાણે હિતશિક્ષાપૂર્વક તેણે નિવાર્યા છતાં તે ન અટક્યો, એટલે તેણે પકડીને રાજાને સોંપ્યો. પછી વિચારવાન્ એવા રાજાએ તેનુ વૃત્તાંત જાણીને પૂછયું કે:–" અરે ! ચોર ! દુરાચારી ! તું કોનો પુત્ર છે ? " એટલે તે બોલ્યો કે:–' હે દેવ ! હું સમુદ્રશ્રેષ્ઠીનો પુત્ર છું.' પછી રાજાએ સમુદ્રશેઠને બોલાવીને કહ્યું કે–' હે શ્રેષ્ઠિન્ ! આ તમારોજ પુત્ર છે કે કોઇ અધર્મીનો પુત્ર છે ?' એટલે વિનયથી અવનત થઇને શ્રેષ્ઠીએ રાજાને કહ્યું કે:–' હે સ્વામિન્ ! એ મારો પુત્ર છે, છતા કુસંગના દોષથી તસ્કરકર્મ કરે છે, માટે આપ પ્રસન્ન થઇને એનો એવો ઉપાય કરો, કે જેથી એ સન્માર્ગનો આશ્રય કરે.' પછી કૃતજ્ઞ અને પ્રજાવત્સલ એવા રાજાએ વિચાર કર્યો કે.–' આ શ્રેષ્ઠી સદા સદાચારપણાથી મારે પણ માન્ય છે, માટે આ તેનો પુત્ર કુકર્મ કરનાર છતા અવધ્ય છે અને એને શિક્ષા કર્યા વિના પુન મારા નગરમા ચોરી કરશે. કહ્યુ છે કે —

" राजदंडभयात्पापं. नाचरत्यधमो जनः ।
परलोकभयान्मध्यः. स्वभावादेव चोत्तमः " ॥१॥

"અધમ જન રાજદંડના ભયથી પાપ કરતો અટકે છે, મધ્યમ જન પરલોકના ભયથી અને ઉત્તમ પુરૂષ સ્વભાવથીજ પાપનિવૃત્ત થાય છે." આ પ્રમાણે વિચાર કરીને પૃથ્વીપર ધર્મના રક્ષક એવા રાજાએ તેનુ સર્વસ્વ લઇને તેને દેશનિકાલ કર્યો, એટલે સ્થાનભ્રષ્ટ, આશ્રયરહિત અને ધનહીન એવો તે દેશોદેશ ભમતા કૌશાબીમાં કોઇને ઘેર ગયો ત્યા માર્ગના શ્રમણથી થાકી ગયેલ અને કાન્તિ રહિત એવા પોતાના ભાણાને જોઇને તેણે આનંદપૂર્વક ભોજન અને આચ્છાદનાદિકથી તેનો આદરસત્કાર કર્યો. પછી પિતા વિગેરેની કુશળતા પૂછી અને કહ્યુ કે –' હે વત્સ ! તારી આવી દશા કેમ

૨૪

થઇ?' એટલે કંઇક કલ્પના કરીને તેણે પોતાના આવવાનું કારણ જણાવ્યું. કારણ કે પ્રાયઃ ચોર, જુગારી અને સ્ત્રીજન સત્ય બોલતા નથી. પરંતુ પરંપરાએ આવેલી પોતાના ભાઇની તેવા પ્રકારની વાત તો પ્રથમથીજ તેના જાણવામાં આવી ગઇ હતી. કારણ કે વાર્તા પ્રાયઃ વિશ્વગામિની (સર્વત્ર પ્રસરનારી) હોય છે. કહ્યું છે કે:—

" वार्त्ता च कौतुकवती विशदा च विद्या,
लोकोत्तरः परिमलश्च कुरंगनाभेः ।
तैलस्य बिंदुरिव वारिणि दुर्निवार—
मेतत्त्रयं प्रसरतीह किमत्र चित्रम् " ॥ १ ॥

" કૌતુકવાળી વાર્ત્તા, વિશદ વિદ્યા, અને કસ્તૂરીની લોકોત્તર સુગંધ—એ ત્રણ જગમાં પડેલ તેલના બિંદુની જેમ જગતમાં દુર્નિવારપણે પ્રસરે છે, માટે તેમાં આશ્ચર્ય શું છે?" માટે હું પણ જો અત્યારે અહીં એનું અપમાન કરીશ, તો વખતસર દુઃખથી પીડિત થઇ ન્યાયમાર્ગપર આવશે." આ પ્રમાણે વિચાર કરીને તેણે પણ બહુજ અપમાનપૂર્વક ભાઇને ઘરમાંથી બહાર કહાડયો. કારણ કે સહુ કોઇ ગુણનું ગૌરવ કરે છે. એટલે લક્ષ્મી અને સહાયથી રહિત અને વિદેશીઓમાં અગ્રેસર એવા તેણે બ્હેનના ઘરથી બ્હાર નીકળી દુઃખિત થઇને વિચાર કરવા લાગ્યો કે.—" માતપિતા અને રાજાએ મારો તિરસ્કાર કર્યો તેથી આ નગરમાં મારી બ્હેન ધારીને હું અહીં આવ્યો, પરંતુ તેણે પણ મને નિર્ધન ધારીને ઘરથી બ્હાર કર્યો. અહો! મંદભાગ્યવાળા પુરૂષને સર્વત્ર આપત્તિઓજ આવીને ઉભી રહે છે. કહ્યું છે કે:—

" खल्वाटो दिवसेश्वरस्य किरणैः संतापितो मस्तके,
वांछन् देशमनातपं विधिवशाद् बिल्वस्य मूलं गतः ।
तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः,
प्रायो यत्र प्रयाति दैवहतको गच्छंति तत्रापदः" ॥१॥

માન છે, જેમ સૂર્યવિના દિવસ અને ચંદ્રવિના રાત્રિ, તેમ ધર્મવિના પ્રાણી કયાં પણ શોભા પામતો નથી. ધર્મના પ્રભાવથી પ્રાણીઓને આરોગ્ય, ઐશ્વર્ય, અખંડ સુખ, સૌભાગ્ય, અદ્ભુત અને રમ્ય રૂપ, સમસ્ત લક્ષ્મી અને જગત્‌માં પૂજ્યતા પ્રાપ્ત થાય છે. સાધુ અને શ્રાવકને યોગ્ય એવા તે ધર્મને જિનભગવંતોએ સમ્યક્ત્વપૂર્વક સર્વચારિત્ર અને દેશચારિત્ર-એમ બે પ્રકારે કહેલ છે. તેમાં મહર્ષિઓ (સાધુઓ) સર્વથા જીવદયાયુક્ત, જિતેંદ્રિય, અનગાર, પરિગ્રહથી વિમુક્ત અને મુક્તિમાર્ગ દર્શાવનારા-એવા હોય છે. કહ્યું છે કેઃ—

"सम्मदंसणजुत्ता, तवनियमरया विशुद्धदढभावा ।
देहेवि निरवयक्खा, समणा पावेंति सिद्धिगइं ॥ १ ॥"

"સમ્યક્ત્વસંયુક્ત તપ, નિયમમાં તત્પર, વિશુદ્ધ તથા દઢ ભાવવાળા અને પોતાના દેહમાં પણ અનાસક્ત-એવા સાધુઓ સિદ્ધિગતિને પામે છે." અને સમ્યગ્દૃષ્ટિવાળા, સદાચારી, બારવ્રતધારી તથા સપ્ત ક્ષેત્રોમાં પોતાના ધનનો વ્યય કરનારા એવા શ્રાવકો હોય છે. મદ્ય, માંસ, અને નાના પ્રકારના જંતુઓની હિંસાવાળું એવું માખણ, બહુબીજવાળાં ફળ, અનંતકાય, મધ, પાંચ પ્રકારના ઉદુંબર, રાત્રિભોજન, ઘોર નરકમાં લઇ જાય તેવું પાપ, વિદળની સાથે છાશ વિગેરે, સમગ્ર અભક્ષ્ય, બે દિવસ ઉપરાંતનું દહીં, વિકૃત થયેલું સર્વ પ્રકારનું અન્ન અને બધાં અજ્ઞાત ફળ-ઉક્ત શ્રાવકો આ સર્વ વસ્તુઓનો ત્યાગ કરે છે. વળી ત્રણવાર શ્રીજિનભગવંતની સમ્યગ્ રીતે પૂજા અને બે વાર આવશ્યકક્રિયા કરતાં ગૃહસ્થ શ્રાવક વૈમાનિક દેવપણાને પામે છે. અને પછી રાજવંશાદિકમાં જન્મ પામીને જગજ્જનને આનંદ આપનાર એવા રત્નત્રયનું સમ્યગ્ રીતે આરાધન કરીને તે સિદ્ધિસુખને પામે છે. કહ્યું છે કેઃ—

"जेवि य गिहधम्मरया, पूयादाणाइसीलसंपन्ना ।
संकाइदोसरहिया, होहिंति सुरा महिड्ढीया"

કરવા લાગ્યો કે:—"મોહથી અંધ થએલા આ જગત્‌માં મનુષ્ય જન્મ, આર્યદેશ, ઉત્તમકુળ, શ્રદ્ધાલુતા, ગુરૂવચનનું શ્રવણ અને વિવેક—સિદ્ધિસૌધ—મંદિરના સોપાન (પગથીયા) ની શ્રેણીરૂપ એવા આ ગુણો ખરેખર! સુકૃતથીજ ઉપલભ્ય છે, આટલો કાળ મેં નિર્વિવેકપણાએ નિત્ય દુરંત એવા દુર્વ્યસનથીજ સ્વાત્માની કદર્થના કરી. હવે એ વ્યસન સાગરનો પાર પામીને પ્રૌઢ પુણ્યોદયથી હું કોટીભવમાં દુષ્પ્રાપ્ય એવા શ્રાવકપણાને પામ્યો. માટે ભાવાસ્તિકપણાથી મારે ભાવના ભાવવી. કારણ કે જિનમતમાં ભાવશૂન્ય ક્રિયા વંધ્યવૃક્ષ સમાન કહેલ છે. ભાવાસ્તિકનું લક્ષણ આ પ્રમાણે છે:—

" श्रद्धालुतां श्राति जिनेंद्रशासने, क्षेत्रेषु वित्तानि वपत्यनारतम्।
करोति पुण्यानि सुसाधुसेवना–दतोपि तं श्रावकमाहुरूत्तमम्"॥१॥

"જિનશાસનપર શ્રદ્ધાલુતા રાખે, સપ્ત ક્ષેત્રોમાં નિરંતર વિત્ત વાપરે, પુણ્યકૃત્ય કરે અને સુસાધુની ભક્તિ કરે–એવા શ્રાવકને ઉત્તમ શ્રાવક કહેલ છે." વળી સમ્યકત્વને ધારણ કરનાર અને ગુરૂની પાસે વિધિપૂર્વક વ્રત લેનાર એવા સુશ્રાવકને મુનિવરોએ સિદ્ધાંતમાં ભાવશ્રાવક કહેલ છે" આ પ્રમાણે સદ્‌ભાવના ભાવીને ભદ્રક અને જિનેંદ્રશાસનની ઉન્નતિ કરવાની ઈચ્છાવાળો એવો ઉભય, સાધર્મિવાત્સલ્ય, સુસાધુસેવા અને જિનચૈત્યાદિકમાં પૂજા અને સ્નાત્રોત્સવાદિક કરવા લાગ્યો.

એક દિવસે ઘણા કરિયાણા લઈને ભગિની અને યોગ્ય સંબંધીઓનો ભક્તિપૂર્વક સત્કાર કરીને જનકાદિકને મળવાને અત્યંત ઉત્કંઠિત થયેલો એવો તે કેટલાક માણસો સહિત એક સાર્થ (સંઘ) સાથે ચાલ્યો. એટલે રસ્તામાં પણ છ આવશ્યકના આચારને પાળતો, દીન અને અનાથ જનોપર યથાશક્તિ ઉપકાર કરતો, સર્વ ભાવતીર્થ, સ્થાવર અને જંગમતીર્થોમાં પણ વિધિપૂર્વક પૂજાસત્કાર અને સન્માનપૂર્વક દાનાદિક કરતો એવો તે પોતાના માણસોસહિત આગળ

કર્યો છે. તેમજ ઇંદ્રાણી સમાન સૌભાગ્યવતી એવી પણ પરસ્ત્રીનો તો મેં ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કર્યો છે, તો તારા જેવીની શું ચાહના કરૂં ? વળી વિદ્વજ્જનોએ અનંતકાય અને બોળ અથાણું, રાત્રિભોજન અને પરસ્ત્રીસેવન–એ ચાર નરકના દ્વાર કહ્યા છે. તેમજ હે ભદ્રે! પ્રાણાંત સંકટ આવતાં પણ સ્વીકાર કરેલા વ્રતનો ભંગ કરવો નહિ. કારણકે વ્રતભંગ કરવાથી પ્રાણીઓને નરકરૂપ ખાડામાં પડવું પડે છે. પ્રાયઃ નીચ પ્રાણીજ વ્રત કરતાં ધનને અધિક માને છે, પરંતુ મહાન્પુરૂષ તો પોતાના પ્રાણ કરતાં પણ વ્રતને વધારે ગરિષ્ઠ માને છે." આ પ્રમાણે તેનું કથન સાંભળીને ક્રોધાતુર થયેલી તે વનેચરી ભયંકર રૂપ વિકુર્વીને તેને ક્ષોભ પમાડવાને ધસી આવી (ઉપસ્થિત થઈ) પછી કામાતુર એવી તે જેમ જેમ તેને અધિક ક્ષોભ આપવા લાગી, તેમ તેમ તેનુ મન સદ્ધર્મમાં દઢ થતું ગયુ. છેવટે તેને ધર્મમાં દઢ જાણીને પ્રશાંત હૃદયવાળી તે દિવ્યાંગી (દેવી) પ્રત્યક્ષ થઇને આ પ્રમાણે તેની ગુણસ્તુતિ કરવા લાગી:–" હે ભદ્ર ! આ લોકમાં તુંજ ધન્ય છે અને મહાજનોને પણ તુ શ્લાઘ્ય છે, કે જેનું મન વિપત્તિ આવતાં પણ ધર્મમાં આવું દઢ છે.. હુ આ અટવીની સ્વામિની મૃગવાહના નામે દેવી છું. તારા સત્ત્વની પરીક્ષા કરવા મેંજ આ બધી રચના કરી હતી. પરતુ સત્ત્વવત જનોમાં તું અગ્રેસર અને પરમ શ્રાવક છે. તો હે મહાભાગ ! હું તારા પર અત્યારે પ્રસન્ન થઇ છું, માટે કંઇક વર માગી લે." આ સાંભળી ઉભય બોલ્યો કે:–" હે વનદેવિ ! જો તમે પ્રસન્ન થયા હો, તો તમારા પ્રસાદથી આ મારા સહચારીઓ સજીવન થાઓ." આ પ્રમાણે તેણે કહ્યું, એટલે તે દેવી સાર્થના બધા માણસોને સજીવન કરી, તેમની આગળ યથાસ્થિત ધર્મનું સ્વરૂપ કહી, તે ઉભયશ્રાવકને પરિવાર સહિત ઉજ્જયિની નગરીએ લઇ જઇ ત્યાં તેના ભવનાગણે નિષ્કપટભાવથી સુવર્ણવૃષ્ટિ કરીને અને શાસનની ઉન્નતિ કરનારા પંચાશ્ચર્ય પ્રગટાવીને તથા છેવટે તેના ચસ્થાને ગઇ.



ર્યને સાંભળીને વિસ્મય પામેલ એવા રાજાએ ત્યાં આવીને માનપૂર્વ
ક તેને શ્રેષ્ઠીની પદવીએ સ્થાપ્યો. પછી અનુક્રમે પોતાના પુત્રોને
પોતપોતાના પદપર સ્થાપીને શ્રેષ્ઠ ભાવનાવાળા એવા રાજા, અમા
ત્ય અને સમુદ્રશ્રેષ્ઠીએ અષ્ટાન્હિક મહોત્સવ કરી અને યાચકોને યથા
યોગ્ય દાન આપીને મુનિચંદ્ર ગુરૂની પાસે તેમણે સંયમશ્રી અંગી
કાર કરી.

હવે ગર્વરહિત હૃદયવાળા અને સત્પક્ષના પોષક એવા ઉમય
શ્રેષ્ઠીએ શ્રેષ્ઠીપદ ભોગવતાં નગરમાં સમસ્ત લોકોને સુખી કર્યા. વળી
ત્યાં કૈલાસગિરિ સદશ એવું ઋષભદેવસ્વામીનું સ્ફટિક રત્નમય
ચૈત્ય કરાવીને તેણે સંપત્તિનું ફળ મેળવ્યું. તથા પ્રતિવર્ષે વિવિધ
જિનબિંબો મહોત્સવ સહિત પ્રતિષ્ઠિત કરીને તેણે પોતાના જન્મને
સફળ કર્યો. 'હું ધન્ય છું, મારો જન્મ સફળ થયો' આવા પ્રકાર
ની આનંદપૂર્વક ભાવના ભાવતા તેણે જગતને પૂજ્ય એવા ચતુર્વિધ
શ્રીસંઘની પૂજા કરી. 'જે ભવભીરૂ થઈ જિનમતમાં દીક્ષા લેશે, તેના
કુટુંબનું હું ભરણપોષણ કરીશ' આવા પ્રકારની તેણે ઉદ્‍ઘોષણા ક
રાવી. પછી અનુક્રમે પૂર્વવર્ણિત શ્રીગુરૂમહારાજ પાસે સંયમ લઈને
ઉમયશ્રેષ્ઠી પરમાનંદપદના સામ્રાજ્યને પામ્યો." હે નાથ! ત્યાં પુ
ણ્યનો પ્રભાવ જોઈ મેં પણ સર્વ વ્રતના ભૂષણરૂપ અને તત્વશ્રદ્ધાન
લક્ષણવાળું એવું સમ્યક્ત્વ અંગીકાર કર્યું."

આ પ્રમાણે કનકલતાએ કહેલ જિનમતની દૃઢતાથી ઉત્પન્ન થ
યેલા માહાત્મ્યયુક્ત એવું શ્રેષ્ઠીપુત્રનું ચરિત્ર સાંભળીને કુંદલતા
શિવાય રાજા, પ્રધાન અને અર્હદ્દાસ વિગેરેએ 'આ બધું સત્ય છે'
એમ માની લીધું. કારણ કે:—

"न सतोऽन्यगुणान् हिंस्या—न्नासतः स्वस्य वर्णयेत् ।
तथा कुर्वन् मजायेत, नीचैर्गोत्रोचितः पुमान् " ॥१॥

"અન્યના છતા ગુણોનો ઘાત કરતાં અને પોતાના અછતા ગુ
ણોનું વર્ણન કરતાં પ્રાણી નીચ ગોત્રનું કર્મ બાંધે છે."

એકદા શૂરદેવે પરદેશમાંથી વાણિજ્ય કર્મ કરી અશ્વરત્નો લા-
ને રાજાને ભેટ કર્યા. એટલે રાજાએ પણ પ્રસન્ન થઈ કોટિધન આ-
ઘપૂર્વક તેનો સત્કાર કરીને બહુમાનપૂર્વક તેને નગરશેઠની પદવી
પી. દેવ અને રાજાઓનો પ્રસાદ, રત્નો, સમુદ્રમાર્ગનો અને અ-
ચોનો વેપાર તથા રસસિદ્ધિ—એ દરિદ્રતાનો તત્કાળ નાશ કરે છે.
થોચિત કર્મ કરવામાં કુશળ એવા તે શ્રાવક શેઠીએ રાજસન્માન
નીને પણ પરકાર્ય કરતાં કદાપિ પણ તેણે રાજસન્માન (રજોગુણ
બંધી માન) કદી ન સેવ્યું, એ આશ્ચર્ય છે.

એકદા સૌજન્યાવસરે તપના નિધાન એવા ગુણશેખર નામના
નીંદ્ર પારણાને માટે તેને ઘેર પધાર્યા. એટલે આગમોક્ત વિધિથી
મને નમસ્કાર કરીને તેણે પોતે પરમ ભક્તિથી આદરપૂર્વક તેમને
યસ (દૂધપાક) વ્હોરાવ્યું. તે વખતે તે દાનથી પ્રસન્ન થયેલા
દેવતાઓએ તેના ભવનમાં પાંચ આશ્ચર્ય પ્રગટ કર્યા. અહો ! સાધુ-
નરૂપ કલ્પવૃક્ષનો મહિમા કેવો અદ્ભુત છે ? સર્વ ઉત્તમ રસ
ભાવ [illegible] ઘી યુક્ત એવા પાત્રદાનના પ્રભાવથી શૂરદેવે તે ભવમાં
ર્ય કર [illegible] કર્યું ત્યારથી વિચારવામાં ધર્મના ચાર ભેદોમાં
ન જ મુખ્ય [illegible] મનાદિથી નવ નવ પંક્તિઓ પ્રાપ્ત
ય છે. [illegible] દાનવત્ત સેવિત છે. કે જેથી
ર ધર્મવાદ [illegible]

હવે [illegible] પ્રખ્યાત એવા સાગરદત્ત
તેના પુત્ર સમુદ્રદત્ત [illegible] ધન ઉપાર્જન કર
ના [illegible] જ રહેલા એવા તેણે એ
નુ માહાત્મ્ય [illegible] પ્રમાણે વિચાર કર્યો કે –
[illegible] ધન્ય છે, કે જેને
[illegible] કહ્યું છે કે –

"कामि च [illegible] चित्तं, वित्तमवोमितुभयपल्लोमि ।
चित्तं वित्त वर्त्त, [illegible] पुनरस्य धनस्य" ॥१॥

"કેટલાકને ચિત્ત (ભાવ) નો યોગ હોય તો કેટલાકને વિત્ત
યોગ હોય અને કેટલાકને તે બંનેનો યોગ હોય, પરંતુ ચિ
વિત્ત અને પાત્ર એ ત્રણેનો યોગ તો કોઇ પૂર્ણ ભાગ્યવંતને
હોય છે." જે શુદ્ધ વસ્તુનું શ્રદ્ધાપૂર્વક સુપાત્રે દાન દેવું, એ પૂર્વોપ
ર્જિત પુણ્યોનો જ વિપાક છે એમ સુજ્ઞો કહે છે. મને નિર્ધનને પ
આવા પ્રકારનો શુભ ઉદય કયારે થશે ? કે જેથી હું પાત્રદાનનું આ
પ્રકારનું ફળ મેળવું. પરંતુ ધન વિના દાનધર્મ કરી ન શકાય. કાર
કે ગૃહસ્થોની સમગ્ર સ્થિતિ ધનાધીન છે. કહ્યું છે કેઃ–

"मानं धनेनैव न सत्कुलेन, कीर्त्तिर्धनेनैव न विक्रमेण ।
कांतिर्धनेनैव न यौवनेन, धर्मो धनेनैव न जीवितेन" ॥१॥

"स्वपक्षेण विना वादं, विलासान् यौवनं विना ।
दानलीलां विना लक्ष्मीं, कुर्वन् यात्युपहास्यताम्" ॥२॥

"સત્કુળથી નહિ પણ ધનથી જ માન મળે છે, વિક્રમ (પરાક્રમ
થી નહિ, પણ ધનથીજ કીર્ત્તિ પ્રાપ્ત થાય છે, યૌવનથી નહિ, પ
ધનથીજ કાંતિ વધે છે અને જીવિતથી નહિ, પણ ધનથીજ ધર્મ સધાય
છે. સ્વપક્ષ વિના વાદ, યૌવન વિના વિલાસ અને લક્ષ્મી વિના દાન
લીલા કરતા માણસો ઉપહાસ્યપાત્ર થાય છે." માટે દેશાંતર જઇ
ધનોપાર્જન કરી અને પાત્રદાનથી તે સધન જીવિતને કૃતાર્થ કરીશ.'
પછી ધનાવહ સાર્થવાહને પોતાનો નાયક કરીને સુજ્ઞ એવો તે
સમુદ્રદત્ત મગધ દેશ તરફ ચાલ્યો. હવે સાર્થવાહની સાથે આગળ
ચાલતાં અનુક્રમે તે મનોહર એવા પલાસક નામના ગામમાં આવી
પહોંચ્યો. એવામાં તેને પાત્રદાનસંબંધી વિચાર આવ્યો કેઃ–"જે
ગૃહસ્થો ભક્તિપૂર્વક શુદ્ધ વસ્તુનું સુપાત્રે દાન કરે છે, તેઓજ
શ્લાઘ્ય છે અને તેમનોજ જન્મ સફળ છે. જેના પ્રભાવથી સંસારી
પ્રાણી બને લોકમાં સુખી થાય, તે સત્પાત્રદાનનું. વાસ્તવિક વર્ણન

સમુદ્ર અમ્બાના રક્ષા કરતા, પાત તમન ચારા આપતા અન
દિકનું સારી રીતે નિવારણ કરવા લાગ્યો. વળી અશોક
નિત્ય વિનય સાચવતો અને ઘરના માણસોની પણ યથા-
તે સારવાર કરવા લાગ્યો. શ્રેષ્ઠી પ્રમુખ માણસોને યુક્તિપૂર્વક
દર્શિત ધર્મનુ તત્વ પણ તે સમજાવતો હતો. પરંતુ યૌવનના
વેગથી પરવશ થયેલા એવા તેને શ્રેષ્ઠીની પદ્મથી સુતાને
વાનો વિચાર થયો. પછી તેનો મનોભાવ જાણવાને વનમાંથી
દિષ્ટ વિવિધ ફળો લાવીને તેને આપવા લાગ્યો. એટલે ફળદા-
પ્રસન્ન થયેલી અને શરીરશોભાથી મોહિત થયેલી એવી
પણ તેનાપર અતિશય સ્નેહ ધારણ કરવા લાગી. તથાપિ
એકાંતમાંજ તે સ્વાદિષ્ટ મોદક વિગેરે આપીને તેનું ગૌરવ
કારણ કે સ્વાર્થ સર્વને પ્રિય હોય છે. આ પ્રમાણે પરસ્પર
પ્રીતિ એટલે સુધી વધી ગઈ કે અન્યોન્ય દર્શન કર્યાં વિના
રહી શકતા નહિ.

હુવે લગભગ બે વર્ષ થતાં પોતાના દેશ તરફ જનાર ધનાવહ
કે ત્યાં આવ્યો, તેની સાથે પોતાને ગામ જવાની સમુદ્રને
થઈ. એટલે પદ્મશ્રીને એકાંતમાં તે સ્નેહપૂર્વક કહેવા લાગ્યો
હે ભદ્રે! સ્વસાર્થની સાથે હુ ઘર તરફ જવાને ઉત્કંઠિત થયો
રંતુ પરમ પ્રીતિપાત્ર એવી તને મૂકી શકવાને સમર્થ નથી.
ાનિધ્યથી પરદેશમાં પણ હુ સુખે રહી શકયો. પણ તેનો
આપવાને અસમર્થ હોવાથી ખરેખર તારો હું દેવાદાર થયો
જ મને ખેદ થાય છે." આ પ્રમાણે સાંભળતાં સ્નેહવતી તે
લાગી કે:—"હે કૃતજ્ઞ! મારા પિતાની આજ્ઞા મેળવી આપને
હવે હું તમારી સાથે આવીશ. પરતુ પાણિગ્રહણના ઉપા-
પૂર્વક સાંભળો—કારણકે દુ.સાધ્ય કાર્ય કઈ ઉપાય વિના
શકાય નહિ. માટે કૃશ અંગવાળા છતાં જે સર્વ અશ્વોમાં
અને કોમળ રોમરાજિથી સુશોભિત અને રક્ત તથા શ્વેત

કાંતિવાળા છે, તેમાં શ્વેત વર્ણવાળો આકાશગામી અને રક્ત વર્ણવાળો જળગામી છે. આ બે અશ્વો જેને ઘેર રહે છે, તેને ઘેર સર્વ સંપત્તિ આવે છે. માટે મારા પિતાની પાસેથી તમારે એ બે અશ્વ લેવા, કે જેથી તે અશ્વમાં મોહિત એવો તે વિના પ્રયત્ને તમારી સાથે મારો વિવાહ કબૂલ કરશે." આ પ્રમાણે સાંભળીને મનમાં વિસ્મય પામી તે શ્રેષ્ઠીપુત્રે વિચાર કર્યો કેઃ—'આ પક્ષીની મારા પર આટલી બધી પ્રીતિ છે, એ ખરેખર! સ્વપ્નનોજ પ્રભાવ લાગે છે. અહો! આજે મારા પૂર્વોપાર્જિત પુણ્ય પ્રગટ થયા, કે જેથી આ બે અશ્વરત્નનું મને પરિજ્ઞાન થયું." પછી સભ્યતાને ભજનારી એવી તેને કોમળ વચનથી સંતુષ્ટ કરીને તેણે કહેલ અશ્વનું સ્વરૂપ હૃદયમાં રાખીને શ્રેષ્ઠીને તે કહેવા લાગ્યો કેઃ—"હે પ્રભો! સ્વદેશમાં જનાર સાર્થ હાલ અહીં બ્હાર આવેલ છે, તેની સાથે સ્વસ્થાને જવાની મારી ઇચ્છા છે. આટલા દિવસો હું આપને ઘેર સુખે રહ્યો, હવે અત્યારે સ્વકીય સાર્થ લોકો મારી રાહ જુએ છે, માટે હવે મારાપર પ્રસાદ કરી મને બે અશ્વ આપો." એટલે શ્રેષ્ઠીએ કહ્યું કે—'અશ્વોની પંક્તિઓમાં પસંદ પડે તે લઈ લ્યો.' આ પ્રમાણે શેઠના કહેવાથી તેણે ચતુરાઈથી નમ્ર વચન વિસ્તારી કોટવાળની સાક્ષીએ તે બે અશ્વ માગી લીધા. એટલે મુખે મધુર પણ મનમાં ખાચવી એવો અધોકશ્રેષ્ઠી કહેવા લાગ્યો કેઃ—"હે સમુદ્ર! તું જડ લાગે છે અને તારા અંતઃકરણમાં સારાસારનું જ્ઞાન નથી, કે જેથી શ્રેષ્ઠ અશ્વોને મૂકીને અત્યંત દુર્બળ, મંદ અને મંદગતિવાળા એવા આ બે અશ્વોને તું એક મૂઢની જેમ ગ્રહણ કરે છે. આ બન્ને અશ્વને છોડી દઈને પુષ્ટ શરીરવાળા અને દૃષ્ટિને આનંદ આપનારા એવા બીજા કોઈ સારા બે અશ્વ લઈ લે, કે જેથી તને મોટો લાભ થાય." પછી સ્વદેશી મનુષ્યોથી પરિવૃત એવો સમુદ્રદત્ત કહેવા લાગ્યો કે—"હે શ્રેષ્ઠિન! હું તો આ બે અશ્વજ લઈશ. બીજા અશ્વોનું મારે પ્રયોજન નથી. વળી 'જે તને પસંદ પડે તેજ બે અશ્વ તારે લેવા' એમ પૂર્વે લોકોની સમક્ષ તને

વચન આપેલું છે. કલ્પાંતકાળના પવનથી કદાચ મેરૂપર્વતનું શિખર કંપાયમાન થાય, તથાપિ મહાપુરૂષોનું વચન કદી અન્યથા થતું નથી. " વળી ત્યાં ગામના માણસો કહેવા લાગ્યા કે:-"હે અશોક! તમે સજ્જનોમાં શ્રેષ્ઠ અને શ્રીમંતોમાં કુબેરની જેમ અગ્રેસર છો, માટે સ્વોક્ત વચન કબુલ (પ્રમાણ) કરો.' પછી અશોક શ્રેષ્ઠીએ ઘેર આવીને પોતાની પત્નીને પૂછયુ કે:-" આ દુરાત્માએ અશ્વનો ભેદ સમ્યગ્ રીતે શાથી જાણી લીધો ? " એટલે વીતશોકાએ પદ્મશ્રીની બધી સ્થિતિ કહી બતાવી એટલે તે વાતથી અધિક ઘાયલ થયેલો એવો અશોકશેઠ વિચારવા લાગ્યો કે:-" માત્ર પોતાનુંજ એક કાર્ય સાધવાની ઇચ્છાથી સ્ત્રીઓ પિતાને, માતાને, પુત્રને, ભ્રાતાને અને શ્વસુરને છેતરેજ છે. ખસની જેમ વક્ર આશયવાળી વામાઓ પોતાનું સુખ સાધવાની ઇચ્છાથી નિરંતર દેહની જેમ પિતાના ઘરનું ખરેખર શોષણ કરી લે છે. સમસ્ત ઇષ્ટ વસ્તુ આપ્યા છતાં પુત્રી પિતાના ઘરને એક તસ્કરની જેમ પ્રાયઃ નિરંતર ઉદ્વેગનું કારણ થાય છે. વળી સદાચારમાં તત્પર છતાં એણે મારી સુતાને શી રીતે વશ કરી લીધી ? અથવા તો કામદેવજ દુર્જયજ છે. સુરૂપવતી અને યૌવનના ઉન્માદથી ઘેલી થયેલી કામિનીને જોઇને યોગીઓ પણ મોહિત થઇ જાય છે, તો સામાન્ય જનની શી વાત ? " પછી પોતાની પત્ની સાથે શ્રેષ્ઠીએ કેટલાક વિચાર કર્યા. કારણકે પ્રૌઢ પ્રયોજનમાં ગૃહસ્થોને ગૃહિણીઓ પ્રાયઃ નેત્રરૂપ થાય છે. છેવટે પોતાની પત્નીની અનુમતિથી સુજ્ઞ શિરોમણિ એવા શ્રેષ્ઠીએ બને અશ્વરત્ન સહિત પોતાની સુતા તેને આપી. પછી લક્ષ્મી સમાન પદ્મશ્રીને પરણીને અને તે બંને અશ્વરત્ન પામીને સમુદ્ર વાસુદેવની જેમ બહુ આનંદ પામ્યો. પછી કેટલાક દિવસ સાર્થ સહિત ત્યા રહીને સ્ત્રી સાથે પોતાના દેશ તરફ જતાં તે સમુદ્રને કિનારે આવ્યો. ત્યાં અશોક શેઠથી પ્રેરાયેલો એવો નાવિક તેને કહેવા લાગ્યો કે:-" જો તમે આ બંને અશ્વો મને મૂલ્યમાં (ભાડા તરીકે) આપો, તોજ ચારિત્ર સમાન નૌકામાં ભવ્ય જીવની જેમ દયિતાયુક્ત તમને બેસારીને સા-

ક એવો હું સત્ત્વભયંકર અને દુસ્તર એવા
દ્રથી વેગથી તમને પાર ઉતારીશ. અન્યથા તમા-
આ સમુદ્રનો પાર પામવો મુશ્કેલ છે. ચારિત્ર કે
ાણીઓ એનો પાર પામી શકે છે ?" આ સાંભળી-
ય કરીને કઠણ શબ્દથી નાવિકને કહેવા લાગ્યો
ામ્હોર સિવાય બીજું કંઈ પણ હું તને આપવાનો
ાણે નાવિકો સાથે મોટો વિવાદ ચાલ્યો, એટલે સુત
એ પોતાના પ્રાણવલ્લભને કહ્યું કે:—"હે સ્વામિન્!
વૃથા વિરોધ શા માટે કરો છો ? કારણ કે મહા પુરુષો
સાથે કદીપણ કલહ કરતા નથી. હે નાથ! આ આકાશ-
ઉપર આરૂઢ થઇ વેગથી સમુદ્ર ઉતરી અને પિતાને ગામ
અશ્વરત્નને પાછા લઇ લેવાની ઇચ્છાથી મારા પિતાએ એમને
કલ્યા છે. તેથી આ નાવિક લોકો સમુદ્ર કિનારે વિવાદ કરે છે. હે
ય! તમે જો ચાલ્યા જશો તો વિરોધ પોતે શાંત થઇ જશે. બીજી
ર વસ્તુ છે, તે સાર્થજનો પાછળથી લઇ આવશે." આ પ્રમાણે
ના પ્રિય વાક્યથી તેણે પણ તેમજ કર્યું. કારણકે ઉપાય પ્રાપ્ત થતાં
ન જનો કદી વિલંબ કરતા નથી પછી સાર વસ્તુ લઇ બીજા
વને હાથમાં ધરી પ્રિયાસહિત તે શ્રેષ્ઠીકુમાર અશ્વ ઉપર આરૂઢ
ઈને સર્વના દેખતાં તત્કાળ સુખપૂર્વક પોતાને ઘેર પહોંચ્યો. કા-
ણ કે પ્રાણીઓના સુકૃતોદય સર્વત્ર જાગ્રત રહે છે. પછી યથોચિત
મૂલ્યથી નાવિક લોકોને સંતુષ્ટ કરીને સર્વ સાર્થ અનુક્રમે સમુદ્ર ઉતરી
ત્યાં આવ્યો. પછી સ્નાનપૂર્વક પવિત્ર વસ્ત્રથી તેમ પ્રિયા સહિત
સમુદ્ર મહોદર જેવા તે અંબરથી ઉતરીને લક્ષ્મીના ઉત્પત્તિ
સ્થાન એવા મા બાપના ચરણ-કમળને નમ્યો. કારણ કે કુલીનજનો
સદાચારને કદી તજતા નથી. હવે ... (પ્રિયા સહિત
તથા સર્વનું રક્ષણ કરનાર એવા પોતાના પુત્રનું આગમન થતાં
પિતા વિગેરેએ અત્યંત અદ્ભુત ઉત્સવો કર્યા. પછી તે અને અશ્વ
રત્નના પ્રભાવથી તેને ઘેર સર્વ સંપત્તિ દિવસે દિવસે વૃદ્ધિ પામવા

લાગી. અહો ! વસ્તુનો મહિમા અચિંત્ય હોય છે. વળી પદ્મશ્રીને અંતઃકરણથી પ્રસન્ન રાખનાર અને ત્રિવર્ગસાધનમાં તત્પર એવો તે ધનવાન્ સમુદ્રશ્રેષ્ઠી સમસ્ત નગરમાં પૂજ્યપદ પામ્યો.

એકદા ઉચ્ચૈઃશ્રવ (ઇંદ્રના અશ્વ) સમાન ગગનગામી અશ્વ સમુદ્રશ્રેષ્ઠીએ સુદંડરાજાને ભેટ કર્યો. તેથી ચમત્કાર અને પ્રસન્નતા પામેલા રાજાએ મન્મથરાજાની એક સેના સમાન પોતાની અનંગસેના નામની પુત્રી સંપત્તિઓના અંકુર સમાન મહોત્સવોની શ્રેણીઓ અને અસાધારણ સન્માન તથા દાનપૂર્વક સાનંદ મનથી સમુદ્રશેઠને પરણાવી અને ઘણા ગામ અને નગરોનું મુખ્ય અધિકારીપદ તેને આપ્યું. કારણ કે રાજા રૂષ્ટમાન કે તુષ્ટમાન થતાં મહાપદ (મોટી પદવી યા મહા આપદ) આપે છે. પછી પુણ્યયોગથી ઉચ્ચ પદવીને પ્રાપ્ત થયેલ સમુદ્રશેઠ ધર્મકૃત્યોથી જિનેંદ્રશાસનની નિરંતર ઉન્નતિ કરવા લાગ્યો.

એકદા ભોજનાવસરે શ્રીગુણશેખર નામના કોઇ મુનિ પુણ્યોદયથી પારણાને માટે તેને ઘેર પધાર્યા, એટલે તાત્કાલિક આનંદના પ્રવાહમાં નિમગ્ન ચિત્તવાળા એવા સમુદ્રે પોતે નવ પ્રકારથી સંશુદ્ધ અન્ન, પાનાદિકથી, સ્ફુરાયમાન, શાનલબ્ધિના સ્વામી, સુવર્ણસમાન શ્રેષ્ઠ કાંતિવાળા અને જ્ઞાન, દર્શન તથા ચારિત્ર–એ રત્નત્રયથી પવિત્રિત એવા તે સંયમીને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પ્રતિલાભ્યા. અવસરે સત્પાત્રનો યોગ થતાં વિવેકી જન શું પ્રમાદ કરે ? ત્યાં દેવતાઓએ વસુ, અને સુગંધિ જળ વિગેરેની વૃષ્ટિથી સમસ્ત જનોને આનંદદાયક એવો તે દાનનો મહિમા કર્યો. તે માહાત્મ્યની સાથે જાણે ચક્રવર્તીનું સામ્રાજ્ય પામ્યો હોય એવો તે શ્રેષ્ઠી અતિશય હર્ષોલ્લાસ પામ્યો. કારણ કે:—

" विधिना पुंडरीकाद्रौ, यात्राः पात्राश्रिताः श्रियः ।
क्रियाः सज्ज्ञानसम्यक्त्वाः, प्राप्यंते पुण्ययोगतः " ॥ १ ॥

"વિધિપૂર્વક શત્રુંજયની યાત્રા, સુપાત્રમાં વપરાય તેવી લક્ષ્મી અને સદ્‌જ્ઞાન તથા સમ્યક્‌ત્વપૂર્વક ક્રિયા—એ પુણ્યયોગેજ પ્રાપ્ત થાય છે."

હવે યોગી જેમ પરમાત્માને અને સેવક જેમ ઉચ્ચ પદને પામીને આનંદમગ્ન થાય, તેમ તે અશ્વરત્નની પ્રાપ્તિથી રાજા અતિશય આનંદ પામ્યો. પછી તે અશ્વરત્નના અનુભાવથી રાજાની રાજ્યસંપત્તિમાં તે વખતે સૈન્ય, ભંડાર વિગેરે રાજ્યના સાતે અંગમાં વૃદ્ધિ થવા લાગી. એ આશ્ચર્યની વાત છે. એકદા જયયાત્રાને માટે જતા રાજાએ તે અશ્વરત્ન પોતાના બાળમિત્ર વૃષભશેઠીને સોંપી ભલામણ કરી કે:—"હે ભદ્ર ! રાજ્યના સર્વસ્વ જીવિતરૂપ એવા આ નભોગામી અશ્વનું તારે ઘેર સ્વાત્મવત્ યત્નપૂર્વક રક્ષણ કરવું." એટલે શેઠી રાજાની આજ્ઞાને વશ થઈ અશ્વને પોતાને ઘેર લાવી જિનધર્મની માફક તેને પ્રેમપૂર્વક પાળવા લાગ્યો.

એકદા વૃષભશેઠને મનમાં વિચાર થયો કે:—"આ ગગનગામી અશ્વ ખરેખર ભાગ્યયોગેજ પ્રાપ્ત થયો છે, માટે અત્યારે એની સહાયતાથી કંઈક પુણ્ય કરૂં. અવસર પામીને જે પ્રાણી ધર્મ સાધે છે, તે વિવેકી ગણાય છે. કહ્યું છે કે:—

" यावत्स्वस्थमिदं शरीरमरुजं यावच्च दूरे जरा,
यावच्चेंद्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव कृतिना कार्यः प्रयत्नो महान्,
संदीप्ते भवने हि कूपखननं प्रत्युद्यमः कीदृशः" ॥ १ ॥

"જ્યાંસુધી આ શરીર નિરોગી અને સ્વસ્થ છે, જ્યાંસુધી વૃદ્ધત્વ દૂર છે, જ્યાંસુધી ઇંદ્રિયોની શક્તિ હણાઈ નથી, અને જ્યાંસુધી આયુષ્યનો ક્ષય થયો નથી. ત્યાંસુધીમાંજ સુજ્ઞ પુરૂષે આત્મસાધનમાં મહાપ્રયત્ન કરી લેવો. કારણ કે ઘરમાં આગ લાગતાં કૂવો ખોદવાનો પ્રયત્ન કરવો શા કામનો ?" પછી અભીષ્ટ ગતિ કરનાર

એવા તે અશ્વપર આરૂઢ થઇને શ્રેષ્ઠી નિરંતર જંબૂદ્વીપમાં રહેલી શાશ્વતી પ્રતિમાઓને વંદન કરવા લાગ્યો. કોઇવાર અષ્ટાપદગિરિપર, કોઇવાર સર્વ તીર્થમાં શ્રેષ્ટ એવા શત્રુંજયતીર્થપર, કોઇવાર સમેતશિખર, ગિરનાર અને સિદ્ધકૂટ વનપ્રદેશમાં જિનેશ્વરોને વારંવાર વંદન કરીને તે જન્મને સફળ કરવા લાગ્યો. કહ્યું છે કે:—

" पूजामाचरतां जगत्रयपतेः संघार्चनं कुर्वतां,
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ।
सद्दानं ददतां तपश्च चरतां सत्त्वानुकंपाभृतां,
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम्" ॥१॥

" જિનેશ્વરની પૂજા કરતાં, શ્રીસંઘની ભક્તિ કરતાં, તીર્થોની યાત્રા કરતાં, જૈનાગમનું શ્રવણ કરતાં, સુપાત્રે દાન દેતાં, સમ્યક્ તપ આચરતા, અને પ્રાણીઓપર દયા કરતાં જેમના દિવસો જાય છે, તે ભાગ્યવંત જનોનો જન્મ સફળ છે."

એવામાં જિતશત્રુ નામનો પલ્લીપતિ રાજા તે અશ્વરત્નનું માહાત્મ્ય સાંભળીને લોભથી અંધ બની તે કહેવા લાગ્યો કે:—"જે પ્રબળ સુભટ ઓધિરત્નની જેમ દુષ્પ્રાપ્ય એ અશ્વરત્ન મને અહીં લાવી આપશે, તેને મોટા ઉત્સવપૂર્વક **ધનપ્રભા** નામની મારી પુત્રી પરણાવી અને રાજ્યસંપત્તિનો વિભાગ આપીને તેનો સત્વર સત્કાર કરીશ." રાજાનું કથન સાંભળીને કુટિલ આશયવાળા કોઇ **કુંડલ** નામના સુભટે કહ્યું કે.—'હું એ અશ્વરત્ન લાવી આપીશ.' પછી રાજાના હુકમથી ત્યાં જતાં રસ્તામાં **મુનિચંદ્ર** ગુરૂના મુખથી ધર્મતત્ત્વ સાંભળીને તે કપટશ્રાવક થયો. એટલે બ્રહ્મચારીપદને ધારણ કરતો, પોતાના હાથમાં પુસ્તક રાખીને ધર્મશાસ્ત્ર ભણતો તે અનુક્રમે **કૌશાંબી** નગરીએ આવ્યો. ત્યાં એકદા વૃષભશ્રેષ્ઠીએ ધર્મધ્યાનમાં એક નિષ્ણાત અને જિનચૈત્યમાં આવેલ એવા તેને વંદન કરીને કહ્યું કે:—"હે બ્રહ્મચારીઓમાં અગ્રેસર! આપ અહીં ક્યાંથી

પધાર્યા છો, શું તપ ચાલે છે, અને હાલ કયા શાસ્ત્રનો અભ્યાસ કરો છો? ધર્મ વિષયમાં તમારો ગુરૂ કોણ છે? હાલ ક્યાં ઉતર્યા છો? અને યૈવનવયમાં પણ તમે શા કારણથી બ્રહ્મચર્યવ્રત લીધું છે?" પછી ધર્મધૂર્તોમાં અગ્રણી એવા તેણે દંભની રચના કરી સર્વ પોતાની કલ્પિત સ્થિતિ કહીને જણાવી. એટલે તેના કથનથી વિસ્મિત થયેલા અને હાસ્યરહિત હૃદયવાળા એવા વૃષભશેઠીએ કહ્યું કે:— "હે બ્રહ્મચારિન્! તમે મહાપુરૂષોને પણ માન્ય છો. માટે અત્યારે આપની હું કંઈક ભક્તિ કરવા ઈચ્છું છું. કારણ કે સમ્યક્ત્વપૂર્વક વ્રતધારી એવો બ્રહ્મચારી શ્રાવક મળવો દુર્લભ છે. માટે આપ કૃપા કરી અહીં મારે ઘેર પધારો. કારણ કે ભોજનાવસરે પાત્રની પ્રાપ્તિ પુણ્યોદયથી થાય છે. કહ્યું છે કે:—

" काले सुपत्तदाणं, सम्मत्तविसुद्धबोहिलाभं च ।
अंते समाहिमरणं, अभव्वजीवा न पावंति " ॥ १ ॥

" અવસરે સુપાત્રદાન, [illegible] રીતે વિશુદ્ધ એવા સમ્યક્ત્વનો લાભ અને અંતે સમાધિમરણ એ અભવ્ય જીવો પામી શકતા નથી." આ પ્રમાણે [illegible] પર લાવી [illegible]

[illegible]

થઇને ઉભો રહ્યો. વિદ્યા, વ્યવહાર અને ધર્મકર્મમાં પ્રાણીને જેવો અભ્યાસ હોય, તેવી તેને ભાવના થાય છે. કહ્યું છે કે:—

" प्रतिजन्म यदभ्यस्तं, दानमध्ययनं तपः ।
तेनैवाभ्यासयोगेन, तदेवारभते पुनः " ॥ १ ॥

" પ્રતિજન્મમાં દાન, અધ્યયન કે તપ–જેનો અભ્યાસ કરેલ હોય, તે અભ્યાસના યોગેજ પ્રાણી પુનઃ તેજ ક્રિયા કરે છે. "

હવે વખત થતાં શ્રેષ્ઠી મહિલાની જેમ ધર્મ સર્વસ્વને હરનારી અને સર્વ ઇંદ્રિયોને મોહ પમાડનારી એવી નિદ્રાનો ત્યાગ કરીને પ્રતિક્રમણ કરવાને ધર્મશાળામાં આવ્યો. ત્યાં તીર્થની જેમ સ્થાપન કરેલ બ્રહ્મચારીને ન જોઇને શંકારૂપ શલ્યથી વ્યાકુળ થઇને શેઠ જેવામાં અશ્વરત્નને જોવા ગયો, તેવામાં તે અશ્વરહિત અશ્વશાળા જોઇને વિચારવા લાગ્યો કે:—"ધર્મધૂર્ત્તતાથી અશ્વ લઈ જતાં તેણે આ સર્વ લોકોને ધાર્મિક જનો માટે અવિશ્વાસ ઉત્પન્ન કર્યો. અન્ય ઉપદેશથી થતું પાપ પ્રાણીઓ ગુરૂઉપદેશથી વિશુદ્ધ એવા તપ, જપ અને ક્રિયા વિગેરેના યોગે પણ કોઈ રીતે ક્ષીણ કરી શકે, પરંતુ ધર્મકપટથી વજ્રલેપ સમાન કરેલ પાપથી સહસ્ર ભવો સુધી નાના પ્રકારનાં દુઃખો ભોગવાય છે. હવે કુટુંબ સહિત હું રાજાને નિગ્રહપાત્ર થયો અને ધર્મલઘુતાના નિમિત્તથી મેં મારા આત્માને દુઃખમાં પાડ્યો. અથવા તો સમ્યગ્ધર્મના પ્રભાવથી બધુ સારૂંજ થશે. કારણ કે સૂર્યોદય થતાં લોકમાં અંધકાર રહી શકતો નથી. " પછી પ્રાભાતિક (પ્રાતઃકાળ સંબંધી) આવશ્યક ક્રિયા સમાધિપૂર્વક કરીને ગૃહચૈત્યની પ્રતિમાઓની અષ્ટપ્રકારી પૂજા કરવા લાગ્યો. કહ્યું છે કે:—

" श्रेयः समृद्धिं सकलार्थसिद्धिं, साम्राज्यलीलां विपदां विनाशम् ।
विशुद्धभावेन विधीयमाना, जिनेंद्रपूजा रचयत्यवश्यम् "

" વિશુદ્ધ ભાવપૂર્વક જિનેંદ્રપૂજા કરવાથી કલ્યાણની વૃદ્ધિ, સકલ અર્થની સિદ્ધિ, સામ્રાજ્યલીલાની પ્રાપ્તિ અને વિપત્તિનો અ-

વસ્ત વિનાશ થાય છે. " વિધિપૂર્વક દ્રવ્યપૂજા કરીને વિશેષથી તે જિનપ્રતિમા આગળ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતો દઢ થઇને રહ્યો.

એવામાં તે અવસરે જયયાત્રાથી આવેલ રાજાને કોઇ દુર્જને અંબડરણ વિગેરેની વાત કહી. તેથી રાજાએ અત્યંત ક્રોધ લાવીને કોટવાળને આદેશ કર્યો કે:" દુષ્ટ વૃષભશેઠને મયૂરબંધે બાંધીને સત્વર અહીં લાવો.' આ પ્રમાણે રાજાની આજ્ઞા થતાં ક્રૂર માણસોને સાથે લઇને તે પણ શેઠને ઘેર આવ્યો અને તેના કુટુંબને સતાવવા લાગ્યો. પછી જેટલામાં શેઠને બાંધવા વિગેરેની ક્રિયા કરવા તૈયાર થયો, તેટલામાં દિવ્ય પ્રભાવથી તે સ્તંભિત થઇ ગયો.

એવા અવસરમાં સ્ફુરાયમાન તેજવાળા કોઇ વિદ્યાધરરાજાએ અંબ સહિત ત્યાં આવીને શેઠને સંતુષ્ટ કર્યો. પરંતુ તે વખતે ધર્મધ્યાનના લયથી ઉત્પન્ન થતા પરમાનંદમાં મગ્ન થયેલા શેઠને સુખદુઃખનું ભાન ન હતું. પછી અંબ સહિત વિદ્યાધરને ઘરે આવેલ જોઇને શેઠે ધ્યાનમુદ્રાનો ત્યાગ કરી, ને ચૈત્યની વંદના કરીને બહાર આવી તે વિદ્યાધરને વિધિપૂર્વક નમીને તેને સુવર્ણાસન પર બેસારી તે અંબ સંબંધી વૃત્તાંત પૂછવા લાગ્યો. એટલે વિદ્યાધર પ્રસન્ન મુખવાળા એવા શેઠને કહેવા લાગ્યો કે [illegible] પરમ [illegible] આ અશ્વનુ [illegible] વૃત્તાંત [illegible] વિદ્યાધરોના [illegible] નંદીશ્વર પર જિનેંદ્ર [illegible] વંદન કરવા [illegible] શેઠને [illegible] કરેલો [illegible] જિન [illegible] આગળ [illegible] અનુક્રમે [illegible] ધ્યાન [illegible] એવા તે [illegible] રાજાના [illegible] પૂર્વક [illegible] સાથે [illegible] ભાવનાપૂર્વક [illegible] છે કે —

" तत्त्वानि व्रतधर्मसंयमगतिज्ञानानि सद्भावनाः,
प्रत्याख्यानपरीषहेन्द्रियमदध्यानानि रत्नत्रयम् ।
लेश्यावश्यककाययोगसमितिप्राणाः प्रमादस्तपः,
संज्ञाकर्मकषायगुप्त्यतिशया ज्ञेयाः गुणीभिः सदा " ॥१॥

" [7]તત્ત્વ, [12]વ્રત, [10]ધર્મ, [17]સંયમ, [4]ગતિ, [5]જ્ઞાન, [12]સદ્ભાવના, [10]પ્રત્યાખ્યાન, [22]પરિષહ, [5]ઇંદ્રિય, [8]મદ, [4]ધ્યાન, [3]રત્નત્રય, [6]લેશ્યા, [6]આવશ્યક, [6]કાય, [3]યોગ, [5]સમિતિ, [10]પ્રાણ, [5]પ્રમાદ, [12]તપ, [4]સંજ્ઞા, [8]કર્મ, [4]કષાય, [3]ગુપ્તિ, અને [34]અતિશય—એ ગુણ પુરુષોને સદા જાણવા અને વિચારવા યોગ્ય છે." રાજાએ પોતાના નિધાનની જેમ આ આકાશગામી અશ્વ સંભાળ રાખવા પરોપકારમાં પ્રસિદ્ધ એવા તે શેઠને સોંપ્યો. આ અશ્વના સાનિધ્યથી તે વિવેકી શ્રેષ્ઠીએ અનેક તીર્થોમાં અનેકવાર જિનવંદન કરીને પોતાના સમ્યક્ત્વને નિર્મળ કર્યું, જન્મનું ફળ મેળવ્યું, ઉચ્ચ ગોત્રનું કર્મ બાંધ્યું અને સ્થિરલક્ષ્મીને વશ કરી. એવામાં પલ્લીપતિ રાજાના કોઈ પાપી સુભટે આવીને ધર્મધૂર્તતાથી તેના ઘરમાંથી આ અશ્વનું હરણ કર્યું. પણ એ અશ્વના સ્વરૂપને ન જાણવાથી તેના મર્મસ્થાનમાં તેણે ચાબુકનો પ્રહાર કર્યો, એટલે તેને તરત જમીનપર પાડીને એ અશ્વ અહીં આવી ઉભો રહ્યો. પૂર્વના અભ્યાસથી આ ઘોડો પણ અહીં પર્વતપર આવ્યો. માટેજ પ્રાણીઓએ નિરંતર સદભ્યાસ કરવો. આ અશ્વ નિમિત્તે અત્યારે રાજા પોતાના કોટવાળ વિગેરે માણસો દ્વારાએ તે શેઠને દુઃખ દે છે, માટે હવે તમારે તરત ત્યાં જવું યોગ્ય છે. કારણ કે સર્વ ધર્મ કરતાં સાધર્મિક વાત્સલ્ય એક છે. શક્તિ છતાં જે સાધર્મિને સહાયતા ન કરે, તે વસ્તુતઃ સર્વજ્ઞ ધર્મનો સાર સમજ્યો નથી. કહ્યું છે કે:

" तं अत्थं तं च माहप्पं, तं विन्नाणं गुरुत्तणं ।
साहम्मियाण कज्जंमि, न दंसंति कुमाणसा " ॥२॥

" તે અર્થ, તે સામર્થ્ય અને તેજ વિજ્ઞાન સર્વોત્તમ છે, કે જેને સુશ્રાવકો પોતાના સાધર્મિક બંધુના કાર્યમાં વાપરે છે. " આ પ્રમાણે તમારી પ્રશંસારૂપ સુધાને સ્રવનારી એવી મુનીશ્વરની વાણી સાંભળીને અશ્વને લઈ હું એકદમ વેગથી અહીં તમારે ઘેર આવ્યો છું." વિદ્યાધરનું આ કથન સાંભળીને કોટવાળ વિગેરે માણસો શાંત મનવાળા થઈ વૃષભ શ્રેષ્ઠીને પગે પડ્યા. પછી તેમણે તે વૃત્તાંત આવીને રાજાને નિવેદન કર્યું. એટલે વિસ્મય પામતો રાજા ત્યાં આવ્યો. પોતાને ઘેર આવેલ રાજાનો વૃષભશ્રેષ્ઠીએ શુદ્ધ મનથી અને અદ્ભુત વિનયપૂર્વક સારો સત્કાર કર્યો. પછી વિદ્યાધરને નમસ્કાર કરીને કૃતજ્ઞ એવો રાજા, શ્રેષ્ઠીએ આપેલ મોટા સુવર્ણાસનપર બેઠો, અને નમ્ર એવા તે શ્રેષ્ઠીને આનંદપૂર્વક આલિંગન દઈને પોતાના અર્ધાસનપર બેસારીને રાજાએ મધુર અને સ્નેહાળ વચનોથી તેને સ્વસ્થ કર્યો. પછી વિદ્યાધરરાજાએ ચારણમુનિએ કહેલ અશ્વની બધી વાત પૃથ્વીપતિને કહી સંભળાવી. એટલે તેમણે બંનેએ યથાયોગ્ય પરસ્પર વિનય દર્શાવ્યો. કારણ કે મહાશયો કદાપિ ઉચિતતાની મર્યાદા તજતા નથી. પછી શ્રેષ્ઠીએ મહુજ પ્રશસ્ત વસ્તુઓ સાથે તે અશ્વ મુદ ર[illegible]રાજાને ભેટ કર્યો. એટલે કૃતજ્ઞ અને સ્નેહયુક્ત મનવાળા રાજાએ તરત તે ઉત્તમ શ્રેષ્ઠીને બનાવીને અને પોતાના એક વડીલ બંધુની જેમ તેનો સત્કાર કરીને [illegible] એક જયશીલ એવા જિનધર્મના [illegible] તે અશ્વ સહિત પોતાને સ્થાને ગયો અને [illegible] એવો વિદ્યાધર સર્વ અર્થને સાધવાવાળું એવું એક રત્ન [illegible] વૃષભશ્રેષ્ઠીને આપીને અષ્ટાપદ પર્વતપર ચાલ્યો ગયો. [illegible] વૃષભ[illegible] સૂર્યની [illegible] જિનશાસનને પ્રકાશિત [illegible] [illegible] હતો.

એકદા [illegible] [illegible] અને કલ્પવૃક્ષરૂપ ઉદ્યાને [illegible] [illegible] સુધાના [illegible] એવા જિનદત્તગુરૂ ત્યાં [illegible] [illegible] વૃષભ શ્રેષ્ઠી [illegible] સહિત [illegible] તેમના ચરણ-

કમળને વંદન કરવા આવ્યો. ત્યાં શસ્ય (કલ્યાણ અને ધાન્ય) ના ભર (સમૂહ) ને ઉત્પન્ન કરનાર એવી દેશના જળધારાથી ભવ્ય (સુંદર યા ભવ્યજન) ક્ષેત્રોમાં પુણ્ય (શ્રેષ્ઠ) વૃક્ષોના આરામ (બગીચા) ને સિંચતા એવા મુનિ–મેઘ વરસવા લાગ્યા:—

"ચ્યવનકલ્યાણકનો ઉત્તમ અવસર, સ્વપ્નો, જન્મોત્સવ, ઈંદ્રે કરેલ રત્નવૃષ્ટિ, રૂપ અને રાજ્યસંપત્તિ, વાર્ષિકદાન, વ્રતસંપત્તિ, અત્યંત ઉજ્વલ એવી કેવળશ્રી અને જે રમ્ય અતિશયો–આ બધું જિનભગવંતને ધર્મના પ્રભાવથી જ પ્રાપ્ત થાય છે. ધર્મરૂપ કલ્પવૃક્ષનું શ્રદ્ધા (સમ્યક્ત્વ) એ મૂળ છે, દાન પ્રમુખ ચાર તેની મુખ્ય શાખાઓ છે, નિયમ અને વ્રત વિગેરે તેની પ્રશાખાઓ છે, વિવિધ સંપત્તિઓ તેના પુષ્પ છે અને મોક્ષ એ તેનું ફળ છે, પરંતુ સમ્યક્ત્વરૂપ મૂળ જેના હૃદયમાં ઉલ્લસાયમાન છે, તેને જ એ ધર્મકલ્પવૃક્ષ સંપૂર્ણ ફળદાયક થાય છે. જે સુજ્ઞજન સમ્યક્ત્વ સાથે સર્વવિરતિનો આશ્રય કરે છે, તે સંસારસમુદ્ર તરીને સત્વર સિદ્ધિપદને પામે છે. કહ્યું છે કે:—

" उत्कृष्टादेशविरतेः , स्थानात्सर्वजघन्यकम् ।
स्थानं तु सर्वविरते–रनंतगुणतोऽधिकम् " ॥ १ ॥

"ઉત્કૃષ્ટ દેશવિરતિના સ્થાન કરતાં સર્વવિરતિનું જઘન્યમાં જઘન્યસ્થાન પણ અનંતગણું અધિક છે." વળી જન્મથી આરાધન કરેલ દેશવિરતિથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ સર્વવિરતિથી એક અંતર્મુહૂર્ત્તમાત્રમાં મળે છે. કહ્યું છે કે:—

" एगदिवसंपि जीवो, पव्वज्जमुवागओ अनन्नमणो ।
जइ नवि पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ " ॥ १ ॥

"એક દિવસ પણ અસાધારણ ભાવથી પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરનાર પ્રાણી કદાચ મોક્ષે ન જાય, તથાપિ વૈમાનિક દેવ તો અવશ્ય થાય જ છે." આ પ્રમાણે દેશના સાંભળીને સમુદ્રશ્રેષ્ઠી, વૃષભશ્રેષ્ઠી

અનુકંપા તે કારૂણ્ય અને જિનોક્ત જીવાદિ તત્ત્વ જ બધું સત્ય છે, અન્ય મિથ્યા છે, એમ શુભમાં જ એક ચિત્ત રાખી પરિણામ વિશુદ્ધિથી જે માનવું, તે આસ્તિક્ય કહેવાય છે. હે ભદ્રે! તેં આ બોધિરત્ન ખરેખર બહુ પાપકર્મના ક્ષયથી જ પ્રાપ્ત કરેલ છે, માટે નિઃશંકિતાદિક અષ્ટગુણોથી ગરિષ્ઠ અને સકળ અભીષ્ટદાયક એવા આ સમ્યક્ત્વરત્નની યત્નપૂર્વક તારે સંભાળ રાખવી." ગુરૂમહારાજની આ શિક્ષાને સ્નેહપૂર્વક સ્વીકારીને અને તેમને નમસ્કાર કરીને હું સમ્યક્ત્વમાં જ મનને સ્થિર રાખતી ઘેર આવી. "

જગતમાં અતિશય પ્રભાવવાળું અને વિદ્યુલ્લતાએ કહેલું એવું આ જિનધર્મનું સ્વરૂપ સાંભળીને અર્હદ્દાસ વિગેરે કહેવા લાગ્યા કેઃ—'હે પ્રિયે! સમ્યક્ત્વના સારરૂપ આ તારૂં કથન બધું સત્ય છે.' આ પ્રમાણે યથાર્થ અને ભવ્ય આશ્ચર્યવાળું એવું સમ્યક્ત્વનું સ્વરૂપ સાંભળીને દંભની રચના કરતી કુંદલતા બોલી કેઃ—'આ વિદ્યુલ્લતાનું કથન બધું અસત્યજ છે. જળનું મથન કરતાં ઘૃતની પ્રાપ્તિ શું કોઇએ પણ ક્યાં જોઈ છે?' એવામા રાજાએ વિચાર કર્યો કેઃ—'અહો! આ લલનાનો કેવો મહાક્રૂર દુરાશય છે? માટે પ્રભાતે એનો નિગ્રહ કરીશ.' પછી રાજા અને મંત્રી પ્રમુખ સર્વે પોતપોતાને સ્થાને ગયા, અને અર્હદ્દાસ શેઠ પણ પૂજાની સમાપ્તિ કરી નિદ્રાવશ થયો.

હે ભવ્યજનો! પુણ્યરૂપ સુધાની પરબ સમાન આ વૃષભશેઠનું ચરિત્ર સાંભળીને સમસ્ત ભુવનની લક્ષ્મીના ભૂષણરૂપ અને અનેક પ્રકારના આનંદથી પૂરિત એવા બોધિરત્નમાં તમારા મનને રમાડો.

॥ इति श्री सम्यक्त्वकौमुद्यां श्री तपागच्छनायकश्री सोमसुंदरसूरि श्री मुनिसुंदरसूरि श्री जयचंद्रसूरिशिष्यैः पंडितजिनहर्ष गणिभिः कृतायां षष्ठः प्रस्तावः ॥



॥ सप्तमः प्रस्तावः ॥



પછી અરૂણોદય થતાં શ્રેણિકરાજા જાગ્રત થયો અને મનોવ્યગ્રતા દૂર કરી તેણે પરમેષ્ઠીનું સ્મરણ કર્યું, તથા વિધિપૂર્વક બન્ને રીતે દેહવિશુદ્ધિ (દેહચિંતા અને સ્નાન) કરીને તેણે સર્વ પાપનો નાશ કરનારી એવી શ્રી જિનેંદ્રની પૂજા કરી. કહ્યું છે કે:—

"प्रातर्देवार्चनं पात्र-दानं दीनानुकंपनम् ।
पित्रोर्भक्तिः कृपा नुन्न, प्राज्यपुण्याय पंचकम् ॥१॥
आवश्यकानि देवार्चा, परमेष्ठिपदस्मृतिः ।
प्रातःकृत्यानि गीतानि, श्रेयोर्थं देहिनां बुधैः" ॥२॥

[illegible] પૂજા [illegible] દાનદયા, માતાપિતાની ભક્તિ, અને કરુણા [illegible] પૂજા અને [illegible] સ્મરણ [illegible] પ્રતિક્રમણ, દેવ [illegible] સુજ્ઞાએ પ્રાણી-[illegible] અભયકુમાર પ્રધાનની સાથે [illegible] જિનેશ્વરની પ્રતિમાઓને ન [illegible] સુકૃતિ એવો શ્રેણિકરાજા, [illegible] અને ચાર પરિવાર સહિત [illegible] આવ્યો એટલે અર્હદાસ શ્રેષ્ઠિએ [illegible] વિધિપૂર્વક [illegible] ધર્મક્રિયા કરીને સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન અને

મંત્રી સહિત રાજાને પોતાને ઘેર આવેલ જોઇને તેણે એવો સત્કાર કર્યો કે જે વચનથી કહી ન શકાય. કહ્યું છે કેઃ—

"प्रसन्ना दृग् मनः शुद्धं, ललिता वाग् नतं शिरः।
सहजार्थिष्वियं पूजा, विनाऽपि विभवं सताम्" ॥१॥

"પ્રસન્ન દૃષ્ટિ, શુદ્ધ મન, લલિત વાણી અને નમ્ર શિર—અર્થીજનોમાં વિભવ વિના પણ સજ્જનોની આ સ્વાભાવિક પૂજા(સત્કાર)છે.' પછી પોતાના પિતાએ કરાવેલ સહસ્રકૂટ નામના ચૈત્યમાં ચંદ્રકાંત પાષાણની બનાવેલી જિનપ્રતિમાઓને નમસ્કાર કરાવીને કાર્યદક્ષ એવો શ્રેષ્ઠી રાજાને ઉંચા સુવર્ણસિંહાસન પર બેસારીને તેની આગળ અંજલિ જોડી વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કેઃ—" હે દેવ ! તમે પોતે જે મારે ઘેર આવીને મને મળ્યા, તેથી ખરેખર આજે હું સર્વ સેવકોમાં મુગટરૂપ થયો છું. ઉત્સવની શ્રેણિથી વિભૂષિત એવી સંપત્તિઓ સર્વ પ્રાપ્ત થાય છે, પરંતુ સ્વામીની પ્રસન્નતાથી મધુર એવી દૃષ્ટિ (મીઠી નજર) પ્રાપ્ત થવી મુશ્કેલ છે. કહ્યું છે કેઃ—

" देव ! सेवकजनः स गण्यते, पुण्यवत्सु गुणवत्सु चाग्रणीः।
यः प्रसन्नवदनांबुजन्मना, स्वामिना मधुरमीक्ष्यते दृशा" ॥१॥

" હે દેવ ! તેજ સેવક પુણ્યવંત અને ગુણવંત જનોમાં અગ્રણી ગણાય છે, કે જેને પોતાનો સ્વામી પ્રસન્ન મુખકમળથી મીઠી નજરે જુએ છે." પ્રસન્ન મુખવાળા એવા રાજાની જ્યાં જ્યાં મીઠી નજર થાય છે, ત્યાં ત્યાં પવિત્રતા, કુલીનતા, દક્ષતા અને સુભગતા (સૌભાગ્ય) વિકસિત થાય છે. હે દેવ ! આ સેવકને ઘેર આજે સુધાવૃષ્ટિ થઈ, કે જેથી આ આપના પવિત્ર ચરણકમળ અત્યારે મને પાવન કરી રહ્યા છે. કહ્યું છે કેઃ—

" अमृतं शिशिरे वह्नि-रमृतं क्षीरभोजनम् ।
अमृतं राजसन्मान-ममृतं प्रियदर्शनम् " ॥१॥

"શિશિરઋતુમાં અગ્નિ અમૃત સમાન છે, રાજસન્માન એ અમૃતતુલ્ય છે, અને ક્ષીરભોજન એ અમૃત સમાન છે, અને પ્રિયજનનું દર્શન પણ અમૃત સમાનજ છે." માટે હે પ્રભો! આપ પ્રસન્ન થઈ અહીં આવવાનું પ્રયોજન કહો. કારણ કે હે સ્વામિન્! જગતને પૂજ્ય એવા આપ નિર્હેતુવા (નિષ્કારણભાવ) નો કદી આશ્રય કરતા નથી." આ પ્રમાણે અર્હદ્દાસનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા રાજાએ સુધારસને સવનારી વાણીથી પવિત્ર એવા શેઠને કહ્યું કેઃ—"હે શ્રેષ્ઠિન્! પુંજ મહાપુરૂષોને શ્લાઘ્ય અને પૂજ્ય છે અને તારો આ મહિમા જગતને પણ માનનીય છે, કે જેની પોતાના કુટુંબ સહિત જિનભગવંત પર વિષયવિમુક્ત આવી ભક્તિ છે." પછી વિસ્તૃત ભાગ્યવંત એવા રાજાએ કથાકથન સહિત રાત્રિનો સર્વ અહેવાલ શેઠને કહી બતાવ્યો અને પુનઃ કહ્યું કે —"હે મહાભાગ! તમોએ કહેલી સર્વ કથાઓ મંત્રી સાથે એકાન્તમાં રહીને મે સાંભળી. પરંતુ જે તારી કાંતાએ આ યથાસ્થિત કથન પણ માન્ય ન કર્યું. દુરાચાર અને કારાગારને યોગ્ય એવી તે [illegible] [illegible] ધર્મવચન માનતી નથી. તેને [illegible] અધમ [illegible] કહેલ [illegible].

" [illegible] भाषा [illegible] मित्र, [illegible]
[illegible] च [illegible] [illegible] [illegible] नाम [illegible]: "

[illegible]

પૂર્વે મિથ્યાદષ્ટિના વંશમાં જન્મ પામેલી અને તેના ધર્મથી ભાવિત થયેલી એવી હું સમ્યકત્વવાસિત ધર્મને યથા તથા પ્રકારે માની શકતી નથી. તેવા પ્રકારના યથાર્થ સ્વરૂપથી અનભિજ્ઞ હૃદયવાળો અને ગતાનુગતિક બુદ્ધિવાળો પ્રાણીજ બાહ્ય ચમત્કાર જોઇને જેમ તેમ પણ ધર્મમાં રમણ કરે છે, પરંતુ વિવેકીજન તો તેનું આંતર લક્ષણ (સ્વરૂપ) સમ્યગ્રીતે સમજીનેજ પોતાના મનને તદ્યોગ્ય કરી તે માર્ગનો સ્વીકાર કરે છે. વળી હે રાજન્! ધર્મનું આંતર લક્ષણ તો આ પ્રમાણે સાંભળવામાં આવે છે કે-વિષયમાં પણ વૈરાગ્ય અને ક્રિયામાં સદા ઉચ્ચતમ વ્યવસાય કરવો. કહ્યું છે કેઃ—

" जत्थ य विसयविरागो, कसायचाओ गुणेसु अणुराओ।
किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ " ॥१॥

" જ્યાં વિષયમાં વિરાગ છે, કષાયનો ત્યાગ છે, ગુણપર અનુરાગ છે અને ક્રિયામાં અપ્રમાદ છે, તેજ ધર્મ શિવસુખના સાધનભૂત છે. " ફળથી વિશેષિત એવું ધર્મનું માહાત્મ્ય જોઇને જેનું મન સમ્યગ્રીતે પ્રશાંત થતું નથી, તે કૃત્રિમ ધર્મવેત્તા છે. હે રાજન્! જેનું મન પ્રશાંત છે અને સર્વ પ્રાણીઓપર જેની અદ્ભુત દયા છે, તેણેજ ધર્મનું યથાસ્થિત તત્ત્વ જાણ્યું છે. કહ્યું છે કેઃ—

" धर्मे गतिर्भवति किं बहुना श्रुतेन ?
जीवे दया भवति किं बहुभिः प्रदानैः ?।
शांतं मनो भवति किं बहुभिस्तपोभि-
र्लोभक्षयो भवति किं क्रतुभिः सहस्रैः " ॥ १ ॥

" જો ધર્મમાં મતિ હોય, તો બહુ સાંભળવાથી શું? જો જીવપર દયા હોય, તો બહુ દાન કરવાથી શું? જો મન શાંત થયું તો બહુ તપ કરવાથી શું? અને જો લોભનો ક્ષય થયો, તો હજારો યજ્ઞ કરવાથી શું " તાપ અને છેદાદિકથી જેમ શુદ્ધ

દેમની પરીક્ષા થાય છે, તેમ સદ્યુક્તિપૂર્વક ધર્મતત્ત્વની પરી
કરીને સુજ્ઞજને તેનો સ્વીકાર કરવો કહ્યું છે કેઃ—

" तापच्छेदकषैः शुद्धं, सुवर्णमिव यद्भवेत् ।
युक्तिसिद्धांतसिद्धत्वा-त्तत्तत्त्वमभिधीयते " ॥ १ ॥

" જેમ તાપ, છેદ અને કસોટીથી સુવર્ણ શુદ્ધ થાય, તેમ યુક્તિ
અને સિદ્ધાંતથી જે સિદ્ધ થાય, તે તત્ત્વ કહેવાય છે. " વળી હે મ
પાલ! આ સમ્યક્ત્વના માહાત્મ્યયુક્ત રમ્ય દૃષ્ટાંતો સાંભળવા
જિનેશ્વરના માર્ગનો મનથી મેં સ્વીકાર કર્યો છે, પરંતુ હે વિભે
એમના મનોભાવની પરીક્ષા કરવા માટેજ એમણે કહેલ કથાએ
મેં ખંડશઃ ખંડન કર્યું. કુતીર્થીઓના આક્ષેપ અને કુતર્ક
પ્રચંડવાયુથી જેમનું સમ્યક્ત્વસ્થિરતારૂપ વૃક્ષ લેશ પણ ચલાયમા
થતું નથી, હે વિભો! તે મહાનુભાવજ આપની જેમ મહાપુરૂષ
માન્ય થાય છે અને તેજ તીર્થંકરપદવીને પોતાની સન્મુખ (નિકટ
કરે છે. જેમ સુવર્ણની શ્યામતા કે વિશુદ્ધિ અગ્નિમાં સમજાય
તેમ મહા આપત્તિમાંજ પ્રાણીના સમ્યક્ત્વરત્નની પરીક્ષા થાય
હે માનવેશ્વર! હવે વિષયોથી મારૂં મન વિરક્ત થઇ ગયું છે, અ
સંયમરૂપ આરામની તે ઉપાસના કરવા ઇચ્છે છે. કોટીજન્મમાં પ
દુર્લભ અને સર્વ દુઃખને હરનાર એવું જિનવચન જાણીને પણ
પ્રાણી વિષયસુખને સેવે છે, અહો! તત્ત્વાતત્ત્વથી વિમૂઢાત્મા એ
તે પ્રાણી સુધાપાકનો ત્યાગ કરી મર્તાશૂકર (અાભડીયાના ડુક્કર
ની જેમ મલિન વસ્તુમાં આનંદ માની લેવા જેવું કરે છે. હે રાજન
તત્ત્વને જાણનાર જન જે વિષયરૂપ સર્પોથી ન ડસાય, એજ વિજ્ઞાન
ફળ સજ્જનોને માન્ય છે. હે વસુધાપતિ! જ્ઞાનવાન્ પણ જો વિ
યોથી પરાભવ પામે, તો સુજ્ઞ જનોએ તેના કર્મનું અત્યંત ક્લિષ્ટપ
સમજી લેવું. માટે હે ભૂપાલ! ચારિત્રરૂપ નૌકાનો આશ્રય કરી
જિનધર્મના તત્ત્વને જાણતી એવી હું આ સંસારસાગરનો સત્વ
પાર પામવા ઇચ્છું છું."

એવા અવસરમાં અસાધારણુ મહિમાના સાગર પાંચમા ગણુધર શ્રીસુધર્માસ્વામી ત્યાં પધાર્યા. તેમના આગમનના વૃત્તાંતરૂપ સુધારસથી તૃપ્ત થયેલ શ્રેણિકરાજા અને શ્રેષ્ઠી વિગેરે પરમ પ્રમોદ પામ્યા. પછી શ્રીમાન્ શ્રેણિકનરેશ તથા શ્રેષ્ઠી વિગેરે શ્રીગણુધરમહારાજને વંદન કરવાને સત્વર ત્યાં આવ્યા. કારણકે સુજ્ઞ પુરૂષો તેવા કાર્યમાં આલસ્ય કરતા નથી. પછી પંચાંગ નમસ્કારપૂર્વક પ્રણામ કરીને શ્રેણિકનૃપ તથા શ્રેષ્ઠી વિગેરે બેઠા એટલે ગણુધરમહારાજે આ પ્રમાણે ધર્મદેશના આપી:—

"જિનભગવંતોએ સદ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર–એ મુક્તિનો માર્ગ કહેલ છે. તેમાં (પ્રથમ) સમ્યકત્વના મિથ્યાત્વમોહનીયના ઉપશમ અને ક્ષયથી પાંચ ભેદ કહેલા છે. અને તે હે રાજન્! ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, મિશ્ર અને સાસ્વાદન–એ પ્રમાણે જિનેશ્વરોએ પ્રકાસ્યા છે. વળી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન–એ રીતે સમ્યગ્માર્ગના પ્રકાશક એવા જ્ઞાનના પાંચ પ્રકાર કહેલ છે. સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત–એ રીતે સર્વ સાવદ્યના વર્જનરૂપ ચારિત્ર પાંચ પ્રકારે કહેલ છે. તેમાં યથાખ્યાતચારિત્ર અશેષ કર્મનો ક્ષય થતાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સર્વ દુઃખ વિનાશક અને ચિંતામણિરત્નની જેમ અમૂલ્ય એવું જિન ભગવંતે કહેલ ચારિત્ર પ્રાણી ભાગ્યયોગેજ પ્રાપ્ત કરી શકે છે. કહ્યું છે કેઃ—

" कश्चिन्नृजन्मप्रासादे, धर्मस्थपतिनिर्मिते ।
सद्गुणैर्विशदं दीक्षा–ध्वजं धन्योऽधिरोपयेत् " ॥ १ ॥

" ધર્મરાજાએ નિર્માણ કરેલ મનુષ્યજન્મરૂપ પ્રાસાદપર સદ્‌ગુણોથી વિશદ (નિર્મલ) એવા દીક્ષાધ્વજને કોઈ ભાગ્યવંત જનજ અધિરોપણ કરે છે." જે પ્રાણી આ દુસ્તર સંસારસાગરને વેગથી તરવા ઇચ્છે છે, તેણે ગુણયુક્ત એવી તપસ્યા (દીક્ષા) રૂપ નૌકાનો

પરિગ્રહનો ત્યાગ કરી, વૈરાગ્યરસથી પૂરિત એવી કુંદલતાએ દીક્ષા અંગીકાર કરી અને તે વખતે અર્હદ્દાસશ્રેષ્ઠીએ બહુજ આનંદપૂર્વક દીક્ષામહોત્સવ કર્યો. ચિંતામણિરત્ન સમાન વિશ્વપૂજિત અને અમૂલ્ય એવા ચારિત્રને પામીને કુંદલતા પણ નિર્ધનની જેમ પરમ પ્રમોદ પામી. તે વખતે આનંદમગ્ન અને સુજ્ઞજનોમાં અગ્રેસર એવા અર્હદ્દાસશ્રેષ્ઠીએ શ્રીગુરૂને પંચાંગપૂર્વક નમસ્કાર કરીને વિજ્ઞપ્તિ કરી કે:—" હે વિભો ! અત્યારે યતિધર્મ આરાધવાને હું સમર્થ નથી. કારણ કે ગજરાજને યોગ્ય ભાર શું ગળીયો બળદ વહન કરી શકે ? અત્યારે તો ઉત્કૃષ્ટ શ્રાવકાચાર પાળવાની મારી ઇચ્છા છે. માટે હે મુનીશ્વર ! કૃપા કરીને તે જણાવો. " આ પ્રમાણે શ્રેષ્ઠીનું વચન સાંભળીને ગુણમંદિરસ્વામી કહેવા લાગ્યા કે:—' હે ભદ્ર ! ઉત્તમ શ્રાવકના લક્ષણ સાંભળ. ગુરુગુરુગણથી અક્ષોભ્ય એવા સમ્યક્ત્વરત્નથી વિભૂષિત બાર વ્રતને વિધિપૂર્વક નિરતિચારપણે જે પાળે, વિશુદ્ધ વ્યવહારથી ધન [illegible] જિનોક્ત ચૈત્યાદિ [illegible] કરે, ત્રણવાર જિનપૂજા કરે, બેવાર આવશ્યક [illegible] કરે [illegible] નિરવદ્ય [illegible] ભોજન કરે [illegible] પવિત્ર થયેલ [illegible] પવિત્ર કરે, [illegible] ન રાખે, [illegible] કરે, [illegible] ધ્યાન કરે, [illegible] અનુક્રમે [illegible] પ્રતિમાઓનું [illegible] કરે, [illegible] ખરેખર [illegible] અર્હદ્દેવોએ [illegible] વિધિ [illegible] કે [illegible] આરાધન કરવાથી [illegible] ધર્મને અંગીકાર કરીને [illegible] તેથી તે [illegible] ([illegible]) ધર્મ [illegible] ધર્મને [illegible]

ધરીને આ પ્રમાણે વિચાર કરે:—'હું સાધુધર્મ પાળવા સમર્થ છું કે અસમર્થ છું?' જો એ ધર્મ પાળવા સમર્થ હોય, તો સાધુપણાને અંગીકાર કરે અને જો અસમર્થ હોય, તો સિદ્ધાંતોક્ત વિધિથી જિનભગવંતે કહેલ સમ્યક્ત્વાદિક અગીયાર પ્રતિમાઓને આચરે. તે અગીયાર પ્રતિમાઓ આ પ્રમાણે છે:—દૃષ્ટિ (સમ્યક્ત્વ), વ્રત, સામાયિક, પૌષધ, પ્રતિમા (કાયોત્સર્ગ), બ્રહ્મચર્ય, સચિત્તવર્જન, પોતે આરંભ કરવાનો ત્યાગ, પ્રેષ્યાદિક પાસે આરંભ કરાવવાનો ત્યાગ, ઉદ્દિષ્ટવર્જન અને શ્રમણભૂતત્વ (સાધુસદૃશતા). આ પ્રમાણે ગૃહસ્થધર્મની અગીયારે પ્રતિમાઓ સંક્ષેપથી કહી. હવે તેમની એકેકનું [illegible] સ્વરૂપ બતાવવામાં આવે છે કારણકે તે ધર્મનું સ્વરૂપ જાણવામાં આવે, અને તે પછી વિધિપૂર્વક તેનું આચરણ [illegible] ધર્મનું [illegible] યુક્ત છે કે નહિ? એમ [illegible]

[illegible] રૂચિપણામાં [illegible] અને ધર્મમાં [illegible] વિધિપૂર્વક ધારણ કરે. આ [illegible] ન થાય અને [illegible] નક્કીય ગુણનોજ અનુબંધ કરે [illegible] પાંચ અણુ[illegible] પ્રતિમાને નિરતિચારપણે ધારણ [illegible] આરાધનથી [illegible] દૂર [illegible] તૃતીય પ્રતિમાને [illegible] અનિયત કાળ દર્શાવેલ [illegible] ચાર માસ [illegible] પર્વદિવસે વિધિપૂર્વક [illegible] પાંચમી પ્રતિમામાં [illegible] દિવસે બ્રહ્મચર્ય [illegible] સ્નાન ન કરે, દિવસેજ [illegible] ન ધારે. [illegible]

અને ધર્મધ્યાન આચરે. સુજ્ઞ અને સુનિશ્ચળ શ્રાવક આ પ્રતિમાને ય માસ સુધી સેવે. છઠ્ઠી પ્રતિમામાં પૂર્વકથિત ગુણયુક્ત થઈ ગસંસ્કારના ત્યાગપૂર્વક રાત્રિએ પણ બિલકુલ મોહરહિત થઇ માસ સુધી બ્રહ્મચર્ય પાળે. સાતમી પ્રતિમામાં પૂર્વપ્રતિમાઓ હિત પ્રયત્નપૂર્વક સાત માસ સુધી સચિત્ત આહારનો ત્યાગ . આઠમી પ્રતિમામાં પોતે આરંભનો ત્યાગ કરે, પરંતુ પૂર્વે રંભેલ સાવદ્ય વ્યાપાર બીજાઓ પાસે કરાવે. આ પ્રતિમા આઠ સ સુધી સેવે. નવમી પ્રતિમામાં સેવકવર્ગ પાસે પણ સાવદ્ય પાર ન કરાવે, અને ધનવાન્ યા સંતુષ્ટ એવો તે પોતાના પુત્રા- ને ગૃહભાર સોંપીને અલ્પ મમત્વથી પરિણત બુદ્ધિ રાખી, વેગથી મનને ભાવિત કરી અને લોકસ્થિતિથી નિરપેક્ષ થઇ તે માસ સુધી આ પ્રતિમા સેવે. દશમી પ્રતિમામાં સમસ્ત આરંભનો ગ કરે, ઉદ્દેશીને કરેલ આહાર ન વાપરે, મુંડન કરાવે, યા ચોટલી મે, વળી પૂર્વોક્ત પ્રતિમામાં તો વિધિપૂર્વક રહેજ, તેમજ પૂર્વ- ર્ઈના સંબંધમાં સ્વજનો કંઇ પૂછે, એટલે જો જાણતો હોય તો અને ન જાણતો હોય તો ન બોલે, અથવા 'હું જાણતો નથી' ન કહે–એ રીતે દશ માસ સુધી આ પ્રતિમાનું આરાધન કરે. ગીયારમી પ્રતિમામાં મસ્તકના કેશ અસ્ત્રાથી મુંડાવી નાખે વા લોચ કરે, પાત્ર અને રજોહરણને ધારણ કરે, યતિ (સાધુ) જેમ ધર્મને ધારણ કરીને વિચરે, પરંતુ બિલકુલ મમત્વરહિત હાવાથી તે સ્વજનને ઘેર તેમને જોવાને જાય અને જો ત્યાં દોષર- ત આહાર હોય તો ગ્રહણ કરે. ઉત્કૃષ્ટથી અગીયાર માસ સુધી પ્રતિમાનું આરાધન કરે. જઘન્યથી તો આ સર્વ પ્રતિમાઓનો ા એક અહોરાત્ર છે. ધર્મના માહાત્મ્યને જાણનાર ગૃહસ્થ ક આપત્તિ આવતાં પણ કામદેવની જેમ પોતાના સમ્યક્ત્વ, ળ અને વ્રતોને કદી મૂકતા નથી."

આ પ્રમાણે દેશના સાંભળીને પ્રમુદિત થયેલા અર્હદ્દાસશ્રેષ્ઠીએ

(પ્રયત્ન) કરે છે, તેમ આ દષ્ટિથી પ્રાણી પોતાના હિતને માટે યત્ન કરે છે. ધર્મકાર્યના ઉદ્યમરૂપ સમ્યક્ત્વ કંઇક સ્પષ્ટ થાય, ત્યારે તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક તારાદષ્ટિ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કેઃ—

" तारायां तु मनाक्स्पष्टं, नियमश्च तथाविधः ।
अनुद्वेगो हितारंभे, जिज्ञासा तत्त्वगोचरा " ॥१॥

" परा सतत्त्वशुश्रूषा, दृढं सद्दर्शनं यदा ।
अक्षेपश्च क्रियायोगे, बला दृष्टिस्तदा भवेत् " ॥२॥

" તારા દષ્ટિમાં સમ્યક્ત્વ કંઇક સ્પષ્ટ થાય, તથાપ્રકારે નિયમ અને હિત સાધવામાં ઉદ્વેગ ન હોય તથા તત્ત્વની જિજ્ઞાસા હોય અને જ્યારે સત્તત્ત્વમાં પરમ સુશ્રૂષા અને સમ્યક્ત્વ દઢ થાય તથા ક્રિયાઓમાં સતત પ્રવૃત્તિ થાય, ત્યારે બલાદષ્ટિ સમજવી. " આ દષ્ટિમાં રહેલો જીવ એવુ માને કે –' અમારામાં શુદ્ધ બુદ્ધિ નથી, તેમજ વધારે શાસ્ત્રસંગ્રહ પણ નથી માટે જિનભગવંતની વાણી અમને અત્યંત પ્રમાણભૂત છે. વળી આ દષ્ટિમાં ઇંદ્રિયો સુસ્થિર થાય છે, સર્વ ક્રિયાઓ શમપૂર્વક, નમ્ર કાયમાં નિરહંકાર અને ગુણવંત પર મહાઆદરભાવ થાય છે. જેને ધર્મમાં સતત ઉદ્યમ હોય, જે સૂક્ષ્મબોધથી રહિત હોય અને જેની તત્ત્વ પર પરમ સુશ્રૂષા હોય, તેને દીપ્રાદષ્ટિ હોય. આ દષ્ટિમાં પ્રાણી ધર્મને પોતાના પ્રાણ કરતાં પણ અધિક માને, ધર્મને માટે પ્રાણનો નિઃસંશય ત્યાગ કરે, પણ પ્રાણસંકટમાં ધર્મનો ત્યાગ ન કરે. સ્થિરા દષ્ટિમાં પ્રાણી સમ્યગ્જ્ઞાન અને ક્રિયાને સારરૂપ માને, તત્ત્વશ્રદ્ધાન રત્નજ્યોતિની જેમ નિર્મળ હોય અને નિષ્કષાય ભાવ રહે. વળી આ દષ્ટિમાં જીવ સદનુષ્ઠાન–કૃત્યોમાં પોતે યથાશક્તિ પ્રવૃત્ત થાય અને કદાગ્રહથી નિર્મુક્ત થઇ જાય. કાંતાદષ્ટિ તારાના સદશ ઉદ્યોતવાળી, તત્ત્વશ્રદ્ધાવાળી, બહુ અર્થનો પ્રકાશ કરનારી અને સમ્યક્ત્વ આનંદરસના આસ્વાદવાળી હોય. પ્રભાદષ્ટિ સૂર્યના જેવા પ્રકાશવાળી, તત્ત્વોમાં નિશ્ચળ રૂચિરૂપ અને કુમતરૂપ અંધકારને

. અર્હદ્દાસશેઠની કથા સાંભળીને હર્ષના પ્રકર્ષને આપનાર તથા વિધ વ્રતોને સફળ કરવામાં એક સારરૂપ એવા સમ્યક્ત્વમાં તમા- મનને અત્યંત નિશ્ચલ કરો."

॥ इति श्रीसम्यक्त्वकौमुद्यां श्रीतपागच्छनायक श्रीसोमसुं- सूरिश्रीमुनिसुंदरसूरिश्रीजयचंद्रसूरिशिष्यैः पंडितजिनहर्षगणिभिः तायां सप्तमः प्रस्तावः ॥ ७ ॥

॥ प्रशस्तिः ॥

(પટ્ટાવલિ)

શ્રી તપાગચ્છમાં સમ્યગ્જ્ઞાન અને ક્રિયાના નિધાન તથા અ- ાય મહિમાથી વિશ્વવિખ્યાત એવા શ્રીમાન્ **જગચ્ચંદ્ર ગુરૂ** ા. તેમની પાટે પ્રગટપ્રભાવાળા એવા **શ્રી દેવેંદ્ર ગુરૂ** થયા, જે- ા દેશનાસમાજમા **વસ્તુપાલ** જેવા સભાપતિ (મુખ્ય) હતા. ના શિષ્ય, વિશ્વવિખ્યાત અને ઉત્કૃષ્ટ જ્ઞાન તથા ક્રિયાના ગુણોથી તને પૂજ્ય એવા **શ્રી વિદ્યાનંદ મુનીશ્વર** થયા. તેમના પટ્ટરૂપ યાચલપર સૂર્ય સમાન, અસાધારણ તેજના ભંડાર અને સજ્જન હુને આનંદ આપનાર એવી વાણીના વૈભવવાળા એવા **શ્રી ધ- ઘોષસૂરિ** થયા. ત્યારપછી મહાત્માઓમા અગ્રેસર એવા **શ્રી મપ્રભસૂરિ** થયા, જે યુગપ્રધાને બૌદ્ધમતને પરાસ્ત કરી શ્રીવીર- ાનને પ્રદીપ્ત કર્યું. તે પછી અતુલ યશવાળા, વિજ્ઞ પુરૂષોમા અગ્રગણ્ય દ્રને પણ વર્ણનીય એવા **શ્રી સોમતિલકસૂરિ** થયા તેમના રૂપ કમળને વિકસિત કરવામા સૂર્ય સમાન મહિમાના સા- , આંતર શત્રુઓને ત્રાસ આપવામાં જગતમાં એક પ્રભાવશાળી,

श्री

આત્માનંદ પ્રકાશ.

જૈન કોમમાં અતી ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી ચૌદ વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ કરવામાં આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબંધી ઉત્તમ લેખોથી આપણી કોમમાં નીકળતા માસિકોમાં તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાંચનનો બહોળો લાભ આપવા સાથે વર્ષ પૂર્ણ થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ વગેરેના વિષયથી ભરપુર એક ઉત્તમ ગ્રંથ સુંદર બાઈન્ડીંગથી અલંકૃત કરી દર વર્ષે ભેટ આપવામા આવે છે. એકજ પદ્ધતિએ આવી ભેટનો લાભ આ માસિકજ આપે છે હાલમાં તેનુ ચૌદમુ વર્ષ ચાલે છે. ગુરૂ ભક્તિ નિમિત્ત નીકળતા આ માસિકની લઘુ વય છતા ગ્રાહકોની બહોળી સંખ્યા તેજ તેની ઉત્તમતાનો પુરાવો છે. તેનુ કદ હાલમાં મોટું કરવામાં આવ્યુ છે. છતા વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના રાખવામા આવેલ છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાન ખાતામાં વપરાય છે. જેથી દરેક જૈન બંધુઓએ તેના ગ્રાહક થઇ અવશ્ય લાભ લેવા ચૂકવું નહીં.
